Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

શ્રી મુક્તિ-કમલ-કેશર-ચંદ્ર સદ્‌ગુરુભ્યો નમઃ

# ધ્યાન દીપિકા

લેખક :

યોગનિષ્ઠ આચાર્યશ્રી વિજયકેશરસૂરીશ્વરજી

મહારાજ સાહેબ

પ્રસિદ્ધ કર્તા :

વિજયચંદ્રસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ

નવરંગપુરા, અમદાવાદ-૯

મૂલ્ય : ૧૬-૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

શ્રી મુક્તિ-કમલ-કેશર-ચંદ્ર સદ્‌ગુરુભ્યો નમઃ

મુક્તિ-કમલ-કેશર ગ્રંથમાળા પુષ્પ-૩

# ધ્યાનદીપિકા

લેખક:

યોગનિષ્ઠ આચાર્ય વિજયકેશરસૂરીશ્વરજી

મહારાજ સાહેબ

卐

પ્રેરક:

શાંતમૂર્તિ પ. પૂ૦ આ. વિજયપ્રભવચંદ્રસૂરીશ્વરજી

મ. સા. ના શિષ્ય રત્ન ગણીવર્ય શ્રી

હેમપ્રભવિજયજી મહારાજ

છપાવી પ્રસિદ્ધ કરનાર:

વિજયચંદ્રસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટ

નવરંગપુરા, અમદાવાદ-૯

મૂલ્ય : ૬-૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્તિસ્થાનો :—

**શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી જૈન-**
**જ્ઞાન મંદિર**
નવરંગ કોલોની, હાઈકોર્ટ પાછળ,
નવરંગપુરા,
**અમદાવાદ**

卐

**સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે,
**પાલિતાણા**

卐

**સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના,
**અમદાવાદ**

卐

**શ્રી મુક્તિ-ચંદ્ર શ્રમણ આરાધના કેન્દ્ર**
ગિરિવિહાર, તલેટી રોડ,
**પાલિતાણા**


**સં. ૨૦૩૨**
**વૈશાખ સુદ**
**અક્ષયતૃતિયા**
**સને ૧૯૭૬**
**આવૃત્તિ ૩ જી**
**પ્રત ૨૦૦૦**

**: મુદ્રક :**
**કાંતિલાલ ડી. શાહ**
ભરત પ્રિન્ટરી,
દાણાપીઠ પાછળ,
**પાલિતાણા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગશાસ્ત્ર, ધ્યાનદીપિકા, સમ્યક્દર્શન, ગૃહસ્થધર્મ અને નીતિમય જીવન, આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય, મલયસુંદરી ચરિત્ર, આનંદ અને પ્રભુ મહાવીર, મહાવીર તત્ત્વ પ્રકાશ, આત્મવિશુદ્ધિ વગેરે મહાન ગ્રંથના કર્તા—



**પ. પૂ૦ આ. શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મ. સાહેબ**

જન્મ : સં. ૧૯૩૩ પોષ સુદ ૧૫ પાલીતાણા
દીક્ષા : સં. ૧૯૫૦ માગશર સુદ ૧૦ વડોદરા
પંન્યાસપદ : સં. ૧૯૬૪ માગશર સુદ ૧૦ મુંબઈ
આચાર્યપદ : સં. ૧૯૮૩ કારતક વદ ૬ ભાવનગર
સ્વર્ગવાસ : સં. ૧૯૮૭ શ્રાવણ વદ ૧૫ અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

ૐ

આ ધ્યાનદીપિકા ગ્રંથ શ્રીમાન તપાગચ્છીય ઉપાધ્યાયજી સકલચંદ્રજીનો કરેલો છે. આ ગ્રંથ સંસ્કૃતમાં રચેલો છે. આ ગ્રંથમાં માગધી તથા સંસ્કૃત થઈ બસો પિસ્તાળીસ ગાથા તથા શ્લોકો છે. આ ગ્રંથના કર્તા શ્રીમદ્ ઉપાધ્યાયજી સકલચંદ્રજી, દાનવિજયજીના શિષ્ય સમજાય છે. તેઓશ્રીએ શ્રીમાન હીરવિજયજી સૂરિ પાસે અભ્યાસ કરેલો કહેવાય છે. શ્રીમાન હીરવિજયજી સૂરિનો દેહાંત વિક્રમ સં. ૧૬૫૨ માં થયો ગણાય છે. તે પહેલાં આ ગ્રંથકારનો દેહાંત થયેલો સમજાય છે. આ ગ્રંથના છેલ્લા શ્લોક ઉપરથી આ ગ્રંથ બનાવવાનો વખત ઘણે ભાગે વિક્રમ સંવત ૧૬૨૧ નો નિર્ણીત થાય છે. એટલે ઉપાધ્યાયજીની હયાતી સોળમા સૈકામાં હતી તે વાત ચોક્કસ છે.

ઉપાધ્યાયજીની જન્મભૂમિ ચોક્કસ રીતે જાણવામાં નથી આવતી. છતાં દંતકથા તરીકે એમ સંભળાય છે કે તેઓશ્રી સુરતના નિવાસી વણિક કોમમાં જન્મ પામ્યા હતા. પોતાનું લગ્ન નજીકમાં જ થયેલું હતું. પોતે એક દિવસ સામાયિક લઇને બેઠા હતા. શિયાળાનો દિવસ હતો અને ટાઢને લઈ વસ્ત્ર ઓઢીને બેઠા હતા. તે પ્રસંગે પ્રાતઃકાળે તેમનાં નવોઢા પત્ની ગુરુવંદનાર્થે આવ્યાં અને સાધુઓને વંદન કરતાં કરતાં પોતાના પતિ જે સામાયિક લઇને બેઠા હતા તેમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સાધુ જાણી વંદન કર્યું. મશ્કરીમાં બીજા શ્રાવકોએ તેમને પોતાની પત્નીએ સાધુ–પૂજ્ય તરીકે વંદન કર્યાનું અને હવે તમે સાધુ થયા વગેરેનું જણાવ્યું. કહે છે કે તીવ્ર વૈરાગી એવા તેમણે ત્યારપછી થોડા જ વખતમાં ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી શ્રમણપદ સ્વીકાર્યું.

ગમે તે હો, પણ તેઓશ્રી પૂર્ણ આત્માર્થી તો હતા જ. તેમના બનાવેલા ગ્રંથો વિશેષ પ્રસિદ્ધિમાં નથી. તેમણે સત્તરભેદી અને એકવીસપ્રકારી પૂજા બનાવેલી છે, જે છપાઈ ગયેલી છે. તથા શ્રુતાસ્વાદ નામનો એક નાનો માગધી ભાષામાં ગ્રંથ છે, જેને છેડે કૃતિમાં 'ઉપાધ્યાયજી સકલચંદ્રજીકૃત' એમ નામ છે, તેમ જ આ ધ્યાનદીપીકાને છેડે પણ તેવું જ નામ હોવાથી આ બન્ને ગ્રંથો તેમના કરેલા છે એમ નિર્ણય થાય છે. શ્રતાસ્વાદ ગ્રંથની એકસો બાસઠ માગધી ગાથાઓ છે અને જુદાં જુદાં પિસ્તાળીસ દ્વાર છે. તે ગ્રંથ પણ વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવો છે.

આ ધ્યાનદીપિકા ગ્રંથ તેમણે ખાસ સ્વતંત્ર કરેલો હોય તેમ તો જણાતું નથી. તેમાં આવતી માગધી ગાથાઓ ઘણે ભાગે ધ્યાનશતકની છે. આ ધ્યાનશતક તે શ્રીમદ્ હરિભદ્ર સૂરિકૃત બાવીશ હજારી આવશ્યકની અંદર આવેલું છે. જેની મૂળ સો ગાથાઓ છે. તેના ઉપર એક હજાર શ્લોક પ્રમાણે ટીકા છે. શ્રમણસૂત્રના વિવરણના પ્રસંગમાં 'चउहिं झाणेहिं' આ પદ ઉપર ધ્યાનશતક શરૂ થાય છે.

તે સિવાય કેટલોક ભાગ શ્રીમાન હેમચંદ્રાચાર્યકૃત યોગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રના શ્લોકોનો છે. કોઈક શ્લોકો શ્રીમદ્ શુભાચંદ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવને મળતા પણ હોવા સંભવ છે.

બાકીના શ્લોકો નવા બનાવેલા હોય તેમ જણાય છે. એકંદર રીતે આ આખો ગ્રંથ તેઓ બનાવનાર છે તેમ કહેવા કરતાં સંકલના કરી જુદા જુદા ગ્રંથોમાંથી સંગ્રહ કરનાર તેઓશ્રી છે એમ કહીએ તો પણ અડચણ જેવું નથી.

ગમે તે હો, તથાપિ તેઓશ્રી ધ્યાનપ્રિય હતા અને તેને લઈને જ ધ્યાનના જુદા જુદા ગ્રંથોમાંથી ઉપયોગી બાબતોનો-પોતાને જે પ્રિય હતી તેનો-સંગ્રહ કરી શક્યા છે, જે સંગ્રહ તેમની પાછળનાને ઉપયોગી થઈ શકે તેમ છે.

આ ગ્રંથમાં જુદાં જુદાં નવ પ્રકરણો પાડવામાં આવ્યાં છે. પહેલા પ્રકરણમાં ઉપયોગી સૂચના-વિષય-મંગલાચરણાદિ છે. બીજા પ્રકરણમાં જ્ઞાનાદિ ચાર ભાવનાઓ છે. ત્રીજા પ્રકરણમાં અનિત્યાદિ બાર ભાવનાઓ છે. ચોથા પ્રકરણમાં કેટલીક ઉપયોગી હિતશિક્ષાઓ છે, જેમકે, ધ્યાન મોક્ષનું સાધન છે, આત્મસાધન વિના બીજું બધું નકામું છે, ધ્યાનસુધારસ પીઓ, ધ્યાન કોણ કરી શકે? પાખંડીઓ-સાધુવેષધારીઓને ધ્યાન હોય કે? ધ્યાન કોણે કરવું? ઈત્યાદિ વિષયો છે. પાંચમા પ્રકરણમાં આર્ત્તધ્યાનાદિનાં લક્ષણો છે. છઠ્ઠા પ્રકરણમાં રૌદ્રધ્યાન આદિનો વિસ્તાર છે. સાતમા પ્રકરણમાં વિસ્તારથી ધર્મધ્યાન કહેલું છે, જેમાં અષ્ટાંગયોગ સંબંધી હકીકત છે. આઠમા પ્રકરણમાં પિંડસ્થાદિ ચાર પ્રકારના ધ્યાનનું વર્ણન છે. નવમા પ્રકરણમાં શુકલ ધ્યાનનું સ્વરૂપ છે. છેવટે ગ્રંથની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણાહુતિ થાય છે. આ ગ્રંથમાં પ્રસંગોપાત્ત ઘણી ઉપયોગી બાબતોનું વિવેચન કરવામાં આવેલું છે.

આ ગ્રંથમાંથી યોગશાસ્ત્રના શ્લોકો જુદા પાડવા શરૂઆત કરી, પણ તે બાદ કરતાં ગ્રંથની શોભા ઘટવા સંભવ જણાયાથી તે બંધ રાખેલું છે.

એકંદર જોતાં જેઓ ધ્યાનપ્રિય છે, જેમને આત્મસાધન કરવું છે, પોતાનું શ્રેય સાધવું છે, કર્મનો ક્ષય કરવો છે, જેમણે સાધ્યને માટે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ત્યાગમાર્ગ સ્વીકાર્યો છે, અથવા જે વસ્તુ સિદ્ધ કરવા માટે ધર્મનો આશ્રય લેવાયો છે તે વસ્તુ સિદ્ધ કરવાની જેમની પ્રબળ ઇચ્છા હોય તેઓ આ ગ્રંથના અધિકારી છે. આમાં ક્રિયા તથા જ્ઞાન, બન્ને માર્ગો આવેલા છે. ક્રિયા પણ સહેતુક અને ફળવાળી જણાવેલી છે. જ્ઞાન પણ ઉત્તમ આત્માને-શુદ્ધ આત્માને-લક્ષમાં રાખીને જ બતાવેલું છે. એકંદર સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર–જે મોક્ષનો માર્ગ છે તે આ ગ્રંથમાં જણાવવામાં–બતાવવામાં આવેલ છે, જેનો બોધ આ પુસ્તક પૂર્ણ વાંચવાથી થશે અને તે પ્રમાણે વર્તન કરવાથી તેનો અનુભવ થશે એમ મારી ચોક્કસ માન્યતા છે. આ ગ્રંથ એક ગ્રંથ નથી, પણ અનેક ગ્રંથોનું અને અનુભવનું દોહન–સારરૂપ છે. અધિકારી જીવોએ જ આ ગ્રંથ વાંચવા પ્રયત્ન કરવો. બિનઅધિકારીને પણ આ ગ્રંથમાંથી અધિકારી થવાનાં ઘણાં સાધનો મળે તેમ છે. છેવટે, આ ગ્રંથના સંગ્રહકર્તા શ્રીમાન સકલચંદ્રજી ઉપાધ્યાયનો અને ભાવાર્થરૂપ વિવેચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર, લખનાર, સંગ્રહ કરનારનો શુભ પ્રયાસ, આ ગ્રંથથી અનેક જીવોને ફાયદો થવારૂપે સત્ય સમજાવારૂપે, અને તેમાં પ્રવૃત્તિ થવારૂપે સફલ થાઓ એમ ઈચ્છીને આ ટુંકી પસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે. આ ગ્રંથની શરુઆત સં. ૧૯૭૦ ના રાજકોટના ચોમાસામાં કરવામાં આવી હતી અને તેનો ઘણો ભાગ પૂર્ણ પણ ત્યાં જ થઈ ગયો હતો, છતાં બીજાં કેટલાંક કારણોને લઇ તે અધૂરો રહેલો ગ્રંથ ૧૯૭૨ ના ગોધાવીના ચોમાસામાં પૂર્ણ થયો છે. છેવટે ૧૯૭૩ ના કારતક સુદ પાંચમે આ ગ્રંથની પૂર્ણાહુતિ થઇ છે. સર્વ જીવોનું કલ્યાણ થાઓ. સર્વ જીવો સુખી થાઓ. સર્વ જીવો નીરોગી બનો. સર્વ જીવો આત્માના અનંત સુખનો અનુભવ કરો. આ ગ્રંથમાં મતિમાંદ્યથી જ્ઞાનીઓની દૃષ્ટિથી કાંઈ વિરુદ્ધ લખાયું હોય તો ત્રિકરણ યોગે ક્ષમા ઈચ્છું છું અને જ્ઞાનીઓને સવિનય પ્રાર્થના કરવામાં આવે છે કે તેમણે તેમાં સુધારો કરવો.

શાંતિ ! શાંતિ ! શાંતિ ! શાંતિ ! શાંતિ !

સંવત ૧૯૭૨, કારતક સુદ ૧૦

પંન્યાસ કેશરવિજય ગણિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમણિકા


| વિષય | પેજ |
|---|---|
| **પ્રકરણ-૧** | |
| મંગલાચરણ વિષય અને સૂચના | ૧ |
| ધ્યાનના અર્થી જીવોને ગ્રંથ કરનારની સૂચના | ૪ |
| આત્માને હિતકારી વસ્તુ શી છે ? | ૬ |
| ભાવનાની જરૂરિયાત | ૮ |
| ભાવનાથી હૃદયને વાસિત કરવા ગુરુઉપદેશ આપે છે | ૧૦ |
| ભાવનાઓ બતાવે છે | ૧૩ |
| **પ્રકરણ બીજું** | |
| જ્ઞાન ભાવના | ૧૫ |
| દર્શન ભાવના | ૧૬ |
| મોક્ષનો ઉપાય | ૨૦ |
| ચારિત્ર ભાવના | ૨૫ |
| વૈરાગ્ય ભાવના | ૨૮ |
| દર્શન ભાવના | ૩૩ |
| ચારિત્ર ભાવના | ૩૩ |
| વૈરાગ્ય ભાવના | ૩૪ |
| ભાવનાનો ઉપસંહાર | ૩૪ |
| **પ્રકરણ ત્રીજું** | |
| ભાવનાની જરૂરિયાત શા માટે છે ? | ૩૫ |
| અનિત્યાદિ ભાવના | ૩૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| વિષય | પેજ |
|---|---|
| અનિત્યભાવના | ૩૬ |
| અશરણ (બીજી ભાવના) | ૪૩ |
| સંસાર ભાવના (ત્રીજી ભાવના) | ૪૯ |
| એકત્વ ચોથી ભાવના | ૫૩ |
| અન્યત્વ પાંચમી ભાવના | ૫૯ |
| અશુચિ ભાવના-૬ | ૬૫ |
| આશ્રવ ભાવના-૭ | ૭૦ |
| સંવર ભાવના-૮ | ૭૭ |
| નિર્જરા ભાવના-૯ | ૮૧ |
| પુરુષાર્થની જરુરિયાત છે તે બતાવે છે | ૮૮ |
| ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે તે વિષે ધર્મ ભાવના | ૧૦૨ |
| આલોક શું છે, તે સંબંધી વિચાર લોક ભાવના | ૧૦૫ |
| સમ્યક્ દૃષ્ટિ થવી દુર્લભ છે | ૧૧૦ |
| બોધિ ભાવના | ૧૧૦ |

પ્રકરણ ચોથું

| | |
|---|---|
| હિત શિક્ષા | ૧૧૨ |
| ધ્યાન મોક્ષનું સાધન છે | ૧૧૩ |
| આત્મ સાધન વિના બધું નકામું છે | ૧૧૫ |
| ધ્યાન સુધારસ પીઓ | ૧૧૬ |
| ધ્યાન કોણ કરી શકે ? | ૧૧૯ |
| પાખંડીઓને ધ્યાન હોય ખરૂં કે ? | ૧૨૧ |
| સાધુ વેશ ધારીને ધ્યાન ન હોય કે ? | ૧૨૨ |
| ધ્યાન કોને કહેવું ? કેટલા વખત સુધી ટકી રહે ? | ૧૨૬ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| વિષય | પેજ |
|---|---|
| સારૂં ધ્યાન કોને કહેવું ? | ૧૩૪ |

## પ્રકરણુ પાંચમું

| | |
|---|---|
| આર્તધ્યાન | ૧૩૬ |
| આર્તધ્યાનના ચાર ભેદ | ૧૩૫ |
| અનિષ્ટ સંયોગ પહેલું આર્તધ્યાન | ૧૪૧ |
| ઇષ્ટ વિયોગ બીજું આર્તધ્યાન | ૧૪૫ |
| રોગાર્ત ત્રીજું આર્તધ્યાન | ૧૪૧ |
| ભોગાર્ત અથવા નિયાણાર્તધ્યાન | ૧૪૯ |
| આર્તધ્યાનનું ફળ | ૧૫૭ |
| મધ્યસ્થ મુનિઓને આર્તધ્યાન હોતું નથી | ૧૫૭ |
| લાભા લાભનો વિચાર કરી રોગનો પ્રતીકાર કરવાની જરૂર છે | ૧૫૯ |
| આર્તધ્યાનવાળાને લેશ્યા કેટલી હોય ? | ૧૬૧ |
| આર્તધ્યાનનાં ચિહ્નો–લક્ષણો બતાવે છે | ૧૬૨ |
| આ આર્તધ્યાન કોને હોય ? | ૧૬૪ |

## પ્રકરણુ–૬

| | |
|---|---|
| રૌદ્રધ્યાન | ૧૬૭ |
| હિંસા રૌદ્રધ્યાન | ૧૬૮ |
| રૌદ્રધ્યાનનું સ્થાન શું છે ? | ૧૭૦ |
| બીજાં પણ કામોમાં રૌદ્રધ્યાન થાય છે | ૧૭૬ |
| અસત્યાનંદ રૌદ્રધ્યાન | ૧૭૭ |
| ચૌર્યાનંદ રૌદ્રધ્યાન | ૧૮૩ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| વિષય | પેજ |
|---|---|
| સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન | ૧૮૬ |
| (ધનાદિના રક્ષણ નિમિત્તે જીવો કેવા વિચારો કરે છે.) | ૧૮૭ |
| આ રૌદ્રધ્યાન કોને હોય છે? કેટલા ગુણસ્થાનક સુધી હોય છે? | ૧૮૯ |
| રૌદ્રધ્યાનનું ફળ, રૌદ્રધ્યાનની લેશ્યાઓ, રૌદ્રધ્યાનનાં લક્ષણો કે ચિહ્નો. | ૧૯૦ |
| રૌદ્રધ્યાનનો ઉપસંહાર કરે છે | ૧૯૨ |
| **પ્રકરણ–૭** | |
| ધર્મધ્યાનનું સ્વરૂપ | ૧૯૩ |
| અષ્ટકજી શ્રીમદ્ યશોવિજયજી | ૧૯૬ |
| યોગના આઠ અંગ | ૧૯૮ |
| યમાદિનું સ્વરૂપ | ૧૯૯ |
| નિશ્ચય અહિંસા | ૨૦૦ |
| વ્યવહારથી બીજું મહાવ્રત | ૨૦૧ |
| નિશ્ચયથી બીજું મહાવ્રત | ૨૦૧ |
| વ્યવહારથી ત્રીજું મહાવ્રત | ૨૦૧ |
| નિશ્ચયથી ત્રીજુ મહાવ્રત | ૨૦૨ |
| વ્યવહારથી ચોથું મહાવ્રત | ૨૦૩ |
| નિશ્ચયથી ચોથું મહાવ્રત | ૨૦૩ |
| વ્યવહારથી પાંચમું મહાવ્રત | ૨૦૩ |
| નિશ્ચય પરિગ્રહ મહાવ્રત | ૨૦૪ |
| પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો. | ૨૦૫ |
| કષાયનો જય, ત્રણ દંડની વિરતિ | ૨૦૫ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| વિષય | પેજ |
|---|---|
| નિયમ શૌચ | ૨૦૯ |
| સંતોષ | ૨૧૦ |
| તપ | ૨૧૦ |
| સ્વાધ્યાય | ૨૧૨ |
| ઈશ્વર પ્રણિધાન | ૨૧૫ |
| આસન | ૨૧૫ |
| પ્રાણાયામ | ૨૧૭ |
| પવનજય કરવાનો ઉપાય | ૨૨૦ |
| મનોજયનો અભ્યાસ | ૨૨૨ |
| પ્રાણાયામની ચાલુ રીત સ્વામિરામતીર્થ આ પ્રમાણે જણાવે છે | ૨૨૪ |
| પૂરક-કુંભક-રેચક | ૨૨૫ |
| શાસ્ત્રકાર હઠયોગના પ્રાણાયામનો નિષેધ કરે છે | ૨૩૧ |
| પ્રત્યાહાર-૫ | ૨૩૪ |
| ધારણા | ૨૩૮ |
| ધર્મધ્યાનાદિ વિચાર. | ૨૪૫ |
| ધર્મધ્યાનમાં ઉપયોગી સાધનો | ૨૪૭ |
| ધ્યાનને મદદગાર ભાવના | ૨૪૮ |
| મૈત્રીભાવના | ૨૪૯ |
| બીજી કરુણાભાવના | ૨૫૦ |
| પ્રમોદભાવના | ૨૫૩ |
| મધ્યસ્થભાવના | ૨૫૬ |
| ભાવનાઓની જરૂરિયાત વિષે ગ્રંથાંતરમાં કહ્યું છે કે | ૨૬૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| વિષય | પેજ |
|---|---|
| જ્ઞાન ભાવના | ૨૬૧ |
| દર્શન ભાવના | ૨૬૨ |
| ચારિત્રભાવના | ૨૬૨ |
| વૈરાગ્યભાવના | ૨૬૩ |
| ભાવનાનો ઉપસંહાર | ૨૬૩ |
| ધ્યાનની સિદ્ધિ કેવા સ્થળે થાય છે ? | |
| સ્થિરયોગવાળા માટે તેવા સ્થાનની ખાસ જરૂર નથી | ૨૭૦ |
| ત્યારે કેવા સ્થાને રહી ધ્યાન કરવું ? | ૨૭૧ |
| ધ્યાન કરવાનો કાળ(વખત)એટલે કયારે ધ્યાન કરવું ? | ૨૭૧ |
| કેવા આસને બેસી ધ્યાન કરવું ? | ૨૭૩ |
| ધ્યાનમાં દિશાનો નિયમ બતાવે છે | ૨૭૪ |
| ધર્મધ્યાનના આલંબનો | ૨૭૫ |
| આલંબન લેવાનું કારણ બતાવે છે | ૨૭૬ |
| ધ્યાનનો ક્રમ | ૨૭૭ |
| ધર્મધ્યાનના ચાર ભેદ | ૨૭૯ |
| આજ્ઞાવિચય ધર્મધ્યાન | ૨૮૦ |
| અપાય વિચય ધર્મધ્યાન | ૨૮૪ |
| વિપાક વિચય ધર્મધ્યાન | ૨૮૭ |
| લોક સંસ્થાન વિચય ધર્મધ્યાન | ૨૯૪ |
| આધ્યાન કરવાનું કારણ બતાવે છે | ૨૯૭ |
| ધ્યાન કરનાર કેવો હોવો જોઇએ ? | ૩૦૧ |


## પ્રકરણ—૮


| | |
|---|---|
| ધર્મધ્યાનના આલંબનભૂત ધ્યેય બીજી રીતે કહે છે. | ૩૧૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| વિષય | પેજ |
|---|---|
| આત્મસ્વરૂપ અનુભવવું તે રૂપાતીત ધ્યાન છે | ૩૧૯ |
| પિંડસ્થ ધ્યેયની પાંચ ધારણા | ૩૨૦ |
| પાર્થિવી ધારણા | ૩૨૧ |
| આગ્નેયી ધારણા | ૩૨૪ |
| ધર્મધ્યાનની વાયુસંબંધી ધારણા | ૩૨૮ |
| વારુણી ધારણા | ૩૩૦ |
| તત્વ સ્વરૂપ ધારણા | ૩૩૧ |
| પિંડસ્થધ્યાનનું અલૌકિક ફળ | ૩૩૪ |
| પદસ્થધ્યાન | ૩૩૫ |
| રૂપસ્થધ્યાન | ૩૪૩ |
| ધ્યાનનું ફળ | ૩૪૬ |
| કેવીરીતે તન્મય થવું જોઈએ ? | ૩૪૬ |
| આલંબન તેવું ફળ | ૩૪૭ |
| તે ઉપર દષ્ટાંત બતાવે છે. | ૩૪૮ |
| હલકી ભાવના કરવી જ નહિ. | ૩૫૨ |
| રૂપાતીતધ્યાન | ૩૫૬ |
| હવેતે ધ્યાન કેમ કરવું ? | ૩૫૮ |
| તન્મય થવાનું કારણ બતાવે છે. | ૩૬૧ |
| તે વખતની સ્થિતિ કેવી થાય છે ? | ૩૬૨ |
| મનને શિખામણ | ૩૬૩ |
| ધર્મધ્યાનનો ઉપસંહાર | ૩૬૫ |
| અનુપ્રેક્ષા | ૩૬૬ |
| તે જ બતાવે છે | ૩૬૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| વિષય | પેજ |
|---|---|
| શિષ્યને શિખામણ | ૩૬૭ |
| ધર્મધ્યાનમાં કઈ અને કેટલી લેશ્યા હોય છે ? | ૩૭૧ |
| ધર્મધ્યાનની સ્થિતિ | ૩૭૨ |
| ધર્મધ્યાનનું લક્ષણ | ૩૭૨ |
| ધર્મધ્યાનનું ફળ | ૩૭૩ |
| **પ્રકરણ-૯** | |
| શુક્લધ્યાન આલંબનાદિ વિભાગ | ૩૭૫ |
| શુક્લધ્યાન આલંબન દ્વાર-૧ | ૩૭૫ |
| શુક્લધ્યાનનું ક્રમ દ્વાર-૨ | ૩૮૧ |
| શુક્લધ્યાન-ધ્યાન દ્વાર-૩ | ૩૮૩ |
| શુક્લધ્યાનનો બીજો ભેદ | ૩૮૫ |
| પરમ સમાધિ | ૩૮૮ |
| ચોથું ધ્યાન કોને કહેવાય | ૩૯૦ |
| ઉપસંહાર | ૩૯૩ |
| સુવાકયો | ૩૯૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રી વિજય-કેસરસૂરીશ્વરજી વિરચિત અપૂર્વ ગ્રંથો

| પુસ્તકનું નામ | લેખક |
|---|---|
| શ્રી યોગશાસ્ત્ર (ભાષાંતર) | શ્રી આ. વિ. કેસરસૂરિજી મ. |
| શ્રી મલયસુંદરી ચરિત્ર | ,, |
| શ્રી શાંતિનો માર્ગ | ,, |
| શ્રી આત્મજ્ઞાન પ્રવેશીકા | ,, |
| શ્રી ધર્મોપદેશ તત્વજ્ઞાન | ,, |
| શ્રી મહાવીર તત્વ પ્રકાશ | ,, |
| શ્રી આનંદ અને પ્રભુ મહાવીર | ,, |
| શ્રી સમ્યગ્ દર્શન | ,, |
| શ્રી આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય | ,, |
| શ્રી પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ | ,, |
| શ્રી નીતિ વિચાર રત્નમાળા | ,, |
| શ્રી રાજકુમારી સુદર્શના ચરિત્ર | ,, |
| શ્રી આત્મ વિશુદ્ધિ | ,, |
| શ્રી દશવૈકાલિક (ભાષાંતર) | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ. પૂ૦ આ. શ્રી વિજયચન્દ્રસૂરીશ્વરજી મ. સા.



જન્મ : સં. ૧૯૫૫ કારતક સુદ ૧૫ વઢવાણ.
ઢુંઢક દીક્ષા : સં. ૧૯૬૫ માગશર સુદ ૩ અમદાવાદ
સંવેગી દીક્ષા : સં. ૧૯૭૮ વૈશાખ સુદ ૩ સીનોર (ડભોઇ)
પંન્યાસ પદ : સં. ૧૯૯૩ પોષ સુદ ૨ પાલિતાણા
આચાર્ય પદ : સં. ૨૦૧૮ માગશર સુદ ૬ બીલીમોરા
સ્વર્ગવાસ : સં. ૨૦૨૮ વૈશાખ સુદ ૩ અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આધ્યાત્મનિષ્ઠ પરમ પૂજ્ય આચાર્ય

વિજયચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન



શાંતમૂર્તિ પરમ પૂજ્ય આચાર્ય શ્રી

**વિજયપ્રભવચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાગ્કથન

દરવર્ષે હજારો પુસ્તકોનુ પ્રકાશનનું કામ થાય છે. તેમા પણ ધાર્મિક અનેક પ્રકાશનો થાય છે, છતાં ધ્યાન અને યોગના પુસ્તકો ખુબજ અલ્પ સંખ્યામાં પ્રકાશીત થાય છે. ધ્યાન યોગ પરિપૂર્ણ આ ગ્રંથરત્નના રચયિતા પૂ. સકલચંદ્રજી ઉપાધ્યાય છે, અને અનુવાદ સાથે અનેક રીતે સાધકને ઉપયોગી બને એ માટે પોતે સાધેલી યોગ સાધનાના અનુભવો પ. પૂ. યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રી **વિજયકેશરસૂરીશ્વરજી** મ. શ્રીએ આપેલ છે. અનેક મુમુક્ષુઓને અત્યન્ત ઉપયોગી બને અને સંસારની અશાંતિથી પીડાતા દરેકને જીવનમાં શાંતિ અર્પણ કરે એવી રચના કરીને મહાન ઉપકાર કર્યો છે.

પ. પૂ. આચાર્યશ્રીના સર્વ પુસ્તકો નાના મોટા સર્વને ઉપયોગી છે. જૈન કે જૈનેતર સર્વને માર્ગદર્શન આપીને માર્ગમાં સ્થીર બનાવે છે. તેમાં આ ગ્રંથતો અધ્યાત્મરસથી પરિપૂર્ણ છે.

આ ગ્રંથની બીજી આવૃત્તિ ખડગપુર નિવાસી શ્રુતપ્રેમી ધર્મપરાયણ શ્રી દેવીદાસ હેમચંદ વોરાએ સં. ૨૦૧૭ની સાલમાં પ. પૂ. આધ્યાત્મનિષ્ઠ આચાર્યદેવ શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની આચાર્યપદવી તેમજ પૂજ્ય ગુરુદેવ

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વિજયપ્રભચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પન્યાસપદવી નિમિત્તે બહાર પાડેલ. હાલતો મુમુક્ષુઓને ઘણી કિંમત આપવા છતા આ ગ્રંથ અલભ્ય બનવાથી પરમ શ્રુતપ્રેમી સરળ સ્વભાવી કિર્તીકરભાઈ પાસે અનેકોએ માંગણી કરી શ્રી શંકરલાલ બેન્કરને પણ આ ગ્રંથના વાંચનનો પ્રસંગ મળ્યો તેમણે તો એટલો બધો આહ્લાદ ઉત્પન્ન થયો જેના કારણે ઉંચી કિંમત આપી. ૨૫ નકલો મંગાવી માત્ર, સંબંધીઓને ભેટ આપી પણ જયારે પ્રયત્ન કરતા એ ગ્રંથ ન મલી શકવાથી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ પાસે ધ્યાનદીપિકા પુસ્તક ફરીને છપાવવા વિનંતી કરી. અને ૧૦૦૦) નકલનો ખર્ચ એ પોતે આપવાની તૈયારી બતાવી. પૂજ્યશ્રીના બે પુસ્તકો મહાબલમલયાસુંદરી તથા ગૃહસ્થ ધર્મ નિતીમય જીવન પુસ્તક પ્રકાશીત કરીને આ ધ્યાનદીપિકા પુસ્તક હાથ ધરેલ છે. અને ગુરૂકૃપાએ કાર્ય પૂર્ણ થયેલ છે. હવે ચોથુ પ્રકાશન યોગશાસ્ત્ર (ભાષાન્તર) નું કાર્ય આરંભેલ છે ટુંક સમયમાં બહાર પડશે. અલભ્ય એવા પુસ્તકોના પ્રકાશન માટે અથાગ પ્રયત્ન કરનાર પ્રવર્તીની સરલ સ્વભાવી સાધ્વીજી સૌભાગ્યશ્રીજીના શિષ્યા જ્ઞાનધ્યાન મગ્ના સાધ્વીજી જ્ઞાનશ્રીજીએ સમ્યગ્દર્શન આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય, આનંદ અને પ્રભુ મહાવીર, પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ, નિતીવિચાર રત્નમાલા, મહાવીર તત્વ પ્રકાશ અને આત્મવિશુદ્ધિ, આત્મજ્ઞાનપ્રવેશિકા તથા ધર્મોપદેશ તત્વજ્ઞાન વિગેરે ગ્રંથોનું પ્રકાશન તેમની પ્રેરણાથી થયેલ છે. અને સાધ્વીજી વિનયપ્રભાશ્રીજીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આત્મજ્ઞાન પ્રવેશીકા તથા નિતિમય જીવન વિગેરે પુસ્તકો પ્રકાશીત કરવા પ્રેરણા આપેલ છે. અત્યારે પણ તેમની પ્રેરણાંથી આ ગ્રંથમાં પણ પ્રકાશન માટે રકમ મળેલ છે.

હવે પછી દર વર્ષે પૂજ્ય શ્રીના પુસ્તકોનું પ્રકાશન કાર્ય કરવાનું શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર નવરંગપુરા અમદાવાદના ટ્રસ્ટીઓ શ્રી કાંતીલાલ ડાહ્યાભાઈ શાહ, શ્રી વનેચંદ એ. મહેતા, શ્રી કાંતીલાલ રતનચંદ, શ્રી વસનજીભાઈ રવજીભાઇ તેમજ બચુભાઈ વાડીલાલ શાહે નક્કી કરેલ છે.

સરળસ્વભાવી પૂજ્ય આચાર્યદેવ શ્રી **વિજયપ્રભવચંદ્રસૂરીશ્વરજી** મ. સા. ની શુભ નિશ્રામાં પૂજ્યોની અસિમ કૃપાથી પુસ્તક પ્રકાશનનું કાર્ય આગળ વધે અને અનેક મુમુક્ષુઓ વાંચન મનનનો લાભ લે. તેજ શુભેચ્છા.

સ્થળ :–

શ્રી મુક્તિચંદ્ર શ્રમણ
આરાધના કેન્દ્ર
ગિરિવિહાર તળેટી રોડ,
**પાલીતાણા**
૨૦૩૨ વૈશાખ સુદ ૩

લી૦
**મુનિ હેમપ્રભવિજય ગણી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તક પ્રકાશન નિમિત્તે આવેલી
# ભેટની રકમ

૨૮૦૦-૦૦ સંઘવી ભૂરમલજી તેજાજી શ્રી ધનાપુરા જિનેન્દ્ર ભવન સં. ૨૦૩૧ ના પાલીતાણામાં ચાતુર્માસમાં થયેલ જ્ઞાનખાતાની આવક માંથી.

૧૧૧૧-૦૦ સાધ્વીજી શ્રી જ્ઞાનશ્રીજીના સદ્ઉપદેશથી મુનિરાજ શ્રી હેમપ્રભવિજયજી મ. સા. ના ગણિપદની પદવીની સ્મૃતિ નિમિત્તે.

૫૦૧-૦૦ સુમિત્રાબહેન ચંદ્રહાસભાઇ અમદાવદ જૈનનગરવાળા તરફથી.

૫૦૧-૦૦ શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરના જ્ઞાન ખાતામાંથી ભેટ.

૫૦૧-૦૦ એક સદ્ગૃહસ્થ તરફથી ભેટ હસ્તે બાબુલાલ તલકચંદ તથા ભીખુભાઇ ચીમનલાલ ચોકસી.

૩૦૧-૦૦ શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના કેન્દ્રના જ્ઞાન ખાતામાંથી ભેટ.

૨૫૦-૦૦ શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના જ્ઞાન ખાતામાંથી સાધ્વીજી વિનયપ્રભાશ્રીજીના સદ્ઉપદેશથી.


૨૦૧-૦૦ પાલનપુર મોટા ઉપાશ્રયની બહેનો તરફથી ભેટ.

૧૦૧-૦૦ હીરાબ્હેન ડોસાજીભાઈ પાલનપુરવાળા.

૧૦૧-૦૦ આગમમંદિરના આરાધક બહેનો તરફથી.
હઃ તારાબેન નેમચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી કીર્તિકરભાઈ ચુનીલાલ શાહ—અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કિર્તીકરભાઇની કિર્તી ગાથા

અનાદીકાલથી સંસારમાં પરિભ્રમણ કરતાં કયારેકજ મહાન પુન્ય પ્રભાવે માનવ ભવ મળે છે. અને પુણ્યાનુંબંધી પુણ્યનો જયારે ઉદય હોય ત્યારે આત્મા પોતે મળેલી સામગ્રીનો સદુપયોગ કરી શકે છે આપણા કીર્તીકરભાઈનું જીવન એટલે જીવતી જાગતી પ્રેરક કથા છે.

એક નાનામાં નાની....વ્યક્તિને અત્યંત પ્રેમથી બોલાવવી ઊંચ નીચનો ભેદ નહિ. ગરીબ તવંગરનો ભેદભાવ નહી. સરલતાનો જાણે દરિયો જોઈ લ્યો ઊંચી કક્ષાનું ચરિત્ર અને સત્ય પ્રિયતા અને નિષ્કપટ ભાવ એવા અનેક ગુણોથી તેઓ શોભી રહ્યા છે....

એમના અંતરની ભાવના એ પોતે માને છે કે જન્મો જન્મના દુઃખની આત્યંતિક નિવૃત્તિ સાધી પરમ આનંદ અને શાશ્વત....સુખને આત્મસાત્ કરવા સમય અને સાધન પ્રાપ્ત થયા છે જીવન જીવવાનો સત્ય અને વાસ્તવિક હેતુ મહાન અને ગંભીર છે. નિર્દોષ આનંદ શાંતિ અને સુખ કે જેની ગણના વિશ્વના કોઈપણ પદાર્થ અને સુખની સાથે ન થઈ શકે એ પ્રાપ્ત કરવા કમ્મરકસી દિવ્ય પ્રયત્ન કરવાનો છે. અને બહિરાત્મ દશાનો ત્યાગ કરી અંતરાત્મદશા પ્રગટાવવા રાત દિવસ પ્રયત્ન કરી રહેલ છે સામાયિક, પ્રતિક્રમણ અને નમસ્કાર મંત્ર ઉવ્વસગહરં લોગસ્સ વિગેરે અનેક જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્મળ બનાવે તેવા મંત્રો વિગેરેનું નિષ્કપટ ભાવે અપ્રમત પણે રટન ચાલુ જ છે.

એકાંતમાં કે ગમે તેની વચ્ચે બેઠેલા. હોય ત્યારે પણ જાપયોગ ચાલુજ હોય છે, જાપનો મહિમા અપાર છે જાપ અને ધ્યાન દ્વારાજ મન એકાગ્ર....બને છે ભવસિન્ધુના અનેક વમળો ઝંઝાવાતો અને વિષયોના ચિન્તનનું વિષ રગેરગમાં વ્યાપ્ત થતું અટકે છે વિષય અને કષાયોના અનેક દોષોરૂપ પાપ કર્મોથી મુક્તિ મળે છે એવા ધ્યાન માટેનો એમનો અથાગ પ્રયત્ન ચાલુ છે. જાપ અને ધ્યાનના રસીક હોવાથી પ. પૂ. પ્રકાશક યોગનિષ્ઠ આચાર્ય દેવશ્રીની અનેક કૃતીઓ તેમના હૃદયમાં વસેલ છે તેમાં પણ જયારથી ધ્યાનદીપિકા પુસ્તક તેમના હાથમાં આવ્યું અને એ વાંચ્યા બાદ એ પુસ્તક છપાયે ઘણાં વર્ષો વિત્યાં અને હાલ અલભ્ય હોવાથી પૂજ્ય સ્વર્ગસ્થ આચાર્ય વિજયચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબની હાજરીમાં જ આ પુસ્તક છપાવવાની ભાવના થઈ અને એ કાર્ય થોડા વિલંબે પણ પૂર્ણ થયેલ છે એનો એમને અપૂર્વ આનંદ છે. પૂણ્યનો યોગતો જુઓ એ જે કોઈ ઉત્તમ પ્રવૃત્તિઓ કરે છે. તેમાં શ્રી કીર્તીકરભાઇના ધર્મપત્ની ધર્મપરાયણ શારદાબેન તેમજ તેમના સુપુત્રો સુરેન્દ્રભાઈ, અશોકભાઈ, નિરંજનભાઇ, અતુલભાઈ વગેરે એટલા ભાવનાશાળી નમ્ર અને વિવેકી છે, નાના મોટા દરેક એમની ઈચ્છાનુસાર વર્તે છે કોઇ તેમને મન દુઃખ થાય તેમ કરવા તૈયાર નથી તે પૂર્ણ પૂણ્યોદય હોય તોજ બને આજે કિર્તીકરભાઇ તનથી મનથી અને ધનથી આત્મ સદ્‌ગુણોરૂપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈભવથી પરમ સુખી છે. સ્વસ્થ મનથી ધર્મારાધન કરે છે અને અનાસક્ત યોગી જેવું જીવન જીવવા પ્રયત્ન કરે છે. સંસારના દુર્ગુણો સ્વાર્થ ધન કે સત્તાની લાલસા વિષય લોલુપતા વિગેરે દુર્ગુણોથી પર છે.

ખરેખર એમનું જીવન એમની સરળતા અને નિષ્કપટ-ભાવ અને પરના દુઃખને દૂર કરવાની ઉત્કટ ભાવનાના યોગે નાના મોટા સર્વમાં એમની કીર્તિ પ્રસરેલી છે અને આવા અનેક ઉમદા કાર્યોથી પોતાનું નામ સાર્થક કરેલ છે એ સાધક આત્મા સાધનાના માર્ગે ખુબ આગળ વધી સ્વપરનું કલ્યાણ સાધે. આત્મીક સદ્‌ગુણોનું વૈભવ ભોગવનાર બને.

એજ લિ૦

**પ્રકાશક.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમર્પણ

***



જેઓ મારા પરમ ઉપકારી વડીલ સ્વજન હતા એ મારા પૂ૦ ફઈના દીકરી થતા હતા.

બાલ્યવયમાં લગભગ તેમની સાથે સહીને ઉછર્યો છું. તેમણે મને નાના ભાઈ તરીકે સ્નેહપૂર્વક સંભાળ રાખીને અનેક સુસંસ્કારોથી મારૂં જીવન વાસીત બનાવ્યું છે. પૂ૦ બેને મજુર મહાજન વિગેરેની સ્થાપના કરીને અનેક રીતે દેશ સેવા પણ કરેલ છે. મુરબ્બી શ્રી અંબાલાલ સારાભાઈનું અવસાન થવાથી પૂ૦ બહેન આઘાતથી વ્યતિત હતા ત્યારે મેં ધ્યાનદીપિકા વાંચન માટે આપેલ તેના વાંચનથી અપૂર્વ શાંતિ થઈ તેમને પણ એમ કહ્યું કે આ ગ્રંથ અમૂલ્ય છે અને તેમાં રહેલો ઉપદેશ અત્યંત લાભદાઈ છે માટે આ ધ્યાનદીપિકા ગ્રંથ સ્વર્ગસ્થ પૂ૦ શ્રી અનસુયાબેનને અર્પણ કરૂં છું.

" આનંદઘન "
૧૦ આદર્શ સોસાયટી,
નવરંગપુરા, **અમદાવાદ ૯**

એજ લિ૦ સ્નેહાધિન,
**કિર્તિકર ચુનીલાલ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અ. સૌ. શ્રી

શારદાબેન કીર્તિકરભાઈ શાહ-અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧૦ શ્રી અનસુયાબેન–અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાનદીપિકા

## પ્રકરણ ૧.

### મંગલાચરણ, વિષય, અને સૂચના

सर्वर्द्धि लब्धिसिद्धीशैर्योगींद्रैर्वृतमिष्टदम् ।
निष्पापं पापहं वंदे सर्वं सर्वज्ञमंडलम् ॥१॥

સર્વ પ્રકારની ઋદ્ધિ, લબ્ધિ અને સિદ્ધિઓના સ્વામી એવા યોગીન્દ્રોથી પરવરેલા, ઈષ્ટ દેવાવાળા, પાપરહિત અને અન્યનાં પાપોનો નાશ કરનાર, સમગ્ર સર્વજ્ઞના સમુદાયને હું વંદન કરું છું. ૧.

**ભાવાર્થ**:—ગ્રંથકાર શ્રીમાન સકલચંદ્રજી ઉપાધ્યાય ગ્રંથના આદિમાં મંગલાચરણ કરે છે. મંગલાચરણમાં સર્વજ્ઞ-મંડલનો ચિતાર આપ્યો છે જાણે સાક્ષાત્ સર્વજ્ઞોનું મંડલ એક વખત આ પૃથ્વીતળ પર વિચરતું હોય છે, તે વખતે તેઓની પાસે યોગીંદ્રો પણ હોય છે. અહીં યોગીંદ્રોનો અર્થ તીર્થંકર દેવ થાય છે, તે લીધો નથી; પણ સાધુજીવન ગુજારનાર યોગીઓ કહેવાય છે, ત્યારે તેઓમાં શ્રેષ્ઠ, અવધિજ્ઞાનલબ્ધિ. મનઃપર્યવલબ્ધિ વિગેરે લબ્ધિ ધારક કહેવાય છે. તે અપેક્ષાએ અહીં યોગીંદ્રો કહ્યા હોય તેમ સમજાય છે. નાના પ્રકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનાદિ સંપત્તિઓ ચારણ, શ્રમણ, અવધિ, મનઃપર્યવાદિ લબ્ધિઓ અને અણિમા, મહિમા, ગરિમાદિ અષ્ટ સિદ્ધિઓ એના 'ઇશ' માલિક અર્થાત્ તે જેઓને સ્વાધીન છે એવા યોગીવૃંદોથી વીંટાયેલા, સર્વજ્ઞમંડળને નમન કરે છે.

આ સર્વજ્ઞમંડળ ઇષ્ટ દેવાવાળું છે. જન્મ મરણાદિથી નિવૃત્તિ પામી પરમ શાંતિમય સ્થિતિવાળું સ્વસ્વરૂપ અનુભવવું તે ઇષ્ટ છે અને તે સ્થિતિએ આ સર્વજ્ઞમંડળ પહોંચેલું હોવાથી તે ઇષ્ટ ઉપદેશાદિદ્વારા આપે છે. તે પરમ શાંતિમય સ્થિતિએ પહોંચવાનું કારણ નિષ્પાપસ્થિતિ છે. નિષ્પાપ–પાપરહિત થયા સિવાય આત્મજીવન ઉચ્ચસ્થિતિએ પહોંચી ન શકે એ રહસ્યને બતાવવા (નિષ્પાપં) આ વિશેષણ છે.

તે સર્વજ્ઞમંડળ (પાપહં) છે. પાપનો નાશ કરનાર છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવામાં આવે છે. પોતે નિષ્પાપ હોવાથી યોગ્ય જીવોને ઉપદેશ દ્વારા યોગ્ય માર્ગ બતાવે છે અને તે સ્વાનુભવસિદ્ધ માર્ગ હોવાથી જેવી રીતે પોતે નિષ્પાપ થયા છે તેવી રીતે અન્ય યોગ્ય જીવોને પણ પાપ નાશ કરનાર (પાપ વિનાના) બનાવે છે; એટલે અન્યના પાપનો નાશ કરનાર (કારણમાં કાર્ય ઉપચાર દ્વારા) આ સર્વજ્ઞમંડળ છે.

આ સર્વજ્ઞમંડળ એકસાથે હોય કે જુદે જુદે પ્રસંગે આ પૃથ્વીતળ પર થઇ ગયેલ હોય; તે સર્વ સર્વજ્ઞમંડળને હું વંદન–નમન કરું છું. સર્વ સર્વજ્ઞમંડળ કહેવાથી આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથકારની સર્વ દેશકાળમાં થયેલા સર્વજ્ઞો પ્રત્યે સમદૃષ્ટિ છે એમ સૂચવે છે.

વળી સર્વજ્ઞોના મતો જુદા હોતા નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ ઉપદેશ જુદો જુદો હોય છે, તથાપિ પ્રાપ્ત કરવા લાયક આત્મસ્થિતિ તેનું નિશાન તો–લક્ષ્યબિંદુ તો સર્વનું એક જ હોય છે. એ દૃષ્ટિ ધ્યાનમાં રાખી કોઈ પણ વ્યક્તિનું નામ ન આપતાં શાસ્ત્રકાર સામાન્ય રીતે જગતમાન્ય સર્વજ્ઞમંડળને ગ્રંથની આદિમાં નમસ્કાર બતાવે છે.

વિશેષ મંગલાચરણ કરવા સાથે ગ્રંથનો વિષય બતાવે છે.

ब्रह्मज्ञानानंदे लीनार्हत्सिद्धसाधुसंदोहम् ।
स्मृत्वाध्यानकृतेऽहं ध्यानाध्वगदीपिका वक्ष्ये ॥२॥

આત્મજ્ઞાનના આનંદમાં લીન થયેલા અરિહંત, સિદ્ધ અને સાધુઓના સમુદાયનું સ્મરણ કરીને હું ધ્યાનને ધ્યાનમાર્ગમાં ચાલનાર અર્થાત્ ધ્યાનનો માર્ગ બતાવનાર દીપિકાને કહીશ. ૨

ભાવાર્થ:—જ્ઞાન અને આનંદ એ આત્માના ગુણો છે અથવા જ્ઞાન અને આનંદ તે આત્માનું જ સ્વરૂપ છે. 'બ્રહ્મ' શબ્દથી શુદ્ધ નિરાવરણ પરિપૂર્ણ એવું આત્મસ્વરૂપ સમજવું.

નિરાવરણ આત્મસ્વરૂપ લેતાં, જ્ઞાન અને આનંદ પણ પરિપૂર્ણ શુદ્ધ જ સમજવાં–તેવા જ્ઞાનાનંદમાં લીન થયેલા અરિહંતદેવ, સિદ્ધપરમાત્મા અને સાધુઓનો સમૂહ તેઓનું સ્મરણ કરી, એકાગ્રચિત્તે તેઓના શુદ્ધ સ્વરૂપને મનમાં યાદ લાવી, હું–સકળચંદ્રજી ઉપાધ્યાય નામ ધારણ કરનાર દેહાધિષ્ઠિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મધ્યાનને માટે ધ્યાનમાર્ગમાં ચાલનાર દીપિકાને કહીશ.

અહીં સાધુને નમસ્કાર તથા તેમનું સ્મરણ કરવાથી આચાર્ય તથા ઉપાધ્યાયજીનું સ્મરણ પણ સાથે જ થયું, કારણ કે સાધુ શબ્દમાં તે બન્નેનો સમાવેશ થાય છે, 'ધ્યાનને માટે' એ શબ્દથીધ્યાન કરવાની ઈચ્છા કરવાવાળા જીવોને સુગમતા થાય એટલા હેતુથી; ધ્યાનમાર્ગમાં સાથે ચાલવાવાળી અથવા ધ્યાનનો માર્ગ બતાવનારી દીપિકા કહીશ એમ ગ્રંથકારે જણાવ્યું.

માર્ગ વિકટ હોય, તેમાં વળી રાત્રી અંધારી હોય અને રસ્તો અજાણ્યો હોય, આ વખતે અવશ્ય કરીને ભોમિયાની જરૂર હોય છે. ભોમિયા વિના તેવા અજાણ્યા વિકટ રસ્તામાં હેરાન થવાનો, દુઃખી થવાનો, ભૂલા પડવાનો, લૂંટાવાનો અને માર ખાવાનો સંભવ રહે છે. એવી જ રીતે આ મારી દીપિકા (ગ્રંથ) ધ્યાનના માર્ગમાં ચાલનાર મુસાફરોને–મુમુક્ષુઓને–સાથે આવી ભોમિયાનું કામ કરશે.

અજ્ઞાન અંધારામાં પ્રકાશ કરસે, ભૂલા પડેલાને માર્ગે ચડાવશે, કામક્રોધાદિ ચોરોથી બચવાની યુક્તિ જણાવશે એટલું જ નહીં, પણ નવીન મોહાદિનો પરાજય કરવાનો રસ્તો દેખાડશે. આ ધ્યાનદીપિકા કહેવાનો મારો આ જ ઉદ્દેશ છે.

ધ્યાનના અર્થી જીવોને ગ્રંથ કરનારની સૂચના.

**जैनागमार्थानवलंब्य मोह ध्वांतांतकृत्री शमशुद्धिदात्री ।**
**ध्यानार्थिभिः स्वांतगृहे विधेया नित्यं निजोद्योतकृते कृतीशैः ॥३॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના ઉદયને માટે મહાન પ્રયત્ન કરનાર ધ્યાનના અર્થી જીવોએ જૈન આગમના અર્થનું અવલંબન કરીને મોહરૂપ અંધકારનો નાશ કરનારી અને સમભાવની વિશુદ્ધિને આપનારી આ ધ્યાનદીપિકાને નિરંતર પોતાના અંતઃકરણ-રૂપ ઘરને વિષે ધારણ કરવી. ૩.

**ભાવાર્થ :**—ઇચ્છા ખરેખર આત્માનો ઉદય કરવાની જ હોય તો આ ધ્યાનદીપિકાને તમારા હૃદયમંદિરમાં નિરંતર પધરાવી રાખો.

દરેક ક્ષણે તમોને યાદ આવે, જાગૃતિ આપે તે માટે બીજે ક્યાંય નહીં પણ હૃદયરૂપ ઘરમાં જ રાખજો, આત્મ સન્મુખ જ રાખજો. આ ધ્યાનદીપિકામાં જૈનઆગમના અર્થનું જ અવલંબન કરેલું છે; અર્થાત્–જિનેશ્વર ભગવાને અનુ-ભવ કરેલ સિદ્ધાંત–નિશ્ચયનું જ વર્ણન તેમાં છે અને તે માટે જ તે મોહરૂપ અંધકારનો નાશ કરનારી છે; તથા સમ-ભાવ કે જેમાં રાગ પણ નથી અને દ્વેષ પણ નથી, તેવી રાગદ્વેષ વિનાની, સમ–વિષમ વિનાની પરમ વિશુદ્ધિવાળી સ્થિતિને આપવાવાળી છે. મતલબ કે વીતરાગ દેવનો જે સ્વાનુભવસિદ્ધ માર્ગ છે તે માર્ગે ચાલતાં અવશ્ય તમે તે સ્થિતિને અનુભવી શકશો.

તે માર્ગ આમાં (દીપિકામાં) બતાવવામાં આવશે, એટલા માટે જ આ ગ્રંથને હૃદયમાં સ્થાન આપજો. શોભાને માટે જેમ ઘરમાં અભરાઈ ઉપર વાસણો ગોઠવવામાં આવે છે તેમ આ ગ્રંથને પુસ્તકાલયની અભરાઈ ઉપર જ ગોઠવી ન મૂકશો. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આત્માને હિતકારી વસ્તુ શી છે?

**जीवो ह्यनादिमलिनो मोहांधोऽयं च हेतुना येन ।**
**शुध्यति तत्तस्य हितं तच्च तपस्तच्च विज्ञानम् ॥४॥**

અનાદિ કાળથી મલિન અને મોહાંધ આ જીવ જે હેતુ વડે શુદ્ધ થાય તે તેનું હિત છે, તે તપ છે અને તે વિજ્ઞાન છે. ૪.

**ભાવાર્થ**:—આ જીવ અનાદિ કાળથી મલિન છે. તેનામાં મલિનતા કયારે આવી અને શા હેતુથી આવી? આનો જવાબ "અનાદિ કાળથી તેમ જ છે" એ સિવાય બીજો આવતો નથી.

જ્ઞાનીઓ પોતાના જ્ઞાનમાં તેમ જ દેખે છે. શાસ્ત્રકારો એમ જ જણાવે છે. દરેક સંપ્રદાયમાં પણ મોટે ભાગે આ જ માન્યતા છે. મલિન થવાના હેતુઓમાં બે ભેદ છે. પ્રથમ અનાદિ પ્રવાહની અપેક્ષાએ મૂળ અનાદિ મલિનતા થવામાં હેતુ શો? તે હેતુ મળી શકતો નથી, શોધવા જતાં અનેક શંકાઓના વમળમાં અથડાવું પડે છે. છેવટે પણ 'અનાદિ તેમ જ છે' આ શબ્દોનો આશ્રય લેવો પડે છે.

બીજો હેતુ અમુક સ્થિતિથી મલિન થવાના હેતુઓ મિથ્યાત્વ કષાય (અજ્ઞાન), અવિરતિ (ઇચ્છાઓનો અનિરોધ) (ક્રોધ, માન, માયા, લોભવાળી પરિણતિ) અને યોગો (મન-વચન-કાયાની પ્રવૃત્તિ) આ હેતુઓ માનવામાં આવે છે. તે હેતુઓ નવીન મલિનતા પામવામાં પ્રબળ કારણરૂપ છે. તેનું નામ જ મોહાંધ-મોહથી આંધળા થવાપણું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મોહરૂપી પડળને લઈ આત્મજ્ઞાન-આત્મપ્રકાશ-દબાઈ ગયો છે-ઢંકાઈ ગયો છે-તેથી વસ્તુને વસ્તુસ્વરૂપે જોઇ શકાતી નથી.

આત્મસ્વરૂપ પ્રગટ થતાં આ મલિનતા કે મોહાંધતા રહેવા પામતી નથી. માટે આ આત્મા જે હેતુ વડે કરી શુદ્ધ થાય તે જ તેનું હિત છે અથવા તેમાં જ આ જીવનું હિત સમાયેલું છે; તેનું નામ જ તપ છે અને તેનું નામ જ વિજ્ઞાન છે. મતલબ કે આ જીવ ગમે તે હેતુ વડે શુદ્ધ થાય તેને માટે તમે પ્રબલ પ્રયત્ન કરો.

અમુક હેતુથી શુદ્ધ થાય અને બીજા હેતુથી શુદ્ધ ન થાય આવો કદાગ્રહ ન કરો આવા નકામા વાદવિવાદમાં ન ઊતરો. અમૂલ્ય માનવજીવનને ક્ષણ પણ નકામું ન કાઢો. જિનેશ્વર ભગવાને આત્માને વિશુદ્ધ થવાના અસંખ્ય માર્ગો પોતાના જ્ઞાનમાં દેખ્યા છે તેમાંથી તમારા દર્દને જે દવા (ઉપાય) લાગુ પડે તે લાગુ પાડો. દરેક જીવની યોગ્યતા જુદી જુદી હોય છે. બંધનો પણ જુદા જુદા હેતુઓને લીધે જુદા જુદા પ્રકારનાં હોય છે એટલે અમુક માણસ જે ઉપાય નિર્બંધન થવા માટે કહે છે કે પોતાને લાગુ પડે છે તે જ ઉપાય સર્વને લાગુ પાડવા જાય તો તેમ બની શકતું નથી. માટે તેવા આગ્રહ ન કરતાં પોતાને ગમે તેવા પણ લાગુ પડે તેવા ઉપાય શોધી કાઢી તુરત લાગુ પાડી મલિનતા ઓછી કરો બલકે તેનો નાશ કરો એ જ તત્ત્વજ્ઞાન છે અને એ જ તપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયામાં નાના પ્રકારના મતમતાંતર અને ઝઘડા થવાના હેતુઓ આ જ છે કે માણસ પોતાની માફક સર્વને ચલાવવા માગે છે, પોતાની યોગ્યતા પ્રમાણે સર્વની યોગ્યતા કલ્પે છે પોતાના વિચાર પ્રમાણે અન્યનો ન્યાય કલ્પે છે અને સામામાં તેમ હોતું નથી. સરખી યોગ્યતા ન હોવાને લીધે તેમના માર્ગ જુદા પડવાના જ અને તેને લીધે વિચારની ભિન્નતા તો રહેવાની જ—તથાપિ લક્ષ્યબિંદુ—સાધ્ય તો સર્વનું એક જ હોવું જોઇએ. આ લક્ષ્ય ધ્યાનમાં રાખી દુનિયા તરફ દૃષ્ટિ કરવામાં આવે તો આવા મતમતાંતરો મૂળ સાધ્યમાં લય થઈ ગયેલા જોવામાં આવશે. ૪.

## ભાવનાની જરૂરિયાત

**जन्मजरामरणभयैः पीडितमालोक्य विश्वमनगाराः ।**
**निःसंगत्वं कृत्वाध्यानार्थं भावनां जग्मुः ॥ ५ ॥**

જન્મ, જરા અને મરણના ભય વડે વિશ્વને પીડાયેલું જોઇને અણગારો (જ્ઞાનીઓ) નિઃસંગપણું ધારણ કરી ધ્યાનને માટે ભાવનાનો આશ્રય કરે છે. ૫.

**ભાવાર્થ**:—જેના હૃદયમાં વિચારદશા જાગ્રત થઈ છે, તેઓ ખરેખરા મનુષ્યો છે એટલે મનન કરનારા—વિચાર કરનારા છે, કેમકે મનુષ્યોને મન મળેલું છે. સદ્ અસદ્નો તેનાથી વિચાર કરી શકાય છે. આવો વિચાર કરનારાઓ જ મુખ્યત્વે કરીને મનુષ્યો ગણાય; બાકીનાઓ તો મનુષ્ય છતાં મનનો સન્માર્ગે ઉપયોગ ન કરતા હોવાથી અથવા અસદ્માર્ગે મનને જોડતા હોવાથી અને પોતાના હિતાહિતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર નહિ કરતા હોવાથી, (મનુષ્ય છતાં) જીવતાં પશુઓ સમાન છે.

આવા વિચારવાન મનુષ્યો જ્યારે આ દુનિયા તરફ દૃષ્ટિ દોડાવે છે ત્યારે તેમને માલૂમ પડે છે કે આ આખું વિશ્વ જન્મ, મરણ, અને વૃદ્ધાવસ્થાદિનાં દુઃખોથી પીડિત છે. રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ વિગેરે દુનિયાને હેરાન કરી રહ્યા છે.

જન્મમરણનાં અનિવાર્ય એવાં ચક્રો અસ્ખલિત ગતિમાં પ્રયાણ કરી રહેલાં છે. અરે! આમાંથી બચવા માટે શો ઉપાય લેવો જોઇએ ?

આ વિચારશ્રેણિ તેમના આવરણનો પડદો ખસેડી આપે છે થોડોઘણો માર્ગ કરી આપે છે ખરો નિશ્ચય કરી આપે છે કે મારે તો આ પ્રમાણે જ વર્તન કરવું જોઇએ. મારું જીવન નિરુપાધિકપણે વ્યતીત થવું જોઇએ. જેમ ઉપાધિ ઓછી તેમ વિક્ષેપ, વ્યગ્રતા, વિહ્વળતા ઓછી, કર્મબંધ ઓછા. સર્વથા ઉપાધિ દૂર કરવા માટે છેવટે અણગાર માર્ગ, ત્યાગમાર્ગ એટલે ઇચ્છાઓ ત્યાગ કરવાનો માર્ગ તેમને શ્રેયસ્કર જણાય છે અને પરમ આત્મશાન્તિ માટે જ કાયર મનુષ્યોને દુઃખે ત્યાગ કરી શકાય તેવા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે અને છેવટે શ્રમણ (સાધુ)પણું અંગીકાર કરે છે તે ગ્રહણ કર્યા પછી પણ હલકી કોટીના મનુષ્યોની સોબતમાં ( સહવાસમાં ) આત્મલક્ષ ન ભુલાય તે માટે નિઃસંગપણું અંગીકાર કરે છે. તેવા મનુષ્યોના પરિચયમાં (સહવાસમાં) ધ્યાન થઈ શકતું નથી તે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિઃસંગ રહી દ્રવ્યથી નિઃસંગપણું ને એકાંતવાસ અને ભાવથી વિષયવિકારોના વિચારોથી નિર્વિચાર મન આ નિઃસંગપણું તે મહાત્માઓ આત્મધ્યાન માટે સ્વીકારે છે અને તે ધ્યાનને પણ વિશેષ પોષણ મળે તે માટે અથવા ધ્યાન માટે હૃદય તૈયાર થાય (લાયક થાય) તે માટે પ્રથમ ભાવનાઓનો તેઓ આશ્રય લે છે. ૫.

**ભાવનાથી હૃદયને વાસિત કરવાનો ગુરુ ઉપદેશ આપે છે**

**भूतेषु भज समत्वं चिंतय चित्ते निजात्मरूपं च ।**
**मनसः शुद्धिं कृत्वा भावय चित्तं च भावनया ॥६॥**

જીવોને વિષે સમપણું રાખ, ચિત્તને વિષે પોતાના આત્મસ્વરૂપનું ચિંતન કર અને મનની શુદ્ધિ કરીને ભાવના-વડે ચિત્તને વાસિત કર.

**ભાવાર્થ**:—મન આત્માની નજીકની વસ્તુ છે, મનને વશ કર્યા સિવાય આત્મસ્વરૂપ પ્રગટ થતું નથી. વશ કરવું એટલે કેળવવું, યોગ્ય માર્ગે ગમન કરાવવું અને અયોગ્ય માર્ગથી પાછું વાળવું, નહિ કેળવાયેલ મન સુખમાં દુઃખ દેખાડે છે અને દુઃખમાં સુખ દેખાડે છે. અયોગ્યને યોગ્ય મનાવે છે, યોગ્યને અયોગ્ય મનાવે છે. ગમે તો પરિણામ ખરાબ આવનાર હોય તેમ સમજાયું હોય છતાં પણ તે ભાન ભૂલી, મને માન્યું કે આમ કરવાથી મને આનંદ આવશે તો તે તે પ્રમાણે કરે છે; મતલબ કે આ સર્વ જન્મમરણાદિ જંજાળ મનને લઈને જ ઊભી થાય છે અને મનની મહેરબાનીથી જ જન્મમરણનો નાશ થાય છે. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને કેળવવાની-યોગ્ય માર્ગે લગાડવાની-પૂર્ણ જરૂર છે.

ગુરુ મહારાજ કહે છે કે હે શિષ્ય! આ મનને તું સર્વે પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખતાં શીખવ. સમભાવ તે રાગ દ્વેષ સિવાયની નિર્લેપ સ્થિતિ છે. આ સર્વ જીવો પોતાના સરખા જ છે. આત્મસત્તાએ વિચાર કરતાં કોઈ જીવ નાનો મોટો ઓછો વધારે નથી. જેવું તને સુખ વહાલું અને દુઃખ અનિષ્ટ છે તેવું જ સર્વ જીવોને પણ છે; માટે સર્વ જીવો ઉપર સમદૃષ્ટિ રાખ કહ્યું છે કે—

अनिच्छन् कर्म वैषम्यं ब्रह्मांशेन समं जगत् ।
आत्माऽभेदेन यः पश्येदसौ मोक्षंगमी शमी ॥ (अष्टक)

કર્મના વિષમપણાનો વિચાર ન કરતાં જ્ઞાનના અંશની સાથે મેળવતાં યા વિચાર કરતાં આ જગતના સર્વ જીવો એકસરખા છે, એમ વિચાર કરી જે મનુષ્ય સર્વ આત્માઓને પોતાની સાથે અભેદપણે જુએ છે, તે સમભાવની સ્થિતિવાળો મનુષ્ય મોક્ષે જનાર છે.

આથી એમ જણાય છે કે કર્મની વિષમતાથી (વિચિત્રતાથી) ભિન્ન ભિન્ન, નાનુંમોટું, સારુંનઠારું આ જગત દેખાય છે પણ તે જીવોની અંદર સત્તારૂપે રહેલ આત્મસ્વરૂપની સાથે સરખામણી કરવામાં આવે તો રાગદ્વેષની પરિણતિવાળું વિષમપણું દેખાતું નથી, કારણ કે આત્મસ્વરૂપ સર્વ જીવોનું એકસરખું જ છે એટલે દેહદૃષ્ટિ મૂકી દઈ સર્વ જીવોને તું આત્મસ્વરૂપે જોયા કર તથા હે શિષ્ય! ચિત્તને વિષે તારા શુદ્ધ આત્મસ્વરૂપનો જ તું વિચાર કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમાંથી અનાત્મ જડ જગત સંબંધી વિચારો દૂર કરી તારા આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે તેનો વિચાર કરવાનો મનને અભ્યાસ પાડ અને મનની શુદ્ધિ કરીને ચિત્તને ભાવના વડે વાસિત કર.

સર્વ જીવો ઉપર સમભાવ રાખવાથી અને આત્મસ્વરૂપનું ચિંતન કરવાની ટેવ પાડવાથી મનઃશુદ્ધિ થઇ જ જશે; છતાં આ બે ઉપાયો ઉપરાંત બીજા પણ અનેક ઉપાયો છે કે જેથી કરીને મનની શુદ્ધિ થાય છે, એમ તારા જાણવામાં હોય તો તે, અગર કોઈ જ્ઞાની પુરુષો પાસેથી બીજા જે કોઈ ઉપાયો મળે તે ઉપાયોએ કરીને પણ તું મનની શુદ્ધિ કર અને તું કંઈક શુદ્ધ થયેલા મનને ભાવના કે જે આગળ બતાવવામાં આવશે તે વડે તું વાસિત (સુગંધિત) કર.

સર્વ જીવોમાં સમભાવ રાખવો, આત્મસ્વરૂપનું ચિંતન કરવું અને મનની શુદ્ધિ કરવી; તે એક એક ઉપાય એટલો બધો મજબૂત છે કે મનને આત્મસ્થિતિમાં લીન કરાવી દે તેમ છે, તો પછી ભાવના વડે ચિત્તને વાસિત (સંસ્કારિત) કરવાનું શું પ્રયોજન હશે? આ શંકા ઉત્પન્ન થવાનો સંભવ છે અને તેનું સમાધાન આમ કરી શકાય તેમ છે કે અચોક્કસ સ્થિતિવાળા અમજબૂત સંસ્કારો ગમે તે જાતના પાડો પણ તેનું સંગીન ચોક્કસ સ્થિતિવાળું પરિણામ આવતું નથી પણ એકાદ દૃઢ મજબૂત સંસ્કાર ઘણી પ્રબળતાથી મન ઉપર પાડવામાં આવ્યો હોય તો તેની અસર કાયમને માટે મજબૂત પડી રહે છે અને તેવી સ્થિતિવાળા માટે આ સર્વમાંથી એક પણ ઉપાય મનને વિશુદ્ધ કરવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરતો છે, તે સિવાયનાને માટે અનેક ઉપાયો કરતાં કાળાંતરે કોઈ ઉપાય ચોક્કસ લાગુ પડી જાય છે.

વળી ભાવના વડે મનને સંસ્કારિત કરવાનું કારણ એમ પણ છે કે સંસારની અનિત્યતા, અશરણતા, વિષમતા વિગેરેના સંસ્કારો મજબૂત રીતે મન પર પડયા હોય તો વિષયો તરફથી તે મન ઘણી જ સહેલાઇથી પાછું ફરે છે અને પાછું ફર્યા પછી પણ તે વિચાર વિનાનું તો રહી શકતું નથી. કારણ કે મનને ઘણા કાળનો વિચાર કરવાનો દૃઢ અભ્યાસ પડેલો છે. એટલે તેને આત્મસ્વરૂપના ચિંતનમાં ગોઠવવાથી સંસારની વસ્તુઓથી વિરક્ત થયેલું મન ઘણી સહેલાઇથી આત્મચિંતનમાં પ્રવેશ કરશે અથવા કાંઈક સમભાવ આવવાથી અને આત્મચિંતન તરફ તેનું વલણ થયેલું હોવાથી મનની શુદ્ધિ સારી રીતે થઈ શકે છે અને તેવા મનમાં ભાવના ઘણી સહેલાઇથી દૃઢ સંસ્કાર સ્થાપિત કરે છે. આમ અન્યોન્ય આશ્રયથી પણ મનશુદ્ધિમાં વધારો થવા સંભવ છે.

આશય એવો છે કે ગમે તે પ્રકારે પણ મનની શુદ્ધિ તો કરવી જ પડવાની અને તે શુદ્ધિ જ ધ્યાનમાં વધારે ઉપયોગી થઇ પડવાની. ૬.

## ભાવનાઓ બતાવે છે.

भावना द्वादशैतास्ता अनित्यादिकताः स्मृताः ।
ज्ञानदर्शनचारित्रं वैराग्याद्यास्तथा पराः ॥ ७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિત્યાદિક આ ભાવનાઓ બાર કહેલી છે તેમ જ બીજી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય આદિ ચાર ભાવનાઓ પણ કહેલી છે. ૭.

**ભાવાર્થ**:—ભાવના એટલે વિચારણા કોઈ પણ એક વસ્તુના સ્વભાવના સંબંધમાં વિચાર કરી તેનો નિર્ણય કરવો. મન ઉપર તેના નિશ્ચયપણાની સચોટ અસર કરવી; જેમ કે કોઇ વસ્તુના ઉપર બીજી જુદા સ્વભાવની વસ્તુના પુટ દેવામાં આવે છે અને તેની એટલી બધી અસર થાય છે કે મૂળ વસ્તુના સ્વભાવ બદલાઈ જઈ જે વસ્તુનો પુટ આપવામાં આવ્યો છે તેનો સ્વભાવ તે વસ્તુમાં દાખલ થઇ જાય છે. આનું નામ ભાવના છે.

તેવી જ રીતે અનાદિકાળથી વિવિધ પ્રકારના પુદ્ગલોના અનુભવ કરતાં રાગદ્વેષ કરવાનો સ્વભાવ મનને પડેલ છે. પુદ્ગલોમાં સુખની ભ્રાંતિ થયેલી છે. તે રાગદ્વેષ કરવાનો સ્વભાવ અને સુખની ભ્રાંતિ તેમાં સત્ય શું છે, તેનો ખરો સ્વભાવ શો છે તેનો વારંવાર મન દ્વારા વિચાર કરી મન ઉપર તેની સચોટ અસર કરવી.

મનના પૂર્વના સ્વભાવને ભૂલી જઈ આ નવીન વિચાર પ્રમાણે જ પોતાનો સ્વભાવ ગ્રહણ કરે, એનું નામ ભાવના છે. આ ભાવનાઓ અનિત્યાદિ બાર છે, અને જ્ઞાનાદિક ચાર છે. જે આગળ બતાવવામાં આવે છે.

भावनाभिरसंमूढो मुनिर्ध्याने स्थिरीभवेत् ।
ज्ञानदर्शनचारित्रवैराग्योपगताश्च ताः ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના વડે દૃઢ નિશ્ચયવાળો મુનિ ધ્યાનમાં સ્થિર થાય છે. તે ભાવના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય એમ ચાર પ્રકારની છે. ૧.

## પ્રકરણ ૨

### જ્ઞાન ભાવના

वाचना पृच्छना साधुप्रेक्षणं परिवर्तनम्
सद्धर्म दर्शनं चेति ज्ञातव्या ज्ञानभावना ॥८॥

વાંચવું, પૂછવું સારી રીતે મનન કરવું, પરિવર્તન કરવું, (ગણી જવું, યાદ કરવું) અને ધર્મ કહેવો આ જ્ઞાનભાવના જાણવી. ૮.

**ભાવાર્થ**:—જ્ઞાન વડે મનને વાસિત કરવું તે જ્ઞાનભાવના છે. આત્મઉપયોગ જાગ્રત રહે, અશુભવિકલ્પો ઓછા થાય, શુભ પ્રવૃત્તિ કે જે આત્મસ્વરૂપનો નિર્ણય કરવામાં કે સ્થિર થવામાં સહાયભૂત થાય છે તેનો વધારો થાય તેવી જાતના મન ઉપર સંસ્કારો દૃઢ થાય તે માટે આત્મજ્ઞાન સંબંધી ગુરુ પાસેથી ઉપદેશ સાંભળવો આત્મજ્ઞાનનાં સાધનભૂત સિદ્ધાંતો (પુસ્તકો) ભણવાં, અન્યને ભણાવવાં, તેમાં જે જે જ્યાં જ્યાં શંકાઓ પડે તેનું સમાધાન ગુરુ તરફથી મેળવવું અગર આપણાથી અધિક જ્ઞાનવાન હોય તેમને પૂછવું તેનું સારી રીતે મનન કરવું, તે અર્થને વારંવાર મનમાં ઠસાવવો, વિવિધ પ્રકારના તર્કો કરી તેનું સમાધાન કરવું, તે તત્ત્વ આદરવા લાયક આપણા સ્વભાવરૂપ થઈ જાય તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો દૃઢ કરવા તેનું વિસ્મરણ થઈ ન જાય તે માટે વારંવાર તેનું પરિશીલન કરવું, એટલે શાંતિને વખતે તે યાદ કરી જવાં અને અન્યને સ્વપર હિત બુદ્ધિથી તેનો ઉપદેશ આપવો, તે સંભળાવવાં ઈત્યાદિમાં મનને સારી રીતે પ્રવીણ કરવું જોડી દેવું તે જ્ઞાનભાવના કહેવાય છે.

## દર્શનભાવના

**संवेगः प्रशमः स्थैर्यमसंमूढत्वमस्मयः ।**
**आस्तिक्यमनुकंपेति ज्ञेया सम्यक्त्वभावना ॥९॥**

સંવેગ, ઉપશમ, સ્થિરતા, દૃઢ નિશ્ચયતા, નિરભિમાન (અગર્વ) અથવા અનાશ્ચર્યતા આસ્થા (શ્રદ્ધા), અનુકંપા એ સમ્યક્ત્વભાવના જાણવી. ૯.

**ભાવાર્થ :**—દર્શનભાવનાનું બીજું નામ સમકિતભાવના છે. મોહનીય કર્મ સંબંધી દર્શન મોહનીય કર્મના ક્ષય ક્ષયોપશમ કે ઉપશમ થવાથી આ દર્શનભાવનાની પ્રાપ્તિ થાય છે આ ભાવના વડે અંતઃકરણને સંસ્કારિત કરવાથી આ ગુણ ઘણી સહેલાઈથી પ્રગટ થાય છે. દેવ અને મનુષ્યાદિના વિવિધ પ્રકારના સુખની અભિલાષા જ્યાં સુધી ઓછી ન થાય અને જ્યાં સુધી કેવળ આત્મસુખનો અભિલાષી આ જીવ ન થાય ત્યાં સુધી સંવેગ પ્રગટ થતો નથી. આ લોકનાં અને પરલોકનાં સુખની વાસના (ઇચ્છા) જ્યાં સુધી વિરામ ન પામે ત્યાં સુધી આત્મસ્થિતિ કેમ પ્રગટ થાય?

દેહાદિ પુદ્‌ગલજન્ય સુખ ઘણા પ્રયાસે પ્રાપ્ત થનારું છે, ક્ષણિક છે, અસાર છે, અને તેમાં રાખેલી આસક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામે દુઃખ ઉત્પન્ન કરનારી છે; એની ઇચ્છાનો જ્યાં સુધી છેદ-નાશ ન થાય ત્યાં સુધી સમ્યકૃત્વ જે આત્મગુણ છે તેને પ્રાપ્ત કરવાની આશા સ્વપ્નામાં પણ ન રાખવી. ૧.

જ્યાં સુધી અન્યનું બૂરું કરવાની આશા કે સારું કરવાની પોતાની ભાવના, લાગણી. જે કર્મના પ્રમાણમાં થાય છે તે ભાન ભૂલી જઇને અભિમાનને લઈ વેર લેવાની ભાવના હૃદયમાં પ્રગટ કરવામાં આવે છે ત્યાં સુધી આ ભાવનાને રહેવાને અવકાશ ક્યાંથી મળે? પ્રકાશ અને અંધારું સાથે ક્યાંથી રહી શકે? જે મનમાં વેર વિરોધની વાસના બળતી હોય ત્યાં આત્મસ્વરૂપની પરમ શાંતિ કેવી રીતે પ્રગટ થાય? મનમાંથી તેવી ભાવનાને તદ્દન કાઢી નાખી તેને ઠેકાણે અપરાધીઓને પણ ક્ષમા (માફી) આપનારી કોમળતાવાળી ઉપશમ ભાવનાને સ્થાપિત કરવાથી સમ્યકૃત્વ નામનો આત્મગુણ પ્રગટ થાય છે. ૨.

જ્યાં હૃદય વિવિધ પ્રકારની આશા, ઇચ્છા કે તૃષ્ણાને લીધે આકુલવ્યાકુલ થઇ રહ્યું હોય, ઘડીભર પણ પરમ શાંતિમાં બેસવાની સ્થિરતા મળતી ન હોય, મનમાં નાના પ્રકારના વિચાર કે વિતર્કો ચાલતા હોય વિષય મેળવવાની ઇચ્છાથી મન વિહ્વળ થઈ રહ્યું હોય કે તેવા ચંચળતાવાળા મનમાં સમ્યકૃત્વ ગુણ કેવી રીતે પ્રગટ થાય? આત્મભાવમાં અને પુદ્ગલોમાં આસક્તદશા આ બન્નેને સૂર્ય અને અંધકારના જેટલો તફાવત છે.

થોડો વખત પણ વિષયાદિક કામનાના વિચારોથી મનને

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિ આપી અર્થાત્ તેવા અન્ય વિચારોને દૂર કરી આત્મભાવમાં સ્થિરતાનો અનુભવ કરવાથી-મનને શાંત રાખવાથી સ્થિર અને નિર્મલ થયેલ પાણીમાં નીચે પડેલ વસ્તુ જેમ પ્રગટ દેખાઇ આવે છે તેમ મનને આત્મભાવમાં સ્થિરતાનો આશ્રય કરાવવાથી તેમાં સમ્યક્ત્વરૂપ આત્મગુણ પ્રગટ થઈ આવે છે. ૩.

આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોગવનારો છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આત્મા છે તે વાત અનુભવસિદ્ધ ચોક્કસ છે, દેહના અધ્યાસથી દેહ જેવો દીસે છે પણ તે અજ્ઞાનદશા જ છે. દેહ અને આત્મા બન્ને જુદાં જ છે આત્મા ચૈતન્ય લક્ષણ, જ્ઞાતા, દ્રષ્ટા છે દેહ જડ લક્ષણ છે તલથી તેલ, દૂધથી ઘી, તલવારથી મ્યાન, વગેરે પ્રત્યક્ષ જુદાં છતાં વિચાર નહીં કરનારને એકરૂપ દેખાય છે તેમ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરનારને આત્મા દેહથી જુદો દેખાય છે, આત્માની સત્તાથી જ પાંચે ઇંદ્રિયો દેહ અને મનાદિકનું જ્ઞાન થાય છે અર્થાત્ આ સર્વને જાણનાર આત્મા જ છે. આત્મા છે કે નહિ. એવી શંકા કરનાર જ આત્મા પોતે છે.

આત્મા નિત્ય છે, દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે દેવ, મનુષ્ય, જાનવર આદિ પર્યાયોની અપેક્ષાએ અનિત્ય છે. બાળ, યુવાન, વૃદ્ધાદિ ત્રણે વયનું જ્ઞાન એક આત્માને જ થાય છે અથવા નેત્રાદિક ઇંદ્રિયોથી જે કાંઈ પદાર્થ જોયો હોય સાંભળ્યો હોય અનુભવ્યો હોય પછી તે નેત્રાદિમાંથી કોઈ ઇંદ્રિયનો નાશ થાય છતાં તે ઇંદ્રિયથી અનુભવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયનું જ્ઞાન તો બન્યું જ રહે છે તેનો નાશ થતો નથી. આથી ચોક્કસ નિર્ણય થાય છે કે દેહનો નાશ થતાં પણ જ્ઞાતા દૃષ્ટા આત્માનો નાશ થતો નથી. ૩.

આત્મા કર્મનો કર્તા છે. આત્મા જે ચૈતન્યશક્તિ તેની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? પુદ્‌ગલો જડ છે, તેમાં સ્વતંત્ર કર્મ ગ્રહણની શક્તિ કયાંથી હોય? જડ પદાર્થમાં કોઇ પણ પ્રકારની સ્વતઃ પ્રેરણાશક્તિ નથી. જો હોય તો પ્રાણરહિત થયેલ દેહથી ક્રિયા કેમ થતી નથી? ચેતન ધારે છે તો પ્રવૃત્તિ કરે છે અને ધારે છે તો બધી પ્રવૃત્તિ અટકાવી પણ શકે છે.

આથી એ જ નિર્ણય થાય છે કે કર્મ કરવા ન કરવાની પ્રેરણાશક્તિ આત્મામાં જ છે આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં વર્તે છે, ત્યારે કર્મનો કર્તા નથી, ત્યારે તો સ્વભાવરમણતા એ જ તેનું કર્તાપણું છે અને જ્યારે આત્મજ્ઞાન ભૂલી પરભાવમાં આત્માની પ્રવૃત્તિ થાય છે ત્યારે તે કર્મનો કર્તા છે.

આત્મા કર્મનો ભોક્તા છે. તે ભ્રાંતિવડે જીવ વિસ્ફુરાયમાન થઇ જડ પુદ્‌ગલો કર્મો ગ્રહણ કરે છે. ઝેર કે અમૃત પોતે જાણતાં નથી કે મારે અમુક માણસને મારવો છે કે સુખી કરવો છે તથાપિ તેનો ઉપભોગ કરવાથી તેને તેમ થાય છે, એવી જ રીતે શુભાશુભ કર્મ પોતે સુખદુઃખનાં હેતુરૂપ છે એમ જાણતાં નથી કારણ કે તે જડ છે; તથાપિ ગ્રહણ કરનાર જીવને સુખદુઃખનો અનુભવ તો મળે છે જ. જો કર્મનો ઉપભોગ કરનાર જીવને ન માનીએ તો સુખ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ, હર્ષ, શોક, માન, અપમાન વગેરે કોને થાય છે? તેનો ઉપભોગ લેનાર બીજો કોણુ છે? કોઇ જ નથી માટે આત્મા જ કર્મનો ભોક્તા છે. ૪

કર્મક્ષયથી મોક્ષ થાય છે. શુભાશુભ કર્મનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. કર્મ વધે છે અને ઘટે પણુ છે તેમાં વધ-ઘટ થતી રહે છે. કોઈ ક્રિયાથી થોડી ઓછાશ થાય છે, તો એક ક્રિયા એવી પણુ હોવી જોઇએ કે તેનો સર્વથા નાશ કરે છે અને તેના ક્ષયથી મોક્ષ થાય છે. ૫.

## મોક્ષનો ઉપાય

કર્મદશા એ અજ્ઞાન ભાવથી થાય છે અને જ્ઞાનભાવમાં આવવું તે મોક્ષદશા છે. જેમ પ્રકાશ આવવાથી અંધકાર દૂર થાય છે તેમ જ્ઞાનભાવથી કર્મનો નાશ થાય છે. કર્મ-બંધનાં જે જે કારણો છે તે તે કારણોના પ્રતિપક્ષરૂપ કારણોનું સાધનોનું-સેવન કરવાથી તેને બંધનો નાશ કરી મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

રાગ, દ્વેષ અને અજ્ઞાન આ મુખ્ય રીતે કર્મબંધનાં કારણો છે. આત્મજ્ઞાનથી–આત્માના શુદ્ધ સ્વરૂપના લક્ષથી આ સર્વનો નાશ સાધી શકાય છે. જેમ ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષથી અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભનો નાશ કરી શકાય છે, તેમ જ આત્માના શુદ્ધ સ્વરૂપના લક્ષથી મોહ અને અજ્ઞાનાદિનો નાશ થઇ શકે છે અને તેથી કર્મબંધથી મુક્ત થવાય છે અને તેને પરિણામે મોક્ષ થાય છે. માટે તે મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. ૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરની છ વાતોનો દૃઢ નિશ્ચય થવો જોઇએ. તેના દૃઢ નિશ્ચયથી મનને વાસિત કરવું તેથી સમ્યક્ત્વ થાય છે. પુદ્ગલ પદાર્થો વિવિધ રંગના, વિવિધ રસવાળા, વિવિધ ગંધવાળા. વિવિધ સ્પર્શવાળા અને વિવિધ શબ્દો ઉત્પન્ન કરનારા છે. સારામાં સારો દેખાવ આપી થોડા જ વખતમાં ખરાબમાં ખરાબ સ્વરૂપ ધારણ કરે છે અને ખરાબ દેખાવ આપી તેના તે જ પુદ્ગલો સારો દેખાવ આપે છે. સુંદર દેખાવવાળા, મિષ્ટ સ્વાદવાળા અને મોહક સુગંધવાળા ભોજનાદિ પદાર્થો થોડા જ વખતમાં વિષ્ટારૂપ થઇ ખરાબ દેખાવ આપે છે; તે જ વિષ્ટાદિ ખરાબ પદાર્થ ખાતરરૂપે થઈ રૂપાંતરે પાછા સુંદર અનાજ, ફળ, ફૂલ, વૃક્ષ, છોડવા, દૂધ, ઘી, વસ્ત્ર અને વિવિધ પ્રકારનાં ઉપભોગનાં સાધનરૂપે દેખાવ આપે છે. આ પદાર્થોની રમણીયતા કે દુર્ગંધનીયતા દેખીને કાંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ એ દરેક પુદ્ગલ પદાર્થની પરંપરાથી ચાલતી આવતી ત્રણે જાતની સ્થિતિ થાય છે. તેનો જો ચોક્કસ નિર્ણય મન ઉપર ભાવિત કર્યો હોય તો આ દુનિયામાં પદાર્થોના વિકારવાળા ફેરફારથી કાંઇ પણ આશ્ચર્ય જેવું રહે જ નહીં. આ આશ્ચર્ય વિનાની સ્થિતિવાળું મન થાય તે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ કે દૃઢતાનું જ કારણ છે; તે કારણ એટલા માટે કે આત્મા પોતાની શુદ્ધ સ્થિતિમાં આવા ફેરફાર વિનાનો છે તે આ ઉપરથી નિશ્ચિત થાય છે. અથવા અસ્મયનો બીજો અર્થ ગર્વરહિતપણું લઇએ તો જ્યાં ગર્વ છે, અભિમાન છે ત્યાં આત્મજ્ઞાન ક્યાંથી હોય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગર્વ કોનો કરવો? શું પુદ્ગલોનો ગર્વ, કે જે પુદ્ગલો પરદ્રવ્ય છે. પુણ્યપાપવાળા સ્વભાવને આધીન છે સંયોગ-વિયોગ ધર્મવાળા છે, હર્ષશોકને કરાવવાવાળા છે અને સંસારના પરિભ્રમણને વધારનાર છે, તે જડ પુદ્ગલોનો ગર્વ કરનાર આત્માથી પરાઙ્મુખ થયેલ હોવાથી અને જડમાં આસક્તિવાળો હોવાથી તેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ ન થતાં જડ પદાર્થોની જ પ્રાપ્તિ થશે, કારણ કે જે જીવોની જેમાં આસક્તિ હોય છે, જેના પર પ્રેમ કે લાગણી હોય છે તે પદાર્થ તેના તરફ આકર્ષાય છે, તે તેને માટે જ પ્રવૃત્તિ કરે છે, તેની તેને પ્રાપ્તિ થાય છે. એટલે જડ પદાર્થની પ્રાપ્તિથી ગર્વ અભિમાન નહિ કરનારને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

બારીક વિચાર કરતાં માલૂમ પડશે કે જડ પદાર્થમાં થતી આસક્તિથી જ મનુષ્યોને ગર્વ થાય છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિથી તો મનુષ્ય શાંતિમય જિંદગી ભોગવે છે અને પરમશાંતિમાં જ વિશ્રાંતિ લે છે.

શરૂઆત એવી રીતે થાય છે કે કોઈ પણ પ્રામાણિક અને આત્મજ્ઞાનના અનુભવી મનુષ્યમાં (પુરુષમાં) પ્રથમ શ્રદ્ધા રાખવાની જરૂરિયાત છે તેના વચન પર શ્રદ્ધા રાખી અમુક વખત સુધી અમુક જાતની યોગ્યતા પોતામાં પ્રગટ થાય ત્યાં સુધી તેના કહ્યા પ્રમાણે આત્મવિશુદ્ધિ માટે ચાલવું જ પડે છે. આત્મસ્વરૂપ એવી વસ્તુ નથી કે પ્રત્યક્ષ રીતે દેખાડી શકાય પણ તે અનુભવગમ્ય છે.

પ્રયત્ન કરનારને પોતાને જ તેનો અનુભવ થાય છે. બીજાને અનુભવ કરવો હોય તો તેણે પણ તે અનુભવ કરનારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવા પ્રમાણે પ્રયત્ન કરવો જોઇએ. મતલબ કે શરૂઆત શ્રદ્ધાથી થાય છે. અને જેમ જેમ યોગ્યતા વધતી જાય છે તેમ તેમ અનુભવ વધતો જાય છે. માટે શરૂઆતમાં કોઈ પ્રામાણિક મહાપુરુષ આત્મજ્ઞાનનો અનુભવ કરનાર હોય તેના પર શ્રદ્ધા રાખી તેના કહ્યા મુજબ વર્તન કરવું તેણે જે કહ્યું છે તે સત્ય છે, યોગ્ય જ છે મારા હિત માટે જ છે મને તેનાથી અવશ્ય ફાયદો થશે જ આવી શ્રદ્ધા રાખી આત્મવિશુદ્ધિ માટે પ્રયત્ન કરવો; વાતોથી વડાં થતાં નથી. પ્રયત્નની ખાસ જરૂરિયાત છે યોગ્ય પ્રયત્ન અવશ્ય ફળ આપે છે. આ શ્રદ્ધા ગુણ શુદ્ધ સમ્યક્ત્વને પ્રગટ કરે છે અને શ્રદ્ધા પોતે જ જ્ઞાનદર્શી છે. ૫.

હૃદય કોમળતાવાળું, દયાથી આર્દ્ર થવું જ જોઇએ. દુઃખી જીવોને દેખી તેમની મદદે દોડી જવાની વૃત્તિ રોમ-રોમમાં થવી જોઇએ. પોતાની શક્તિ અનુસાર તન, મન, ધન અને વચનથી પણ મદદ કરી તેમનાં દુઃખ દૂર કરવાં જોઇએ. પોતે કદાચ ન કરી શકે તો બીજા પાસે પણ મદદ કરાવવી. દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે જીવો દુઃખી હોય છે. દ્રવ્યથી દુઃખી, નિર્ધન, રોગી, માનસિક પીડા-વાળા, આપત્તિમાં ઘેરાયેલા વિગેરે કહેવાય છે. ધર્મ વિનાના જીવો, કેવળ પાંચ ઇંદ્રિયોના વિષયસુખમાં લુબ્ધ થયેલા, સારાસારનો વિચાર ન કરતાં નાના પ્રકારના આરંભ સમા-રંભમાં, એશઆરામમાં પ્રવૃત્તિ કરનારા, ઐહિક સુખમાં મગ્ન થયેલા, આત્મા કે પરલોકને નહિ માનનારા, પશુઓની માફક આહાર, ભય, નિદ્રા અને મૈથુનમાં જ જિંદગી ગુજારનારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે પુદ્ગલિક સુખમાં સુખ માનનારા જીવો, તે ભાવથી દુઃખી છે; મતલબ કે વર્તમાનમાં સુખી છે પણ તે ભવિષ્યમાં દુઃખી થનારા છે. તેઓને ધર્મોપદેશ આપી, યોગ્ય ધર્મને રસ્તે ચડાવવા તે, તે જીવોની ભાવદયા (અનુકંપા) છે.

જ્યાં સુધી હૃદયમાં આ લોકના અને પરલોકના સુખની ઇચ્છાઓની જ્વાળાઓ બળતી હોય જ્યાં સુધી હૃદય નિષ્ઠુરતા કે નિર્દયતા વાપરીને પણ સ્વાર્થ સાધવા ભણી દોડાદોડ કરતું હોય ત્યાં સુધી તે હૃદયમાં ભવદાવાનળની શાંતિ કરનાર સમ્યક્ત્વ ભાવના કયાંથી હોય? કયાંથી પ્રગટે? મનુષ્યોએ પોતાનું હૃદય અનુકંપાથી એટલું બધું આર્દ્ર, કોમળ બનાવવું જોઇએ કે દુઃખી જીવોને દેખી આંખમાંથી અશ્રુધારા છૂટવી જોઇએ અને તેના બચાવ માટે કે સહાય આપવા માટે જરા પણ વિલંબ ન કરતાં ન્યાયાર્જિત પોતાની મિલકતનો છુટથી ઉપયોગ કરવો જોઇએ કે જે પ્રામર પ્રાણી પોતાની મહેનતથી મળી શકે તેવી અને અવશ્ય નાશ પામનારી તુચ્છ વસ્તુનો પણ બીજાના ભલા માટે છુટથી ઉપયોગ કરી શકતો નથી તે પોતે આત્મજ્ઞાન અને મોક્ષ જેવી અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ માટે બીજાની કૃપાને પાત્ર કેવી રીતે થઈ શકશે? અથવા નિર્દયતાથી દગ્ધ થયેલા હૃદયમાં સમ્યક્ત્વનો અંકુર કેવી રીતે ઊગી નીકળશે? અર્થાત્ હૃદયને અનુકંપાથી વાસિત (ભાવિત) કરવાથી તેમાં સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આ પ્રમાણે વિવિધ પ્રકારના વિચારો અને વર્તનથી મનને સારી રીતે વાસિત કરવું તેને સમ્યક્ત્વ અથવા દર્શનભાવના કહેવામાં આવે છે, ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચારિત્ર ભાવના

इर्यादिविषया यत्ना मनोवाक्कायगुप्तयः ।
परिषहसहिष्णुत्वमिति चारित्रभावना ॥ १० ॥

ચાલવા આદિના સંબંધમાં સંયમ નિગ્રહ કરવો, મન, વચન, કાયાની ગુપ્તિ કરવી અને પરીષહ સહન કરવા તે ચારિત્રભાવના છે. ૧૦.

ભાવાર્થ :—સારામાં સારી રીતે નિર્દોષ જીવન પસાર કરવું તેને ચારિત્ર કહે છે. તે સંબંધી મન ઉપર દૃઢ સંસ્કાર બેસાડવા તે ચારિત્રભાવના છે. ચારિત્રભાવનાથી નવીન કર્મ આવતાં અટકાવવાનું અને પૂર્વના સંસ્કારોને કાઢી નાખવાનું બળ મનુષ્યોમાં આવે છે આ સંસારની અંદર રહીને કર્મ ન આવવાના રસ્તાઓ જ્યાં અટકાવી શકવાનું વ્યવહારના જરૂરી પ્રસંગને લઇને બનતું નથી ત્યાં તેને જરૂરિયાત અને લાયકાત મુજબ મર્યાદામાં મૂકવાનું, અર્થાત્ સંક્ષિપ્તમાં બને ત્યાં સુધી બહુ જ થોડી પ્રવૃત્તિ કરવાનું કામ વિચારવાનોએ કરવું જોઇએ અને જ્યાં અશુભને આવવાનો માર્ગ હોય ત્યાંથી અશુભને અટકાવી શુભને આવવાનો રસ્તો ખુલ્લો કરવો જોઇએ.

એકદમ સર્વ ક્રિયાઓ અટકાવી શકાતી નથી અને તેમ એકદમ અટકાવવા જતાં તેનું પરિણામ વિપરીત આવે છે, માટે શરૂઆતમાં શુભ ક્રિયાઓનો વધારો કરી અશુભ ક્રિયાઓમા પ્રવૃત્તિ તદ્દન અટકાવવી અને છેવટે તે શુભને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મબળથી અટકાવવી આ માર્ગ છે. ચારિત્રભાવનાના બળથી તે રસ્તો સહેલાઈથી મળી શકે છે.

ચાલવા (જવાઆવવા) સંબંધી યતના રાખવી કે કરવી એટલે રસ્તે જતાંઆવતાં નીચી દૃષ્ટિ કરી કોઈ નાના-મોટા જીવોને ઉપદ્રવ ન થાય તેવી રીતે ચાલવું. ૧.

બોલવાનું બને ત્યાં સુધી સામાને પ્રિય લાગે તેવું. તે અન્યને હિતકારી હોવા સાથે સત્ય હોવું જોઇએ. પૂર્વાપર વિચાર કરી જરૂરિયાત જેટલું પ્રસંગે બોલવું. ૨.

આહાર, ભોજનાદિ, નિર્દોષ સાત્ત્વિક અને સ્વલ્પ જમવું. ૩.

કાંઇ પણ લેવું-મૂકવું હોય તો તે દૃષ્ટિથી તપાસી દૃષ્ટિનો વિષય જ્યાં ન પહોંચે તેવો હોય ત્યાં વસ્ત્રાદિથી પૂંજી પ્રમાર્જીને લેવુંમૂકવું. ૪

ત્યાગ કરવા લાયક વસ્તુ યોગ્ય નિર્જંતુ ભૂમિ તપાસી કોઇ જીવને ઉપદ્રવ ન થાય તેવી રીતે ત્યાગ કરવી. ૫.

બને ત્યાં સુધી મનમાં વિકલ્પો ઉત્પન્ન થતા અટકાવી મનને શુદ્ધ આત્માકાર પરિણમાવવું. તેમ બનવું અશક્ય જણાય તો પરમાત્મસ્મરણ વસ્તુ તત્ત્વના વિચારમાં, કે તેવા જ કોઈ સાકાર ધ્યાનમાં મનને જોડી દેવું, ઇષ્ટદેવ ગુરુની જીવિત કે કલ્પિત મૂર્તિમાં અગર તેમના કોઈ પ્રબળ જ્ઞાનાદિ ગુણમાં મનને લીન કરવું. ૬.

બની શકે તો બોલવું બંધ કરી દેવું અથવા જરૂરિયાત જણાય તો ધર્મોપદેશમાં કોઈના ભલામાં અને વાંચન આદિ શુભ કામમાં જોડી દેવું. ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરને એકાંત સ્થાનમાં આસન કરી ધ્યાનસ્થ બેસી શકાય તેવા કામમાં સ્થિર રાખવું. જરૂરી પ્રસંગે બીજા પણ શરીરથી થતા શુભ કાર્યમાં જોડી દેવું. આહાર, વિહાર, નિહારાદિ કાર્ય પણ આત્મઉપયોગની જાગૃતિપૂર્વક કરવામાં આવે છે તો તે પણ કાંઈ બંધના કારણરૂપ ન થતાં કર્મ નિર્જરાના કારણભૂત મન, વચન, શરીરના યોગો પણ આવી રીતે શુભ કે શુદ્ધ માર્ગમાં જોડી દેવાથી કર્મ નાશ કરવામાં સહાયરૂપ થાય છે. ૮.

ટાઢ, તાપ, ક્ષુધા, તૃષા ઈત્યાદિ પૂર્વ કર્મના સંયોગે પરિષહો આવી પડે તો સમભાવે સહન કરવા. કોઈ નિંદા કરે, કોઇ સ્તુતિ કરે, કોઈ આક્રોશ કરે, કોઈ ગુણ ગાય, કોઇ પૂજન કરે ઈત્યાદિ પ્રસંગો આ વ્યવહાર માર્ગમાં પ્રારબ્ધ સંયોગે વારંવાર આવવા સંભવ છે. આવે વખતે મનને વારંવાર સાવચેતી આપવી કે હે મન! કર્યો સિવાય કાંઈ આવતું નથી.

જે પ્રસંગ આવી પડે છે તે આપણા કરેલ કર્મનો બદલો છે. જેટલો આવ્યો છે તેટલો ઓછો થાય છે. ફરીને તે આવતો નથી; તેમ કર્યા વગર પણ આવતો નથી; તારા પોતાના જ કરેલ કર્મનું ફળ જો સુખ હોય તો વહાલું લાગે છે તો આ પણ તારું પોતાનું જ કર્મથી મેળવેલ ફળ હોવાથી તેની ના શા માટે પાડે છે? અને તે ભોગવવા શા માટે આનાકાની કરી દુઃખનું પ્રબળ વધારે છે? સુખ લેવું અને દુઃખની ના પાડવી તે શું ન્યાય કહેવાય? તારે દુઃખ ન લેવું હોય તને દુઃખ ગમતું ન હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવેથી તેવું ફળ પ્રાપ્ત થાય તેવી ક્રિયાઓ કરતો અટકી જા; પરંતુ જે બીજ વાવ્યાં છે તે તો તારે પોતાને જ ખાવાં પડશે. ઇચ્છા હશે કે નહિ હોય રાજી થઈશ કે નારાજ પણ તે ભોગવ્યા સિવાય તારો છુટકો જ નથી; તો રાજી થઈને જે આવ્યું તેને પોતાનું ગણી આનંદથી ભોગવી લેવું યોગ્ય છે; તેમ કરતાં તે દુઃખની વ્યથા કમી થશે અને નવીન બંધાતું અટકશે; વળી આ જ તારો ખરો પુરુષાર્થ છે કે "પૂર્વનું ભોગવતાં નવીન ન બાંધવું.'

દુઃખને પણ સુખરૂપે માની વધાવી લેવું અને નવીન ઇચ્છાઓને અટકાવવી.

આ સર્વ ચારિત્રભાવનાથી મનને દૃઢ સંસ્કારિત કરવાથી બનવું શકય છે. ઉદય આવતાં સુખદુઃખમાં હર્ષશોક ન થવા દેવો તે આ ભાવનાથી પ્રબલ (દૃઢ) મજબૂત થયેલા મન ઉપર આધાર રહેલો છે; માટે વારંવાર ચારિત્ર ભાવનાનો વિચાર કરી મનને મજબૂત કરવું તે જ આ ભાવનાની સફળતા છે. ૪.

## વૈરાગ્યભાવના

विषयेष्वनभिष्वंगः कार्यं तत्त्वानुचिंतनम् ।
जगत्स्वभावचिंतेति वैराग्यस्थैर्यभावना ॥११॥

વિષયોને વિષે આસક્તિ ન રાખવી, તત્ત્વોનું ચિંતન કરવું, જગતના સ્વભાવનો વિચાર કરવો, આ ભાવના વૈરાગ્યને સ્થિર કરનારી છે. ૧૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ:—વિષય એ સંસારનું કારણ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ વિષયોથી સંસાર જુદો નથી; આવા હેતુથી આચારાંગ સૂત્રના બીજા અધ્યયનમાં કહ્યું છે કે "જે વિષયો છે તે સંસારના હેતુ છે અને જે સંસારના હેતુ છે તે વિષયો છે." આ સર્વ દશ્ય પદાર્થો, સંભળાતા શબ્દો, ખવાતા રસો, સુગંધમાં આવતી ગંધો અને શરીર અનુભવતા સ્પર્શો તેમનો સર્વથા ત્યાગ થવો તે આ દેહ છતાં બનવું અશક્ય છે કારણ કે આ દેહ પણ વિષય છે અને તેના ઉપભોગનાં-પોષણનાં સાધનો પણ વિષયો જ છે.

આ આખો સંસાર જ વિષયોથી ભરેલો છે; એટલે તેનો ત્યાગ કરીને દેહધારી જશે કયાં? આ જ કારણથી શાસ્ત્રકાર કહે છે કે "ખરો વૈરાગ્ય તે જ છે કે વિષયોમાંથી આસક્તિ કાઢી નાખવી; ખાવાપીવાના, જોવાના, સૂંઘવાના, સ્પર્શવાના વિગેરે ગમે તેવા મોહક વિષયો તરફ મન આકર્ષાય નહીં તે જ અનાસક્તિ કહેવાય છે."

આ વિષયોમાંથી આસક્તિ દૂર કરવાનું કારણ એ છે કે, ગમે તેવા ઉત્તમ વિષયોનો ગમે તેટલી વાર અનુભવ લીધો હોય છતાં પણ તેનાથી તૃપ્તિ થતી જ નથી; પરંતુ તેથી ઉલટું તે અનુભવેલ વિષયની લાલસા વધતી જાય છે. અગ્નિ જેવી રીતે જરાક સ્થાનક મળવાથી વિશેષ સ્થાનક મેળવવા અને વધારે ફેલાવા માટેનાં જરૂરનાં સાધનો શોધી કાઢે છે, તેવી રીતે વિષયનો લીધેલ અનુભવ વિષયોને શાંત નહીં પાડતાં તેમાં વિશેષ આસક્તિ રખાવે છે, અને છેવટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં લીન કરી ભૂલી જવાને બદલે તેને તાજો જ કરે છે.

વિષયોથી થોડા વખત સુધી તૃપ્તિ થયેલી જણાય છે કે પાછી તરત જ તેને માટેની ઈચ્છા જાગ્રત થાય છે અને જાણે કોઈ પણ વખત આ વિષયો મળ્યા જ ન હોય તેવી રીતે પાછો તેનો ઉપભોગ કરવામાં આવે છે. વારંવાર આમ કરવા છતાં પણ તેનું પરિણામ શૂન્ય જ આવે છે. લાભને બદલે હાનિ દેખાય છે. શરીર વિષયોથી જર્જરિત અને બળહીન થાય છે. વિવિધ પ્રકારના રોગોની ઉત્પત્તિ થાય છે અને વિષયોમાં ઘણી આસક્તિને લીધે ઘણી ટૂંક મુદતમાં જ આ દેહનો ત્યાગ કરવો પડે છે.

અતિ આસક્તિનાં ભયંકર પરિણામો અત્યારે નજરે દેખાય છે. ધનમાલથી પાયમાલ થયેલાં સેંકડો કુટુંબો નજરે જોઇએ છીએ. રોગના ભોગ થઈ પડેલા હજારો મનુષ્યો સન્મુખ દેખાય છે. આ સર્વ વિષયોમાં અતિ આસક્તિનું પરિણામ છે. આત્મસુખના અર્થી જીવોએ તો વિષયોની આસક્તિનાં ભયંકર પરિણામની છાપ પોતાના મન ઉપર સચોટ પાડવી જોઇએ કે જેથી મન તે તરફ પ્રવૃત્તિ ઓછી કરે.

મનની વિષય તરફ પ્રવૃત્તિ ઓછી થવાથી તેને બીજી ગમે તે ક્રિયા તરફ પ્રવૃત્તિ રાખવી પડશે. મનને અહર્નિશ પ્રવૃત્તિમય જ આપણે જોઇએ છીએ તે અનુસાર વિષયોથી નિવૃત્ત થઇ આત્મજ્ઞાન અગર ઇશ્વરભક્તિ તરફ પ્રવૃત્તિ કરશે અને તેમ થવાથી આત્મસ્વરૂપને ઓળખી ઈશ્વરના ચરણ કમળમાં પોતાનું મસ્તક નમાવી આત્મસુખની ઇચ્છા પૂર્ણ કરશે. તેમ થવાથી જ વૈરાગ્યભાવના પ્રબળ થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી જ આત્મસ્વરૂપ પ્રગટ અનુભવાય છે. તત્ત્વોનું ચિંતન કરવાથી પણ વૈરાગ્યવૃત્તિ દૃઢ થાય છે.

જડ અને ચૈતન્ય એટલે પુદ્ગલ અને આત્મા આ બે તત્ત્વો છે. પ્રકાશ અને અંધારામાં જેટલો તફાવત છે તેટલો તફાવત આત્મા અને પુદ્ગલમાં છે. આ બંને તત્ત્વોના સંબંધમાં સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં અને તેનાં પરિણામો તરફ નજર નાખતાં લાભાલાભનો ખ્યાલ લાવતાં જડ પુદ્ગલો તરફની આસક્તિ ઓછી થાય છે અને આત્મા તરફની લાગણી વધે છે તેમ થતાં પુદ્ગલો તરફ રખાતી આસક્તિમાં વૈરાગ્યવૃત્તિ મજબૂત થાય છે કે જે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં મુખ્ય સાધન તરીકે પોતાનો પાઠ ભજવે છે.

જગતના સ્વભાવનો વિચાર કરવાથી પણ વૈરાગ્યવૃત્તિને પોષણ મળે છે. જડ અને ચૈતન્યથી ભરપૂર આ જગતમાં વારંવાર દરેક ક્ષણે પદાર્થો ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. આ જગતના દરેક પદાર્થોમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય થયા કરે છે. તે મુજબ જડ અને ચેતન પદાર્થો તે નિયમને આધિન છે અને તેને લઇને જ કોઈ આકૃતિમાં સહજ ફેરફાર થાય છે, તો કોઈમાં વિશેષ ફેરફાર થાય છે કોઈ ધીમે ધીમે પોતાની આકૃતિમાં ફેરબદલી કરે છે તો કોઈ ઘણી ઝડપથી પોતાની આકૃતિને વિખેરી નાખી રૂપાંતર ધારણ કરે છે.

વિચાર–દૃષ્ટિથી જોતાં કોઈ પણ પદાર્થ કાયમ એક પર્યાયે કે એક આકારે ટકી રહેતો નથી. મનુષ્યોનો સંબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે સ્વાર્થ પ્રાયઃ એક પર્યાય કે એક આકાર સાથે બહુધા હોય છે, મૂળ વસ્તુ સાથે તેઓનો સંબંધ હોતો નથી, કેમ કે એક વહાલો પતિ, પુત્ર કે સ્ત્રી મરણ પામી અન્ય સ્થળે ઉત્પન્ન થાય છે. તેનો વાલી પોતાના સ્વાર્થ માટે તેના વિયોગથી રડે છે, ઝૂરે છે, કલ્પાંત કરે છે. હવે મરણ પામેલા મનુષ્યનો જીવ કે જે બીજા સ્થળે ઉત્પન્ન થયેલો છે, તે આવીને એમ કહે કે હું તમારો પુત્ર. પતિ કે સ્ત્રી છું, તો તેથી તે મનુષ્યને તેના કહેવા સાંભળવા કે જોવાથી શાંતિ થતી નથી. તેના પૂર્વભવના શરીરની આકૃતિ સાથે સંબંધ ધરાવતો હોવાથી મૂળ દ્રવ્ય આત્મા કે જે નિત્ય છે તે આ સ્થળે પૂર્વ ભવનો જ કાયમ હોવા છતાં તેના ઉપર તેવી પ્રીતિ કે લાગણી થતી નથી અને જો થતી હોય તો પુત્ર જાણી તેનો વારસો તેને આપી દેવો જોઇએ. પત્ની જાણી ઘરની માલિક કે ભાગીદાર બનાવવી જોઇએ, પતિ હોય તો આ દેહ સાથે સર્વનો હકદાર ઠરાવવો જોઇએ પણ તેમાંનું કાંઈ પણ બનતું નથી.

અહીં તેનો સ્વાર્થ ન હોવાથી જ તેના પર પ્રીતિ કે લાગણી થતી નથી છતાં કેટલીક વખત એમ પણ સંભળાય છે કે પૂર્વ જન્મની સ્ત્રીઓ કે પતિઓ એકબીજા પ્રત્યે મોહ ધરાવે છે. આ ઠેકાણે મોહના કે વિષયવાસનાના જોર સિવાય બીજું કાંઈ કારણ જણાતું નથી અને તે પણ આ શરીર દ્વારા સ્વાર્થ સાધી શકાય તેમ હોવાથી સ્નેહ બાંધે છે; તે સિવાય તે તરફ ધ્યાન આપવામાં આવતું નથી. આથી એમ નિર્ણય થાય છે કે મનુષ્યો આત્માને કે મનુષ્યોને ચાહતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી; પણ સ્વાર્થને ચાહે છે. તેવા સ્વાર્થને માટે જ એક-બીજાઓ સ્નેહથી બંધાય છે.

જ્યાં જ્યારે સ્વાર્થ ઢીલો પડે છે ત્યાં ત્યારે તેવો ગાઢ સ્નેહ પણ જોવામાં આવતો નથી. આમ આ દુનિયાના સ્વભાવનો વિચાર કરવાથી તેવા કેવળ સ્વાર્થી સંબંધો તરફથી વિરક્તિ આવ્યા સિવાય રહેતી નથી. અને આ વિરક્તિ વૈરાગ્યને પોષણ આપી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવા સુધી લંબાય છે. અર્થાત્ વૈરાગ્યથી મનોવૃત્તિ કાબૂમાં આવે છે અને છેવટે આત્મસ્વરૂપમાં લય પામે છે. ૫.

આ જ્ઞાનાદિ ભાવનાના સંબંધમાં ધ્યાનશતકમાં કહ્યું છે કે:—

## દર્શનભાવના

संकाइसल्लरहिओ पसमथेज्जाइगुणगणोवेओ ।
होइ असंमूढमणो दंसणसुद्धिए झाणंमि ॥

આત્માના અસ્તિત્વ, નિત્યત્વાદિમાં, શંકાદિક શલ્ય રહિત, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યતાદિ તેમ જ સ્થિરતાદિ ગુણોના સમૂહયુક્ત એવો મનુષ્ય દર્શનશુદ્ધિ વડે કરી; ધ્યાનને વિષે ભ્રાંતિ વિનાના મનવાળો થાય છે.

## ચારિત્રભાવના

नवकम्माणायाणं पोराणविनिज्जरं सुभायाणं ।
चारित्तभावणाए झाणमपयत्तेणय समेइ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્રભાવના વડે કરી નવીન કર્મનું ગ્રહણ થતું નથી પૂર્વના કર્મોની વિશેષ પ્રકારે નિર્જરા થાય છે તથા શાતા-વેદનીવાળા શુભ પુણ્યનું ગ્રહણ થાય છે અને વિનાપ્રયત્ને ધ્યાનની પ્રાપ્તિ થાય છે. (સર્વ સાવદ્ય પાપવાળા મન, વચન કાયાદિ યોગોની નિવૃત્તિરૂપ ક્રિયાને ચારિત્ર કહે છે. તેનો અભ્યાસ કરવો તે ચારિત્રભાવના છે.

## વૈરાગ્યભાવના

सुविइयजगस्सहावो निःसंगो निम्भओ निरासो य ।
वेरग्गभावियमणो झाणंमि सुनिच्चलो होइ ॥

સારી રીતે જગતના (જન્મ, મરણ, સંયોગ, વિયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ) સ્વભાવને જાણનાર વિષયસ્નેહાદિ સંગ રહિત, આલોક પરલોકાદિ સાત ભયથી રહિત નિર્ભય અને આ લોક કે પરલોકના સુખની આશંસા (ઇચ્છા) વિનાનો આવા પ્રકારનું વર્તન કરનાર જીવ ચારિત્રભાવના વડે ભાવિત (વાસિત) મનવાળો કહેવાય છે. તે જીવ ધ્યાનને વિષે નિશ્ચલ હોય છે.

## ભાવનાનો ઉપસંહાર

भावनास्वासु संलीनं विधायाध्यात्मिकं स्थिरं ।
कर्म पुद्गलजीवानां स्वरुपं च विचिंतयेत् ॥१२॥
नित्यमाभिर्यदा विश्वं भावयत्यखिलं मुनिः ।
विश्वौदासीन्यमापन्नश्चरत्यत्रैव मुक्तवत् ॥१३॥

આ ભાવનાઓને વિષે મનને લીન કરી (વાસિત કરી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મભાવમાં મન સ્થિર થાય તેમ કરવું. તે માટે કર્મ પુદ્દગલ અને જીવના સ્વરૂપનું ચિંતન કરવું (વિચાર કરવો). મુનિ જ્યારે આ ભાવનાઓ વડે આખા વિશ્વને ભાવિત કરે છે, આખા વિશ્વનો વિચાર કરે છે, આખા વિશ્વના સંબંધમાં સત્ય વસ્તુનો મનમાં દૃઢ નિશ્ચય કરે છે ત્યારે આ વિશ્વ ઉપર તેને ઉદાસીનતા પ્રાપ્ત થાય છે અને તે સર્વ પદાર્થ ઉપરની ઉદાસીનતાના યોગે (કોઈ પણ પદાર્થ ઉપર રાગ, દ્વેષ રહેતો નથી ત્યારે, અહીંયાં જ (આ જન્મમાં જ) મુક્ત થયેલા જીવોની માફક વિચરે છે અર્થાત્ પછી તેને કોઇ પણ જાતતો પ્રતિબંધ કે લેપાવાપણું થતું નથી. ૧૨. ૧૩.

## પ્રકરણ ૩

## ભાવનાની જરૂરિયાત શા માટે છે?

### અનિત્યાદિ ભાવના

જ્ઞાનાદિ ચાર ભાવનાનું સ્વરૂપ બતાવ્યા પછી અનિત્યાદિ બાર ભાવનાથી મનને વાસિત કરવા માટે અનિત્યાદિ ભાવનાનું સ્વરૂપ બતાવે છે. ખેડીને સાફ કરેલા ક્ષેત્રમાં બીજ વાવવાથી તે સારી રીતે ઉગી નીકળે છે અને તે માટે કરેલ પ્રયાસ (યત્ન) સફળ થાય છે અથવા ઘટાદિ કોઈ વાસણ કે પદાર્થ પહેલાં હલકા ગંધવાળા જેવાં કે લસણ, મદિરાદિથી વાસિત (દુર્ગંધવાળા) કરેલ હોય તેમને પાછાં સુગંધિત કરવા માટે ખટાશવાળા કોઇ પણ પદાર્થથી વાસિત કરીને તેમની પૂર્વની દુર્ગંધી કાઢી નાખવામાં આવે છે અને ત્યાર બાદ તેમાં કોઇ ઉત્તમ સુગંધવાળી અથવા અન્ય સારી ચીજ ભરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી જ રીતે આ આપણા મનમાં આપણે પહેલાં નાના પ્રકારની કામક્રોધાદિ મલિન વાસના ભરી છે તેનાથી મન દુર્ગંધિત થઇ રહેલું છે. તેમાં સારો પદાર્થ (ધર્મધ્યાનાદિ) કાંઈ પણ ભરવામાં આવે તો ઊલટો તેને પૂર્વની દુર્ગંધથી બગાડી નાખવામાં આવે છે. અર્થાત્ તેની કાંઈ પણ અસર થતી નથી.

આ મલિન વાસના ભરેલા હૃદયમાં ગમે તેટલા ધર્મના ઉત્તમ તત્ત્વો ભરો કે મહાન પુરુષોના અનુકરણ કરવા જેવાં ચરિત્રો સાંભળો તો પણ તેનું પરિણામ કાંઇ પણ પોતાના ભલા માટે આવતું નથી! આ માટે તે મલિન વાસનાને હઠાવવા યાને તે પૂર્વની દુર્ગંધ કાઢી નાખવા માટે આ બતાવેલી જ્ઞાનાદિ ચાર ભાવના અને હવે પછી બતાવાતી અનિત્યાદિ બાર ભાવના તેના વિરોધી પદાર્થની ગરજ સારશે એટલું જ નહીં પણ પોતાની સુગંધિત વાસના પણ તેમાં દાખલ કરશે અને તેમાંથી દુર્ગંધ સર્વથા કાઢી નાખશે.

આટલું થયા પછી કામ, ક્રોધાદિ ઓછા થતાં ગુર્વાદિ તરફથી ઉત્તમ આત્મબોધ સાંભળતા કે તેમાં ધર્મધ્યાનાદિ ઉત્તમ પદાર્થો નાખવામાં આવતાં તેનું તત્કાળ જ પરિણામ ઉત્તમ આવશે. આ માટે આ ભાવનાઓની પૂર્ણ જરૂર છે.

## અનિત્યભાવના

सर्वे भवसंबंधा विनश्वरा विभवदेहसुखमुख्याः ।
अमरनरेन्द्रैश्वर्यं यौवनमपि जीवितमनित्यम् ॥१४॥

વૈભવસુખ અને શરીરનું સુખ, ઇત્યાદિ સર્વે સંસારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધો વિનશ્વર (નાશ પામનારા) છે. દેવ અને મનુષ્યેન્દ્ર (ચક્રવર્તી રાજા)નું ઐશ્વર્ય, યૌવન અને જીવિતવ્ય પણ અનિત્ય છે. ૧૪.

**ભાવાર્થ**:—હે માનવો! તમો નિત્યાનિત્યનો વિચાર તો કરો! જે સુખની પાછળ તમો દોડો છો, અહોનિશ જેનો વિચાર કરો છો, જેને માટે નિરંતર પ્રયાસ કરો છો અને જેને ઘણી તનતોડ મહેનતે તમે મેળવો પણ છો તે સુખ કેટલા વખત માટે? બહોળું કુટુંબ હોય, વિનયવતી સુંદર સ્ત્રી હોય, આજ્ઞાંકિત પુત્રો હોય, વૈભવ ઘણો હોય, નિરોગી દેહ હોય ઇંદ્રનું કે ચક્રવર્તીનુ ઐશ્વર્ય હોય યુવાન અવસ્થા હોય અને લાંબુ જીવિતવ્ય હોય આ સર્વ સામગ્રી મળી એટલે આ દુનિયાના સુખની અવધિ થઈ રહી. આ પ્રમાણે આ દુનિયાના વૈભવમાં સુખમાં આનંદિત થઇ રહ્યો હોય, સુખના છેલ્લા તરંગમાં ઝુલતો હોય, પોતાના સુખને માટે ગર્વ કરતો હોય, તેટલામાં કુટુંબ કોઈ અનિર્ધારિત આફતમાં સપડાઈ મરણ પામ્યું. સ્ત્રી અને પુત્રોએ આ દેહ મૂકી અન્ય સ્થળે નિવાસ કર્યો, વૈભવ નાશ પામ્યો, શરીર રોગથી ઘેરાયું, ઐશ્વર્ય ચાલ્યું ગયું, વૃદ્ધાવસ્થાએ આવીને ઘેરી લીધો, મરણ નજદીક આવીને ઊભું રહ્યું! આહા! આ અવસરે તે મનુષ્યની સ્થિતિ કેવી હશે? પૂર્વે અનુભવેલા સુખ કરતાં અત્યારે અનુભવાતું દુઃખ કેટલું અસહ્ય થઈ પડયું હશે? પણ શો ઉપાય!

મહાનુભાવો! આ સર્વ ક્યાં ચાલ્યું ગયું? શા માટે ચાલ્યું ગયું? તેની પાસે કેમ ટકી ન રહ્યું? હવે પાછું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી શકે ખરું કે? અને પાછું કાયમ ટકી શકે કે કેમ? આનો ઉત્તર તમને શો મળશે તે કહો તો ખરા? ઉત્તર એ જ કે આ સર્વ ક્યાંય ગયું નથી, આ દુનિયા ઉપર જ છે. તે વસ્તુના સ્વભાવ પ્રમાણે તે રૂપાંતર પામી ગયું છે. ચાલ્યું જવાનું કારણ એ જ કે તે પુણ્યને લઇને આવી મળ્યું હતું અને તે પુણ્ય પૂરું થઈ જતાં અન્ય પુણ્યવાન જીવની પાસે ચાલ્યું ગયું.

તેની પાસે નહીં ટકી રહેવાનું કારણ એ જ કે તેણે પૂર્વના પુણ્યનો અનુભવ લઈ લીધો અને જેને લીધે તે મળી આવ્યું હતું અને જેને પ્રતાપે વધારે વખત ટકી રહે અગર ફરી મળી આવે તેવું પુણ્ય તેવાં સારાં કામ તેણે આ જિંદગીમાં કર્યાં ન હતાં; હજી પણ તે આ જિંદગીમાં સારા કામ કરે અને આ માનવદેહનો સદુપયોગ કરે તો પાછો તેવી સ્થિતિ મેળવી શકે ખરો. છતાં તે ફરી મેળવેલી સ્થિતિ પાછી કાયમ ટકી શકે કે કેમ તે એક સવાલ છે. કારણ? કારણ એ જ કે વસ્તુઓનો સ્વભાવ જ અનિત્ય છે. એક રૂપે તે રહી શકે જ નહીં, અનિત્ય કોઈ દિવસ નિત્ય ન જ થાય.

નિત્ય આત્મસ્વરૂપ છે, ગમે તેવી સારી કે વિષમ સ્થિતિમાં તે તમારી પાસે રહે છે. વસ્તુઓના અનેક પરાવર્તનો થવા છતાં તે આત્મદ્રવ્ય કાયમનું કાયમ જ છે. માટે મહાનુભાવો! તેને જ શુદ્ધ કરવા પ્રયત્ન કરો. અજ્ઞાન હઠાવો, તેને (આત્માને) સારી રીતે ઓળખો તેનો જ આશ્રય લો! બીજી આળપંપાળ મૂકી દો, ગમે તે વખતે પણ કાયમની શાંતિ તેનાથી જ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે નિત્યાનિત્યનો વિવેક કરી મન ઉપર તેની મજબૂત અસર કરો કે જેથી પુદ્દગલોના સંયોગવિયોગથી તેમાં હર્ષ કે આસક્તિ ન થતાં શોક ન કરતાં મન મધ્યસ્થ સ્થિતિ ધારણ કરવાનું શીખે ૧૪.

अक्षार्थाः पुण्यरूपा ये पूर्वंस्युस्ते क्षणेन च ।
अक्षाणामिष्टतां दत्त्वाऽनिष्टतां यान्त्यहो क्षणात् ॥१५॥

પહેલાં જે સુંદર રૂપવાળા ઇંદ્રિયોના વિષયો હતા તે ક્ષણ વારમાં ઇંદ્રિયોને ઇષ્ટપણું આપી પાછા અહો! ખેદની વાત છે કે એક ક્ષણ વારમાં અનિષ્ટતાને પ્રાપ્ત થાય છે. ૧૫.

અહો! ખીલેલા પુષ્પોના સુંદર બગીચાઓ પ્રાતઃકાળમાં મનુષ્યોને કેવો આહ્લાદ આપે છે? વૃક્ષોની કુંજોમાં કલરવ કરતા પંખીઓના મધુર સ્વર કાનને કેવો આનંદ આપે છે? પુષ્પોનો સુંદર સુગંધી પરાગ નાસિકાને કેવો તૃપ્ત કરે છે! મલયાચળને સ્પર્શીને આવતો મંદ મંદ પવન રોમેરોમમાં કેવી શાંતિ ઉત્પન્ન કરે છે? વિવિધ પ્રકારના મિષ્ટ પકવાનો તીખાતમતમતા શાકો, સ્વાદિષ્ટ ફળો અને સંસ્કારિત મધુર પાણી આદિના સ્વાદોની લહેજતની તો વાત જ શી કરવી? આ સર્વ પદાર્થો આખા શરીરને આનંદમય કરી સુખના સાગરમાં ડુબાવે છે.

અરે! તે કેટલી ઘડી સુધી? પુષ્પો કરમાઇ જાય છે, વૃક્ષો સુકાઈ જાય છે, પંખીઓ મરી જાય છે, સુગંધ તે દુર્ગંધનું રૂપ ધારણ કર છે, શીતળ પવન તાપને લઈ ગરમ લૂનું રૂપ પકડે છે, વિવિધ પ્રકારના ભોજનપાણી વિષ્ટા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂત્રનું રૂપ ધારણ કરે છે. થઈ રહ્યું ? આ આનંદની હદ આવી રહી ? થોડા વખત પહેલા તો તે પદાર્થો જાણે હસતા રમતા, ગેલ કરતા હોય તેમ દેખાતા હતા અને ઇંદ્રિયોને પોતા તરફ આકર્ષી ઇચ્છાથી અધિક આનંદ આપતા હતા. તે જ પદાર્થો થોડા વખતમાં એવી અનિષ્ટ સ્થિતિમાં આવી પડયા કે મનુષ્ય તે તે પદાર્થની થયેલી વિષ્ટાને અડકીને હાથ ઘસી ઘસીને ધોઇ નાખે છે નાક આગળ ડૂચો આપે છે, આંખને તો તે ગમતા ન હોવાથી પાંપણોરૂપ દરવાજા જ તેને ફરી ન જોવા માટે બંધ કરે છે, કાનો તો તેની સ્થિતિ કેવી થઇ પડી છે તેનું વર્ણન સાંભળવાને જ ના કહે છે ત્યારે જીભ તો તેને પ્રવેશ કરાવવા માટે હોઠરૂપ દરવાજો ઉઘાડે જ શા માટે ?

અહાહા ! કેવી પદાર્થોની અનિત્ય સ્થિતિ છે !

ખરી રીતે આ પદાર્થોની સ્થિતિ જ આવી છે કે મનની માન્યતા તેવી છે તે બતાવે છે.

अशुभार्थः शुभार्थः स्याच्छुभार्थोप्यशुभस्तथा ।
रागद्वेषविकल्पेन भावानामित्यनित्यता ॥ १६ ॥

અશુભ પદાર્થ શુભ પદાર્થ થાય છે તેમ જ શુભ પદાર્થ પણ અશુભ પદાર્થરૂપે થાય છે. રાગદ્વેષવાળા વિકલ્પો વડે કરીને આ પ્રમાણે પદાર્થોની અનિત્યતા છે. ૧૬.

**ભાવાર્થ** :—વસ્તુતઃ દુનિયાના કોઈપણ પદાર્થનો નાશ થતો નથી, કોઇને કોઈ પણ રૂપાંતરે આ જગતમાં તે પદાર્થની હૈયાતી કાયમ જ છે. અશુભ પદાર્થ શુભ થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શુભ અશુભ થાય છે. આ બન્ને સ્થળે મનની રાગ-દ્વેષથી વિકલ્પવાળી માન્યતા જ અનિત્યતા માનવામાં કારણભૂત છે. ઈષ્ટ પદાર્થના સંયોગથી અનિષ્ટ પદાર્થના વિયોગથી સુખ થતાં માણસો ખુશી થાય છે ત્યારે ઈષ્ટ પદાર્થના વિયોગથી કે અનિષ્ટના સંયોગથી ખેદ કે દ્વેષ થતાં માણસો પોતાને દુઃખ માને છે. બીજી રીતે વિચાર કરીએ તો પદાર્થ એકના એક જ હોય છે. એક વખત પોતાની માન્યતાને લઈ તે ઈષ્ટ હોય છે, ત્યારે તેનો તે જ પદાર્થ બીજી વખતની જુદી માન્યતાને લીધે અનિષ્ટ લાગે છે; અથવા એક પદાર્થ કોઈ હેતુને લઈ પોતાને ઈષ્ટ હોય છે તે જ જુદા હેતુ અગર જુદી માન્યતાને લીધે બીજાને અનિષ્ટ લાગે છે અને જે પદાર્થ કોઇ હેતુથી પોતાને અનિષ્ટ લાગે છે તે અન્યને અન્ય કારણને લીધે ઇષ્ટ લાગે છે. આમ પદાર્થ એક જ હોવા છતાં મનની જુદી જુદી માન્યતાને લીધે ઈષ્ટ અને અનિષ્ટ લાગે છે.

ગૃહસ્થધર્મમાં સ્રીપુત્ર ઈષ્ટ જણાતા હતા તે જ સ્રીપુત્રાદિ તેને ત્યાગમાર્ગમાં અનિષ્ટ લાગે છે અથવા પોતાના કહ્યા મુજબ નીતિના માર્ગે ચાલનાર સ્રી પુત્રાદિ ઇષ્ટ હોય છે તે જ આજ્ઞા માન્ય ન કરતાં અનીતિના માર્ગે ચાલતાં હોવાથી અનિષ્ટ લાગે છે. અથવા સારી રીતે કમાઈ કરનાર પુત્ર ઈષ્ટ લાગે છે, કમાઇ ન કરનાર અનિષ્ટ લાગે છે. કામ કરનાર નોકર ઇષ્ટ લાગે છે, કામ ન કરનાર અનિષ્ટ લાગે છે. મદદગાર માતાપિતાઓ ઈષ્ટ લાગે છે, માથે પડનાર અનિષ્ટ લાગે છે. યુવાવસ્થામાં સ્રી ઇષ્ટ લાગે છે, પણ વૃદ્ધાવસ્થામાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિષ્ટ લાગે છે. સુંદર ખોરાક ઈષ્ટ લાગે છે, તેની જ બનેલી વિષ્ટા મનુષ્ય જાતિને અનિષ્ટ લાગે છે, ત્યારે તેની તે જ વિષ્ટા જાનવરને અને કીડાઓને ઈષ્ટ લાગે છે.

આ પ્રમાણે ઈષ્ટ અનિષ્ટ પદાર્થ દેખાવમાં અનેક પ્રકારે જીવોની પ્રકૃતિ રાગદ્વેષથી ભિન્ન ભિન્ન થયેલી હોય છે તે જ કારણ છે.

પદાર્થમાં શુભતા કે અશુભતા છે તે મનની માન્યતાને લીધે જ છે એમ આ ઉપરથી નિશ્ચય થઇ શકે છે મન એમ માને છે કે આ વિષયોમાં સુખ છે ત્યારે તે તરફ અહોનિશ તે પ્રવૃત્તિ કર્યા કરે છે, ગમે તેવી રીતે તેને શિખામણો આપો, કે મહાત્માઓ બોધ આપે તો પણ તે ટેવ મન છોડતું નથી પણ મનને જ્યારે એમ જ ખાતરી થાય છે કે મારી માન્યતામાં હું ઠગાઉં છું, આનું પરિણામ જરૂર ખરાબ આવશે અને મને અનેક સંકટો વેઠવાં પડશે એ નિર્ણય જ્યારે મનને મજબૂત થાય છે ત્યારે તે વિષયો તરફ તે જરા સરખી નજર પણ કરતું નથી અને જેમાં તે પોતાનું હિત પહેલા સમજતું હતું તેને સર્વથા અહિતકારી સમજે છે.

આ ઉપરથી એ નિશ્ચય થાય છે કે મનની માન્યતામાં શુભાશુભ અને ઇષ્ટાનિષ્ટ છે, પણ વાસ્તવિક રીતે તેવું કાંઇ નથી આ કલ્પના જ ભુલાવો ખવડાવનારી છે. આત્મા પોતે આ શુભાશુભની પર છે. આ સર્વ કહેવામાં ગ્રંથકારનો આશય એ છે કે પદાર્થને નિત્ય માનો કે અપેક્ષાએ અનિત્ય માનો તે તો જેમ છે તેમ જ રહેવાનો છે; તેમાં ફેરફાર કરવાનું તમારા કે મારામાં જોર કે બળ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે એટલી સાવચેતી રાખવાની છે કે ઇષ્ટ અનિષ્ટ પદાર્થને દેખી કે અનુભવીને તેમાં રાગદ્વેષની પરિણતિ ન થાય એ બળ વાપરવાનું છે અથવા એટલો પુરુષાર્થ કરવાનો તમારા હાથમાં છે. પદાર્થની અનિત્યતા બતાવવાનું કારણ પણ આ જ છે કે તે પદાર્થો તરફ આસક્તિ રાખી ઇષ્ટાનિષ્ટથી તમો લેપાઓ છો રાગ દ્વેષ કરો છો તે કરતાં અટકો. પદાર્થની અનિત્યતા બતાવવી તે તેનું બાહ્ય સ્વરૂપ છે અને રાગદ્વેષ ન કરવાનું જે કહેવું છે તે આંતરસ્વરૂપ છે અથવા પદાર્થની અનિત્યતા કહેવી તે સામાન્ય વાત છે, રાગદ્વેષ ત્યાગ કરવા સૂચના કરવી તે વિશેષ ઉપદેશ છે. ૧૬.

## અશરણ (બીજી ભાવના)

न त्राणं न हि शरणं सुरनरहरिखेचरकिन्नरादीनाम् ।
यमपाशपाशितानां परलोकं गच्छतां नियतम् ॥१७॥

યમના પાસલામાં સપડાઇને પરલોકમાં જતાં દેવ, મનુષ્ય, ઇંદ્ર, વિદ્યાધર અને કિન્નર આદિને નિશ્ચે કોઈ ત્રાણ કે શરણ કરનાર નથી. ૧૭.

**ભાવાર્થ**:—આ બીજી ભાવનામાં મનને અશરણતાના પુટ આપવામાં આવશે. મનને એવી ખાતરી થવી જોઇએ કે હું કોઈનું શરણ કરી શકું તેમ નથી અને મારું કોઈ પણ રક્ષણ કરી શકે તેમ નથી. આ નિશ્ચય થવાથી જે પોતે ધન, માલ, ગામ, નગર, નોકર, ચાકર, સ્ત્રી, પુત્રાદિ ઉપર માલિકી ધરાવવાનો અહંકાર કરતો હતો અથવા પોતાને ધન, ધાન્યાદિકના આશ્રય આપનારને માલિક (રક્ષણ કરનાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનતો હતો તે અહંભાવની ભાવનાની નિવૃત્તિ થશે. હું કોઇનો માલિક છું કે મારો કોઈ માલિક છે હું કોઇનું રક્ષણ કરી શકું તેમ છું કે મારું કોઈ રક્ષણ કરી શકશે, આ જૂઠી ભાવનાની નિવૃત્તિ થતાં સત્ય શું છે? રક્ષણ કોણ કરી શકે છે? મારે શું કરવું? વિગેરે વિચારની શ્રેણિ સ્ફુરવા માંડશે અને તેમાંથી પોતાનું કર્તવ્ય તેને સમજાશે તેથી જે આ જગતના પ્રપંચનું મુખ્ય કારણ છે તે અહંકાર નાશ પામશે. આ દુનિયામાં દેવ એ એક મહા સમર્થ જાતિ ગણાય છે. કિન્નર પણ એક નિત્ય આનંદિત દેવજાતિ વિશેષ જ છે તેઓનાં આયુષ્યો મનુષ્ય જાતિ કરતાં વધારે લાંબા હોય છે. લોકોમાં કહેવત છે કે (દેવાણું મંછાણું) એટલે દેવો મનમાં ધારે તે કામ તત્કાળ સિદ્ધ કરે છે. શાસ્ત્રો તો એટલે સુધી જણાવે છે કે એક સમર્થ દેવનું બળ એવું છે આંખ મીંચીને ઉઘાડીએ તેટલા બારીક વખતમાં આ લાખ યોજનના જંબુદ્વીપને ફરતા એકવીશ વાર આંટા ફરીને પાછા આવે છે. અથવા આ પૃથ્વીને ઉપાડીને દૂર ફેંકી દેવા ધારે તો તે પ્રમાણે કરી શકે છે. આટલું બળ, લાંબું જીવન છતાં તે પોતે પોતાનું રક્ષણ કરી શકતા નથી. મરણના પાશમાં તેઓ સપડાય છે અને છેવટે ઇચ્છાએ કે અનિચ્છાએ પણ પરલોકમાં પ્રવાસ કરે છે. જ્યારે તેઓ પોતાનું રક્ષણ કરી શકતા નથી, તો પછી જેના તેઓ અધિપતિ છે એમ તેઓ માને છે તેઓનું તેઓ કેવી રીતે રક્ષણ કરી શકશે?

આ જ પ્રમાણે મનુષ્યેંદ્ર જે ચક્રવર્તી કે સામાન્ય રાજાઓ અને વિવિધ પ્રકારની વિદ્યાની શક્તિઓને ધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારવિદ્યાધરો તેઓ પણ મરણના પાશમાં સપડાઈ અનાથ અશરણ થઈ પરલોકમાં ગમન કરે છે; તેમને કોઇનું શરણ નથી. કરોડો મનુષ્યો પર હુકમ ચલાવનારાઓ લાખો ગામો ઉપર અમલ કરનારાઓ હજારો શત્રુઓના જાન લેનારાઓ અને દુનિયામાં અદ્વૈત યોદ્ધા તરીકે પ્રસિદ્ધિ પામેલા મહાન ચક્રવતીં જેવા લાખો રાજામહારાજાઓ આ યમરાજાની રણભૂમિમાં એવી લાંબી શય્યા પર પોઢયા છે કે તેમના નામનિશાનનો પણ પત્તો નથી.

જેઓ મોટાં સિંહાસનો શોભવતા હતા તેવા અનેક વીરો રાણીજાયાઓએ પણ છેવટે સ્મશાનભૂમિને જ શોભાવી છે. અર્થાત્ સ્મશાનભૂમિનો જ આશ્રય લીધો છે. શરણાગત વત્સલના બિરુદો ધરાવનારા વીર પુરુષો ક્યાં ગયા? કાળના ઝપાટામાંથી કોણ બચ્યું છે? 'હું તમારું રક્ષણ કરીશ' આવા વચનો આપનારા વીરનરો કયાં છુપાઇ ગયા? ઓ પામર મનુષ્ય કીડાઓ તમે શું કરી શકો તેમ છો? તમારા પોતાના બચાવનો પણ ઉપાય કરી શકતા નથી તો તમે શાનો ગર્વ ધરાવો છો? આ ધન, ધરા, દારા વિગેરેએ કોઇનો બચાવ કર્યો છે ખરો કે? શા માટે તેમાં મમત્વ ધરાવો છો?

કોના આશ્રયથી નિશ્ચિત થઈને એશઆરામ કરો છો? ચેતો! અને તમારા બચાવના ઉપાયો શોધો!! જ્યાં આશા બાંધી છે ત્યાંથી તો અવશ્ય નિરાશા જ મળશે. મનુષ્યોથી વધારે શક્તિ ધરાવનારા ગગનગામી વિદ્યાધરો! તમારી પણ આ જ સ્થિતિ છે. તમારી ગગનગામી શક્તિરૂપ પરાવર્તન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારી વિદ્યા અપ્રતિહત શક્તિવાળા શસ્ત્રો ભૂત-ભવિષ્યના સમાચાર આપનારી રોહિણીપ્રમુખ વિદ્યાદેવીઓ અનેક કળા-નિપુણ વિદ્યાધરીઓ અને ફરવાના આકાશગામી વિમાનો તેમાંથી કોઇપણ બચાવે તેમ છે? હે અનાથ અને અશરણ જીવો! જડ માયાથી બચવા માટે તેમાંથી આસક્તિ દૂર કરવા માટે તમારા શુદ્ધ આત્મદેવને શરણે જાઓ. ૧૭.

ઇંદ્રિયોના વિષયોનો ઉપભોગ એ તમારો બચાવ નથી.

इंद्रियभरानुभूतैरद्भुत नवरसकरैश्च निजविषयैः ।
श्रुतदृष्टलब्धभुक्तैर्यदि मरणं किं ततस्तैर्भोः ॥१८॥

ઇંદ્રિયના સમૂહ વડે અનુભવાતા અદ્ભુત નવરસને ઉત્પન્ન કરનારા સાંભળેલા, દેખેલા, મેળવેલા અને ભોગવેલા પોતાના (મેળવેલા) વિષયો વડે કરીને જો મરણ થાય તો પછી હે માનવો! તે વિષયોનું પ્રયોજન શું છે? તે વિષયોમાં અધિકતા શાની? અર્થાત્ તેમાં શો સ્વાર્થ સંધાય છે અગર ફાયદો લાગે છે? ૧૮.

**ભાવાર્થ**:—જેનું શરણ તેનાથી જ ભય ઉત્પન્ન થતો હોય તો તેનું શરણ શા કામનું? જો સોનું કાન તોડતું હોય તો પછી તેને કાને વળગાડવાનું પ્રયોજન શું? તેમ જ ઇંદ્રિયોના સુંદર વિષયો કે જેને મેળવવા માટે મનુષ્યો અહોનિશ પ્રયત્ન કરી રહ્યા છે ભવિષ્યમાં પોતાને ઉપયોગી થશે તેમ ધારી સંચય કરી રહ્યા છે અને વર્તમાન કાળમાં ઇચ્છાનુસાર તેનો ઉપયોગ લઈ રહ્યા છે તે વિષયોથી મરણ થતું હોય તો પછી તે ગમે તેવા દેખાવથી લલચાવનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તોપણ તેમનું શું પ્રયોજન છે? કંઈ નહીં. આશય એવો છે કે વિષયો શરણભૂત નથી પણ તેમાં કરાતી આસક્તિ મરણ દેવાવાળી છે. વિષયો માટે મોટી મોટી લડાઇઓમાં ઊતરી હજારો મનુષ્યોના જાન લીધા છતાં પરિણામ એ આવ્યું કે તે વિષયોને અહીં મૂકી દઈ હાથ ઘસતા હાય-વોય કરતા અને નિસાસા મૂકતા તેઓ એકલા જ ઘોર ગતિમાં રૌરવ દુઃખનો અનુભવ કરવા લાગ્યા અને જેને માટે સંગ્રામ કરવાની જરૂર પડી હતી તે પૃથ્વી કે પત્નીનો અંતે બીજા ઉપભોગ કરવા લાગ્યા. આ પ્રમાણે સર્વે વિષ-યોની સ્થિતિ છે એટલે વિષયો ઉપરનું મમત્વ એ આપણું રક્ષક નથી પણ ભક્ષક છે; તેનાથી આપણો બચાવ નથી પણ નાશ છે માટે આપણા ખરા બચાવ કરનારની શોધ કરી આશ્રય લેવાની જરૂર છે અને તે જ તમારો બચાવ કરનાર તમારો મહાન શક્તિવાન આત્મા જ છે તેને ઓળખવો તેમાં જ તમારું કલ્યાણ રહેલું છે અને તે જ કર્તવ્ય છે. ૧૮.

**नीयमानः कृतान्तेन जीवोऽत्राणोऽमरैरपि।**
**प्रतिकारशतेनापि त्रायते नेति चिंतयेत् ॥१९॥**

યમ વડે લઇ જવાતા અશરણ જીવનું સેંકડો ઉપાયો વડે દેવો પણ રક્ષણ કરી શકતા નથી એમ વિચારવું ૧૯.

**ભાવાર્થ**:—દેવો પણ મરણને શરણ થાય છે છતાં તેની આગળ કાંઈ ઉપાયો હોય અને મરણને શરણ થતા જીવોનો અગર તો પોતાનો જ કોઇપણ ઉપાયથી બચાવ કરે તો સારી વાત છે. એમ સાંભળવામાં આવે છે કે દેવોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે અમૃત છે. દેવો પોતે પણ અમર કહેવાય છે; એટલે તેમની આગળ મરણથી બચવાનો ઉપાય હોવો જોઇએ.

આનો ઉત્તર કહે છે કે દેવોની પાસે અમૃત છે તે ભલે હો પણ તે અમૃત આ મરણથી બચવા માટે ઉપયોગી થતું નથી. મરણથી બચવા માટે તે અમૃત પણ નિષ્ફળ નીવડયું છે. દેવો અમર કહેવાય છે તે પણ નામના જ અમર છે. બાકી તેમને પણ મરવું તો પડે છે. જો મરણથી તે તમારો બચાવ કરી શકતા હોય તો પહેલો પોતાનો બચાવ તેઓ કેમ ન કરે? અથવા દેવોએ મરણથી બચવા માટે સેંકડો ઉપાયો કર્યા છે પણ ન તો પોતે બચ્યા છે કે નહિ તો બીજાને બચાવી શકયા છે. મહાત્માજી આનંદઘનજી કહે છે કે—

"ઇંદ્ર, ચંદ્ર, નાગેન્દ્ર, મુનીંદ્ર, ચલે કોણ રાજા પતિ શાહ રાઉ રે?" મહાન ઇંદ્રો, ચંદ્રાધિપતિ દેવો ભુવનપતિના નાગકુમારાદિ ઇંદ્રો સમર્થ તીર્થંકરો—તેઓ આ દુનિયા ઉપર સર્વે ધારણ કરેલા દેહમાંથી ઊઠીને દેહને મૂકીને ચાલ્યા ગયા. કોણ રાજા? કોણ માલિક? કોણ શેઠ? અને કોણ રાંક? સર્વેની એક જ ગતિ છે.

મહાનુભાવો! આ અશરણના સંબંધી વિચાર કરી કોઇનો માલિક બનવાનો કે કોઇને શરણે રાખી અમર કરવાના વિચારનો કે તેવા અહંકારનો ત્યાગ કરો અને પરમાત્મપરાયણ થઇ શુદ્ધ આત્મદેવનું શરણ લો કે શુદ્ધ આત્મસ્થિતિમાં મરણનો ભય નથી. આથી પોતાને બચાવી શકાય છે અને અન્યને બચાવી લેવા માટે પણ આ જ રસ્તો કામે લેવાય છે. ૧૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંસાર ભાવના ત્રીજી ભાવના

संसारदुःखजलधौ चतुर्गतावत्र जन्मजरावर्त्ते ।
मरणार्तिवाडवाग्नौ भ्रमन्ति मत्स्या इवांङ्गभृतः ॥२०॥

ચાર ગતિને વિષે જન્મ, જરારૂપ આવર્ત્તવાળા, મરણની પીડારૂપ વડવાગ્નિથી બળતા આ સંસારરૂપ દુઃખસમુદ્રમાં માછલાંઓની માફક જીવો ભમ્યા કરે છે. ૨૦

**ભાવાર્થ**:—સંસારમાં કોઇ શરણ રાખનાર નથી એમ બતાવ્યા બાદ આ સંસાર સ્વરૂપનો નિશ્ચય કરવો એટલે મન ઉપર તેનો પુટ આપવો યા મનને તેની ભાવના આપવી કે જેથી તેમાં મોહ ન પામતા પોતાના સત્ય આત્મા તરફ પ્રવૃત્તિ થાય.

સંસારને એક દુઃખમય સમુદ્રની ઉપમા આપે છે. સંસાર દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી રૂપી ચાર ગતિથી ભરેલો છે અથવા ચાર ગતિ તે સંસાર છે સમુદ્ર પણ ચારે દિશામાં પાણીથી ભરેલો છે. સમુદ્રમાં જોરથી પડતી (આવતી) નદીઓના પાણીથી કે સમુદ્રમાં રહેલા પહાડો સાથે પાણીના અફળાવાથી ભયંકર આવર્તો (ભમરીઓ–વમળો) પડે છે. ભયંકર એટલા માટે કે તેમાં સપડાયેલું કોઈ પણ વહાણ કે જીવ ઘણે ભાગે તેમાંથી બચવા પામતું નથી પણ અફળાઇ અથડાઇને તેમાં જ નાશ પામે છે.

આ બાજુ સંસારમાં દુઃખરૂપ જન્મ અને વૃદ્ધાવસ્થા એ જ આવર્ત (વમળો) છે. જન્મનું દુઃખ સામાન્ય નથી.

૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મતી વખતે ઘણી વેદના થાય છે. તે વખતે વિશેષ પ્રગટ જ્ઞાન ન હોવાથી તે થોડું અનુભવાય છે. વૃદ્ધાવસ્થાની સ્થિતિ મનુષ્યોથી અજાણી નથી ગાત્ર શિથિલ થાય છે ઇંદ્રિયો નરમ પડે છે એટલે આંખે પૂરું દેખાતું નથી પગે ચલાતું નથી, કાને સંભળાતું મંદ થાય છે. શરીર ધ્રૂજે છે દાંત પડી જાય છે, મોંમાંથી લાળો ચાલુ પડતી રહે છે. વિગેરે શરીરની વિષમ સ્થિતિરૂપી વમળ દુઃખરૂપ છે.

સમુદ્રમાં વડવાનળ બળી રહ્યો છે. તે પાણીને શોષી નાખે છે, તેમ મરણ આયુષ્યરૂપ પાણીને સુકાવી નાખે છે. આવા સમુદ્રમાં માછલાંઓ-મોટા-મચ્છો ભર્યા કરે છે. પાણીના વમળ અને વડવાનળના અસહ્ય તાપથી દુઃખથી ઘણા હેરાન થાય છે અને વારંવાર જન્મમરણ કરે છે તેમ જ આ સંસારમાં જન્મ, જરા, મરણના સપાટાથી વારંવાર અસહ્ય દુઃખનો અનુભવ કરતા જીવો અનેક ગતિઓમાં પરિભ્રમણ કરે છે. આત્મસ્વરૂપ રૂપ ઘરમાં પ્રવેશ કર્યા સિવાય શાંતિ થવાની જ નથી. ૨૦,

उत्पद्यन्ते विपद्यन्ते त्रसेषु स्थावरेषु च
स्वकर्मप्रेरिता जीवाः संसारस्येतिभावनाः ॥२१॥

પોતાના કર્મથી પ્રેરાયેલા જીવો, ત્રસ અને સ્થાવરોમાં ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. એ સંસારભાવના છે. ૨૧.

**ભાવાર્થ**:—સારા કે નઠારા જેવા કર્મ કર્યાં હોય તેના પ્રમાણમાં તે જ કર્મપ્રેરણા વડે જીવો હાલેચાલે તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સ્થિર રહે તેવી ત્રસસ્થાવરની જાતિઓમાં વારંવાર ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે.

આસક્તિવાળા રાગદ્વેષની લાગણીઓવાળા કર્મોની જ પ્રેરણાથી ઉત્પન્ન થવાપણું અને મરવાપણું હોય તો તે કર્મો જ બંધ કરવા જોઇએ કે કારણ વિના કાર્યની ઉત્પત્તિ જ ન થાય. આ વાત બરોબર છે પણ આ જીવે પોતાની અજ્ઞાનાવસ્થામાં કર્મના સંચાઓ ગોઠવી મૂકેલા છે, ચાવી એવી મજબૂત ચડાવી મૂકેલી છે કે ઇચ્છા હોય કે ન હોય પણ કર્મ કર્યા સિવાય તેને ચાલતું જ નથી પછી તે મનથી, વચનથી કે શરીરથી પોતે કરતા હોય કે અન્ય પાસે કરાવતા હોય અગર કોઇ કરતું હોય તો તેને સારું જાણતા હોય તેની અનુમોદના કરતા હોય પણ તે સંચાઓ ચાલ્યા જ કરવાના. તથાપિ જે અભિમાનથી, અહંકારથી કે મમત્વની લાગણીથી કર્મ કરાય છે તે કરતાં અટકવું જોઇએ.

આપણા હાથમાં આત્મભાવને સમજ્યા પછી આટલું જ હથિયાર રહે છે કે આસક્તિ વિના તેના ફળની ઇચ્છા વિના યોગ્ય કાર્ય કરતા જ રહેવું અને જે ઉદય આવે તેને રાગ દ્વેષ કે હર્ષશોકના પરિણામ કર્યા સિવાય સમભાવે ભોગવતા રહેવું. અહંભાવ જ કર્મબંધનું મુખ્ય અને અટલ કારણ છે આ સંબંધમાં આચારાંગસૂત્રમાં કહ્યું છે કે—

**अकरिस्सं चहं काराविस्सं चहं करओ यावि समणुन्ने भविस्सामि. एयावंति सव्वावंति लोगंसि कम्मसमारंभा परिजाणियव्वा भवंति ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું કરીશ, હું કરાવીશ, હું બીજા કરનારને સારું માની અનુમોદન આપીશ એટલા જ માત્ર આખા લોકમાં કર્મ બાંધવાના કારણરૂપ ક્રિયાઓના ભેદો જાણવાના છે.

સર્વથા આ કર્મ આવવાના રસ્તાઓ બંધ થઈ શકે તેમ છે કે નહીં? જવાબમાં તો આટલું જ કહેવું બસ છે કે તે બંધ થઈ શકે તેમ છે પણ અનાદિ અભ્યાસને લીધે કામ વિકટ જેવું લાગે છે. શરૂઆત આવી રીતે સરલ થઈ શકે કે પ્રથમ અશુભ (ખરાબ) કર્મો પ્રબળ પ્રયત્ન કરી ઓછા કરવા અને તેનું સ્થાન સારા કર્મોને આપવું એટલે સારા કર્મોનો વધારો થતાં અશુભ ઓછા થશે. પછી આત્મજ્ઞાનને મુખ્ય કરી શુભ કર્મોને પણ રાજીખુશીથી રજા આપવી અને આત્મસ્વરૂપમાં સ્થિરતા કરતા રહેવું. છેવટે બન્ને જાતનાં કર્મો બંધ પડતા જન્મમરણો થતાં અટકશે અને આત્મસ્વરૂપમાં સ્થિર થવાશે.

આ સિવાય નાના પ્રકારની જીવોની જાતિઓમાં જન્મમરણ ચાલુ જ રહેશે. આ સંસારવિચારની ભાવનાની મન ઉપર મજબૂત અસર બેસાડવી. સંસારમાં જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ, વિયોગથી જીવો કેવા આકુળવ્યાકુળ થઈ રહ્યા છે! ક્ષણે ક્ષણે આયુષ્ય પૂર્ણ થતાં જીવો મરણ કરી રહ્યા છે! દેવેંદ્રોથી લઈ એક કીડા પર્યંત જન્મમરણનો કેવો વિષમ ઘોંઘાટ મચી રહ્યો છે! એક આત્મજ્ઞાની સિવાય જન્મમરણને લઈ કોઈ પણ જીવોના હૃદય શાંતિવાળા નથી. આ પ્રમાણે રાજા, રાંક, ગરીબ, ધનાઢ્ય, રોગી, નીરોગી, સુખી, દુઃખી, બુદ્ધિમાન, મૂર્ખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિ હર્ષશોકની વિષમતાવાળા સંસારનું સ્વરૂપ વારંવાર દૃષ્ટિ આગળ લાવવાથી તેમાંથી વૈરાગ્યવૃત્તિ સ્ફુરવા સાથે તેના પ્રતિકાર તરીકે તેમાંથી બચવાના ઉપાયો તરફ મનુષ્યોનું વલણ થાય (જાગૃતિ આવે) તે સંસારભાવનાનું ફળ છે. ૨૧

## એકત્વ ચોથી ભાવના

शुभाशुभानां जीवोऽयं कृतानां कर्मणां फलं ।
सोऽत्रैव स्वयमेवैकः परत्रापि भुनक्ति च ॥२२॥

कलत्रपुत्रादिकृते दुरात्मा करोति दुःकर्म स एव एक ।
भुंक्ते फलं श्वभ्रगतः स्वयं च नायाति सोढुं स्वजनास्तदन्ते ॥२३॥

આ જીવ કરેલા શુભ કે અશુભ કર્મોના ફળ તે પોતે જ આ જન્મમાં અને અન્ય જન્મમાં પણ એકલો જ ભોગવે છે. ૨૨.

આ દુરાત્મા જીવ, સ્ત્રી અને પુત્રાદિ માટે દુષ્કર્મ કરે છે. તે એકલો જ તેના ફળ નરકમાં જઈ પોતે ભોગવે છે. તેનાં સંબંધીઓ તે ફળો ભોગવવા માટે તેની પાછળ (સાથે) આવતા નથી. ૨૩.

**ભાવાર્થ**:—મારા સંબંધીઓ ઘણા છે, મારું કુટુંબ બહોળું છે, હું ઘણાનો સંબંધી છું, હું ઘણાનો પાલક છું, ઘણા જીવોનું પોષણ કરું છું, વિગેરે અહંકારવાળી ભાવનાને તોડવા માટે તેની પ્રતિપક્ષી ભાવના "હું એકલો છું, અને મારું કોઈ નથી." એ ભાવનાની અસર મન ઉપર કરવા માટે આ ચોથી ભાવના છે. સારા કર્મ કર્યાં હોય કે બૂરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ કર્યાં હોય પોતાને માટે કે અન્ય સ્ત્રી, પુત્રાદિ કુટુંબને માટે કર્યાં હોય તેના સારાં કે માઠાં ફળો અહીં જીવો ભોગવે છે. અહીં ભોગવાતાં બાકી રહેલાં હોય તો અન્ય જન્મમાં જઇને પણ ભોગવે છે.

આ ફળ ભોગવવાનું તેના એકલાને જ માટે નિર્માણ થાય છે કારણ કે તે કર્મ કરવામાં તેની અભિમાનવાળી સ્વાર્થભરેલી પ્રવૃત્તિ હોય છે અને તેમાં પણ મહાન કિલષ્ટ પરિણામે જો દુષ્કર્મ કરવામાં આવ્યાં હોય પછી ભલેને તે પોતાને માટે ન કર્યાં હોય છતાં તેનું કિલષ્ટ, ભયંકર, દુઃસહ દુઃખ ભોગવવા માટે તેને નરકમાં જવું પડે છે કારણ કે આ દુનિયા ઉપર તેના કરેલ દુષ્કર્મનો બદલો મળે તેવું વિશેષ દુઃખ નથી. એટલે તે સ્થળે જવું જોઇએ. ત્યાં તે કર્મ ફળ ભોગવવામાં મદદગાર તેમાં ભાગ પડાવનાર અહીંથી એટલે તે કર્મ જેને માટે કર્યું હતું તેના ફળ તરીકે ઇંદ્રિ-ચોના વિષયોનો ઉપભોગ જેણે કર્યો હતો તેમાંથી ત્યાં કોઈ પણ જતું નથી. મતલબ કે તે એકલાને જ ભોગવવું પડે છે.

અહીં આ શંકા ઉત્પન્ન થાય એવી છે કે એક ઘરનો માલિક ધન કમાઈ લાવે છે અને તેમાંથી ઘણા મનુષ્યો તેનો ઉપભોગ લે છે તે ઘણા જીવોનું પોષણ કરે છે તો આ ફળમાં જેમ ભાગીદાર બીજાઓ થાય છે તેમ પાપના ફળમાં પણ ભાગીદાર કેમ ન થાય? અને જેમ અહીં તે મદદગાર થાય છે તેમ પરભવમાં આ મદદગાર કેમ ન થાય?

એનો ઉત્તર એવો છે કે ઘરનો માલિક કે જે કુટુંબનું પોષણ કરે છે, તેમાં તેને મોહ છે, મારાપણાનું અભિમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને સાથે તેનો સ્વાર્થ પણ રહેલો છે. આ કારણથી તે તેઓનું પોષણ કરે છે. આ મોહ કે અભિમાન ન હોય તો તેનું પરિણામ શું આવે છે તે સ્વાનુભવથી કે દુનિયામાં બનતા દાખલાથી પ્રત્યક્ષ વિચારવા જેવું છે.

એક સ્ત્રી ઉપરથી ગમે તે કારણે મોહ ઓછો થતાં બીજી સ્ત્રી પરણે છે. તેમાં વિશેષ મોહ લાગતાં પહેલી સ્ત્રી ઉપરથી મોહ છુટી જાય છે. તે વેળાએ તેના તરફ કેવું વર્તન કરાય છે તેના પોષણને માટે શું થાય છે? પોષણ આપવાની તો વાત શી પણ તે સ્ત્રી નજરે દીઠી પણ ગમતી નથી. કદાચ લોકલાજથી અનિચ્છાએ પોષણ આપવું પડે છે કે રાજાના ભયથી આપવું પડે છે તોપણ ઘણું થોડું જ. આ ઉપરથી નિશ્ચય થાય છે કે મોહથી જ પહેલાં પોષણ કરાતું હતું.

પોતાના કુટુંબના મનુષ્યો દુઃખી થતાં હોય અને તે દેખી અન્ય કોઈ જરા મેણુંટોણું મારે કે તમે શું મોઢું લઈને બોલો છો? તમારા કુટુંબીઓ તો આમ દુઃખી થાય છે. ત્યારે અભિમાનવૃત્તિથી વિચાર કરે છે કે મારા કુટુંબીઓ (મારા બેઠા મારી હયાતીમાં) દુઃખી થાય અને હું જોઈ રહું તે ઠીક નહીં. લોકોમાં પણ ખોટું દેખાય છે, ઇત્યાદિ અભિમાન કે લોકલાજના વિચારથી તેના પાલન માટે પ્રયત્ન કરે છે. સ્વાર્થને લીધે પણ પોષણ કરાય છે સ્વાર્થ પૂરો થતાં દશ વર્ષ દૂધ આપ્યું હોય કે પંદર વર્ષ ખેડ કરી કે ગાડી ખેંચી હોય તેવા વૃદ્ધ (ઘરડા થયેલા) ગાય, ભેંસ, બળદ કે ઘોડાને પાંજરાપોળમાં મૂકવા દોડ્યા જાય છે. આનું કારણ સ્વાર્થ નહીં તો બીજું શું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધ માતાપિતાઓના બેચાર ભાઈઓ વચ્ચે ખાવા-પીવાના વારા કરવામાં આવે છે ત્યારે કેમ પોતાની સ્ત્રીનો વારો કરવામાં નથી આવતો ? આનું કારણ કે માતાપિતામાં હવે સ્વાર્થ રહ્યો નથી સ્ત્રીમાં હજુ સ્વાર્થ છે, મોહ છે એટલે તેને રજા દેવામાં આવતી નથી ઈત્યાદિ કારણોથી વિચાર કરતાં જણાઈ આવશે કે જ્યાં મોહાધીનતા છે જ્યાં અભિમાન છે અને જ્યાં સ્વાર્થ રહેલો છે ત્યાં અન્યને માટે પોષણાદિ કરવામાં કરાતી પ્રવૃત્તિ પોતા માટે જ હોવાથી તેનું પાપ પોતાને લાગે છે. વળી તેના આશ્રય તળે રહેલા માણસો તેનો હુકમ ઉઠાવે છે તેને માન આપે છે અને તેનું કામ-કાજ પણ કરે છે. એ પ્રમાણે મહેનત કરીને-કામ કરીને પોષણ લેતા હોવાથી તેઓ તેના પાપમાં ભાગ પડાવે તેવા કાંઈ પણ સંયોગ હોતા નથી; એટલે પોષણ કરનાર પોષક પણાના અભિમાનને લીધે જ તે એકલો જ પાપ માટે જવાબ-દાર છે. કેટલીક વખત પૂર્વનો દેણદાર હોવાથી પણ તેઓનું પોષણ કરવાની તેને માથે ફરજ આવી પડે છે, પોષણ લેનારા માણસો અભિમાનવૃત્તિથી કે પાપવૃત્તિથી લાવેલા ધનાદિના અનુમોદનમાં ભાગ લે છે તો તે પણ તેમાંથી પાપ ઉપાર્જન કરે છે કે શુભના અનુમોદનથી પુણ્ય ઉપાર્જન કરે છે પણ તે પાપપુણ્ય સ્વતંત્ર તરીકે જુદું જ લે છે એટલે જે ધન કમાવામાં છળ, પ્રપંચ, વિશ્વાસઘાત, દગો, જીવોનો નાશ વિગેરે કરવામાં આવ્યું છે તે કરતી વખતે કરનારના માનસિક અધ્યવસાય-પરિણામ વિગેરે જેવા મલિન હોય તેટલા પ્રમાણમાં તેવું પાપ તે તો ઉપાર્જન કરી જ લે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તેને અનુમોદન આપનાર તેના તરફ લાગણી ધરાવનાર પણ તેવા તેવા અધ્યવસાયથી તે તે પ્રમાણમાં નવીન પાપાદિ ઉપાર્જન કરે છે.

દૃષ્ટાંત તરીકે એક દીવો પ્રકાશ કરેલો હોય, તે પ્રકાશ કરનારને તો જે માટે તે પ્રગટ કરેલો હતો તે જાતનું ફળ મળી ચૂક્યું પણ તે જ દીવાથી બીજા પણ માણસો નવા નવા દીવા પ્રગટાવી શકે છે. આ જ રીતે પાપ કરનાર એક પાપપુંજ પ્રગટ કરે છે તેને દેખી તેનું અનુમોદન કરનાર પણ નવું પાપ પેદા કરે છે.

જેમ દીવાથી દીવો સળગાવી લેતાં મૂળ દીવામાં ઓછાશ થતી નથી તેમ મૂળ પાપમાં ઓછાશ ન થતાં બીજાઓ તે મેળવી શકે છે.

આવી મોહાંધ, સ્વાર્થી કે અભિમાનવાળી વૃત્તિને નાશ કરવા કે બદલાવી નાખવા માટે આ એકત્વભાવનાનો ઉપયોગ કરવાનો છે, તે એમ કે હે આત્મા ! તું એકલો જ છે તારું આ જગતમાં કોઈ પણ નથી. સર્વ જીવો પોતાના શુભાશુભ કર્મનો બદલો અનુભવે છે. તારા સારા કર્મનો બદલો તને સારો મળશે, ખોટા કર્મનો બદલો ખોટો મળશે. દુનિયાના જીવો કેવળ સુખદુઃખમાં નિમિત્તમાત્ર છે. તારું કર્મ સારું હોય તો કોઇ તારું બૂરું કરી શકનાર જ નથી અને તારું કર્મ જો ખરાબ હશે તો કોઇ તારું સારું કરનાર નથી તેમ તું પણ કોઈનું સારું કે બૂરું કરી શકનાર નથી. સામા જીવોના સારા કે નઠારા કર્મના ઉદય વખતે તેના સારા કે બૂરામાં નિમિત્તમાત્ર તમે થઈ શકો છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફોગટ કર્તાપણાના અભિમાનમાં પડી તમે શા માટે ફસાઓ છો? જન્મ્યો ત્યારે એકલો જ આવ્યો હતો જઈશ ત્યારે પણ એકલો જ જવાનો છે.

આ સંયોગો સંબંધીઓ કોઈ પણ સાથે આવ્યા નહોતા અને આવવાના પણ નથી. વિશાળ રાજ્યો, મોહક મહેલાતો, સુંદર સ્ત્રીઓ, મનોહર બાગબગીચાઓ, વિનયસંપન્ન પુત્રો અને આજ્ઞાંકિત પરિવાર એમાં કાંઇ તારું નથી. આગળ ન હતું અને પાછળ પણ નથી. વચમાં દેખાવ આપી વિસર્જન થાય છે. તું જ તારું સ્વરૂપ છે અને તું જ તું છે. આ સિવાય જે કાંઈ છે તેનો અને તારો સંબંધ સ્વપ્નાના જેવો ક્ષણિક છે. આ દેખાવો તારું સ્વસ્વરૂપનું ભાન ભુલાવનાર છે. જેને તું વિશેષ ચાહે છે (ઈચ્છે છે) એ જ તને વિશેષ પ્રકારે ભાન ભુલાવનાર હોઈ શત્રુની ગરજ સારે છે.

હે આત્મન્! જરાક આંખો ઉઘાડ વિવેકદૃષ્ટિથી જો. તને આ સર્વમાંથી હિત કરી, પરિણામે સુખદાયી શું દેખાય છે? પોતાના આધાર ઉપર ઊભો રહેતા શીખ. તારા પોતામાં વિશ્વાસ રાખ. મનોવૃત્તિને બહારના વિષયોમાંથી ખેંચી લઈ સ્થિર થતાં તને તારું સ્વરૂપ દેખાશે.

તે સિવાય આ ભ્રાંતિ ટળનાર નથી. જેઓ સ્વરૂપમાં સ્થિર થાય છે તેમણે જ જન્મ-મરણને જલાંજલિ આપી છે, તેઓ જ પરમ સુખી છે ઈત્યાદિ વિચારો વડે મનને વાસિત કરી સંયોગવિયોગથી હર્ષશોક ન કરતાં ઉદય આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કર્મોને અનુભવી લેવાં અને નવા ન બાંધવા તે આ ભાવનાનો ફલિતાર્થ છે. ૨૩,

## અન્યત્વ પાંચમી ભાવના

आत्मा स्वभावेन शरीरतोऽयमन्यश्चिदानंदमयो विशुद्धः।
कर्माणुभिर्योऽस्ति कृतः कलंकी स्वर्णं यथा धातुजकालिकाभिः॥२४॥

આ આત્મા સ્વભાવ વડે શરીરથી જુદો છે, જ્ઞાન અને આનંદમય છે, વિશુદ્ધ છે, ધાતુથી ઉત્પન્ન થતી કાળાશ વડે જેમ સોનું મેલું (દોષવાળું) થાય છે તેમ કર્મના પરમાણું વડે તે કલંકિત કરાયેલો છે. ૨૪.

ભાવાર્થ :—દેહ અને આત્માના ઐક્યનો જે અધ્યાસ થઈ ગયેલો છે તે દૂર કરાવવા માટે બન્નેનાં ભિન્ન ભિન્ન લક્ષણો બતાવી તે બન્ને સ્વતંત્ર જુદા છે તેવી દઢતા કરાવવી તે આ ભાવનાનો હેતુ છે.

શરીરનો સ્વભાવ અને આત્માનો સ્વભાવ તદ્દન અલગ છે. शीर्यते इति शरीरम्. સડી જાય, પડી જાય, વિધ્વંસ પામે તે શરીર. અમુક પરમાણુની વૃદ્ધિહાનિથી મોટુંનાનું થાય સારા ખોરાકથી તેજસ્વી બને હલકા–ખરાબ ખોરાકથી નિસ્તેજ થાય, વધારે મહેનતથી ઘસારો પહોંચે થોડી મહેનતથી પુષ્ટ થાય, જળના સંયોગથી સડી જાય, અગ્નિના સંયોગથી બળી જાય, અનુકૂળ અનાજ, પાણી આદિથી વૃદ્ધિ પામે, શોભાયમાન થાય, ટકી રહે વિગેરે અનેક અનિત્ય ધર્મો શરીરના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે, આનંદમય છે અને વિશુદ્ધ છે. જાણવાનો સ્વભાવ તે આત્માનું સ્વરૂપ છે. જડમાં જાણવાનો ગુણુ નથી. દેહમાંથી આત્મા જુદો થતાં દેહમાં જરા પણુ જાણવાનો ગુણુ દેખાતો નથી. મૃતક શરીરોની આ સ્થિતિ આપણા સર્વના જાણવામાં છે. શરીર આખુ છતાં તેમાંથી એવું શું ચાલ્યું ગયું કે બોલવું, ચાલવું, વિચારવું બંધ થયું ? ઉત્તર એ છે કે જેની મદદથી ક્રિયા થતી હતી અને તેમાં જે જાણુનાર હતો તે જ આત્મા હતો કે જેની ગેરહાજરીથી તેમ થતું અટકી પડયું છે.

આત્માનો સ્વભાવ આનંદમય છે. આ આનંદ સ્વભાવની પ્રતીતિ જ્યારે મન તદ્દન શાંત થઇ જાય છે વિકલ્પો બંધ પડે છે અને મન આત્મામાં ગળી જવાની તૈયારી કરે છે તે વખતે અનુભાય છે. દુનિયાનાં ઉપાધિજન્ય સુખ કે જે ઇંદ્રિયોથી અનુભવાય છે તેથી જે આનંદ થાય છે તે શુદ્ધ આનંદ નથી તે સ્વતંત્ર આત્માનો આનંદ નથી પણ પુદ્ગલોથી મિશ્રિત છે. આ શુદ્ધ આનંદ સ્વભાવ પુદ્ગલોમાં નથી. પુદ્ગલના સ્વરૂપને પણુ આત્માની મદદથી જાણી શકાય છે. આત્માનો સ્વભાવ વિશુદ્ધ છે. તે વિશુદ્ધિને લઇને લોકાલોકને પણુ જાણી શકે છે યાને દેખી શકે છે. તેના વિશુદ્ધ સ્વભાવ ઉપર કર્મ–અણુઓનો પડદો છે કે જેને લઇને તે કલંકિત થયો છે, મલિન થયેલો છે તેનો પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ થયેલો નથી છતાં પણ અત્યારે જેટલું દેખી શકીએ છીએ, તે તેના થોડા પણુ વિશુદ્ધ સ્વભાવને આભારી છે. શાસ્ત્રકાર કહે છે કે આત્માના આઠ રુચક પ્રદેશ નિરંતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉઘાડા રહે છે મતલબ કે તેના ઉપર આવરણુ આવતું નથી. તે આવરાઇ જાય તો ચૈતન્ય જડની સ્થિતિને પામી જાય જુઓ કે એવું કોઈ વખત બન્યું નથી અને બને પણુ નહિ.

આત્મા કર્મના પરમાણુ વડે દોષિત કરાયેલો છે. આનો અર્થ આવો નથી થઈ શકતો કે પહેલાં આત્મા નિર્મળ હતો અને પછી કર્મના અણુએ તેને મલિન કર્યો વ્યવહારની અપેક્ષાએ તેમ માનવામાં આવે છે કે અમુક વખતે અમુક મનુષ્યે આવું કર્મ બાંધ્યું અને તેના ફળ તરીકે આ દશા ભોગવે છે વિગેરે પણુ મૂળ સ્થિતિ કેવી હતી? શું શુદ્ધ જ હતી અને પછીથી કર્મ શરૂ થયા? આનો ખુલાસો શાસ્ત્રો તરફથી આજ મળે છે કે અનાદિ કાળથી તેમ જ ચાલ્યો આવ્યો છે અને નિમિત્તોથી શુદ્ધ અને અશુદ્ધ થયા જ કરે છે. એક વાર સર્વથા શુદ્ધ થઈ જાય તો પછી ફરી અશુદ્ધ થવાની તેનામાં યોગ્યતા ચાલી જાય છે. શેકેલા કે રાંધેલા અનાજમાં જેમ ફરી અંકુર ઉત્પન્ન થવાની યોગ્યતા રહેતી નથી તેમ ફરી બંધન પામવાની યોગ્યતા તેમાં રહેતી નથી. થોડો થોડો શુદ્ધ થતો ચાલે છે. તેમાં અશુદ્ધતા નિમિત્તોથી આવી પડે છે પણુ સર્વથા રાગદ્વેષ વિગેરે કષાયોનો ક્ષય કરી શુદ્ધ થયેલામાં ફરી અશુદ્ધિ આવતી નથી. આત્મા ક્યારે અશુદ્ધ થયો તેનું મૂળ કોઇ પણુ જ્ઞાનીઓ બતાવતા નથી. તેઓ પોતાના જ્ઞાનમાં અનાદિ જણાવે છે. અથવા તેમના જ્ઞાનમાં કાંઈ સમજવામાં આવતું હોય અને શબ્દો દ્વારા અનુભવની વાત વિના અનુભવ વાળાને સમજાવી ન શકાતી હોય તો તે જ્ઞાનીઓ જાણે. પણુ એકંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક સંપ્રદાયોમાં અનાદિ કે અનિર્વચનીય ઈત્યાદિ શબ્દો વપરાતા નજરે પડે છે એમ સમજાય છે.

અનાદિ અશુદ્ધતા જણાવવા માટે શાસ્ત્રમાં સોના અને માટીનું દૃષ્ટાંત આપેલું છે કે સોનાની સાથે માટી–મેલ હોય છે. ખાણમાંથી નીકળતું સોનું રેતી માટી કે પથ્થર સાથે મળેલું જ હોય છે. આ સોનું માટી કે પથ્થર સાથે ક્યારે મળ્યું અથવા તલમાં તેલ ક્યારે મળ્યું તે સમજી શકાતું નથી. છતાં અમુક જાતના સાંયોગિક જાતના પદાર્થો દ્વારા સોનું અને માટી તેલ અને ખોળ તદ્દન અલગ થઇ શકે છે. આ દૃષ્ટાંતે આત્મા કર્મ સાથે ક્યારે બંધનમાં આવ્યો તે સમજાતું નથી છતાં તે સમ્યક્‌જ્ઞાનાદિ નિમિત્તોથી કર્મથી સર્વથા જુદો થઈ શકે છે.

ખાણમાં રહેલ સોનું અને તે સાથે રહેલ મેલની માફક આત્માની સાથે અશુદ્ધતાને અનાદિ સંબંધ છે. આ અશુદ્ધ સંબંધથી આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલી ઉદય આવેલ કર્મ પર્યાયમાં ઈષ્ટ–અનિષ્ટ ભાવથી રાગદ્વેષાદિ ભાવે પરિણમે છે. આ પરિણામોનું કારણ દ્રવ્ય કર્મ છે તોપણ પરિણામ એ ચૈતન્યમય આત્માની સાથે વ્યાપ્યવ્યાપક સંબંધે રહેલ હોવાથી (રાગાદિભાવ આત્માના કરવાથી થાય છે માટે તે વ્યાપ્ય છે અને તેનો કર્તા આત્મા તે વ્યાપક છે માટે) અપેક્ષાએ આત્મા જ કર્તા–ભોક્તા છે.

જ્યારે આ આત્મા સ્વ–પરભેદ વિજ્ઞાન દ્વારા શરીરાદિ પરદ્રવ્યોથી પોતાને પૃથક્ માને છે ત્યારે તે પુદ્ગલ દ્રવ્યોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી ઇષ્ટાનિષ્ટપણાની બુદ્ધિ મૂકી દે છે. આ ઈષ્ટ–અનિષ્ટતા પોતાના પરિણામોથી થાય છે, કાંઇ દ્રવ્યોમાં તેવા સારા-નઠારાપણાની શક્તિ નથી. શુદ્ધ આત્મસ્વરૂપમાં પરિણામ લીન થઇ જાય છે ત્યારે ધ્યાતાધ્યાનનો વિકલ્પ પણ રહેતો નથી. તાદાત્મ્યવૃત્તિથી શુદ્ધ આત્મસ્વરૂપમાં નિષ્કંપપણે કાયમનું પરિણમન થાય છે ત્યારે આ આત્મા કૃતકૃત્ય થાય છે. ૨૪

(જડ–ચૈતન્ય વસ્તુના સ્વભાવ જુદા છે.)

सर्वथाऽन्यस्वभावानि, पुत्रमित्रधनानि च ।
चेतनेतरे वस्तूनि, स्वात्मरूपाद्विभावय ॥२५॥
विनैकं स्वकमात्मानं सर्वमन्यन्निजात्मनः ।
मत्वेतीष्टाप्तिनाशेऽगिन् हर्षशोकौ हि मूढता ॥२६॥

હે આત્મન્! ચેતન અને જડ વસ્તુઓ સર્વથા જુદા સ્વભાવવાળી છે. તેમ પોતાના સ્વરૂપથી પુત્ર, મિત્ર અને ધનાદિ તે પણ જુદા જ છે એમ વિચાર કર. એક પોતાના આત્મા સિવાય પોતાના આત્માથી સર્વ બીજું જુદું છે એમ માનીને ઇષ્ટની પ્રાપ્તિથી કે ઇષ્ટના નાશથી હર્ષ શોક કરવો તે નિશ્ચય મૂઢતા–મૂર્ખતા છે. ૨૫–૨૬

ભાવાર્થ :—દેહ આત્માથી જુદો છે એમ પહેલા કહી ગયા છીએ. મતલબ કે જડચૈતન્ય જુદા સ્વભાવના છે એમ જણાવી ગયા છીએ. હવે જ્યારે અત્યંત નજીકતા ધરાવનાર દેહ જો આત્માથી જુદો છે તો પછી દેહથી વધારે દૂર રહેનારા પુત્ર, મિત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, રાજ્ય, ગૃહ ઇત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓ તો આત્માથી સર્વથા ભિન્ન હોય તે સ્વાભાવિક રીતે જ સમજી શકાય તેમ છે.

જેમ દરેક જડ વસ્તુ આત્માથી જુદી છે તેમ જિનેશ્વર ભગવાનના અભિપ્રાય પ્રમાણે દરેક આત્માઓ પણ પરસ્પર ભિન્ન છે પછી તે ગમે તેવો દેહ ધરાવતો હોય કે દેહરહિત સિદ્ધ સ્વરૂપ હોય છતાં પણ પરસ્પર ભિન્ન સ્વરૂપ તો ધરાવે છે. આત્મસત્તા સર્વની સરખી ગણવામાં આવે છે. ગમે તેવા દેહમાં આત્માએ સ્થાન લીધેલું હોય છતાં સત્તા સ્વરૂપે સર્વ સરખા છે. કર્મની પ્રકૃતિના સ્વભાવને લઇને કે અધિક ઓછાશને લીધે વિચિત્રતા દેહધારી આત્માઓમાં દેખાય છે છતાં શુદ્ધ સ્વરૂપમાં સરખાપણું છે. તેમ જ દેહાતીત શુદ્ધ સ્વરૂપ સિદ્ધાત્માઓ સર્વ આત્મશક્તિમાં, સ્વરૂપમાં જ્ઞાનમાં, આત્માનંદમાં પરસ્પર સર્વ સરખા છે તેમાં કાંઈ ફેરફાર નથી. અહીં દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે કે એક ગૃહમાં એક જાતના સરખા પ્રકાશવાળા દશ દીવાઓ હોય તે સર્વની પ્રકાશશક્તિ એકસરખી છે છતાં દરેક દીવાઓ જુદા છે.

હે અંગી! દેહધારી આત્મા! તારા પોતાના આત્માથી બાકી બધા સર્વ પદાર્થ જુદા છે, તેનો તું વિચાર કર. બધાથી તારા આત્માને વ્યાવૃત્ત (અલગ) કર. અલગ અનુભવેલ દૃશ્ય પદાર્થ તે આત્મા નહિ, આ પણ હું નહિ, આ પણ હું નહિ આ પણ હું નહિ એમ કરતા કરતાં ઘર, કુટુંબ, સ્ત્રી, પુત્ર, દેહ, વાણી, મન વિગેરેને બાદ કરતાં કરતાં છેવટે જે કાંઇ રહે તે તું છે, તેજ આત્મસ્વરૂપ છે એમ નિશ્ચય કર અને તેવા દૃશ્ય પુદ્ગલિક સંયોગોનો વિયોગ થાય, ઈષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યું જાય કે આવી મળે તોપણ તેથી હર્ષશોક બિલકુલ ન થાય એવી સ્થિતિ મેળવ. જે પદાર્થો તારા નથી જે તું નથી તેના જવા-આવવાથી તને હર્ષ, શોક શા માટે થવો જોઈએ? ન થવો જોઈએ અને તે જ તારૂં કર્તવ્ય છે. આ ભાવનાનો ઉદ્દેશ પણ તે જ છે કે પુદ્ગલ-જડપદાર્થથી વ્યાવૃત્ત થઈ આત્મસ્વરૂપ અનુભવવું અને દેહ અને આત્મા વચ્ચે ઐક્ય નથી, પરંતુ ભિન્નતા છે. ૨૫-૨૬.

## અશુચિ ભાવના ૬

शुक्रादिबीजं निंद्यमनेकाशुचिसंभृतम् ।
मलिनं निसर्गनिःसारं लज्जागारं त्विदं वपुः ॥२७॥

વીર્યાદિ બીજવાળું, નિંદનીય, અનેક અશુચિથી ભરેલું, મલિન, સ્વભાવથી સાર વિનાનું અને લજ્જાના ગૃહ સમાન આ શરીર છે. ૨૭.

**ભાવાર્થ**:—આત્માથી શરીરને જુદું જાણ્યા છતાં પણ તેના ઉપર સ્નેહ બન્યો રહે છે. પોતાના દેહ ઉપર કે સામાન્ય રીતે સર્વ દેહધારી જીવોના દેહ ઉપર મોહ-મમત્વ ન થાય એટલો જ આ અશુચિ ભાવના કહેવાનો ઉદ્દેશ છે.

આ દેહનું મૂળ શું છે તે મનુષ્યોથી ભાગ્યે જ અજાણ્યું હોય છે. શુક્ર (વીર્ય) અને શોણિત (સ્ત્રીનું રજસ્) આ બન્નેની મિલાવટથી આ દેહની ઉત્પત્તિ છે તે જ બીજ છે. જમીનમાં બીજ વાવ્યા પછી તેને વાયુ, અગ્નિ, પાણી વિગેરેની મદદથી જમીનમાં જુદી જુદી જાતની જુદે જુદે વખતે રાસા-

૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યણિક–સાંયોગિક ક્રિયા થાય છે, જેમાંથી અંકુરરૂપે તે બીજ બહાર આવી બહારનાં હવા, પાણી, પ્રકાશ વિગેરેનું પોષણ મેળવી છેવટે એક વૃક્ષાદિ રૂપમાં આવે છે નિયમિત અવધિ આયુષ્ય પ્રમાણે અહીં દેખાવ આપી પાછું તેનું રૂપાંતર થઇ જાય છે–મરણ પામે છે અને નવું થાય છે.

આવી જ કાંઈક ક્રિયા આ દેહ માટે પણ થાય છે. તે સ્ત્રીપુરુષના સંયોગજન્ય બીજ માતા તરફથી મળતા પોષણમાંથી વૃદ્ધિ પામે છે. તેને જોઈતી હવા, ગરમી અને આહાર તે સર્વ માતાના શરીરમાંથી મળે છે, અર્થાત્ આ ગર્ભના બીજની રાસાયણિક ક્રિયા માતાના ઉદરરુપ જમીનમાં જ થાય છે અને અમુક વખતની મર્યાદા પછી શરીરથી બહાર અંકુરોની માફક આવે છે. ત્યાર પછી બહારના અનુકૂળ આહાર, હવા, પાણી, વિગેરેથી વૃદ્ધિ પામી આ દેખાતું શરીર યુવા–વૃદ્ધાદિ અવસ્થા પામી પાછું મરી જાય છે. તે સાથે તેમાં રહેવાવાળો જીવ પણ અન્ય સ્થળે તેમાંથી જુદો પડી ચાલ્યો જાય છે. પાછું નવું શરીર ધારણ કરે છે આ પ્રમાણે ઘટમાળ ચાલ્યા કરે છે.

આથી એમ સમજાય છે કે આ શરીર વીર્યાદિ બીજથી ઉત્પન્ન થયેલું છે. બીજ દેખાવમાં કેવું નિંદ્ય જેવું લાગે છે? શરીરનો અંદરનો ભાગ અનેક પ્રકારની અશુચિથી ભરપૂર છે. વારંવાર તે મલિન થયા કરે છે, ગમે તેટલી વાર ધોવા કે સાફ કરવા છતાં પણ તે મલિન જ રહે છે. જેના નવ દ્વારોથી અશુચિ વહ્યા કરે છે, મળમૂત્રાદિકની ગટરો નિરંતર સાફ રાખે તો જ ઠીક રહે છે, વળી શરીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવથી જ સાર વિનાનું છે, તેના દરેક અવયવને જુદા જુદા કરી તેમાંથી સાર તપાસવામાં આવે તો લોહી, માસ, વસા, પિત, કફ, મૂત્ર, વિષ્ટા, હાડકાં અને ચામડાં ઈત્યાદિ સિવાય સારભૂત વસ્તુ કાંઈ પણ જોવામાં નહીં આવે. ખેર! તેના કેટલાક ભાગો તો એટલા દુર્ગંધનીય જણાય છે કે મનુષ્યને નિરંતર લજ્જાને માટે તેને ઢાંકી રાખવાની જરૂર પડે છે. અર્થાત્ લજ્જાના સ્થાનરૂપ આ શરીરમાં સારભૂત શું જણાય છે કે હે અજ્ઞાની જીવ! તેમાં આસક્તિ રાખી વારંવાર તેમાં મોહ પામી લપટાઈ રહે છે!

શરીરની અંદર રહેલા મળ, મૂત્રને તું આંખ ઉઘાડી સ્પષ્ટ રીતે જોવાને પણ આનાકાની કરે છે તો પછી તેવી વસ્તુથી ભરેલ આ દેહ અશુચિ હોવો જ જોઈએ એ નિશ્ચય થવા છતાં તે દેહ તરફ તું મમત્વ કેમ રાખી રહ્યો છે? તું જો તે તરફ ધ્યાન આપી તે બાબતોનો હરવખત વિચાર લાવતો રહીશ તો તારો દેહ માટેનો સ્નેહ તથા મોહ ઓછો થવાથી કષાયોને દૂર કરી સાધુપુરુષસેવિત સંયમના પ્રતાપથી તું આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવી શકીશ. ૨૭.

**विनश्वरं पोषितभूषितं किं यात्येव यत्तन्मिलितं ततः किम् ।**
**सृजति पुनः पतति ततः किं जातो मृतो यो विफलस्ततः किम् ॥२८॥**

આ દેહ વિનાશ પામનાર છે તો પોષણ આપવાનું કે ભૂષિત કરવાનું શું પ્રયોજન છે? જો તે જવાનો જ છે તો તે મળ્યું તોપણ શા કામનું છે? બનાવો અને પાછું નાશ પામે તો બનાવવાનું પ્રયોજન શું? જન્મ્યો અને ફોગટ મરી ગયો તો જન્મ્યાનું પ્રયોજન શું? કાંઈ નહીં. ૨૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**: –આ દેહ નાશ પામવાનો છે તો તેને શા માટે પોષણ આપવું? આનો અર્થ એવો નથી કરવાનો કે તેને આહારપાણી આપ્યા વિના મારી નાખવું. આ વાત સમજવા જેવી છે કે રાફડાને તાડન કરવાથી સાપ મરવાનો નથી. પખાલને ડામ આપવાથી પાડાનું દુઃખ દૂર થવાનું નથી, તેમ દેહને ભૂખે મારી નાખવાથી આત્મા કાંઈ સિદ્ધ થઇ જવાનો નથી કે જ્ઞાનસ્વરૂપ બની જવાનો નથી. આશય એવો છે કે અવશ્ય વિનાશ પામનારા આ દેહને માટે નાના પ્રકારના પાપો કરી મમત્વભાવે મોહને લીધે તેને પોષો નહિ. જરૂરિયાતથી વધારે અને માદક પદાર્થોથી તેનું પોષણ ન કરો. તમારું મન અને ઇંદ્રિયો કાબૂમાં ન રહે તેવો ઉન્માદ ઉત્પન્ન કરનારો ખોરાક તેને ન ખવરાવો. શરીરમાં અજીર્ણાદિ વિવિધ પ્રકારના રોગ ઉત્પન્ન થાય અને ક્રૂરતામાં વધારો થાય તેવા વિકારી ખોરાકથી દૂર રહો. આપણે આગળ કહી ગયા તેમ દેહ અને આત્મામાં ઐક્ય નથી પરંતુ કુદરતના સંચાની માફક એટલો સંબંધ તો છે જ કે દેહને જેવા ખેરાકથી પોષીએ તેવા ખોરાકની કુદરતી અસર તમારા મન ઉપર થયા વિના રહેશે નહિ માટે ગમે તેવો ખોરાક લીધા પહેલાં તેના ગુણદોષ તપાસીને પછી જ તે આહાર ગ્રહણ કરવો. તૃષા લાગી હોય ત્યારે ગમે તે પ્રકારે ગમે તેવા પાણીથી પણ તૃષા તૃપ્ત કરવા ઇચ્છા થાય છે ત્યારે જો અશુદ્ધ, ગંદું અને પોરાવાળું પાણી પિવાય તો તે શરીરમાં વિકાર ઉત્પન્ન કરી મન ઉપર પણ અસર કરે. માટે સાત્ત્વિક જોઇએ તેટલો જ અને પોષક કે જેથી દેહ ટકી શકે તેવો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોરાક લેવો. જે ખોરાક લેવાથી જીવોને દુઃખ ન થાય ઇંદ્રિયો કાબૂમાં રહી શકે, રોગ ઉત્પન્ન ન થાય, મનમાં શાંતિ રહે, વિકારો હેરાન ન કરે અને શરીરનો નિર્વાહ ચાલે તેવો જરૂરિયાત જેટલો સાત્ત્વિક ખોરાક લેવો અને તેવા જ પોશાકથી દેહને ભૂષિત કરવો.

શરીર જવાનું છે તો તે મળ્યું પણ શા કામનું ? આશય એવો છે કે જો જવાનું જ છે તો પછી તેના ઉપર મમત્વ શા માટે કરવું ? પણ વિચાર કરવો કે આ શરીર શા કામનું છે ? આ શરીરથી વિવિધ પ્રકારના પારમાર્થિક કાર્યો થઇ શકે છે. અનેક જીવોને આ દેહ દ્વારા મદદ આપી શકાય તેમ છે. અનેક જીવોનો બચાવ આ દેહ દ્વારા કરાતા ઉપદેશથી થઈ શકે તેમ છે. આ શરીરથી અનેક વ્રત, તપ, જપ, વિનય, વૈયાવચ્ચ (ભક્તિ), આત્મચિંતન, ધ્યાન, સમાધિ વિગેરે થઇ શકે તેમ છે, ઇત્યાદિ વિચાર કરી તેને ઉપયોગી કામે લગાડવું અને તે દેહનો નાશ ન થાય તે પહેલાં તેનો સારો ઉપયોગ કરી લેવો. પુનર્જન્મ ન આવે અને ફરી ફરી આવા અશુચિવાળા દેહમાં પ્રવેશ કરવો ન પડે તેવો રસ્તો સિદ્ધ કરી લેવો. ૨

બનાવો અને પાછું નાશ પામે તો તે બનાવ્યું પણ શા કામનું ? આથી શરીરનો વિનાશી સ્વભાવ બતાવાય છે કે વારંવાર આ શરીર પતિત થાય છે, તે ન થવા માટે કોઈ ઉપાય શોધવો જોઇએ અથવા તેનો નાશ ન થાય તે પહેલાં અવિનાશી સ્વભાવ સાધ્ય કરી લેવો અથવા તેવું શરીર બનાવવું તે યોગ્ય નથી. એટલે તેવું વિનાશી શરીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવવું ન પડે અને તેના સિવાય રહી શકાય તેવી અલૌકિક સ્થિતિ મેળવી લેવી. 'જન્મ્યો અને ફોગટ મરી ગયો તો જન્મ્યાનું પ્રયોજન શું ?' જન્મીને ફોગટ ન મરવું પણ એવું કાર્ય કરીને મરવું કે પાછું ફરી મરવું જ ન પડે. અથવા દુનિયાને ઉપયોગી થયા સિવાય મરવું નહિ. સારામાં સારા કામ કર્યા પછી આ દેહ પડે તો જ તેનું જન્મવું તે સફળ છે વળી તે કાર્ય કરતાં કીર્તિ મેળવવાની કે મનની આશા કે ઇચ્છા રાખવી નહિ પરંતુ સ્વભાવથી જ પરોપકારને અર્થે તેવી શુદ્ધ વૃત્તિ ધારણ કરીને સારું કાર્ય કરવું કે જેથી પોતાના આત્માને શાંતિ થાય અને લોકમાં સારા કાર્ય કરેલ હોવાથી ફરીને જીવતો છે તેમ જ ગણાય તથા મૃત તરીકે કોઈ ગણે જ નહિ. આ સર્વ કહેવાનો આશય એ છે કે શરીરનું અશુચિપણું સમજી તેમાં મોહક મમત્વ ધારણ ન કરવું અને અવશ્ય નાશ પામનારું છે તેમ જાણી તેનો સારો ઉપયોગ કરવો.

### આશ્રવ ભાવના ૭

मनोवचःकायकर्म योग इत्युच्यते जिनैः ।
स एवाश्रव इत्युक्तः सोऽप्यशुभ शुभस्तथा ॥२९॥
अम्भोधौ यानपात्रस्य छिद्रं सूते यथा जलम् ।
योगरंध्रैस्तथा जीवः कर्मादत्ते शुभाशुभम् ॥३०॥

મન, વચન અને શરીરની ક્રિયાને જિનેશ્વરોએ યોગ કહેલો છે અને તે જ આશ્રવ છે એમ કહેલું છે. તે પણ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રમાં વહાણમાં પડેલું છિદ્ર. જેમ (વહાણમાં) જલ લાવે છે તેમ જીવ યોગરૂપ છિદ્રો વડે શુભાશુભ કર્મ ગ્રહણ કરે છે.

**ભાવાર્થ** :—આ ભાવનામાં કર્મને આવવાના કારણોનો વિચાર કરવામાં આવશે. રાગાદિ પરિણામથી મન, વચન, શરીરના યોગ દ્વારા પુદ્ગલ પરમાણુનું આવવું તેને આશ્રવ કહે છે. આપણામાં એમ કહેવાય છે કે માંદા થયા પછી તેની દવા કરવી તેના કરતાં માંદા થવાના જે કારણો હોય તે કારણોને સમજીને મંદવાડને આવતો અટકાવવો તે વધારે સારું છે. તેવી જ રીતે આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે આવતાં કર્મ અટકાવવાની જરૂર છે. પરંતુ કર્મ કરી પછી તે કર્મના પરિણામને નિર્મૂળ કરવા પ્રયત્ન કરવો તેના કરતાં કર્મના કારણો સમજી તે કારણોને ખાસ દૂર રાખી કર્મ જ ન બાંધવા તે વધારે સારું છે. અને કર્મબંધન થવા માટે તેના કારણો સમજવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી કર્મને આવવાના કારણો જાણવામાં આવતાં નથી ત્યાં સુધી તેમને રોકવાને માટે મનુષ્યો કેમ સમર્થ થશે? અને તે રોકવા માટે તે તરફ પ્રવૃત્તિ પણ કેવી રીતે કરી શકશે? કદાચ ઓઘ સંજ્ઞાએ પ્રયત્ન કરશે તો કર્મને છોડવાને બદલે કર્મ બાંધી લેવાનો પણ ભય રહેવા સંભવ છે. માટે પ્રથમ કર્મ આવવાના કારણો સમજવાની ઘણી જરૂર છે. આ કર્મ બે પ્રકારના છે, એક શુભ અને બીજું અશુભ. જે કર્મના ઉદયથી જીવો મન તથા ઇંદ્રિયોને અનુકૂળ લાગે તેવા ઇષ્ટ વિષયોનો ઉપભોગ લે છે, જે કર્મોના ઉદયથી મજબૂત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર શરીર મેળવે છે, બોલવાની અને વિચાર કરવાની શક્તિ ધરાવે છે, સારી લાજ, આબરૂ કે કીર્તિ મેળવે છે, દેવ મનુષ્યની ગતિ પામે છે, સારા કુળમાં જન્મ પામે છે, આયુષ્ય પૂર્ણ પામે છે દેહ નિરંતર નિરોગી રહે છે રાજ્યાદિ વૈભવ પામે છે, ઇંદ્રાદિકની પદવી પામે છે તેવા કર્મને શુભ કર્મ કહેવામાં આવે છે. શુભનું બીજું નામ પુણ્ય પણ છે.

જે કર્મોના ઉદયથી જીવો અનિષ્ટ વસ્તુ પામે છે, ઇચ્છા છતાં ઇષ્ટ વસ્તુ મળતી નથી, કુરૂપ કે કદરૂપ શરીર મળે છે, બોલવાની કે વિચારવાની શક્તિ હોતી નથી, દુનિયામાં જ્યાં જાય ત્યાં અપકીર્તિ પામે છે, પાંચ ઇંદ્રિયો પૂર્ણ હોતી નથી, હલકી ગતિમાં કે હલકા કુળમાં જન્મ લેવો પડે છે, આયુષ્ય ઘણાં ટુંકા હોય છે, શરીર રોગથી ભરપૂર હોય છે, ભિક્ષા માગતાં પણ પેટ ભરાતું નથી અથવા ઘણી મહેનતે પેટનું પૂરું કરે છે ટૂંકામાં કહીએ તો ઈષ્ટ મળતું નથી અને અનિચ્છાએ પણ અનિષ્ટ આવીને ઊભું રહે છે, તે સર્વ કર્મને અશુભ કર્મ કહેવામા આવે છે જેનું બીજું નામ પાપ પણ છે.

આ પાપ–પુણ્યને આવવાની ક્રિયામાં મન, વચન, શરીર પણ એક પ્રકારનો વિશેષ ભાગ ભજવે છે. તે મનાદિથી થતી ક્રિયાને યોગ કહેવામાં આવે છે. તે દ્વારા આવતાં કર્મને આશ્રવ કહેવામાં આવે છે.

આશ્રવ એટલે ચારે બાજુથી આવવું. આ શબ્દનો અર્થ સંસ્કૃતમાં આવવું થાય છે. ‘આવવું’ એ સામાન્ય અર્થ છે. શુભ અને અશુભ એ તેના વિશેષ વિભાગો છે. શાથી **આશ્રવ** આવે છે? મન, વચન અને શરીરની ક્રિયાથી મનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્પન્ન થતા વિચારો, વિકલ્પો, સ્ફુરણો તે શરીરને ગતિમાન કરે છે.

પૂર્વના દઢ સંસ્કારોથી વાસનાના બળથી મન પોતે ગતિમાં મુકાય છે. અને તેની સાથે રાગદ્વેષની ચીકાશ સામેલ હોય છે આ રાગદ્વેષની ચીકાશથી નવીન કર્મ ગ્રહણ થાય છે. તેવી જ રીતે શરીર ગતિમાં મુકાઇને વિવિધ પ્રકારની ક્રિયા કરે છે. તે શરીર બહારથી પુદ્ગલોનું ગ્રહણ કરી વચન અને મનને ગતિમાં મૂકે છે અને પોતે પણ મુકાય છે. આ ગતિમાં રાગદ્વેષની પરિણતિને લઈ હર્ષ, શોકની ઊર્મિઓ ઊઠે છે. તે દ્વારા વિવિધ સ્વભાવવાળા કર્મબીજોનો સંચય થઈ, સત્તામાં-કાર્મણ શરીરમાં દઢ સંસ્કારરૂપે ખજાનો એકઠો થાય છે, જે પાછો સ્થૂલરૂપે રૂપાંતર પામતાં જીવો તેનો સુખદુઃખરૂપે અનુભવ કરે છે.

જો આસક્તિપૂર્વક સારા કર્મો કરી એટલે મન, વચન, શરીરનો સારે રસ્તે ઉપયોગ કર્યો હોય તો શુભ કર્મ એકઠા થાય છે અને તેનો જો રાગદ્વેષ અજ્ઞાન વડે ખોટે રસ્તે ઉપયોગ કર્યો હોય તો અશુભ કર્મ એકઠાં થાય છે.

જેમ કે દેવની પૂજા કરવી, ગુરુની સેવા કરવી સત્પાત્રોને દાન આપવું, ક્ષમા કરવી સરાગ સંયમ પાળવો, ગૃહસ્થ ધર્મના વ્રતનિયમો પાળવાં, અજ્ઞાન તપ કરવું, સ્વાભાવિક નમ્રતા રાખવી, સરળ થવું, ધર્મધ્યાનમાં પ્રીતિ કરવી, સજ્જનોને સન્માન આપવું, ઉત્તમ મનુષ્યોની સોબત કરવી, ધર્મ શ્રવણ કરવો, સંસારથી ભય રાખવો, પ્રમાદ ઓછો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો, પરને ઉપકાર કરવો, ગરીબ અનાથાદિને મદદ કરવી. સર્વ જીવો ઉપર મૈત્રીભાવ રાખવો, ગુણીના ગુણો દેખી સંતોષ પામવો જીવો ઉપર દયા રાખવી, ભૂખ્યાને ભોજન આપવું, તરસ્યાઓને પાણી આપવું, વસ્ત્રરહિતને વસ્ત્ર આપવા રોગીને ઔષધ આપવા, નિરાધારને આધાર આપવો, સ્થાન-રહિતને આશ્રય આપવો, પરમાત્માના નામનું સ્મરણ કરવું, દેવગુરુને નમન કરવું, તેમની સેવા કરવી, સત્ય બોલવું; હિતનો ઉપદેશ આપવો, સારા વિચારો કરવા અને વીશ સ્થાનકનું આરાધન કરવું-ઇત્યાદિ. આ સર્વ સારાં કામ કહેવાય છે. આ સારા કાર્યોમાં કાંઇક આશીભાવથી સુખી થવાની ઇચ્છાથી આ ભવમાં કે પરભવમાં કાંઇક ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય તેવી મમત્વની લાગણીથી જો પ્રવૃત્તિ કરવામાં આવે છે તો તેનાથી પુણ્યબંધ થાય છે.

ખરાબ કામ, જેવાં કે જ્ઞાન ભણતો હોય તેમાં અંત-રાય કરવો, વિઘ્ન કરવું, જ્ઞાન આપનારને ઓળવવો, તેની નિંદા કરવી, જીવોનો ઘાત કરવો, મત્સર ધરવો, જીવોને દુઃખ આપવું, શોક કરવો યા કરાવવો, સંતાપ આપવો, આક્રંદ કરવું યા કરાવવું, વીતરાગ શ્રુત, સંઘ અને ધર્મના અવર્ણવાદ બોલવા, અન્ય પણ દેવાદિના અવર્ણવાદ બોલવા, જીવોને આળ આપવાં, અસત્ય માર્ગની પ્રરૂપણા કરવી, જીવોને ઉન્માર્ગે ચડાવવા, ધર્મથી ભ્રષ્ટ કરવા, અનર્થનો આગ્રહ કરવો, ગુર્વાદિકનું અપમાન કરવું, તીવ્રકષાય, ક્રોધ, માન, માયા, લોભ કરવો, ખરાબ ચેષ્ટાઓ કરવી, મશ્કરી-ઠઠ્ઠા કરવાં, ઘણો પ્રલાપ કરવો (વગર પ્રયોજનનું સંબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના બોલબોલ કરવું ), સહનશીલતા ન રાખવી, ઈર્ષા કરવી બીજાના સુખનો નાશ કરવો, અન્યને ખરાબ કામમાં ઉત્સાહિત કરવા (ઉત્તેજન આપવું), નાનાપ્રકારની ક્રીડાઓ કરવી, કામણાદિ કરી અન્યના મનને સ્વાધીન કરવું, ભય આપવો, ત્રાસ પમાડવો, નિર્દયતા વાપરવી, સદાચારની નિંદા કરવી, વિષયમાં આસક્તિ રાખવી, અસત્ય બોલવું, ચોરી કરવી, પરસ્રીલંપટ થવું, સતીઓનાં શિયળ ખંડવા, આરંભ કરવો પરિગ્રહ વધારવો, સાધુપુરુષોની નિંદા કરવી, ધર્મમાં તત્પર થયેલાને વિઘ્ન કરવું, સંસારની આસક્ત ભાવે અનુમોદના કરવી, ઉત્તમ ચારિત્રને દૂષણરૂપે કહેવું, શાંત થયેલા કષાયાદિની ઉદીરણા કરવી, કલેશ જગાડવો, દારૂમાંસનું ભોજન કરવું, લાંબા વખત સુધી વેર વધારવું, આર્ત્ત રૌદ્ર ધ્યાન કરવું, મિથ્યાત્વ રાખવું, કરેલ પાપને છુપાવવું, દાંભિક્તા રાખવી, વક્રપણું, અન્યને ઠગવા, માયાકપટનો પ્રયોગ કરવો ચાડી ખાવી, ચિત્તની ચપળતા રાખવી, જૂઠી સાક્ષી ભરવી, દ્વેષભાવે અન્યના અંગોપાંગ કાપવાં, વિના પ્રયોજને મનુષ્ય તથા જનાવરો બંદીખાને નાખવાં, પાંજરામાં પૂરવા, હિંસક યંત્રો બનાવવા, કઠોર કે અસહ્ય વચન બોલવાં, પરના સૌભાગ્યનો નાશ કરવો, દાવાનળ સળગાવવો, ધર્મના સ્થાનો કે સાધનોનો નાશ કરવો, અન્યની અવજ્ઞા કરવી સદ્ગુણનો નાશ કરવો, અસદ્ દોષનો આરોપ કરવો, પોતાની પ્રશંસા કરવી, છતા દોષ ઢાંકવા, જાતિ આદિનો ગર્વ કરવો, અન્ય દાનાદિ કરતો હોય તેને ના પાડવી, અંતરાય કરવો, દેહનો ઘાત કરવો, ઇત્યાદિ બીજા પણ તેવાં જ ખરાબ કામ કહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાય છે. રાગ, દ્વેષ કે અજ્ઞાનભાવે આસક્તિપૂર્વક તે કર્મ કરવાથી અશુભ કર્મ બંધાય છે.

વિવિધ પ્રકારની મનની વૃત્તિઓ, વચનની વીચીઓ અને શરીરની પ્રવૃત્તિઓ, તે શુભાશુભ કર્મબંધનનાં કારણુ છે. આચારાંગસૂત્રમાં પણુ આ જ પ્રમાણે મન, વચન અને શરીરથી કરવા, કરાવવા અને અનુમોદવાની ક્રિયાને જ કર્મ-બંધનનાં કારણુભૂત કહી છે. કર્મબંધનનાં બીજા કારણોને હરકોઈ રીતે આ ત્રણુમાં સમાવેશ થઇ શકે છે.

આ જ વાતને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે. સમુદ્રની અંદર ચાલ્યા જતા વહાણુને છિદ્ર પડવાથી જેમ તે છિદ્ર દ્વારા પાણી વહાણુમાં ભરાઈ જાય છે અને જો હોશિયાર નાવિક–કપ્તાન તે પાણીને કાઢી ન નાખે તથા પડેલા છિદ્રને બંધ ન કરી શકે તો તે વહાણુ ડૂબી જાય છે, તેમ જ આ જીવ, મન, વચન, કાયાની રાગદ્વેષ અજ્ઞાનજન્ય ક્રિયાવાળાં છિદ્ર વડે શુભાશુભ કર્મ ગ્રહણ કરે છે અને જો તે જીવને ઉસ્તાદ ગુરુરૂપ કપ્તાન ન મળે તો આ જીવરૂપ વહાણુ તળિયે જ બેસી જાય છે. અર્થાત્ જીવ વિવિધ પ્રકારની દુર્ગતિઓમાં રઝળે છે. આ આશ્રવને રોકવાના રસ્તાઓ સદ્ગુરુ દ્વારા જ સમજવા જેવા છે. કારણુ કે રોગોની માફક દવાઓ પણુ અનેક હોય છે. પણુ નાડીપરીક્ષા કરીને વૈદ્ય જો દવા આપે છે તો તરત તેની અસર થઈ શરીર નીરોગી બને છે. તે સિવાય પુસ્તકોમાં લખેલી દવા વાંચીને કરવાથી કે દવાખાનામાં ભરેલા બાટલાઓ પીવાથી ઉપયોગી અસર થતી નથી, તેમ સદ્ગુરુ વૈદ્યે કર્મરોગની પરીક્ષા કર્યા વિના પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળે કરાયેલા કર્મ કાઢવાના ઉપાયો ઉપયોગી થતા નથી માટે તેવા અનુભવી ગુરુની નિશ્રાએ જ કર્મરોગની દવા કરવી, જે ભવિષ્યમાં કલ્યાણનું કારણ થાય છે.

## સંવર ભાવના ૮

अशेषाश्रवरोधो यः संवरोऽसौ निगद्यते ।
द्रव्यतो भावतश्चापि स द्विधेति प्रवर्तते ॥३१॥

यः कर्मपुद्गलादानविच्छेदः स्यात्तपस्विनाम् ।
स द्रव्यसंवरो ज्ञेयो योगिभिर्भावितात्मभिः ॥३२॥

यः संसारनिमित्तस्य क्रियाया विरतिः सताम् ।
स भावसंवरो ज्ञेयः सर्वसंवृतयोगिनाम् ॥३३॥

જે સર્વ આશ્રવનો રોધ કરવો તેને સંવર કહે છે. તે દ્રવ્યથી અને ભાવથી એમ પ્રકારે પ્રવર્તે છે. જે જ્ઞાનીઓને કર્મપુદ્ગલ લેવાનું બંધ થાય છે, તે ભાવિતાત્મા યોગીઓએ દ્રવ્યસંવર જાણવો. જે સત્પુરુષોને સંસારના નિમિત્તભૂત ક્રિયાની વિરતિ (નિવૃત્તિ) થાય છે તે સર્વથા સંવૃત્તિ (નિવૃત્ત) યોગીઓને ભાવસંવર જાણવો.

**ભાવાર્થ**—પૂર્વે આશ્રવભાવનામાં કર્મને આવવાના હેતુઓ–રસ્તાઓ બતાવ્યા. હવે આ સંવરભાવનાની અંદર આવતા કર્મને કેવી રીતે અટકાવવા તે બતાવવામાં આવશે. રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ કરવાથી કર્મ પરમાણુંઓનું આગમન રોકવું તે સંવર કહેવાય છે. સંવરનો અર્થ જ એ થાય છે કે સંવરવું–એકઠું કરવું શું સંવરવું કે એકઠું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું ? વિવિધ પ્રકારે રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન આદિ ભાવોમાં ફેલાયેલી, વિખરાયેલી મનોવૃત્તિઓને સંવરવી, એકઠી કરવી. એક ઉત્તમ સાધ્યબિન્દુ રાખી તેમાં તે વૃત્તિઓના પ્રવાહને ચલાવવો અને છેવટે તેનો આત્મામાં લય કરવો. વૃત્તિઓ મનને હોય છે. મનનો સંવર કહેવાથી તેમાં વચન અને કાયાનો પણ સમાવેશ થઈ ગયો સમજવો, કારણ કે મનમાં કોઈ પણ પ્રકારની ઈચ્છાનું સ્ફુરણ થયા સિવાય વચન કે શરીરની પ્રવૃત્તિ થવી સંભવતી નથી.

દેશસંવર અને સર્વસંવર એમ સંવરના બે ભેદ થાય છે. થોડો થોડો અમુક વૃત્તિનો આશ્રવ રોકવો તે દેશસંવર કહેવાય છે. જેમ કે હિંસક સ્વભાવવાળી એકાદ ખરાબ વૃત્તિને રોકવી યાને તેમ ન કરવાની પ્રતિજ્ઞા લેવી અને તે લીધેલ પ્રતિજ્ઞા પ્રમાણે વર્તન રાખવું આ દેશસંવર છે.

સર્વથા સર્વ પ્રકારની વૃત્તિઓને મન, વચન, કાયાના યોગોને રોકી નાખવા અને પાછું તેમાંથી ફરી ઉત્થાન કોઇ પણ વખત ન થાય તેવી સ્થિતિમાં આવી રહેવું તે સર્વ સંવર કહેવાય છે.

દ્રવ્યસંવર અને ભાવસંવર એમ પણ સંવર બે પ્રકારનો છે. આશ્રવ દ્વારો વડે આવતા કર્મ પુદ્ગલ લેવાનું બંધ કરવું તે દ્રવ્યસંવર છે. જેમ કે અમુક વખત સુધી બોલવું બંધ કરવું કે શરીરની સ્થૂલ ક્રિયાઓ અટકાવવી, સામા-યિકાદિ કરવું, ઇચ્છાઓ–વાસનાઓને માર્યા સિવાય મનાદિ યોગોની પ્રવૃત્તિ અટકાવવી, મહાવ્રતો કે સ્થૂલ વ્રતો લેવાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે આ ક્રિયા સ્થૂલ પ્રયત્નસાધ્ય છે. અમુક વખત સુધી રહે છે પણ સત્તામાં તે વાસનાનાં બીજ હોવાથી પાછું ઉત્થાન થવા સંભવ છે, અર્થાત્ પાછું ફરીને તે દ્વાર ચાલુ થવા સંભવ છે. માટે તે દ્રવ્યસંવર છે.

સંસારના કારણરૂપ ક્રિયાથી વિરમી જવું તે ભાવસંવર છે. આ સંવરની ક્રિયા ઘણા સૂક્ષ્મ પ્રયત્નસાધ્ય છે. સત્તામાંથી બીજનો સર્વથા નાશ થાય છે એટલે સંસારના નિમિત્તભૂત ક્રિયા થતી અટકે છે, મનાદિ યોગોનો સર્વદા, સર્વથા રોધ કરનાર યોગીઓને–કેવલીઓને આ સંવર છેવટની સ્થિતિએ હોય છે, પૂર્વનો દ્રવ્યસંવર તે વૃદ્ધિ પામતાં ભાવસંવરનું સ્વરૂપ ધારણ કરે છે.

મનમાં જે જે જાતની વૃત્તિઓ ઊઠે છે તેના પ્રતિપક્ષભૂત સામી તેને હઠાવનાર વૃત્તિઓ પણ હોય છે, એટલે સંવરનો ટુંકો અર્થ એવો થયો કે આશ્રવવાળી કોઈ પણ જાતની વૃત્તિ ઊઠે કે તરત જ તેને અટકાવનાર તેની વિરોધિની વૃત્તિ સામી ઊભી કરવી કે જેથી પહેલી વૃત્તિ દબાઈ જાય. મનની અશુદ્ધ ભાવનાને શુદ્ધ ભાવના વડે દબાવવી, અગર તેનો નાશ સાધવો. દૃષ્ટાંત તરીકે મિથ્યાત્વનાં પરિણામ થયાં તો તેની સામે તેના વિરોધી તરીકે સમ્યક્ત્વનાં નિર્મળ પરિણામ ઊભાં કરવાં. જેમકે નિત્યમાં અનિત્યની બુદ્ધિ થવી દુઃખમાં સુખની ભ્રાંતિ થવી, અનાત્મ પદાર્થમાં આત્મપણાની લાગણી થવી તે મિથ્યાત્વ પરિણામ કહેવાય છે. તેને બદલે નિત્યમાં નિત્યપણાની બુદ્ધિ, સુખમાં સુખપણાની લાગણી અને આત્મામાં આત્મપણાનો નિર્ણય કરવો તે સમ્યક્ પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે. ઇચ્છા ઉત્પન્ન થઈ તો સામી અનિચ્છા, નિઃસ્પૃહતા, સંતોષ, નિરાશી[1] ભાવની ભાવના મૂકી તેનો નાશ કરવો. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ ઈત્યાદિ વૃત્તિઓ ઉત્પન્ન થાય તેની સામે અનુક્રમે ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, વિરાગ, સમપરિણામ વગેરે ભાવવાળી વૃત્તિઓથી તે પૂર્વની વૃત્તિઓનો નાશ કરવો, પણ આ વિરોધી શુભ વૃત્તિઓ એવી પ્રબળ હોવી જોઇએ કે અશુભ વૃત્તિઓને દૂર કરે અગર તેમ ન કરી શકે તોપણ ત્રાજવાના બે છાબડાંની અંદર એકસરખા વજનની પેઠે સરખું બળ તો હોવું જ જોઇએ કે જેથી અશુદ્ધ ભાવનાઓ અસર કરી શકે નહિ અને અંતઃકરણ ધીમે ધીમે શુદ્ધ થઈ શકે. સંકલ્પો નિઃસંકલ્પથી રોકવા, વચનને મૌનથી અને શરીરને સ્થિરતાથી આ પ્રમાણે દેશથી કે સર્વથી જેવું પોતાનું સામર્થ્ય હોય તે પ્રમાણે યથાશક્તિ પ્રયત્ન કરવાથી જીવો આશ્રવને રોકી શકે છે. એટલું બરાબર યાદ રાખવું જોઇએ કે દૃષ્ટિ સમ્યક્ થયા વિના સંવરની ક્રિયા એટલે આવતાં કર્મને રોકવાનું બળ જીવોમાં આવી શકતું નથી. સમ્યક્ દર્શન કહો કે સમ્યક્ દૃષ્ટિ કહો એ બન્ને એક જ વાત છે. આત્મા તરફ જ જેની દૃષ્ટિએ પ્રયાણ કર્યું છે, પુદ્ગલ પદાર્થોમાં સત્ય સુખ નથી જ એવી જેની પૂર્ણ શ્રદ્ધા પ્રગટી છે, આત્મા જ સુખરૂપ છે અને તે હું સાચો હું, હું જ છું એમ જાણી તેના દરેક પ્રયાસો તેને શુદ્ધ કરવા માટે જ પ્રવર્તે છે, તેના તરફ લક્ષ રાખીને જ વર્તન થાય છે ત્યારે જ તેનાથી

૧. સર્વ વસ્તુના ત્યાગની ભાવના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાતી સર્વ ક્રિયાઓ સંવરરૂપ થાય છે, નહિતર સમ્યક્‌-દૃષ્ટિ વિના કરાતી ક્રિયાઓ સંસારના કારણરૂ થાય છે. તેમાં સારી ક્રિયાઓ હોય તો પુણ્યનું કારણ થાય છે. પણ તેથી સંસારના પરિભ્રમણનો નાશ કે કર્મ અટકાવવાના કારણરૂપ તે ક્રિયા થતી નથી માટે દરેક ક્ષણે સમ્યક્‌દૃષ્ટિ મનુષ્યોએ જાગૃતિ રાખવી જોઈએ કે અમુક ક્ષણે મારા મન, વચન, શરીરની પ્રવૃત્તિ કઇ તરફ છે? તેમાં મનની પ્રવૃત્તિ તપાસવા માટે તો વારંવાર લક્ષ આપવું જોઈએ, અને આશ્રવવાળી પ્રવૃત્તિ જણાતાં તેની વિરોધી પ્રવૃત્તિ ધારણ કરી, સામી સારી ભાવના ઉત્પન્ન કરી, અશુભ આશ્રવથી પાછા હટી, શુભ પ્રવૃત્તિમાં વધારો કરવો. તે ટેવ પડયા પછી શુભ આશ્રવને પણ રોકી લઈ શુદ્ધ આત્મસ્થિતિમાં પ્રવેશ કરવો. અને તે જ આ ભાવનાની વિચારણાનો મુખ્ય ઉદ્દેશ છે.

## નિર્જરા ભાવના

मूलभूतानि कर्माणि जन्मान्तादि यथातरोः ।
विशीर्यते यया सा च निर्जरा प्रोच्यते बुधैः ॥३४॥
सा सकामा ह्यकामा च द्विविधा प्रतिपादिता: ।
निर्ग्रन्थानां सकामा स्यादन्येषामितरा तथा ॥३५॥

જન્મ મરણાદિ પીડારૂપ વૃક્ષનાં મૂળ સરખા કર્મો જે વડે વીખરાઇ જાય, ખરી પડે તેને જ્ઞાની પુરુષો નિર્જરા કહે છે.

તે નિર્જરા સકામ અને અકામ એમ બે પ્રકારે કથન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલી છે. નિર્ગ્રંથોને સકામ નિર્જરા હોય છે, તેમ જ બીજાઓને અકામ નિર્જરા હોય.

**ભાવાર્થ** :—આવતા કર્મોને રોકવારૂપ સંવરભાવના બતાવ્યા બાદ પૂર્વના આવેલ કર્મને કાઢી નાખવા માટે નવમી નિર્જરા ભાવના કહેવામાં આવે છે. આ જીવ પોતાના શુદ્ધ ઉપયોગના બળથી પૂર્વસંચિત કર્મઅણુઓનો એક દેશથી નાશ કરે છે તે નિર્જરા કહેવાય છે. એક દેશથી એટલે અમુક ભાગનો નાશ કરે છે એમ કહેવાનો હેતુ એ છે કે સર્વથા સર્વ અણુઓનો નાશ થાય તેને મોક્ષ થાય છે, તે મોક્ષ કહેવાય છે અને આ નિર્જરા પ્રકરણ છે એટલે નિર્જરાની હકીકત જણાવી છે.

કર્મ બે પ્રકારના છે, નિકાચિત બંધવાળાં અને શિથિલ બંધવાળાં જે કર્મ અવશ્યભોગવવા જ પડવાનાં છે, જેનો બંધ મજબૂત બંધાઈ ચૂક્યો છે, તેમાં ફેરફાર કરી શકાતો નથી તે તો અવશ્ય પ્રારબ્ધરૂપે ઉદય આવવાનાં અને તે નિકાચિત બંધવાળાં કર્મોની નિજરા તો ભોગવી લેવાથી જ થાય છે.

બીજી જાતનાં કર્મ કે જેનો બંધ મજબૂત–નિકાચિત પડચો નથી પણ વાસનારૂપે જેનાં પુદ્દગલો એકઠાં કરેલા છે તેમાં ફેરફાર કરી શકાય છે. પશ્ચાત્તાપવાળી પણ આત્માના શુદ્ધ ઉપયોગરૂપ સદ્‌ભાવનાથી તે નિર્જરી શકાય છે. અથવા એક જાતની કર્મપ્રકૃતિમાંથી બીજી જાતની કર્મપ્રકૃતિમાં વિચારશક્તિ દ્વારા પલટાવી પણ શકાય છે સારા સમાગમથી જ્ઞાની પુરુષોના સહવાસથી ઘણી વખત આપણી વાસનાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછી થઈ જાય છે. અમુક વસ્તુનું મમત્વ ઓછું થઇ જાય છે, અને મનમાંથી પણ તેવી જાતની ઇચ્છાઓ સદાને માટે કાઢી નાખીએ છીએ. આનું કારણ એ જ છે કે તે નિકાચિત બંધ પડચા વિનાની આપણી ખરાબ લાગણીઓ હોવાથી ભાવનાઓથી જે પુદ્ગલ કર્મનો જથ્થો એકઠો કરાયેલો હતો તે સદ્ગુરુના વચનામૃતોથી ભાવ વિશુદ્ધ થતાં વીખરાઈ જાય છે. આ માટે જ કહેવામાં આવ્યું છે કે જન્મમરણના બીજભૂત કર્મો જે સદ્ભાવના વડે વીખરાઇ જાય છે તેનું નામ નિર્જરા છે.

આ નિર્જરા બે પ્રકારની છે. સકામ નિર્જરા અને અકામ નિર્જરા કર્મનો નાશ કરવા માટે જે જે પ્રયત્નો કરવામાં આવે છે, જે જે ક્રિયાઓ કરવામાં આવે છે અને તે પણ આત્મઉપયોગની પૂર્ણ જાગૃતિપૂર્વક કરવામાં આવે તેથી સકામ નિર્જરા થાય છે.

ટાઢ, તાપ, ક્ષુધા, તૃષા, અનેક પ્રકારના અજ્ઞાનકષ્ટાદિ, સમ્યક્દષ્ટિ થયા સિવાય સહન કરવામાં આવે છે, ઇચ્છા વિના પણ વિવિધ પ્રકારના રાગાદિ સહન કરવામાં આવે છે. ઇષ્ટ વિયોગથી અનિષ્ટ સંયોગથી વિવિધ પ્રકારના અપમાનથી દુનિયામાં અપકીર્તિ ફેલાવાથી, ચક્ષુ આદિ ઇંદ્રિયોના નાશથી, મોહના ઉદયથી થતા કામાદિ વિકારોને પરાણે રોકી રાખવાથી, નીચ કુલાદિમાં ઉત્પન્ન થવાથી, નાના પ્રકારની ઇચ્છાઓની અપૂર્ણતાથી, ટુંકામાં કહીએ તો જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મના ઉદયથી જે માનસિક, વાચિક કે કાયિક કષ્ટો સહન કરવાં પડે છે તે દુઃખ સહન કરવાથી; પછી તે ઇચ્છાથી કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિચ્છાથી પણ જેટલું સહન કરવામાં આવે છે તેટલું પૂર્વે જે કર્મ બાંધેલું છે તેમાંથી ઓછું થાય છે. આ સહનતાથી અકામ નિર્જરા થાય છે, જે અકામ નિર્જરા એકેંદ્રિય જીવોથી લઈ પંચેદ્રિય જીવો પર્યંત મિથ્યાદષ્ટિવાળા સર્વને કાયમને માટે હોય છે. જે જે વ્યક્તિઓને સકામ નિર્જરા કરવાની સત્તા હોતી નથી અગર તો તેવી નિર્જરાને લાયક હોતી નથી તે તે વ્યક્તિઓને અકામ નિર્જરા હોય છે, એટલે કે પૂર્વ કર્મના ઉદયે દુઃખો આવી પડે છે તે સહન કરવાથી પૂર્વ કર્મ ઓછાં થાય છે; પણ આત્મજાગૃતિ ન હોવાથી અજ્ઞાન અને રાગદ્વેષપૂર્વક તે પૂર્વ કર્મ ભોગવતાં નવીન કર્મ બંધ કરે છે. આવી રીતે વિશ્વમાં દરેક મનુષ્ય બલકે પ્રાણીને માટે અકામ નિર્જરા તો છે જ.

આ સિવાય પણ જે પંચધૂણી તાપવી, અજ્ઞાન તપશ્ચર્યા ઉપવાસાદિથી કરવી, વગેરે કષ્ટદાયક ક્રિયા પોતાનું આત્મબલ જાગ્રત થયા સિવાય અજ્ઞાનભાવથી કરવામાં આવે છે, તે સર્વથી અકામ નિર્જરા થાય છે, તેમ જ તે ક્રિયાઓ ભાવિ દુનિયાના સુખની ઈચ્છાથી કે કાંઈ પણ આશાથી કરાતી હોવાથી તેમાંથી પુણ્ય પણ થાય છે. પણ આ પ્રકરણ નિર્જરાનું હોવાથી અહીં નિર્જરાને જ મુખ્ય રાખીને વિવેચન કરવામાં આવે છે. તે કર્મ જેટલું ભોગવાય છે તેટલું પૂર્વના બાંધેલ કર્મમાંથી જ બહાર આવે છે તેથી તેનો નાશ તો થાય છે જ. એટલે આ નાશ પામતા—આત્મપ્રદેશથી ઓછા થતા કર્મને અકામ નિર્જરા કહેવામાં આવે છે. અકામ નિજરા મિથ્યાદષ્ટિને જ હોય છે. બાકી તે કર્મ ભોગવતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યક્દષ્ટિના અભાવે હર્ષ, શોક, રાગદ્વેષાદિવાળાં પરિણામ થયા સિવાય રહેતાં નથી; અને આવા પરિણામથી નવીન બંધ પણ સાથે જ થાય છે સમ્યક્દષ્ટિવાળા જીવો આ કર્મ ભોગવતાં હર્ષ, શોક કે રાગદ્વેષ ન કરતા હોવાથી તેમને સકામ નિર્જરા થાય છે અને તેઓ નવીન બંધ કરતા નથી કર્મ ભોગવતાં હર્ષ, શોક ન થવાનું કારણ તેમની સમ્યક્-દષ્ટિ થયેલી છે તે જ છે. તેમનો આત્મઉપયોગ–શુદ્ધ ઉપ-યોગ ક્ષણે ક્ષણે જાગ્રત હોય છે. તેથી અજ્ઞાન, મમતા કે અભિમાન તેમને થતાં નથી અને તેના વિના નવીન બંધ થતો નથી. જેમ પહેલાં નાનાપ્રકારના પ્રતિકૂળ કષ્ટો સહન કરવાથી પાપકર્મની અકામ નિર્જરા થાય છે તેમ જ પાંચ ઇંદ્રિયનાં અનુકૂળ સુખ ભોગવવાથી પણ પૂર્વનું બાંધેલ શુભ કર્મ–પુણ્ય ઓછું થાય છે. એટલે તેથી પણ અકામ નિર્જરા થાય છે. આ પ્રમાણે ઇષ્ટાનિષ્ટ સુખદુઃખ ભોગવવાથી સમ્યક્-દષ્ટિ સિવાય નિર્જરા થાય છે, જે નિર્જરા સર્વ પ્રાણીને હોય છે.

અહીં આ શંકા ઉત્પન્ન થવી યોગ્ય છે કે આવી નિર્જરા સર્વ જીવો કરે જ છે તો તમે આ નિર્જરાતત્ત્વમાં નવીન શું બતાવ્યું ? વળી આવી નિર્જરાથી શું સંસારના બીજ-ભૂત કર્મોનો નાશ થઇ શકે છે ? જો સુખદુઃખ ભોગવવાથી કર્મનો નાશ થતો હોય તો તે તો સર્વને થયા જ કરે છે; તો પછી ધર્માધર્મની વ્યવસ્થાની મનુષ્યોને શી જરૂર છે ?

આનો ઉત્તર આ પ્રમાણે છે. સર્વ જીવો સુખદુઃખ અનુભવીને કર્મ ઓછાં કરે છે તે વાત ચોક્કસ તેમ જ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે સુખદુઃખરૂપ શુભાશુભ કર્મનો અનુભવ કરતા તે જીવો રાગદ્વેષની નવીન લાગણીઓ ઉત્પન્ન કરે છે. અને જેટલી લાગણી મૃદુ કે તિવ્ર તેવું અને તેટલા પ્રમાણનું કર્મ બંધાય છે. કર્મની જાવક છતાં નવીન આવકને લઇને સંસારના બીજભૂત કર્મનો નાશ થતો નથી. મતલબ કે જેટલું કર્મ સુખદુઃખના અનુભવથી તે ઓછું કરે છે તેટલું કે તેનાથી ઓછું અગર વધારે પાછું બંધાય છે. આ કારણથી ધર્માધર્મની વ્યવસ્થાની જરૂરિયાત સર્વ જીવને રહ્યા કરે છે.

નિર્જરા તત્ત્વમાં નવીન એ બતાવવાનું છે કે અકામ નિર્જરા તો સર્વ જીવો કરે છે, પણ સકામ નિર્જરા કરવી તે પુરુષાર્થથી સાધ્ય થઇ શકે તેમ છે, ત્યાગીઓ નિર્ગ્રંથો સકામ નિર્જરા કરી શકે છે. મૂળ ગ્રંથકારના શ્લોકમાં બતાવ્યા પ્રમાણે સકામ નિર્જરા નિર્ગ્રંથોને હોય છે એ વાત ખરી છે, પણ નિર્ગ્રંથનો અર્થ જે ત્યાગી થાય છે, તેટલો સાંકડો અર્થ ન લેતા નિર્ગ્રંથ એટલે ગ્રંથિ વિનાનો–"જેની રાગદ્વેષની ગ્રંથિ–ગાંઠ–તૂટી ગયેલી છે તેવા" એ અર્થ લેવો વધારે યોગ્ય છે મતલબ કે સંસારના પદાર્થોમાં મમત્વ કે આસક્તિભાવની લાગણીઓ જેની નાશ પામી છે તેવા સમ્યક્દૃષ્ટિવાળા જીવો ગ્રહણ કરવા તે અહીં વધારે યોગ્ય લાગે છે.

આસક્તિ નાશ પામવાથી આસક્તિને લઇને થતી રાગદ્વેષની તીવ્ર પરિણતિ તે જેની સદાને માટે બંધ થઈ ગઈ છે, અનંત બંધને વિસ્તારનારી ક્રોધ, માન, માયા, લોભરૂપ અનંતાનુબંધી અજ્ઞાનપરિણતિ જેની છેદાઈ ગઈ છે તેવા જીવો નિર્ગ્રંથ શબ્દથી ગ્રહણ કરવા. આવા જીવો ત્યાગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય કે ગૃહસ્થ હોય-તેમને સકામ નિર્જરા થાય છે. આ ઉપરથી એ નિશ્ચય કરવાનો છે કે જેને સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તેવા સમ્ક્ત્વવાન જીવોને સકામ નિર્જરા હોય છે. તે સિવાયનાને અકામ નિર્જરા હોય છે.

અનિચ્છાએ આત્મજાગૃતિ વિના સ્વાભાવિક રીતે ઉદય આવી કર્મ ઓછાં થાય છે તે અકામ નિર્જરા છે. તે જીવની આવી ઈચ્છા નથી હોતી કે સત્તામાં મારે કર્મ પડયાં હોય તે બહાર લાવું કે બહાર આવી સર્વથા નાશ પામે અને હું મુક્ત થાઉં.

અકામ નિર્જરા ઝાડના ડાળાંપાંખડાં કાપવા જેવી છે. મૂળ જમીનમાં કાયમ હોવાથી તે કાપેલા ડાળાંપાંખડાં પાછા પલ્લવિત થવાના જ. તેવી જ રીતે અસમ્યક્દૃષ્ટિમાં અજ્ઞાન દશાને લઇને ઉત્પન્ન થતા રાગદ્વેષ મોહાદિના બીજ સત્તામાં હોવાથી તેમાંથી વારંવાર નવીન કર્મ થવાના જ.

સમ્યક્દૃષ્ટિ જીવોને જ્ઞાનદશા જાગ્રત થયેલી હોવાથી સકામ નિર્જરા હોય છે. આ નિર્જરા ઝાડના મૂળિયાં ઉખેડી નાખવા જેવી છે. મૂળ નાશ પામતાં તેમાંથી ફરી અંકુરો ઉત્પન્ન થવાની શક્તિ નાશ પામે છે, તેમ જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થયા પછીથી કરાતી ક્રિયા નવીન ફળ આપનારી થતી નથી એટલું જ નહિ પણ પૂર્વકર્મનો નાશ કરવાવાળી પણ થાય છે. જ્ઞાની પૂર્વકર્મના ધક્કાથી ચાલે છે. પૂર્વસંચિત કર્મના ઉદય અનુસાર દુનિયામાં પ્રવૃત્તિ કરે છે. તે ધક્કો બંધ થતાં તેની ક્રિયા અટકી જાય છે. અજ્ઞાની નવો ધક્કો આપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કર્મને નવીન બળ આપે છે. તેથી જીવનચક્ર સદા ગતિમાન રહ્યા કરે છે, પરિભ્રમણ ચાલુ રહે છે.

આ ભાવનામાં ધ્યાન પર લાવવા જેવી બીજી નવીનતા એ છે કે પૂર્વકર્મનો અનુભવ કરતાં નવીન કર્મ ન બંધાય તે માટે પૂર્ણ સાવચેતી રાખવી. આ બાબત ઘણી જ મનન કરવા જેવી છે. એને માટે જેટલો પુરુષાર્થ કરવો ઘટે તેટલો કરવો યોગ્ય છે. પુરુષાર્થને અવકાશ પણ આ વાત માટે જ છે. બાકી તો પૂર્વનું કર્મ ચાલ્યું આવે છે. તે તો તમે હા કહો કે ના કહો. તમારી ઈચ્છા હોય કે ન હોય તમે રાજી થાઓ કે ન થાઓ પણ તે કર્મ તો આવવાનું જ અને તમારે ભોગવવું પડવાનું જ. તે માટે પુરુષાર્થ કરવાની જરા જેટલી પણ જરૂર નથી.

## પુરુષાર્થની જરૂરિયાત છે તે બતાવે છે.

स्वयं पाक उपायाच्च फलानां स्याद्यथा तरोः ।
तथात्र कर्मणां पाक स्वयं चोपायतो भवेत् ॥३६॥
विशुध्यति यथा स्वर्णं सदोषमपि वह्निना ।
तद्वच्छुध्यति जीवोऽयं तप्यमानस्तपोग्निना ॥ ३७ ॥

જેમ વૃક્ષ ઉપર ફળોનો પાક સ્વાભાવિક થાય છે, તેમ ઉપાયથી પણ થાય છે. તેમ અહીં કર્મનો પાક (ઉદય) પોતાની મેળે થાય છે તેમ ઉપાયથી પણ થાય છે. મેલવાળું સોનું જેમ અગ્નિ વડે વિશુદ્ધ થાય છે તેમ તપરૂપ અગ્નિ વડે તપતો આ જીવ શુદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:—આંબા, કેળપ્રમુખના ફળો ઝાડ ઉપર કેટલીક વખત પાકે છે પણ તે પાકવા વધારે વખતની જરૂર પડે છે. જેને તે ફળ ખાઇને આનંદ લેવાની વહેલી ઇચ્છા હોય અથવા ઝાડ ઉપર તે ફળો પોતાની મેળે યથાયોગ્ય પાકે ત્યાં સુધી તેની રાહ જોવાની ધીરજ ન હોય તેમણે તે કાચાં ફળોને ઘાસ, પરાળ કે જેનાથી વધારે ગરમી મળે તેવા બાફવાળા સ્થાનમાં રાખવાં જેથી ગરમીની મદદથી ઘણું થોડા વખતમાં તે ફળો પાકી જશે. આ પ્રમાણે ફળો પકવવાનો નિયમ આપણા અનુભવમાં આવે છે. વિશેષ એટલો છે કે વૃક્ષ ઉપર ફળો સ્વાભાવિક રીતે પાકે છે તેમાં તે પકાવવા નિમિત્તે મહેનત કરવાની આપણને જરૂર રહેતી નથી. પણ તે ફળોને તેના કુદરતી નિયમથી વહેલાં પકાવવા હોય ત્યારે તે નિમિત્તે મહેનત કરવાની જરૂરિયાત રહે છે.

આવી જ રીતે કર્મનો પાક પણ (ઉદય–અનુભવ પણ) બે પ્રકારે થાય છે. એક રીતિ તો એ છે કે કર્મો સ્વાભાવિક રીતે યથાયોગ્ય કાળે ઉદય આવી પોતાનો સ્વભાવ બતાવી સુખદુઃખ અનુભવાવે છે, સુખદુઃખનો ભોગ આપે છે. એટલે કર્મ બાંધતી વખતે જેવા સ્વભાવવાળું કર્મ બાંધ્યું હોય જેટલા પ્રદેશ ( પુદ્ગલના સમૂહવાળું બાંધ્યું હોય છે તેવા જ સ્વભાવે, તેટલી સ્થિતિપર્યંત, તેવા રસે, અને તેટલા પ્રદેશો સાથે ઉદય આવે છે. આ કર્મનો ઉદય વૃક્ષ ઉપર સ્વાભાવિક રીતે પાકતાં ફળોની માફક વિના પ્રયત્ને ઉદય આવેલો કહેવાય છે. આ કર્મફળને ભોગવવા લાયક બનાવવામાં નવીન પુરુષાર્થ કરવાની જરૂર રહેતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કર્મ ઘણા લાંબા વખતે ઉદયમાં આવવાનું હોય છે તેને ફળના પાકની માફક પુરુષાર્થ કરીને ઘણા ટુંકા વખતમાં ભોગવવું, તે પુરુષાર્થસાધ્ય કર્મફળ વિપાક કહેવાય છે, મતલબ કે જે કર્મ સત્તામાં પડેલું છે, ઉદય આવવાને હજી વધારે વખત આડો છે તે વખતે મહાપ્રયત્નવાન જ્ઞાની પુરુષ તે કર્મફળના ઉદયની વાટ જોવા ન બેસતાં, સત્તામાં રહેલ કર્મને ઉદીરણા કરી ઉદય લાવી કર્મફળ ભોગવી લઈ નવીન કર્મ ન બંધાય તેની જાગૃતિ રાખી સર્વ કર્મનો નાશ કરી નાખે છે તે પુરુષાર્થ સાધ્ય કર્મફળપાક કહેવાય છે.

વિચાર કરતાં આમ સમજાય છે કે જે કર્મ પોતાની મેળે જ પાકીને ફળ આપે છે તેનું ફળ વધારે જોરવાળું હોય છે. દાખલા તરીકે આપણે પૂર્વે કર્મ સંચિત કરેલું હોય તેવું ફળ જો આપણે આપણી પોતાની જાતે કાયાને કષ્ટ આપી વિચારપૂર્વક મહાવ્રતો પાળી કે તપશ્ચર્યા કરીને ભોગવીએ છીએ તો તેની અસર વિશેષ દુઃખદાતા થતી નથી પરંતુ જો તે કર્મને સ્વભાવિક–કાળે જ પાકવા દઈ તેનું પરિણામ સહન કરવા ધારે તો તે ફળ અનિચ્છાએ આવેલ હોવાથી મનુષ્યોને વિશેષ દુઃખરૂપ લાગે છે. મતલબ કે કુદરતી દુઃખ જે પ્રાપ્ત થાય છે તે તો તેનો અંત આવે ત્યારે જ દૂર થઈ શકે છે અને તે બરોબર પરિપકવ થયા પછી જ આવે છે, જેથી તેની અસર ઘણી સખત થાય છે. માટે પ્રયત્ન કરી કર્મફળને વેળાસર જાગૃતિપૂર્વક પકાવીને સ્વેચ્છાથી જ પરિણામ સહન કરવું તે ઉત્તમ છે.

પહેલું કારણ અને પછી કાર્ય. આ વ્યવહાર ઘણે સ્થળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટે ભાગે લાગુ પડે છે. આ દેહ કાર્ય છે તો તેનું કારણ આ દેહ મળ્યા પહેલાના કર્મ હોવાં જ જોઇએ. અત્યારે જે દુઃખ અમુક મનુષ્ય અનુભવે છે તે કાર્ય છે, તો તેનું કારણ તે દુઃખ પહેલા હોવું જોઇએ. અત્યારે સુખ પ્રાપ્ત થયું છે તો તેનું કારણ તેના પહેલાનું શુભ કર્મ માનવું જ જોઇએ. તેવી જ રીતે વિચાર કરવાના સાધન તરીકે મન છે, બોલવા માટે વચનશક્તિ છે, તેમ જ મનુષ્યના આખા જીવનમાં જેટલા અનુકૂળ કે પ્રતિકૂળ, ઈષ્ટ કે અનિષ્ટ સંયોગો મળી આવે છે તે બધા કાર્યરૂપે હોવાથી તેનું કારણ તે મળ્યા પહેલાનું શુભ કે અશુભ કર્મ માનવું જોઇએ.

આ ઉપરથી એ નિશ્ચય થાય છે કે અત્યારે આપણને જે અનુભવ કરવો પડે છે તે પૂર્વભવનો પ્રયત્ન છે, નવું કાંઈ નથી. આ પૂર્વના પ્રયત્નને જોર કરીને તરત ઉદયમાં લાવવો તેને ઉદીરણા કહે છે. દૃષ્ટાંત તરીકે, દુઃખથી કંટાળેલા, ક્રોધથી ધમધમી રહેલા, વહાલાના વિયોગથી વ્યાકુળ થયેલા, કેટલાએક અજ્ઞાની જીવો તે અસહ્ય દુઃખથી મરવાને તૈયાર થાય છે, આપઘાત કરે છે, પથ્થર વડે માથું ફોડે છે, આપઘાત કરી આયુષ્યનો નાશ કરે છે. આ સ્થળે એમ સમજાય છે કે તેઓ આ નિમિત્તોને પામી સત્તામાં રહેલા અશાતા (દુઃખમય) કર્મની ઉદીરણા કરી ઉદય બહાર લાવે છે. આયુષ્યને ટુંકું કરે છે આ ઉદીરણા છે, પણ તે ઉદીરણા તેમને ફાયદાજનક નથી. આ સ્થળે અજ્ઞાનદશા છે. આ ઉદીરણાથી દુઃખ ભોગવવાનું વહેલું ઉદય તો આવ્યું પણ તેથી તેના કર્મ નાશ પામી તે નિર્વાણની શાંત સ્થિતિ ભોગવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકવાનો નહિ. કારણ અજ્ઞાનદશા જ્યાં સુધી જાય નહિ, બીજમાંથી ઊગવાની શક્તિ નષ્ટ ન થાય, કર્મના ઊંડાં મૂળો જમીનમાંથી મૂળથી ખોદી કઢાય નહિ ત્યાં સુધી તો કર્મના અંકુરો પાછા ફૂટવાના જ. વૃક્ષની એકાદ ડાળી કાપી નાખવાથી તે વૃક્ષની નાશ થવાની આગાહી કરવી જેમ નિરુપયોગી છે–નિષ્ફળ છે તેમ આ અજ્ઞાનજન્ય ઉદીરણા નકામી છે. આમ કરનાર મનુષ્ય પોતાના અજ્ઞાનને લીધે વધારે મજબૂત બંધન પામવાનો આ અજ્ઞાનજન્ય ઉદીરણાથી ઉત્પન્ન કરેલા દુઃખનો અનુભવ કરતાં તેને ક્લેશ, શોક, આક્રંદ, પશ્ચાત્તાપ વગેરે પાછળથી થવાના અને કદાચ માનો કે તેણે આ પ્રયોગ પોતાની ઇચ્છાથી કરેલ હોવાથી શોક, આક્રંદ તે ન કરે કે તેને ન થાય તોપણ અજ્ઞાન દશામાં શરીરનો નાશ કરવાથી તે ઇષ્ટ સિદ્ધિ મેળવી શકવાનો નથી. શરીર કંઈ કર્મબંધનું કારણ નથી કે તેનો નાશ કરવાથી દુઃખનો નાશ થાય!

શરીર જ કર્મબંધનું કારણ હોય તો આત્મજ્ઞાની કેવલજ્ઞાની પુરુષોને પણ શરીર તો હોય છે જ. તેઓને પણ બંધ થવો જોઇએ. પણ તે શરીર તેમને કર્મબંધરૂપે થતું નથી.

બંધના ખરા કારણો અજ્ઞાન, રાગ, દ્વેષ, મમત્વ, ઈત્યાદિ છે, તેમને દૂર કર્યા સિવાય શરીરનો નાશ કરવાથી કંઈ ફાયદો થવાનો નથી. શરીર તો ઊલટું કર્મબંધ તોડવામાં મદદગાર સાધન છે.

ત્યારે આ ઉદીરણા કોણ કરે? અને તેથી તેને ફાયદો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચી શકે? આ પ્રશ્ન સ્વાભાવિક રીતે આગળ આવીને ઊભો રહે છે.

સમાધાન આ પ્રમાણે થવા યોગ્ય છે. જેને આત્મ-અનાત્મનો, જડ-ચૈતન્યનો વિવેક થયો હોય, ઉદય આવનાર સુખદુઃખોને સમપરિણામે સહન કરવાને સમર્થ હોય, લાભાલાભનો વિચાર કરી શકનાર હોય-મતલબ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરી અવસરઉચિત વર્તન કરનાર, કદાગ્રહી ન હોય, ઉદય આવતા કર્મમાં રાગદ્વેષ હર્ષશોક ન કરતાં તેવા અનેક પ્રસંગોને સમભાવે ઓળંગી ગયેલ હોય પૂર્ણ નિઃસ્પૃહ હોય, ઈત્યાદિ સામર્થ્યવાળા, આત્મજાગૃતિમાં જાગૃત થયેલા પુરુષો સત્તાગત ક્લિષ્ટ કર્મ ખપાવવા નિમિત્તે ઉદીરણા કરે છે, તેઓ ઘણે કાળે ભોગવી શકાય તેવાં કર્મો આત્મબળથી થોડા વખતમાં ભોગવી લે છે.

ભગવાન મહાવીર દેવે છદ્મસ્થાવસ્થામાં વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરી હતી. ઘેર રાજ્યાદિ અનુકૂળ સામગ્રી હોવા છતાં તેનો ત્યાગ કરી ઘોર પરીષહો સહન કરવાનું યોગ્ય ધાર્યું હતું આર્ય દેશમાં ઉપસર્ગો ઓછા થવા લાગ્યા અને ક્લિષ્ટ કર્મો હજી બાકી અધિક છે તેમ જણાતાં તે કર્મની ઉદીરણા નિમિત્તે અનાર્ય દેશમાં ગયા હતા અને જાણી જોઈને ત્યાં વિવિધ પ્રકારના ઉપસર્ગો અને કષ્ટો સહન કર્યાં હતાં.

આવી જ રીતે અનુકૂળતાવાળી યોગ્ય સામગ્રી હોવા છતાં નાના પ્રકારની તપશ્ચર્યા કરવી, કરેલ કર્મની ગર્હા કરવી, ગુરુની સાક્ષીએ પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરવો, મન, વચન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરનો સંયમ–નિગ્રહ કરવો, મહાન અભિગ્રહો લેવા, ધ્યાન-નિમગ્ન થવું, તેમાં આવી પડતા પરીષહો કે ઉપસર્ગો સમભાવે સહન કરવા, પરોપકારના કાર્યોમાં મન, વચન, શરીરની શક્તિને ફેરવવી, પોતાના શરીરને કષ્ટ થાય છે કે મહેનત પડે છે. તેની પણ દરકાર ન રાખતાં અન્યને ઉપયોગી મદદ કરવી, ઈત્યાદિ કાર્યોમાં પોતાનું પુરુષાર્થબળ–વીર્ય ફેરવવું તે ઉદીરણા પ્રયત્ન કહેવાય છે.

આ સર્વ સહન કરતાં આર્ત્ત, રૌદ્ર પરિણામ ન થાય, કર્મક્ષય કરવા નિમિત્તે જ પ્રયત્ન હોય, આત્મદશાની જાગૃતિપૂર્વક પ્રવૃત્તિ થતી હોય તો આ ઉદીરણાથી પૂર્વકર્મ નિર્જરવા–દૂર થવા સાથે નવીન બંધ પણ થતો નથી.

સ્વાભાવિક રીતે કર્મના પરિપાકકાલે જે સુખદુઃખાદિ ઉત્પન્ન થાય છે તે કર્મનો ઉદય કહેવાય છે. અને કર્મનો ક્ષય કરવા નિમિત્તે આત્મઉપયોગની જાગૃતિપૂર્વક જેટલી કષ્ટસાધ્ય કે સુસાધ્ય ક્રિયાઓ જાણી જોઇને કરવામાં આવે છે તે ઘણે ભાગે ઉદીરણારૂપે હોય છે.

દરેક જીવો ઉદય આવેલ કર્મ ભોગવે છે જેટલું ભોગવાય છે તેટલું ઓછું થાય છે છતાં તેઓ મુક્ત થતા નથી. તથા ‘ આ ’ પૂર્વનું કર્મ છે અને ‘ આ ’ અત્યારે નવું બંધાયું છે આનો નિર્ણય કેવી રીતે થઈ શકે ?

આ શંકાનું સમાધાન પ્રથમ કેટલું કહેવાઈ ગયું છે, તથાપિ વિશેષ સ્પષ્ટતા માટે તેનું સમાધાન આ પ્રમાણે થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવો અત્યારે જે કર્મફળ ભોગવે છે તે પૂર્વના કર્મનું પરિણામ છે. કારણ પ્રથમ અને કાર્ય પછી—આ ન્યાયે વર્તમાન કાળે જે સ્થિતિ અનુભવાય છે તે પૂર્વકૃત કર્મનું ફળ ભોગવાય છે, એટલે નવું કાંઇ નથી પણ બધું જૂનું છે. આ જૂનું જેમ ભોગવાય છે તેમ ઓછું થયા જ કરે છે છતાં સર્વથા ખાલી ન થવાનું કારણ એ છે કે જીવો તેમાં દરેક ક્ષણે નવીન વધારો કરતા જ રહે છે.

એક અનાજની કોઠીમાં પચીસ મણ અનાજ ભર્યું હોય તેમાંથી નિરંતર એક શેર અનાજ કાઢવામાં આવે તો એક હજાર દિવસે અવશ્ય તે કોઠી ખાલી થવી જ જોઇએ છતાં નીચેની એક બાજુથી નિરંતર એક શેર અનાજ કાઢીએ અને ઉપરની બાજુથી તે કોઠીમાં જેટલું અનાજ કાઢ્યું હોય તેટલું કે તેનાથી અધિક ઓછું નાખ્યા જ કરીએ તો તે કોઠી ખાલી થવાનો પ્રસંગ કોઈ વખત ન જ આવે આ દૃષ્ટાંતે જીવો જ્યારે જ્યારે કર્મથી ઉત્પન્ન થતાં સુખદુઃખાદિનો અનુભવ કરી કર્મ ઓછાં કરે છે, તે તે કર્મનો અનુભવ કરતી વખતે સુખદુઃખમાં રાગદ્વેષની પરિણતિથી હર્ષશોક કરે છે. રાગદ્વેષ એ ચીકાશ છે. ઇષ્ટપ્રાપ્તિથી ખુશ થવાય છે. અનિષ્ટપ્રાપ્તિથી નારાજ થવાય છે પૂર્વકર્મનો ઉદય અનુભવતી વખતે સામ્ય સ્થિતિ રહેતી નથી. સારું કે નઠારું કરેલું જ ઉદય આવે છે તો પછી પોતાની મહેનતના મળેલા બદલાથી હર્ષ, શોક, ખેદ કે આનંદ શા માટે કરવો જોઇએ ? સમ્યક્-દૃષ્ટિ થયા સિવાય આવી સ્થિતિ રહી શકે જ નહિ, અને તેવી સ્થિતિના અભાવે તે જીવ રાગદ્વેષવાળી જેવી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલા પ્રમાણુવાળી લાગણીથી તે કર્મનો અનુભવ કરે છે તેટલા પ્રમાણમાં તે નવીન કર્મ બાંધવાનું કારણ થાય છે.

પૂર્વકર્મના ઉદયથી હાથ, પગ આદિ શારીરિક શક્તિ મળી છે પણ તેનો ઉપયોગ અન્યને નુકસાન કરવામાં હેરાન કરવામાં કે મારવામાં, રાગદ્વેષની તીવ્ર કે મંદ લાગણીથી કરવામાં આવે છે, તો આ લાગણીઓ નવીન અશુભ કર્મ-બંધ કરવામાં હેતુભૂત થાય છે.

આવી જ રીતે શારીરિક, વાચિક કે માનસિક શક્તિનો સારી લાગણીથી કોઇને મદદ કરવાદિ પરોપકારના કાર્યમાં ઉપયોગ કરવામાં આવે છે તો શુભકર્મનો બંધ થાય છે.

અહીં આ શંકા ઉત્પન્ન થવાનો સંભવ છે કે આ શરી-રાદિના નિમિત્તથી અન્યના શરીરાદિને નુકશાન પહોંચે તેવું કર્મ બાંધેલું હોય અને તેને લઇને અન્યને નુકશાનાદિ કર-વાથી તેનું પૂર્વકર્મ છૂટી જતું હોય તેમ શા માટે ન માનવું? અને જો તેમ થતું હોય તો પછી નવીન કર્મ શા માટે બંધાય?

કદાચ આ કહેવું માન્ય કરીએ તેમ પણ સંભવે, છતાં તમારા શરીરાદિ દ્વારા અન્યને નુકશાન પહોંચાડતી વખતે પણ જો તમારા મનમાં હર્ષ, શોકની લાગણી ન હોય તો તમને કર્મથી બાંધવાનું પછી કાંઈ કારણ રહેતું નથી. તમારું પૂર્વકર્મ નિર્જરી ગયું, ભોગવાઈ ગયું, પણ તમારા હાથ, પગ, આદિથી અન્યને દુઃખ થયું તેના પ્રમાણમાં સામા મનુષ્ય તરફથી પાછો તમને આઘાત થવાનો જ. આ આઘાતને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહન કરવાનું બળ તમારામાં હોવું જોઇએ. તે પોતાને લાગેલા પ્રહારથી તમને પ્રહાર કદાચ કરે, નુકશાન પહોંચાડે તે વખતે જો તમારામાં રાગદ્વેષની પરિણુતિ ઊઠે, તેનો પ્રતિકાર કરવા તમે ઊઠો તો તે વખતે તમે નવીન કર્મ બાંધવાના જ. આ વખતે તમારે સંતોષ માનવો જોઇએ કે મારા હાથ, પગથી અન્યને થયેલા પ્રહારનો આ બદલો છે, છતાં જો હું તેને સહન નહિ કરું તો મારા તરફથી કરાતા આઘાતનો ફરી પાછો બદલો સામા તરફથી કરાતા પ્રત્યાઘાતરૂપે થવાનો જ, મળવાનો જ.

આમ વિચાર કરી જો સમભાવની સ્થિતિમાં આવી જાઓ તો નવીન કર્મબંધ થતો અટકી પડે; નહિતર આ કર્માવર્તનું વિષમચક્ર પાછું આવી ઊભું રહેવાનું જ અને એક પછી એક આવા આઘાતપ્રત્યાઘાત થયા જ કરવાના.

આ જ પેલી કોઠીને ખાલી ન થવા દેવાનું કારણ. સંસારપરિભ્રમણ ચાલુ રહેવાનું આ જ કારણ. નવીન બંધ કેમ થાય છે તેને સમજવાની આ જ કૂંચી છે. સમ્યક્દૃષ્ટિ થયા સિવાય નવીન બંધ થતો અટકતો નથી માટે આત્મદૃષ્ટિ જાગૃત કરી સામ્ય સ્થિતિમાં આવી જવું જોઇએ.

કોઇ પણ જાતની ઇચ્છા કરીને, પ્રાપ્ત કરવા યોગ્ય વિષયને ઉદ્દેશીને ક્રિયા ચાલુ રાખશો ત્યાં સુધી તમારી ઇચ્છાના પ્રમાણમાં કર્મના પુદ્‌ગલો ખેંચવાના જ. પણ જો પૂર્વના ઉદય પ્રમાણે નિરીહપણે વર્તન ચાલુ રાખો, ઇષ્ટાનિષ્ટમાં હર્ષશોક ન કરો, અનિચ્છાએ પણ પૂર્વકર્મના ચક્રના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેગ પ્રમાણે તમારી પ્રવૃત્તિ ચાલુ રાખો અને જે કાળે જે આવી મળે તેમાં ખેદ કે આનંદ ન માનો તો નવીન કર્મ-બંધ ન થતાં પૂર્વના કર્મ નિર્જરી જશે–ખરી પડશે.

પૂર્વકર્મનો અવશ્ય ઉદય થાય છે એમ વિચારી સામ્ય યા મધ્યસ્થ સ્થિતિ રાખવાથી હર્ષ, શોક વિના અનુભવ કરવાથી નવીન કર્મબંધને અટકાવી શકાય છે.

આવી મધ્યસ્થ સ્થિતિએ પહોંચવા માટે કે થયેલી ઉત્તમ સ્થિતિ ટકાવી રાખવા માટે વિચારવાન મનુષ્યોએ યશઃકીર્તિની ઇચ્છા વિના કે પુદ્ગલિક સુખની લાલસા વિના શુભ કાર્યમાં પ્રવૃત્તિ, અશુભ કર્મથી નિવૃત્તિ અને સંવરભાવનો વધારો કરવો, ઇત્યાદિ રસ્તાઓ યોજવાના છે.

સારું કામ કરવાની અને ખોટું કામ ન કરવાની ટેવ પાડવાથી આ કર્મનિર્જરાનો માર્ગ સુલભ થાય છે અને વિશેષ પ્રકારે નવીન અશુભ કર્મ ન બાંધવાના માર્ગને મદદ મળે તેવું મન થાય છે.

આત્માના શુદ્ધ સ્વરૂપને સમજવાથી, વારંવાર તેનો વિચાર કરવાથી, અહંકારનો નાશ સાધવાથી, કોઈ એક એવી નવીન જાતની વિરક્તતા અને આત્મજાગૃતિ પ્રાપ્ત થાય છે.

આ સર્વભાવ ઉપરની ઉદાસીનતાવાળી વિરક્તતા–સામ્ય સ્વભાવવાળી આત્મજાગૃતિ–નિર્જરા સાથે નવીન કર્મબંધ ન થાય તેવી સ્થિતિ મેળવાવી આપે છે.

"દોષવાળું સુવર્ણ જેમ અગ્નિમાં નાખવાથી શુદ્ધ થાય છે તેમ જીવ, તપરૂપ અગ્નિ વડે શુદ્ધ થાય છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મને તપાવે તે તપ છે, સૂર્યના તાપથી દુનિયા પર રહેલા અશુચિ, પદાર્થોમાંથી અશુચિતા, દુર્ગંધવાળા પદાર્થોમાંથી દુર્ગંધ ઉડી જાય છે, રસ્તા પર થયેલ કાદવ કે કીચડમાંથી ચીકાશ ઉડી જાય છે અને રસ્તાઓ સ્વચ્છ થઈ રહે છે. આનું કારણ સૂર્યમાં રહેલી શોષક શક્તિ છે. આવી જ રીતે મનમાં રહેલી રાગદ્વેષની પરિણુતિરૂપી ચીકાશ–આસક્તિ તેને જેના વડે ઉડાવી દેવાય અને મનને સ્વચ્છ–નિર્મળ કરી શકાય તે તપ છે. ઉપવાસાદિ કરવાં તે શરૂઆતની પહેલી ચોપડી છે. તે પણ સમજીને પોતાની શક્તિની તુલના કરીને કરવાં જોઇએ.

જેનામાં વિષયાદિ વિકારોની પ્રબળતા હોય છે, તેને તત્કાળ શાન્ત કરવા માટે ઉપવાસ ઉપયોગી સાધન છે. પણ આ એકલા ઉપવાસની અસર ઇંદ્રિયો ઉપર લાંબો વખત ટકી શકતી નથી ઉપવાસથી તેના શરીરના અવયવો ઢીલા થશે, ઇંદ્રિયોના વિકારો શાંત થશે, વિકાર કરનારી વીર્યશક્તિ બળી જશે, પણ તે ઉપવાસ કરવા બંધ કર્યા એટલે પાછી વિકારાદિની સ્થિતિ પૂર્વની માફક પ્રગટ થઈ આવશે.

આ ઉપવાસની અસર શરીર સુધી પહોંચે છે; પણ મન ઉપર તેની થોડી અસર થાય છે. આ ઉપવાસો કાંઈ કાયમ કરી શકાતા નથી. લાકડાં કાઢી લીધાં એટલે અગ્નિ મંદ થશે; પાછાં લાકડાં અગ્નિમાં નાખશો એટલે અગ્નિમાં વધારો થશે. આમ ખોરાક ન આપવાથી શરીર ઇંદ્રિયો સાથે નરમ થશે; મન તો સહેજસાજ ખોરાકના અભાવે નરમ પડશે; પણ પાછો જ્યાં ખોરાક દેહમાં પડ્યો કે પાછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકારોની જાગૃતિ તેવી ને તેવી જ થશે. આ માટે શરૂઆતમાં ઉપવાસાદિ ઉપયોગી છે, પણ આપણે કાંઈ શરીરનો નાશ કરવો નથી; શરીરનો નાશ કરવો હોય અને શરીરના નાશથી કર્મનો (રાગ, દ્વેષ, હર્ષ, ખેદની લાગણીનો) નાશ થતો હોય તો તો વિષ આદિ અનેક જાતના પ્રયોગોથી, એક ઘડીમાં દેહથી આત્માનો વિયોગ કરાવી આપનારા અનેક ઉપાયો દુનિયા પર તૈયાર છે, પણ તેનાથી પરમશાન્તિનું કાર્ય સિદ્ધ થતું નથી. આપણે દેહનો નાશ કરવાનો નથી, પણ મનમાં રહેલ-કર્મની સત્તા જમાવી પડેલા રાગદ્વેષ, અજ્ઞાનાદિનો નાશ કરવાનો છે, એટલે કે મન ઉપર અસર કરવાની છે; તો તેને માટે મનને શુદ્ધ કરવા સારુ એક પવિત્ર-નવકાર મંત્રનો-પરમાત્માના નામના વાચક શબ્દનો અખંડ જાપ કરવો. આ ઉપવાસ પછીનો બીજો માર્ગ છે બીજી ભૂમિકા છે.

લોકો ઉપવાસાદિ ઘણા કરે છે; તે સંબંધી તેઓ ઘણું જાણે છે. એટલે તે સંબંધી અહીં વિશેષ લખવું યોગ્ય ધાર્યું નથી.

આ જાપનામની બીજી ભૂમિકા તે તપનો જ ભેદ છે. મનને તપાવે છે-મલિનતા ઓછી કરાવે છે. નદીના ઊંડાણમાં પડેલા પાણીના ધરામાં પાણી ભરાઈ રહે છે, ઉનાળામાં પણ તે ઊંડા ધરામાંથી પાણી સુકાતું નથી છતાં નવીન આવક ન હોવાથી તે પાણી ગંધાઈ જાય છે, લીલ ફૂલ ઉપર છાઈ જાય છે આ ગંધાયેલ પાણીના ધરામાં જ્યારે નવીન પાણી જોસબંધ આવી પડે છે, ત્યારે તે જૂનું પાણી ક્યાં જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ? તમે જાણુતા હશો કે તે પાણીના ધક્કાથી બહાર નીકળી ચાલ્યું જાય છે અને તેની જગ્યા આ નવીન આવેલું પાણી લે છે. અર્થાત્ જૂનું પાણી નીકળી જઈ નવીન પાણી-સ્વચ્છ પાણી તેમાં રહે છે. આ જ દૃષ્ટાંતે જૂના પાણીરૂપ-મલિન વિચાર-પાપિષ્ઠ-ગંધાઈ ગયેલ અને તેથી જ અપકીર્તિ અને દુઃખની દુર્ગંધ ઉછાળનાર પાપકર્મો આ નવીન પરમેશ્વરપદનો વાચક મહામંત્ર ॐ अर्हं नमः તેનો અખંડ જાપ કરો. તમારામાં બળ હોય તેટલા પુરજોસથી જાપ કરો. એક શ્વાસોચ્છ્વાસ પણુ મહામંત્રના ઉચ્ચારણુ કર્યા સિવાય ખાલી ન જવા દો. જોઇલો પછી મજા. આ નવું પાણી એટલા જોસથી વહેવા માંડશે કે તેના ધક્કાથી પૂર્વનું જૂનું ગંધાયેલું પાપરૂપ પાણી-મલિન વાસનારૂપ પાણી-તદ્દન ખાલી થઇ જશે. તેની ખાતરી તમારા મનમાં ખરાબ વિચારો પ્રગટ થાય તે છે. અને આ મંત્રના તાપથી (કારણુ કે તેથી તપ થાય છે એટલે તેના તાપથી ) ઉત્તમ વિચારની ધારા પ્રગટ થશે. આ આવરણુ જવાથી-આ જાપના ઘર્ષણુથી-ઉત્પન્ન થતી વીજળીના તાપથી તમારી મલિનતા બળી જવાથી અનેક સુવિચારની ધારાઓ સ્ફુરવા માંડશે આ અજ્ઞાનાવરણુ ઓછું થવાથી ખરું જ્ઞાન જેમાંથી થવાનું છે તેવી વિચારશ્રેણી ચાલુ થશે આટલું થયા પછી અજ્ઞાનાવરણુ તોડવાનું કામ શરૂ થશે એટલે ત્રીજી ભૂમિકા શરૂ થશે.

પૂર્વે કહી આવ્યા તે ઉપવાસ એ પહેલી ભૂમિકા છે. જાપ બીજી ભૂમિકા છે. વિચાર ત્રીજી ભૂમિકા છે. આ સ્થળે તપનો વિષય ચાલુ છે માટે જાપથી તપ થાય છે. પરમાત્માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામસ્મરણ કરવું તે તપ છે. તે સાથે આ તપ ધ્યાનપૂર્વક કરવું એટલે અભ્યંતર તપ પણ સાથે થશે. ધ્યાનપૂર્વક જાપ એટલે હૃદયમાં અંતરદષ્ટિ રાખી જે ઇષ્ટદેવ પોતાને હોય તેની કે પોતાના સદ્ગુરુની મૂર્તિ હૃદયમાં રાખી, અંતરદૃષ્ટિથી તે જોયા કરવી અને મનથી તે મંત્રનો જાપ કરવો, તે મૂર્તિ ધ્યાનમાં ન આવી શકે તો જે ઇષ્ટદેવનો જાપ કરાતો હોય તે અક્ષરોની આકૃતિ હૃદયમાં પડે તેવી રીતે તે જાપ કરવો અને અંતરદૃષ્ટિથી તે અક્ષરો જોયા કરવા, મનથી તે ઇષ્ટદેવનો જાપ ચાલુ રાખવો. આ તપ છે. સોનું જેમ અગ્નિથી શુદ્ધ થાય છે, તેમ મન આ તપથી શુદ્ધ થયું, તો પછી તે મન દ્વારા આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો એટલે શુદ્ધ આત્મસ્વભાવ પ્રગટ કરવો તે કઠિન નથી. ૩૬-૩૭.

## ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે તે વિષે
## ધર્મભાવના

जगदाधारो धर्मो दयान्वितो दशविधश्च पूत जगत् ।
स्वर्गापवर्गसुखदः सुदुर्लभो भाव्यते भव्यैः ॥ ३८ ॥

यस्यांशमेवमुपसेव्य भजन्ति भव्या
मुक्तिं वृषस्य शुचिदानदयादिज्ञातैः ।
शक्यं स्वरूपमतुलं गदितुं हि सम्यक्
किं तस्य नास्तिकनरैश्च कुशास्त्रवादैः ॥३९॥

દયા સહિત ધર્મ જગતનો આધાર છે. તેના દશ ભેદ છે. તે જગતને પવિત્ર કરનાર છે, સ્વર્ગ અને મોક્ષને આપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર છે. તેની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે એમ ભવ્ય જીવોએ વિચાર કરવો.

ધર્મના પવિત્ર દાન-દયાદિ માર્ગો જાણવા, સાથે તેના એક અંશને પણ સેવી-પાળીને ભવ્યજીવો મુક્તિને ભજે છે; તે ધર્મના મહાન સ્વરૂપને સારી રીતે કહેવાને, કુશાસ્ત્રના વાદો વડે શું નાસ્તિકો સમર્થ થશે કે? નહિ જ.

**ભાવાર્થ**:—ધર્મની દુર્લભતા વિષે મનુષ્યોએ વિચાર કરવો કે દુનિયામાં બીજી સર્વ વસ્તુ મળવી સુલભ છે, પણ ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે, યાને દુઃખે પામી શકાય છે. મહાન પુણ્યરાશિ એકઠી થતાં આ મનુષ્યજીવન મળે છે. તેમાં પણ આર્યદેશ, ઉત્તમ જાતિમાં જન્મ, પાંચે ઇંદ્રિયની પૂર્ણતા, નીરોગી શરીર, દીર્ઘ આયુષ્ય અને ધર્મપ્રાપ્તિ ઇત્યદિ દુર્લભ છે. ધર્મ સિવાય આર્ય દેશાદિ પ્રાપ્ત થાય છે તોપણ નિરર્થક થાય છે, માટે ધર્મપ્રાપ્તિ તે સર્વથી ઉત્તમ છે. આર્યદેશાદિ નિમિત્તો ધર્મપ્રાપ્તિમાં સુલભ કારણરૂપે છે, છતાં પણ ધર્મપ્રાપ્તિ થાય તો તે સફળ છે.

આ ધર્મ જ જગતમાં રહેલા જીવોને આધારભૂત છે. ધર્મ વિના અનેક જીવન વ્યતીત થયાં પણ તેનું પરિણામ કાંઇ સારું આવ્યું જ નથી. ધર્મ વિના જીવન ઉચ્ચ થઈ શકે જ નહીં તેમાં પણ સર્વ જીવોને શાન્તિ આપનાર, અભય આપનાર, આત્મસ્વરૂપે જોનાર ધર્મ તે જ ધર્મ નામને યોગ્ય છે, બાકી **ધર્મનામધારક** બીજા ધર્મ સમજવા.

ધર્મ દસ પ્રકારના છે.

ક્ષમા—રાખવી અન્યને ક્ષમા આપવી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિમાન રહિત થવું—અહંવૃત્તિનો નાશ સાધવો. ૨

હૃદય કોમળ, સરલ, માયારહિત રાખવું—છળ પ્રપંચાદિને હૃદયથી રજા આપવી. ૩

જે મળે તેમાં સંતોષ માનવો—સંતોષમય જીવન ગુજારવું. ૪

બાહ્ય અભ્યંતર તપ કરવું—ઇચ્છાનો નાશ સાધવો–ઈચ્છા રહિત થવું. ૫

મન અને ઇંદ્રિયોનો નિગ્રહ કરવો—સંયમ સાધવો. ૬

પ્રિય, પથ્ય, સત્ય અને હિતકારી બોલવું—સત્ય શોધવું. સત્ય સ્વરૂપ થવું. ૭

મન, વચન, શરીરને અશુભ સંકલ્પ, અશુભ ઉચ્ચાર અને અશુભ—વિરુદ્ધ–આચરણથી અળગાં રાખવાં અને શુભ સંકલ્પ, શુભઉચ્ચાર અને શુભઆચરણથી પવિત્ર રાખવાં. ૮

નવ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું—આત્મજ્ઞાનમાં–બ્રહ્મમાં રમણતા કરવી. ૯

સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો, શુભાશુભ કર્મો ઉપરથી પણ મમત્વ કાઢી નાખી આત્મસ્વરૂપે થઇ રહેવું. ૧૦

આ દસ પ્રકારે ધર્મ છે.

આ ધર્મ જગતને પવિત્ર કરનાર છે, શાન્તિ આપનાર છે, સ્વર્ગના ઇચ્છુકને સ્વર્ગસુખ પણ આપનાર છે. ઇચ્છાપૂર્વક ધર્મનું સેવન કરવાથી સ્વર્ગાદિ પ્રાપ્તિ થાય છે અને મોક્ષના ઈચ્છુકને મોક્ષ પણ આપનાર છે. આવો પવિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ મળવો દુર્લભ છે, તેનો વિચાર કરી અનુકૂળ અવસર મળ્યા છતાં પ્રમાદ ન કરતા યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી.

આ ધર્મના અમુક પવિત્ર અંશો-ભાગો (જેવા કે સર્વ જીવને આત્મસ્વરૂપે જોવા, સર્વ જીવોની દયા કરવી, જીવોને અભય આપવું વગેરે) તેનો આશ્રય કરીને ઘણા જીવો મોક્ષ પામ્યા છે અને પામશે. નાસ્તિક લોકો જેઓ ધર્માધર્મ જેવું કાંઇ માનતા નથી, આત્માને પણ નિત્ય સ્વરૂપે સ્વીકારતા નથી, તેઓ આ ધર્મના રહસ્યને શું સમજે? તેમના કુતર્કવાળા વાદો, આ ધર્મનું મહાન સ્વરૂપ કેવી રીતે પ્રતિપાદન કરી શકે? કારણ કે ધર્મ અનુભવગમ્ય છે. વ્યવહારમાં ગમે તેવું તેનું સ્વરૂપ કથન કરો, તથાપિ તેનો અનુભવ કર્યા વિના તેનાથી ઉત્પન્ન થતી સુખશાન્તિ મળી શકતી નથી.

હે ભવ્ય જીવો! આવી ઉત્તમ અનુકૂળતા તમને મળી છે, તો તેનો દુરુપયોગ ન કરતા તેને સફળ કરો. ધર્મનો અનુભવ મેળવવા માટે પ્રમાદ ન કરતાં સાવધ થવું તે આ ભાવનાની વિચારશ્રેણીનો ઉદ્દેશ છે. ૪૦-૪૧.

## આ લોક શું છે, તે સંબંધી વિચાર

### લોકભાવના

**जीवाद्यो यत्र समस्तभावा जिनैर्विलोक्यन्त इतीह लोकः ।**
**उक्तस्त्रिधासौ स्वयमेव सिद्धो स्वामी च नित्यो निधनश्च चिन्त्यः॥४२॥**

**उत्पद्यन्ते विपद्यन्ते यत्रैते जीवराशयः ।**
**कर्मपाशाधिसंबद्धाः नानायोनिषु संस्थिताः ॥ ४३ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનેશ્વરો, જેમાં જીવ આદિ સમસ્ત પદાર્થો જુએ છે તે આ લોક સમજવો. તે લોક ત્રણ પ્રકારે કહ્યો છે. તે સ્વયંસિદ્ધ છે, પોતે જ માલિક છે, નિત્ય છે અને નાશ પામનાર નથી, એમ વિચાર કરવો. ૪૩.

કર્મપાશથી અતિ બંધાયેલી અને નાના પ્રકારની યોનિઓમાં રહેલી જીવની રાશિઓ જેમાં ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે તે લોક છે.

**ભાવાર્થ :**—ધર્મભાવનામાં ધર્મસ્વરૂપ સમજાવ્યું. હવે લોકભાવના એટલે આ લોક સંબંધી વિચાર કરવો. આ વિચાર કરવાનો હેતુ એવો છે કે મનનો ચંચળતાવાળો સ્વભાવ છે. ગમે તેવા ઠેકાણે તેને ગોઠવો પણ પૂર્વના સંસ્કારને પ્રબોધક સહજ નિમિત્ત મળ્યું કે તેમાંથી છટકી જઈ અન્ય વિચારોમાં ગોઠવાઈ જશે. આ લોકભાવનાના વિચારો કરાવવા તે તેની ચંચળતાને વધારે ચંચળ કરાવીને શાન્તિ આપવાનો ઉપાય છે. ઘોડો ઘણો ચપળ અને ઉદ્ધત તોફાની હોય, ઊભો રાખવા છતા દોડવાની ઈચ્છા કરતો હોય, પણ તેને એક વાર રેતીના ઊભા રણમાં પ્રવેશ કરાવી, તેની ઈચ્છાથી પણ વધારે દોડાવવાથી, છેવટે થાકી જઇ ચલાવવા પ્રયત્ન કરવા છતાં પણ તે ઊભો રહી જશે. આ ન્યાયે મનના ચપળ સ્વભાવને વધારે ચપળતા કરાવી આખા લોકમાં ફેલાવી મનને શાન્ત કરવાનો આ ઉપાય છે. આમાં મનને પોતાની ઇચ્છાનુસાર વિચાર કરવા નહિ દેતાં આપણી ઈચ્છાનુસાર–આપણા કહ્યા મુજબ, કહ્યા તેટલા વખત સુધી વિચાર કરાવવાની ટેવ પાડવામાં આવે છે; મતલબ કે મરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજબ વિચાર કરાવીએ અને મરજી મુજબ વિચાર બંધ કરાવીએ. લાંબે કાળે આ ટેવથી સારો ફાયદો થાય છે. મન કાબૂમાં આવે છે અને પછી જે જાતના વિચાર કરવાની ટેવ પડાવીએ છીએ તે સિવાય આપણી ઈચ્છાવિરુદ્ધ જુદી જાતના વિચારો કરતું તે અટકે છે. આપણે કહીએ તે જ જાતના વિચાર મન કરે અને ફરી આપણે તેને શી આજ્ઞા કરીએ તે સાંભળવાની રાહ જોતું મન બેસે. આ કાંઈ ઓછો ફાયદો થયો ન કહેવાય.

વિશેષમાં આ લોક સ્વરૂપના વિચારો એવા સૂકા છે કે તેમાં રાગદ્વેષ ઉત્પન્ન થવા જેવા નિમિત્તો નથી; તેથી મન પણ સૂકું-લૂખું એટલે મધ્યસ્થ-રાગદ્વેષ વિનાનું બનવાનો સંભવ છે.

જિનેશ્વર ભગવાન જેમાં જડ, ચૈતન્યભાવો રહેલા જુએ છે તેનું નામ લોક કહે છે. ઉપાધિ ભેદથી તે ત્રણ પ્રકારે ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોક. ઉપરનો ભાગ ઊર્ધ્વલોક કહેવાય છે, નીચેનો ભાગ અધોલોક ગણાય છે અને આપણે જે ભૂમિ ઉપર રહ્યા છીએ, તે તિર્છાલોક કહેવાય છે. શબ્દની વ્યાખ્યામાં ત્રણે ભાગોનો સમાવેશ થાય છે. ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને આત્મા આ છ દ્રવ્યો-પદાર્થો જેમાં રહેલા છે તે લોક કહેવાય છે; અને તે સિવાયનો ભાગ અલોક ગણાય છે. અલોકમાં આ છ દ્રવ્ય માંહેલું એક આકાશ દ્રવ્ય જ છે. આ લોક સ્વયંસિદ્ધ છે. તેને બનાવનાર કોઈ નથી, તેમ તેનો માલિક-સ્વામી પણ કોઈ નથી, અર્થાત્ પોતે જ માલિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લોક નિત્ય છે, કોઈ કાળે નાશ થવાનો નથી. તે માંહીલા એક પણ અણુનો કે એક પણ જીવનો કોઇ પણ કાળે નાશ થવાનો નથી. એટલે અંત વિનાનો છે.

આ જીવોની રાશિ-સમુદાય કર્મના પાશથી બંધાઇને નાના પ્રકારની ચોરાશી લાખ જીવયોનિ (જીવોને ઉત્પન્ન થવાના સ્થાનો) માં ઉત્પન્ન થાય છે. જે ઉત્પન્ન થવાના સ્થાન-વિશેષના રૂપ, રસ, ગંધ એકસરખાં મળતાં આવતાં હોય તેવાં અનેક સ્થાનોને એક ગણવામાં આવે, તેવા અનેક સ્થાનોના સમુદાયને જાતિ કહેવાય છે. આવી જીવોને ઉત્પન્ન થવાની ચોરાશી લાખ જીવયોનિ કહેવાય છે, એટલે જીવોને ઉત્પન્ન થવાના ઠેકાણાં છે.

તે સર્વ સ્થાનોમાં અજ્ઞાન અને અહંકાર વૃત્તિથી કરાતાં શુભાશુભ કર્મના બંધનોથી બંદીવાન થઇ જીવો તેમાં ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. પાછા જન્મે છે અને પાછા મરે છે. આવી રીતે આ સંસારપરિભ્રમણનું ચક્ર ચાલ્યા કરે છે એવી કોઈ પણ જાતિ પ્રાયઃ નહીં હોય કે આ જીવે તેનો અનુભવ લીધો ન હોય. જન્મમરણની માળાના મણકા આ રીતે ફરતા જાય છે. પણ જીવ (આત્મા) સૂત્ર તો એકનું એક જ છે, માટે તે નિત્ય વસ્તુને જ વળગી રહેવું જોઇએ.

આ લોકભાવનાની વિચારણા વખતે શાસ્ત્રમાં વિસ્તારથી ત્રણે લોકમાં રહેલા સ્થાનો, પદાર્થો, જીવો વગેરેનું વર્ણન આપ્યું છે તેનો વિચાર કરવો.

અધોલોકમાં ઘનવાત, તનવાત, ઘનોદધિ, તનોદધિ, સાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરક, તેનાં જુદાં જુદાં સ્થાનો, પાથડાઓ, તેમાં રહેલ કુંભીઓ, નારકીઓ, તેને થતી યાતનાઓ (પીડાઓ), પરમાધામીના પ્રહારો, અન્યોન્ય થતી ઉદીરણાઓ, ત્યાંનો સખત તાપ, સખત શીત, શાલ્મલી આદિ વૃક્ષોના કરવત જેવાં પત્રો અસહ્ય વેદનાઓ, જરા પણ શાન્તિ–સુખનો અભાવ તેનો વિચાર કરવો.

ભુવનપતિ, વ્યંતર, વાણવ્યંતર, આદિ દેવોના ભવનો–રહેવાનાં નિવાસસ્થાનો, તેમની રમણુતા, તેઓનું આનંદિત જીવન વગેરેનો વિચાર કરવો.

તિર્છાલોકમાં કર્મભૂમિ અકર્મભૂમિ, યુગલિક મનુષ્યો, તથા અસંખ્યાત દ્વીપ. સમુદ્રો, સૂર્ય, ચંદ્ર, જંબુદ્વીપ, ભરતક્ષેત્ર, માનુષોત્તર, મેરુ આદિ પર્વતો, નંદન આદિ વનો, વિદ્યાધરના નિવાસની શ્રેણીઓ, સીતાદિ મહાનદીઓ, દેવોની ક્રીડા કરવાની રાજધાનીઓ, ઉત્પાત પર્વત ઈત્યાદિનો વિચાર કરવો.

ઊર્ધ્વલોકમાં દેવવિમાનો, કલ્પવાળા દેવો, ઇંદ્રો, ગ્રૈવેયક, અનુત્તર વિમાન, વિમાનોની સંખ્યા, વિસ્તાર, તેમાં રહેતા દેવો, ઇંદ્રો, તેઓની રિદ્ધિ, શક્તિ. આનંદ–ઉપભોગનાં સાધન, વનો, વાવો, આરામો (બાગબગીચાઓ), વગેરેનો ચિતાર પોતાના સન્મુખ વિચાર દ્વારા ખડો કરવો. અને છેવટે તેમાંથી મનને વૈરાગ્યવૃત્તિમાં ખેંચી લાવવું કે આ સર્વે સ્થળે એક વાર નહિ પણ અનેક વાર મેં જન્મ, મરણ અનુભવ્યું છે, આ સર્વ વસ્તુનો ઉપભોગ મેં અનેકવાર કર્યો છે, પણ મારી તૃપ્તિ તેથી થઇ નથી અને થવાની પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. અનંત કાળથી આવી સ્થિતિઓ ભોગવ્યા કરું છું, આવી ગતિ-જાતિઓમાં પરિભ્રમણ કર્યા જ કરું છું, છતાં તે પદાર્થોથી ખરી યા સાચી શાન્તિ મળી નથી, મળવાની આશા પણ નથી; ઊલટો સંતાપ, વિયોગ, દાહ, આર્ત્ત સ્થિતિ મળી છે અને હજી પણ જો તેમાં જ આસક્તિ રાખીશ તો મારી આ દુઃખમય સ્થિતિ ચાલુ જ રહેશે ઇત્યાદિ વિચાર કરી મનને તેના ઉપભોગથી-તે તરફના સ્નેહથી પાછું હઠાવી, નિરાશ કરી, ઇચ્છા રહિત કરી, આત્મસ્થિતિ તરફ વાળવું. આવી રીતે મનને આખા લોકમાં ફેરવવાની ટેવ પડવાથી મનને લોકમાં વ્યાપ્ત કરી દેવાની શક્તિ આવશે અને તેમ કરી તે સ્થિતિમાં ખેદ રહિત આત્માનંદનો અનુભવ લેવાશે. છેવટે લોકનું જ્ઞાન થઈ રહ્યા પછી અલોકની સ્થિતિનું પણ ભાન થશે અને આત્મા પૂર્ણ સ્વરૂપમાં આવી રહેશે. આવી સ્થિતિ લાવવા માટે આ ભાવનાનો ઉપયોગ કરવાનો છે.

## સમ્યક્ દૃષ્ટિ થવી દુર્લભ છે.
### બોધિ ભાવના

जीवानां योनिलक्षेषु भ्रमतामतिदुर्लभम् ।
मानुष्यं धर्मसामग्री बोधिरत्नं च दुर्लभम् ॥४४॥

લાખો જીવયોનિમાં ભ્રમણ કરતાં, મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે; તેમાં પણ ધર્મની સામગ્રી અને બોધિરત્ન (સમ્યક્જ્ઞાન)ની પ્રાપ્તિ તો વધારે દુર્લભ છે.

**ભાવાર્થ**:—માનવો! ચોક્કસ સમજજો. વારંવાર આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવ જિંદગી મળવી દુર્લભ છે. અનેક જિંદગીઓના પરિભ્રમણ પછી ઘણે કાળે, અને કોઈ જ વાર સર્વ સાધનસંપન્ન આ જિંદગી મળી છે. તેમાં પણ ધર્મ—આત્મસ્વભાવ—પ્રગટ કરવામાં મદદગાર આર્યદેશ, ઉત્તમ કુળ, નીરોગી શરીર, તીક્ષ્ણબુદ્ધિ, લાંબુ આયુષ્ય, સત્સમાગમ અને સ્વરૂપ પ્રગટ કરવાની ઇચ્છા એ ઉત્તરોત્તર દુર્લભ છે. આ સ્થિતિ પામ્યા પછી તત્ત્વ સ્વરૂપ જાણવું પામવું, એ વધારે દુર્લભ ન ગણાય, છતાં તેવી સ્થિતિ પામ્યા છતાં પણ સમ્યક્દષ્ટિ અને તત્ત્વજ્ઞાન જેવી અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થવી તે ઘણી જ દુર્લભ છે એવી સ્થિતિમાંથી પતિત પણ થઈ જવાય છે. એ અનુકૂળ સંયોગો ઘણી વાર નિષ્ફળ નીવડે છે એમ જ્ઞાની પુરુષોએ ઘણીવાર જોયેલું છે માટે આપણને તેઓ વારંવાર ચેતાવે છે.

મહાનુભાવો! જાગો! ઊઠો! પ્રયત્ન કરો, નહિતર વખત ગયા પછી પશ્ચાત્તાપ નકામો છે.

આ પ્રમાણે સમભાવ લાવવા માટે—રાગદ્વેષની પરિણુતિ હઠાવવા માટે આ બાર ભાવનાથી અંતઃકરણને વારંવાર વાસિત કરવું.

આ બાર ભાવના સંબંધી વિચાર કરશો તો જ જણાશે કે તે ભાવનાઓ પાપરૂપ મળ કે મલિન વાસનારૂપ મળ સાફ કરવા માટે જુલાબની ગરજ સારે છે.

શાસ્ત્રકાર તો આગળ વધીને એટલું પણ કહે છે કે આ ભાવનાઓ તો રસાયણ છે. ધ્યાનરૂપ શરીરને પોષણ આપવાને ખરેખર રસાયણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ભાવનાથી જેણે હૃદય વાસિત ન કર્યું હોય તે ધ્યાનને લાયક થતો જ નથી. મતલબ કે ધ્યાનને લાયક થવા માટે આ ભાવનાનો પ્રથમ પ્રયોગ કરવો. રસાયણ ખાવા માટે કોઠો સાફ કરવા આ જુલાબ પ્રથમ લઈ લેવો. ત્યાર પછી ધર્મરસાયણનું સેવન કરવું.

## પ્રકરણ ૪

## હિતશિક્ષા

गुणोपेतं नरत्वं चेत् काकतालीयनीतितः ।
यद्याप्तं सफलं कुर्यात् नित्यं मोक्षार्थसाधनैः ॥४५॥

હે માનવ! આ ગુણોવાળું તેં કાકતાલીય ન્યાયથી જો પ્રાપ્ત કર્યું છે તો મોક્ષપ્રાપ્તિ થાય તેવા સાધનો નિત્ય સેવીને તારે તે સફલ કરવું.

**ભાવાર્થ**:—ગુણવાળું-ગુણ, શાંતિ, સમતા, સ્વભાવ-રમણતા ઇત્યાદિવાળું અર્થાત્ ઈત્યાદિ ગુણો જેમાં ઉત્પન્ન કરી શકાય તેવું છે મનુષ્યપણું તે તને કાકતાલીય ન્યાયથી પ્રાપ્ત થયું છે. કહેવત છે કે ‘કાગડાનું તાડપર બેસવું અને તાડનું પડવું’ આવું તો કોઇક વાર જ બને છે. કાગડો તાડ પર બેસે એટલે તાડ પડી જાય આવું કાંઈ નિત્ય બનતું નથી. તેમ મનુષ્યપણું પણ કાયમ મળતું નથી. પણ કોઈક કાકતાલીય ન્યાય જેવા પ્રસંગે જ મળી આવે છે. તો હે મનુષ્ય! નિરંતર મોક્ષ એ જ અર્થ સિદ્ધ થાય તેવા ઉત્તમ સાધનોના સેવન વડે તેને સફળ કરી લે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોનાના થાળમાં ધૂળ ભરવી, અમૃતથી પગ ધોવા, ઐરાવત જેવા હાથી ઉપર લાકડાનો ભાર ભરવો અને ચિંતામણિ રત્ન કાગડાને ઉડાવવા માટે ફેંકવું, એ જેમ મૂર્ખતા છે, તેમ આવા ઉત્તમ માનવ દેહનો, વિષયાદિ વાસના તૃપ્ત કરવામાં દુરુપયોગ કરવો તે મૂર્ખતા છે. તેમ ન કરતાં મોક્ષનાં સાધનો પ્રાપ્ત કરવામાં જીવન સફલ કરી લે.

## ધ્યાન મોક્ષનું સાધન છે.

मोक्षोऽतिकर्मक्षयतः प्रणीतः कर्मक्षयो ज्ञानचारित्र्यतश्च ।
ज्ञानं स्फुरद्ध्यानत एव चास्ति ध्यानं हितं तेन शिवाध्वगानाम्॥४६।

સર્વથા કર્મક્ષય થવાથી મોક્ષ કહેલો છે. કર્મનો ક્ષય જ્ઞાન અને ચારિત્રથી થાય છે; જ્ઞાન ઉજ્જવળ ધ્યાનથી જ પ્રાપ્ત થાય છે. આ કારણથી નિર્વાણ માર્ગના પંથીઓને ધ્યાન હિતકારી છે.

यत्: उक्तं કહ્યું છે કે.

मोक्षः कर्मक्षयादेव सम्यगज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तद्धि तस्मात्तद्धितमात्मनः ॥४७॥

મોક્ષ કર્મ ક્ષયથી જ થાય છે. કર્મક્ષય સમ્યક્જ્ઞાનથી જ થાય છે, સમ્યક્જ્ઞાન ધ્યાનથી સાધ્ય થાય છે તેમ જ્ઞાનીઓએ માનેલું છે માટે આત્માને ધ્યાન હિતકારી છે;

अतः स्वात्मार्थसिद्ध्यर्थं धर्मध्यानं मुनिः श्रयेत् ।
प्रतिज्ञां प्रतिपद्येति चिन्त्यते ध्यानदीपिका ॥४८॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કારણથી પોતાના આત્મસ્વરૂપની સિદ્ધિને માટે મુનિ ધર્મધ્યાનનો આશ્રય કરે. આ પ્રતિજ્ઞા અંગીકાર કરીને ધ્યાનદીપિકાનું ચિંતન કરીએ છીએ.

**ભાવાર્થ**:—આ ગ્રંથકાર પોતાનો આશય પ્રગટ કરે છે કે ઉપર બતાવેલ હેતુઓ વડે સિદ્ધ થાય છે કે આત્મ સ્વરૂપ પ્રગટ કરવાને ધ્યાન એ જ મુખ્ય ઉપાય છે અને તે માટે મુનિઓએ તેનો અવશ્ય આશ્રય કરવો જ. આ વાત ધ્યાનમાં રાખીને અથવા આ પ્રમાણે ચોક્કસ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે ધ્યાન વિના જ્ઞાન ન જ થાય અને જ્ઞાન વિના કર્મક્ષય ન જ થાય અને કર્મક્ષય વિના મોક્ષ ન જ થાય; માટે આ ધ્યાન સંબંધી હકીકત જણાવવા માટે હું ધ્યાન-દીપિકા કહું છું અર્થાત્ જેમ મકાન ચણતાં પહેલાં તેના પ્રમાણમાં તે મકાનના પાયાને મજબૂત કરવાનો વિચાર કરવો જોઇએ અને જો પાયો તેના પ્રમાણમાં ઊંડો ન હોય તો તે મકાન ચણતાં અગર તો ચણાઈ રહ્યા બાદ વિશેષ વખત ટકાવી રાખી તેનો લાભ લેતાં ઘણાં વિઘ્નો નડે છે, બલકે તેનો લાભ લઈ જ શકાતો નથી, તે જ મુજબ ધ્યાન તે મોક્ષનો મૂળ પાયો છે, તો જો મૂળ પાયો બરાબર સમજી પુખ્ત વિચાર કરી હાથ ધરવામાં ન આવે તો મોક્ષ-રૂપી મકાનના છેલ્લા માળ સુધી પહોંચવું બહુ જ મુશ્કેલ થઈ પડે. માટે તેની હકીકત જણાવવા માટે ધ્યાનદીપિકા સમજવાની ખાસ જરૂર છે. આ પાયાને ઠેકાણે બાર ભાવ-નાના મજબૂત સંસ્કાર દૃઢ કર્યા પછી હવે તેના ઉપર ચણ-તર ચણાવવાની માફક ધ્યાનના વિચારો સમજવાની ખાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. આ કારણથી આ સ્થળે હવે હું ધ્યાન સંબંધી વિચાર કરું છું.

**આત્મસાધન વિના બધું નકામું છે.**

अंतेऽस्ति मृत्युर्यदि यस्य तस्य चिंतामणिर्हस्तमितस्ततः किम् ।
सुवर्णसिद्धिस्त्वभवत्ततः किं जातं प्रभुत्वं क्षणिकं ततः किम् ॥४९॥

प्राप्ता च गुर्वी पदवी ततः किं गितं यशोऽन्यैर्न हि वा ततः किम् ।
भुक्ताश्च भोगाः सुरसास्ततः किं लब्धा च विद्याधरता ततः किम् ॥५०॥

शब्दादिभिर्वा ललितं ततः किं श्रियोऽर्जिता कोटिमितास्ततः किम् ।
नतं श्रुतज्ञैर्महितं ततः किं न स्वीकृतं चेच्च निजार्थसाध्यम् ॥५१॥

જેને તેને પણ જો છેવટે મરણ છે. તો ચિંતામણિ રત્ન હાથમાં આવ્યું પણ શા કામનું? સુવર્ણ સિદ્ધિની પ્રાપ્તિ થઈ તોપણ શું? ક્ષણિક પ્રભુતા-મોટાઈ પ્રાપ્ત થઈ તેથી પણ શું? મહાન પદવી પ્રાપ્ત થાય તેનાથી પણ શું? બીજાઓએ યશોગાન કર્યું અગર ન કર્યું તેથી પણ શું? સરસ ભોગોનો ઉપભોગ કર્યો તોપણ શું? વિદ્યાધરપણું પ્રાપ્ત થાય તોપણ શા કામનું! શબ્દાદિ વિષયો વડે લીલાઓ-વિવિધ ક્રીડાઓ કરી તોપણ શું થયું? કરોડોની સંખ્યા પ્રમાણે લક્ષ્મી દ્રવ્ય ઉપાર્જન કર્યું તોપણ શું! શ્રુત જ્ઞાનીઓએ નમન કર્યું તોપણ શું? જો પોતાનું પ્રયોજન સિદ્ધ ન કર્યું-પોતાનું સાધ્ય-પ્રયોજન ન સ્વીકાર્યું તો સર્વ વૃથા છે.

**ભાવાર્થ**:—દુનિયાની તમામ મન તથા ઇંદ્રિયોને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થાય તથાપિ જન્મમરણ માથે ફર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરતાં હોય તો તે અનુકૂળતા શા કામની છે? અર્થાત તે નિરૂપયોગી છે તે અનુકૂળતા નિરંતરના આનંદને માટે નથી. ક્ષણિક આનંદ પરિણામે ભયંકર વિપત્તિઓ આપે છે, માનસિક અસહ્ય દુઃખો ઉત્પન્ન કરે છે અને આવી અનુકૂળ સામગ્રીઓ મળી હોય કે ન મળી હોય પણ જેણે પોતાનું પ્રયોજન–આત્મસ્વરૂપ પ્રગટ કરી લીધું હોય છે, તો તેને આ સામગ્રી મળી હોય તોપણ ઠીક છે અને ન મળી હોય તોપણ ઠીક છે. તેનો જન્મ તેનું જીવિતવ્ય અને તેનો પ્રયાસ સર્વ સફળ છે,

## ધ્યાન સુધારસ પીઓ.

अतोऽसत्कल्पनाभाजं हित्वार्थं मोक्षमिच्छुभिः ।
समस्तगुणसंस्थानं धर्मध्यानं समाश्रितम् ॥५२॥

निर्विण्णोसि यदि भ्रातर्जन्मादिक्लेशयोगतः ।
निःसंगत्वं समासृत्य धर्मध्यानरतो भव ॥५३॥

अविद्यातामसं त्यक्त्वा, मोहनिद्रामपास्य च ।
निर्दोषोऽथ स्थिरीभूय पिब ध्यानसुधारसम् ॥५४॥

આ કારણથી અસત્કલ્પનાવાળા અર્થનો ત્યાગ કરી, મોક્ષના ઇચ્છુક જીવોએ સર્વ ગુણના સ્થાનતુલ્ય ધર્મધ્યાનનો આશ્રય કર્યો છે.

હે ભાઈ! જો તું જન્માદિ કલેશના યોગથી ખેદ પામ્યો છે તો સર્વ સંગનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં આસક્ત થા.

અજ્ઞાનઅંધકારનો ત્યાગ કરી, મોહનિદ્રાને દૂર કરી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દોષપણે સ્થિર થઈ ધ્યાનરૂપ અમૃતરસનું પાન કર.

**ભાવાર્થ:**—પૂર્વે કહી આવ્યા તેમ અનુકૂળ સંયોગો છતાં પણ જન્મમરણ દૂર કરવા અને આત્મસ્વરૂપ પ્રગટ કરવા, આ માનસિક કલ્પનાથી જ રમણીય દેખાતા પદાર્થોનો ત્યાગ કરી સર્વ ગુણોના સંસ્થાન–ગૃહતુલ્ય ધર્મધ્યાનનો જ આશ્રય પૂર્વે અનેક મુમુક્ષુ જીવોએ લીધો છે, વર્તમાનમાં પણ લે છે અને ભવિષ્યમાં પણ તે ધ્યાનનો જ આશ્રય લેશે.

હે પ્રિયબન્ધુ! જન્મ, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઉત્પન્ન થતા કલેશથી તને જરા પણ નિર્વેદ આવ્યો હોય–કંટાળો આવ્યો હોય, ફરી તેવા કલેશો સહન કરવાની તારી ઇચ્છા ન હોય તો જ સર્વ સંગનો–સર્વ આસક્તિનો ત્યાગ કર.

જો હજી પણ આ દુનિયાના માયિક–દેખાવે માત્ર રમણીય વિષયો પ્રિય લાગતા હોય તો આ બાહ્ય ત્યાગના કલેશમાં પડીશ નહિ. મનથી ત્યાગ થયો હોય તો આ ત્યાગમાર્ગ કલેશવાળો નથી પણ સુખરૂપ છે. પણ તે સિવાય તો કલેશરૂપ છે. ઉપરનો ત્યાગ તે ત્યાગ નથી, કાંચળી કાઢી નાખવાથી સર્પ નિર્વિષ થતો નથી; માટે વિષયોની ઇચ્છા દૂર કરી હોય તો જ ત્યાગમાર્ગમાં પ્રવેશ કરજે, પ્રવેશ કરીને પણ આળસુ બની ઉભયભ્રષ્ટ ન થજે, પણ ધર્મધ્યાનમાં આસક્ત થજે. ધર્મધ્યાન કરજે એમ નહિ પણ તેમાં આસક્ત થજે એટલે તેને માટે જ અવશેષ રહેલું તારું જીવન તદાકાર કરી દેજે, તારું મૂળ નિશાન ચૂકીશ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ધર્મધ્યાનામૃતનું પાન કરવા પહેલાં અજ્ઞાનને દૂર કરજે, જડચૈતન્યનું વિવેકજ્ઞાન પહેલું કરજે. તે સિવાય તારો ત્યાગ નિષ્ફળ થશે એટલું જ નહિ, પણ તે ત્યાગ ઊલટો સંસારપરિભ્રમણનું કારણ થશે. આત્મા એ જ પ્રાપ્તવ્ય સમજજે. તેને માટે જ તારી સર્વ પ્રવૃત્તિ હોવી જોઇએ. ક્ષણભર પણ તારું લક્ષ્યબિંદુ–મૂળ કર્તવ્ય–પ્રાપ્તવ્યથી વિમુખ હોવું ન જોઇએ. આ સ્થિતિ મેળવવા માટે મોહનિદ્રાનો સદાને માટે ત્યાગ કરજે. ચાલુ નિદ્રા જેટલી દુઃખરૂપ નથી, તેથી હજારો ગણી મોહનિદ્રા દુઃખરૂપ છે, આત્મધ્યાનમાં વિઘ્નભૂત છે. આત્માની નજીક પહોંચવા આવેલાઓને પણ વિશેષ દૂર ખેંચી જનારી છે. નિદ્રા ત્યાગ કરવી એટલે જાગ્રત રહેવું–જાગતા રહેવું, કયાં? શેમાં જાગતા રહેવું? પોતાના કર્તવ્યમાં–આત્માના ઉપયોગમાં. સ્વરૂપમાં જે જાગતો છે તે જ તાત્ત્વિક રીતે જાગતો છે.

નિર્દોષ થજે. રાગદ્વેષાદિ દોષો, મલિન વિચારો, તેનો ત્યાગ કરી, સ્થિર થજે. અસ્થિર અંતઃકરણને ધર્મધ્યાનમાં સ્થિર કરજે. ચાલુ સાધ્ય સિવાય અંતઃકરણને બીજા કામમાં વાપરીશ નહીં–જવા દઈશ નહિ તો જ ધર્મધ્યાનરૂપ અમૃતરસનું પાન થશે. તો જ અજરામરપદ પ્રાપ્ત થશે. તે સિવાય ઊંચી સ્થિતિએ પહોંચવાની આશા સરખી પણ ન રાખીશ.

**ध्याता ध्यानं च तद्ध्येयं फलं चेति चतुर्विधम् ।**
**सर्वं संक्षेपतो मत्वा स्वार्त्तध्यानादिकं त्यजेत् ॥५५॥**

ધ્યાન કરનાર, ધ્યાન, ધ્યાન કરવા લાયક ધ્યેય અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું ફળ, આ ચાર પ્રકાર છે; તે સર્વને સંક્ષેપમાં સમજીને આર્ત્તધ્યાનાદિકનો સારી રીતે ત્યાગ કરવો.

**ભાવાર્થ**:—ધ્યાન જ ઉપયોગી કર્તવ્ય છે એમ સમજાયા પછી તેને માટે પ્રયત્ન કરનારાઓએ તે ધ્યાનનાં અંગો–વિભાગો સારી રીતે સમજવાં જોઇએ. પહેલી વાત એ છે કે ધ્યાતા એટલે ધ્યાન કરનાર કોણ હોવા જોઇએ ગૃહસ્થ કે ત્યાગી? ધ્યાન કરનારમાં કેવી યોગ્યતા હોવી જોઇએ? બીજી વાત, ધ્યાન એટલે શું અને તે કેવું–કેટલી જાતનું છે? ત્રીજી વાત, ધ્યાન કરવાનું છે તે ધ્યેય કેવું હોવું જોઇએ? ચોથી વાત તેનું ફળ શું પ્રાપ્ત થશે? આ ચારે બાબતને પ્રથમ ટુંકામાં પણ સમજીને પછી ધ્યાન કરવા માટે પ્રવૃત્તિ કરવી. ખરું ધ્યાન સમજાયાથી આર્ત-ધ્યાન અને રૌદ્રધ્યાનનો સારી રીતે મજબૂતાઈથી ત્યાગ કરી શકાય છે.

## ધ્યાન કોણ કરી શકે?

**निर्ग्रंथो हि भवेद्ध्याता प्रायो ध्याता गृही न च ।**
**परिग्रहादि मग्नत्वात् तस्य चेतो यतश्चलम् ॥ ५६ ॥**

નિર્ગ્રંથ–ત્યાગી મનુષ્યો નિશ્ચે ધ્યાન કરનાર હોય છે પ્રાયઃ ગૃહસ્થ ધ્યાન કરી શકતો નથી કેમ કે તે પરિગ્રહાદિમાં ડૂબેલો છે–તેનું ચિત્ત ચપળ છે. ૫૬.

**ભાવાર્થ**:—બહારથી તેમ અંતરમાંથી ત્યાગ કરનાર કામક્રોધાદિને હઠાવનાર, ત્યાગી, નિર્ગ્રંથ–રાગદ્વેષની ગ્રંથિને તોડનાર–ઢીલી કરનાર, એવા મુનિઓ જ ધ્યાન કરવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકારી છે. ગૃહસ્થાશ્રમમાં રહેલો મનુષ્ય પ્રાયઃ ધ્યાનનો અધિકારી નથી. ધ્યાન શબ્દથી અહીં ઉત્તમ ધર્મધ્યાનાદિ ધ્યાન સમજવું. આર્ત્તધ્યાનાદિ તો ગૃહસ્થને પણ હોય છે.

પ્રાયઃ શબ્દ અહીં મૂકેલો હોવાથી, પૂર્વ જન્મનો સંસ્કારી અને ગૃહસ્થાશ્રમમાં પણ વિરક્તતા ધારણ કરનાર કોઈ યોગ્ય જીવ હોય અને તે કોઈ વિશેષ કારણથી ત્યાગ કરી ન શકતો હોય છતાં તેનું હૃદય ધ્યાનાદિ માટે અધિકારી થયું હોય અને તેવી અનુકૂળતાવાળી ઘરમાં સગવડ હોય તો તે કરી શકે પણ ખરો. આ માટે અહીં પ્રાયઃ શબ્દ મૂકેલો છે.

મુખ્યત્વે, ગૃહસ્થ શા માટે ધ્યાનનો અધિકારી નથી, તેનો હેતુ બતાવે છે. તે પરિગ્રહાદિમાં મગ્ન–આસક્ત હોય છે, માટે અધિકારી નથી. ધનધાન્ય. જમીન, રાજ્યવૈભવાદિ, સ્ત્રી, પુત્ર, પુત્રી આદિ સંબંધીઓ વિગેરેના પાલણપોષણાદિમાં તેનું ચિત્ત વ્યગ્ર હોય છે. વ્યવહારના પ્રસંગોમાં, મન પર થતા આઘાતો અને તેના હૃદય પર પડતા સંસ્કારો એવા વિક્ષેપ ઉપજાવનારા હોય છે કે તે કાર્યનો નિશ્ચય કે સમાપ્તિ ન થાય ત્યાં સુધી મન વિચાર કરતું અટકતું નથી. આવું વિક્ષેપવાળું મન ધ્યાનમાં જરા પણ ઉપયોગી થતું નથી. મનને એક જ ધ્યેયમાં પ્રવાહિત કરવું, અગર સ્થિર કરી દેવું, આ ધ્યાનની સ્થિતિ છે. તે મન નાના પ્રકારની આશા કે ઈચ્છાઓથી દુર્ગંધિત થયેલું–ખરડાયેલું કે ભ્રમણ કરતું હોય ત્યાં સુધી ધ્યાનમાં ઉપયોગી કેમ થઈ શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન સ્વચ્છ અને સ્થિર હોય ત્યારે જ તે ધ્યાનમાં ઉપયોગી છે. પરમ વૈરાગ્ય વિના મન સ્વચ્છ-નિર્મળ કે સ્થિર થતું નથી. ગૃહસ્થાશ્રમમાં પ્રાયઃ શબ્દ મુકાયેલો છે. કદાચ કોઈ વિરલ જીવ ગૃહસ્થાશ્રમમાં પણ પરમ વૈરાગ્યવાન હોઈ પણ શકે. તથાપિ તે રાજમાર્ગ નથી, એટલે એમ બતાવ્યું છે કે ધ્યાનના મુખ્ય અધિકારી ગૃહસ્થો નથી. તે જ વાત વિસ્તારથી કહે છે.

खरस्यापि हि किं शृङ्गं खपुष्पमथवा भवेत् ।
तथांगनादिसक्तानां नराणां क्व स्थिरं मनः ॥५७॥

ગધેડાને પણ શું શિંગડું હોય? અથવા આકાશને પુષ્પ થાય ખરા કે? (તે બનવું અસંભવિત છે) તેમ સ્ત્રી આદિમાં આસક્ત થયેલા મનુષ્યોનું મન ક્યાંથી સ્થિર હોય?

## પાખંડીઓને ધ્યાન હોય ખરું કે?

तथा पाखंडीमुख्यानां नास्तिकानां कुचक्षुषाम् ।
तेषां ध्यानं न शुद्धं यद्वस्तुतत्त्वाज्ञता यतः ॥५८॥

તેમ જ પાખંડીઓમાં મુખ્ય નાસ્તિકો-કુદૃષ્ટિવાળાઓને શુદ્ધ ધ્યાન ન હોય કારણ કે તેઓને વસ્તુતત્ત્વનું અજ્ઞાન છે.

**ભાવાર્થ**:—પાખંડી શબ્દ સામાન્ય પ્રકારે ત્યાગમાર્ગના વેશ ધારણ કરવાવાળાને કહે છે. અહીં તે સામાન્ય અર્થ ન લેતાં પાખંડી આદિક જેઓ નાસ્તિકોમાં મુખ્ય છે, ધર્માધર્મની વ્યવસ્થાને માનનાર નથી. અથવા નિશ્ચય, વ્યવહાર વ્યવસ્થા કર્યા સિવાય અપેક્ષા રાખ્યા સિવાય-આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાંત નિત્યમુક્ત માનનાર છે કે અનિત્ય અને બદ્ધ માનનાર છે, તેઓને તથા કુદૃષ્ટિવાળાને—એટલે જેઓની આંતરદૃષ્ટિ મલિન છે અથવા ખુલ્લી થઈ નથી, આત્મા તરફ જેઓનું વલણુ થયું નથી, કેવળ ભવિષ્યના સુખ માટે દેવાદિક કે રાજ્યાદિકની પ્રાપ્તિ માટે ત્યાગ ગ્રહણુ કરે છે, અજ્ઞાન તપશ્ચરણુ કરે છે અને જેઓ કામનાપૂર્વક મલિન ઇરાદા પાર પાડવાની આશાથી ધ્યાનાદિ પણુ કરે છે તેઓનું ધ્યાન શુદ્ધ હોતું નથી કારણુ કે તેઓને વસ્તુતત્ત્વનું જ્ઞાન હોતું નથી. સાધ્યની અજ્ઞાનતા કે સાધનની અજ્ઞાનતાને લઇ તેઓ પોતાનું કર્તવ્ય સિદ્ધ કરી શકતા નથી. જેમ લક્ષ વિના ફેંકેલું બાણુ કે યોગ્ય સામગ્રી સિવાય કરેલો પ્રયાસ નિરર્થક જાય છે તેમ તેઓનું ધ્યાન મુખ્ય ફળ દેવાવાળું થતું નથી.

## સાધુ વેશધારીને ધ્યાન હોય કે?

सदाचाराच्च भ्रष्टानां कुर्वतां लोकवंचनम् ।
बिभ्रतां साधुलिंगं च तेषां ध्यानं न शुद्धिदम् ।।५९।।

नित्यं विभ्रान्तचित्तानां पश्यत्वेषां कुचेष्टितम् ।
संसारार्थं यतित्वेऽपि तेषां यात्यफला जनिः ।।६०।।

સાધુના વેશને ધારણુ કરનારા (કરવા છતાં) સદાચારથી ભ્રષ્ટ થયેલા અને લોકોને ઠગનારાઓને ધ્યાન શુદ્ધિ આપતું નથી.

નિરંતર વિભ્રાંત ચિત્તવાળાઓના દુરાચારને તમે જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યતિપણાને વિષે પણ સંસારને નિમિત્તે તેઓનો જન્મ નિષ્ફળ જાય છે.

**ભાવાર્થ**:—ભલે ઉત્તમ સાધુઓનો વેષ ધારણ કર્યો હોય તો તેથી શું થયું? દૂધ નહિ આપનારી ગાયને ગળે ટોકરો વળગાડવાથી શું તેની ખરી કિંમત કોઇ આપશે કે? નહિ જ. વેશ તો એક ટોકરો વળગાડવા જેવો છે. બાકી ખરી રીતે તો તે સદાચારી હોવો જ જોઇએ. સદાચારના ગુણ વિના સાધુવેશની કિંમત કાંઈ નથી. છાપ સારી હોય પણ રૂપિયો તાંબાનો હોય તો તેની કિંમત રૂપા જેટલી થવાની જ નહિ. છાપ અને રૂપું બન્નેની જરૂર છે. પણ એકલી છાપની કિંમત નથી. એકલા રૂપાની તો ઓછી પણ કિંમત તો થવાની, તેમ કદાચ વેશ ન હોય પણ સદાચારી હોય તો ફાયદો તો થવાનો જ. બન્ને સાથે હોય તે તો સોનું અને સુગંધ સાથે મળ્યું જ કહેવાય. તેમ વેશ અને ગુણ બન્ને સાથે હોવાથી તેનાથી સ્વપર ઉપકાર સારી રીતે થઈ શકશે. એકલા ગુણથી તે પોતાનો ઉદ્ધાર કરશે.

સદાચારથી ભ્રષ્ટ થઈ, લોકોને ઠગનારાઓ-કેવળ વેષધારીઓમાં ધ્યાન ક્યાંથી હોય? કદાચ તેઓ ધ્યાન કરતા પણ હોય તો તે ધ્યાન તેને કેવી રીતે શુદ્ધિ આપશે? જો શુદ્ધિને માટે જ ધ્યાન કરાતું હોય તો પછી સદાચારથી ભ્રષ્ટ થવાનું અને લોકોને ઠગવાનું કારણ શું? સદાચારથી ભ્રષ્ટ થઈ લોકોને ઠગવા અને સાધુવેષ ધારણ કરવો તે પરસ્પર વિરુદ્ધ છે અને સાથે ધ્યાન કરવું તે તો વિશેષ પ્રકારે વિરુદ્ધ છે. મતલબ કે ચિત્તની મલિનતા કે ચપલતા જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી હોય ત્યાં સુધી ધ્યાન સ્થિર ન થાય. તે મલિનતા દૂર કરવા માટે પ્રયત્ન કરવાની જરૂર છે. તે ન થાય ત્યાં સુધી ધ્યાનના ઉમેદવાર થવું જોઇએ.

ध्यानमेवात्मधर्मस्य मूलं मोक्षस्य साधनम् ।
असद्ध्यानं ततो हेयं यत् कुतीर्थिकदर्शितम् ॥६१॥

ધ્યાન જ આત્મધર્મનું મૂળ છે. ધ્યાન જ મોક્ષનું સાધન છે. માટે જે કુતીર્થિકોએ બતાવેલું અસદ્–મલિન–ધ્યાન છે તેનો ત્યાગ કરવો.

**ભાવાર્થ**:—તીર્થ એટલે સરલ માર્ગ–સત્યમાર્ગ. તેને બતાવનાર તે તીર્થિક કહેવાય છે. તેથી વિપરીત–અસત્યમાર્ગ બતાવનાર પામર જીવોને લાયક વિષયકષાયમાં ખૂંચી રહેલાઓ, રાગદ્વેષને વિવશ થયેલાઓ, પાંચ ઇંદ્રિયોના વિષયોને પરવશ થયેલાઓ, વિવિધ પ્રકારના માનાપમાનથી ઘેરાયેલાઓ અને આ લોક તથા પરલોકની આશાઓથી જકડાયેલાઓ, તે સર્વ કુતીર્થિક કહેવાય છે. જે આત્મધર્મનું મૂલ કારણ નથી અને મોક્ષના સાધનભૂત પણ નથી તેવા મારણ, ઉચ્ચાટન, મોહન, વશીકરણ, ઇત્યાદિને માટે ચિત્તની એકાગ્રતાપૂર્વક જાપ કે ધ્યાન કરવાનું જેણે ઉપદેશેલું છે તે મિથ્યા મલિન ધ્યાન છે; તેવા કુર્થિકોએ બતાવેલા અસત્ ધ્યાનનો અવશ્ય ત્યાગ કરવો તે જ બતાવે છે.

कश्चिन्मूढात्मभिर्ध्यानमन्यैः स्वपरवंचकैः ।
सपापं तत्प्रणीतं च दुःखदुर्गतिदायकम् ॥ ६२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धनार्थं स्त्र्यादिवश्यार्थं, जन्तुघातादिकारकम् ।
शत्रुच्चाटादिकृद्ध्यानं क्रियते दुष्टबुद्धिभिः ॥ ६३ ॥

પોતાને અને પરને ઠગવાવાળા કોઈક અન્ય મૂઢ જીવોએ દુઃખ અને દુર્ગતિને આપવાવાળું પાપવાળું ધ્યાન કથન કરેલું છે.

દુષ્ટ બુદ્ધિવાળા જીવો, ધનને અર્થે સ્ત્રીઆદિ વશ કરવા અર્થે, શત્રુને ઉચ્ચાટન આદિ કરવા માટે અને જંતુઓના ઘાત આદિ કરવા માટે ધ્યાન કરે છે.

ભાવાર્થ:—આ કુતીર્થિકો એટલે ખોટે રસ્તે જનારા અને અન્યને લઈ જનારા, પોતાને અને પરને ઠગનારા મૂઢ અજ્ઞાની જીવોને, આર્ત્તરૌદ્રાદિ ધ્યાન કરનારા સમજવા, જે મલિનતાવાળા ધ્યાને કરી પોતે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. પોતે દુર્ગતિમાં જાય છે અને બીજાને લઈ જાય છે. તેઓ ખોટા ધ્યાન શા માટે કરે છે? ધનને માટે શત્રુઓને ઉચ્ચાટન કરવા માટે આવા ખોટા ધ્યાન કરે છે. કોઇ ધનાઢ્ય કે રાજા પ્રમુખને વશ કરી તેની પાસેથી ધન મેળવે છે. સ્ત્રીઓને સ્વાધીન કરી કામી વિષયવાસના સંતોષે છે. શત્રુ આદિને ઉચ્ચાટ થાય, તેને દુઃખ થાય, મરણાંત કષ્ટ થાય, તેવા પ્રયોગો કરી પોતાનું વેર વાળે છે અગર અન્યને થતા દુઃખથી પોતાને શાન્તિ માને છે. આ તેઓની દુષ્ટ બુદ્ધિ છે. અન્યને દુઃખ દેવાની માન્યતામાં તેઓ ઠગાયા છે. સામા મનુષ્યનું પુણ્ય બળવાન હોય તો આ માણસથી કરાતા મલિન મારણ, ઉચ્ચાટન, વશીકરણાદિ પ્રયોગો નિષ્ફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીવડે છે. જો તેઓનું પોતાનું પુણ્ય બળવાન હોય તો આવી અધોગતિ આપનારી આત્મશક્તિનો દુરુપયોગ કરનારી ક્રિયા કર્યા સિવાય પણ તેઓને પોતાની ઇચ્છાપૂર્ણ થાય તેવા પ્રસંગો મળી આવે છે. કદાચ સામાનું પુણ્ય ઓછું થયેલું હોય અને આ નિમિત્તે આ ક્રિયા કરનાર કોઈ વખત તેવા પ્રયોગોમાં વિજયી નીવડે છે, તોપણ આ આર્ત્ત અને રૌદ્ર અધ્યવસાયથી અન્યને મરણાંત કષ્ટ આપવા માટે કરાયેલી ક્રિયાનું ખરાબ પરિણામ તેને મળ્યા સિવાય રહેતું જ નથી. એટલું જ નહિ પણ મહા મોહકર્મ બાંધી ઘણા વખત સુધી દુર્ગતિનો અનુભવ કરવો પડે છે; માટે આત્મવિશુદ્ધિને ઇચ્છનારા મુમુક્ષુ જીવોએ અસત્ ધ્યાનને રસ્તે કદાપિ પણ જવું નહિ અને તેવા લોકોની સોબતમાં પણ ફસાવું નહિ. એ માટે ઘણી સાવચેતી રાખવી. લાલચો બૂરી ચીજ છે, ગમે તેવા મહાત્માઓને પણ ફસાવે છે, માટે તેવા સંગથી સદાને માટે દૂર રહેવું.

### ધ્યાન કોને કહેવું ? કેટલા વખત સુધી ટકી રહે ?

दृढसंहननस्यापि मुनेरान्तर्मुहूर्तिकम् ।
ध्यानमाहुरथैकाग्रचिंतारोधो जिनोत्तमाः ॥ ६४ ॥

छद्मस्थानां तु यद्ध्यान्नं भवेदान्तर्मुहूर्तिकम् ।
योगरोधो जिनेन्द्राणां ध्यानं कर्मौघघातकम् ॥६५॥

एकचिंतानिरोधो यस्तद्ध्यानं भावनाः पराः ।
अनुप्रेक्षार्थचिंता वा ध्यानसंतानमुच्यते ॥ ६६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વસ્તુના ઉપર ચિત્તનો નિરોધ કરવો તેને જિનેશ્વરો ધ્યાન કહે છે. દૃઢ સંહનનવાળા મુનિને પણ તે અંતરમુહૂર્ત સુધી હોય છે.

છદ્મસ્થોનું જે ધ્યાન છે તે અંતરમુહૂર્ત પ્રમાણે હોય છે, કર્મોના સમૂહનો નાશ કરનાર યોગના નિરોધરૂપ ધ્યાન જિનેશ્વરોને હોય છે.

જે એક ચિંતારૂપ નિરોધ છે તે ધ્યાન કહેવાય છે. તે સિવાયની મનની અવસ્થાને ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા પદાર્થ ચિંતારૂપ ધ્યાન સંતાન કહે છે.

**ભાવાર્થ**:—એક વસ્તુના ઉપર ચિત્તનો નિરોધ કરવો એટલે મનને એક વસ્તુ ઉપર જ રોકી રાખવું તેનું નામ ધ્યાન કહેવાય છે.

જેમાં ગુણપર્યાય તે વસ્તુ કહેવાય છે. આત્મા કે જડ કોઈ પણ વસ્તુ ઉપર મનને રોકી શકાય છે, બહાર કોઈ પણ જડ વસ્તુ કે તેની આકૃતિ, ભગવાનની પ્રતિમાજી વગેરે વસ્તુ ઉપર દૃષ્ટિ સ્થાપન કરી, દૃષ્ટિ સાથે મનને રોકી રાખવું. અંતરમાં કોઈ પણ આત્માનો ગુણ ધ્યેય તરીકે લેવો. જેમ કે હું આનંદસ્વરૂપ છું કે જ્ઞાનસ્વરૂપ છું, અથવા આખા આત્માને ધ્યેય તરીકે લેવો એટલે તેના ગુણ કે આત્મા તરફ મનને પ્રેરીને તેના ઉપર જ ચોંટાડી રાખવું. વચમાં તે ગુણના લક્ષ સિવાય બીજો કાંઈપણ સંકલ્પ ઉત્પન્ન થવા ન દેતાં તે ગુણ તરફ મનનો અખંડ પ્રવાહ ચલાવવો મનને નિઃપ્રકંપ (નિશ્ચલ) રીતે તેના ઉપર સ્થાપન કરવું (ધારી રાખવું). વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીપકની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિખાની માફક અડોલ રાખવું. વિકલ્પરૂપ વાયુ વડે ચલાયમાન ન થાય તેવી રીતે સ્થિર કરવું. આનું નામ ધ્યાન કહેવાય છે. શરૂઆતમાં મન કાંઈ આવી રીતે સ્થિર રહેતું નથી, માટે બહાર કોઇ ચીજ ઉપર પ્રથમ દૃષ્ટિ સાથે મનને સ્થિર કરવાનો અભ્યાસ પાડવો.

આ સંબંધી ભગવાન મહાવીરસ્વામીજીએ ગૌતમસ્વામીને એક વખત પોતાનો વૃત્તાંત જણાવતાં કહ્યું હતું તે સંબંધી હકીકત આ પ્રમાણે ભગવતી સૂત્રમાં છે કે, હે ગૌતમ! એક વખત હું એક માટીના ઢેફા ઉપર દૃષ્ટિ સ્થાપન કરી એક અહોરાત્રી પર્યંતની મહાપડિમા (અભિગ્રહ) કરી રહ્યો હતો. મતલબ કે તે મહાપ્રભુએ અનિમેષ દૃષ્ટિએ એક અહોરાત્રી પર્યંત મનને એક જ નિશાન કે લક્ષ ઉપર રોકી રાખવા સુધી પ્રયત્ન કર્યો હતો.

બહારદૃષ્ટિ અમુક લક્ષ ઉપર રાખવી તે એક નિશાન છે તે બહારદષ્ટિ સાથે આંતરૃદૃષ્ટિ હૃદયમાં કે ભ્રકુટી આદિ સ્થાનોમાં રાખવામાં આવે છે અને તે સ્થળે જેમ એકાદ ચપળ સ્વભાવવાળી નાસભાગ કરવાવાળી ગાય કે ભેંસને ખીલે બાંધવામાં આવે છે તેમ અંતર્હૃદયમાં શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરનાર સિદ્ધ પરમાત્મા કે જીવન્ત દેહધારી અરિહંતાદિની સાક્ષાત મૂર્તિની સ્થાપના કરી, આ શુદ્ધ સ્વરૂપ પરમાત્મા હું છું, મારું તેવું જ શુદ્ધ સ્વરૂપ છે વિગેરે ભાવનાવાળી વૃત્તિ કરી, તે સ્થાનમાં મનને તે મહાપ્રભુના સ્વરૂપરૂપી ખીલા સાથે બાંધી મૂકવામાં–રોકવામાં આવે છે, જેથી મનની તે વૃત્તિઓ પોતાની ચપલતાને મૂકી દઈ શુદ્ધ આત્મસ્વરૂપમાં પોતાનું ભાન ભૂલી લય થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક નિશાન ઉપર બાહ્યદૃષ્ટિને રોકી રાખી અંતરમાં અંતર્દૃષ્ટિનું સચોટ નિશાન બાંધવું એ આશય, ભગવાન મહાવીર દેવનો ગૌતમ સ્વામીને જણાવવાનો હોય તેમ એ સ્થળે સમજાય છે. આ તે મહાપ્રભુની અભ્યાસદશા હતી. શરૂઆતમાં મનને સ્થિર રહેવાનું શીખવવા માટે દેવની કે ગુરુની શાંતમૂર્તિ સન્મુખ સ્થાપન કરી તેના ઉપર એકાગ્રતા કરી શકાય છે. આ અભ્યાસની શરૂઆત ધીમે ધીમે કરાય છે. તે ઉપર દૃષ્ટિ સ્થાપ્યા બાદ તે ધ્યેય સિવાય બીજો કોઈ વિચાર મનમાં આવવા ન દેવો. દૃષ્ટિ નિમેષોન્મેષ રહિત ખુલ્લી રાખવી. એક બે મિનિટ જેટલા થોડા વખતથી શરૂઆત નિયમિત રીતે કરવી અને તેને ધીમે ધીમે લંબાવવી વધારવી. પછી તે મૂર્તિને હૃદયમાં સ્થાપન કરી, આંખો બંધ કરી, મનમાં તે ધ્યેય સિવાય બીજો કોઇ વિચાર આવવા ન દેવો એટલે તેનો જ વિચાર કરવો. તેનો વિચાર કરવો એટલે આત્માના શુદ્ધપદનો વાચક કોઇપણ શબ્દ, જેમ કે સોહં, અર્હં, ૐ વગેરે લઈ તેનો મનથી જાપ કરવો. હૃદયમાં તે મૂર્તિને આંતર્દૃષ્ટિથી જોયા કરવી. આ વખતે વચમાં કોઇ પણ વિચાર આવી જાય તો તે વિચારને મૂકી ન દેવો પણ તરત જ જાપ બંધ કરી તે વિચારને પકડવો અને વિવેકજ્ઞાનથી તે વિચારને છિન્નભિન્ન કરીને કાઢી નાખવો. વિચાર કોઈ પણ વાસનાને લઇને ઊઠે છે. તેનું અનિત્યપણું, અસારપણું, દુઃખદપણું વિચારી, અનાત્મપણું, ક્ષણભંગુરપણું નિર્ણીત કરી, તે વિચારને કાઢી નાંખવો

૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પાછો તે જાપ મૂર્તિમાં ધ્યાન આપવાપૂર્વક શરૂ કરવો. જો વિચારોને દબાવવામાં આવે છે તો તે વિચારો તેટલો વખત દબાય છે, પણ પાછા તેનાથી બમણા જોરથી ઊપડે છે અને હેરાન કરે છે. માટે વિચારોને નહિ દાબતાં વિચાર દ્વારા વિચારને વિખેરી નાખવા વચમાં થોડો વખત જાપ તથા વિચારને બંધ પણ કરી દેવાની ટેવ પાડવી અને 'શુદ્ધઆત્મસ્વરૂપ હું છું' તે ભાવનાને મુખ્ય રાખી તે સ્થિતિમાં સ્થિર થવું-મનને તે સ્થિતિમાં ગાળી નાખવું પણ વિચારાંતર કે આલંબનેતરનું વ્યવધાન-આંતરું ચાલુ પ્રવાહની વચમાં આવવા ન જ દેવું. તેમ થાય ત્યારે ધ્યાન સિદ્ધ થયું ગણાય છે. ગમે તેવા મજબૂત બાંધાના શરીરવાળા મુનિને પણ આ સ્થિતિ અંતર્મુહૂર્ત એટલે અડતાળીસ મિનિટ કે તેની અંદરના વખત સુધી ટકે છે તેથી વધારે ટકી શકતી નથી.

શરૂઆતમાં આવી સ્થિતિ વધારે વખત સુધી ટકતી નથી પણ લાંબા અભ્યાસથી તે સ્થિતિ સિદ્ધ થાય છે. આ ધ્યાન છદ્મસ્થોનું છે. છદ્મસ્થ એટલે જ્ઞાનાવરણાદિકના આવરણવાળો જીવ. તે મન, વચન, કાયાના યોગોનો-વ્યાપારોનો સર્વથા નિરોધ કરી શકતો નથી. તેથી કોઈ પણ એક પદાર્થના આલંબન ઉપર મનને સ્થિર કરવારૂપ ધ્યાન તેને કહેવામાં કે બતાવવામાં આવ્યું છે.

સર્વ યોગોનો સર્વથા નિરોધ કરવારૂપ ધ્યાન જિનેશ્વરોને હોય છે. જિનેશ્વરનો સામાન્ય અર્થ અહીં કેવળજ્ઞાનની સ્થિતિ પામેલા આત્માઓનો થાય છે. છતાં તે દેહધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. દેહ વિનાના શુદ્ધાત્માઓને તો યોગના વ્યાપારો રોધવાની જરૂર રહેતી નથી.

કેવળજ્ઞાન પામ્યા પછી જ યોગોનો સર્વથા નિરોધ કરવાનું બળ આવે છે. જૈન પરિભાષામાં યોગો કોને કહે છે, તેનો ખુલાસો આ પ્રસંગે કરવો જરૂરનો છે. ઔદારિક આદિ શરીરના સંયોગથી ઉત્પન્ન થયેલા આત્મપરિણામ વિશેષ વ્યાપાર તેને યોગો કહે છે. ધ્યાનશતકમાં કહ્યું છે કે–

ઔદારિક આદિ (આ દેખાતું આપણું સ્થૂલ શરીર–આદિ શબ્દથી વૈક્રિય–આહારક શરીર લેવાં) શરીરયુક્ત આત્માની વીર્યશક્તિવાળી પરિણતિવિશેષ તે કાયયોગ.

તેમ જ ઔદારિક–વૈક્રિય આહારક શરીરના વ્યાપાર વડે ખેંચેલા વચનવર્ગણાના દ્રવ્યોનો સમૂહ-તેની સહાયથી થતો જીવનો વ્યાપાર–ક્રિયાવિશેષ તે વચનયોગ.

તથા ઔદારિક, વૈક્રિય, આહારક, શરીરના વ્યાપાર વડે, ખેંચેલ મનોવર્ગણા દ્રવ્યનો સમૂહ તેની સહાયથી જીવનો વ્યાપાર (ક્રિયાવિશેષ) તે મનોયોગ.

આ સર્વ વ્યાપારોને (ક્રિયાઓને) સદાને માટે અટકાવવી–રોકવી તેનો લય કરવો તે જિનોનું છેવટનું ઉત્તમોત્તમ ધ્યાન કહેવાય છે. આ ધ્યાન પછી તરત તેઓ આ દેહથી સદાને માટે સર્વ કર્મોનો નાશ કરી મુક્ત થાય છે.

આ ઠેકાણે આશંકા ઉત્પન્ન થાય છે કે છદ્મસ્થ મુનિઓને અંતર્મુહૂર્ત પર્યંત જ ધ્યાન હોય છે એમ અહીં જણાવ્યું. પણ શાસ્ત્રમાં સાંભળવામાં આવે છે અને કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પ્રસંગો દેખવામાં પણ આવે છે કે અમુક મહાત્મા-કલાકોના કલાકો સુધી ધ્યાન કરે છે તેનું કેમ સમજવું?

આનો ઉત્તર આ પ્રમાણે છે કે એક દ્રવ્યમાં કે ગુણમાં મનનો નિરોધ કરવો-એકરસ અખંડ પ્રવાહ ચલાવવો તે ધ્યાન તો અંતર્મુહૂર્તથી અધિક છદ્મસ્થોને હોઇ શકે નહિ. યોગોની ચપળતા રોકવી ઘણી મુશ્કેલી ભરેલી છે, તથાપિ તે ધ્યાતા મુનિ, એક પછી એક એમ અંતર્મુહૂર્ત પછી પોતાના ધ્યેયોને પલટાવતો જાય અગર મનોયોગની સ્થિતિની વિકળતા થઇ જાય કે તરત જ પાછી તેને ઉપયોગની જાતિથી તેની સાથે જોડી દે-અનુસંધાન કરી દે તો તે ધ્યાનની સંતતિ લાંબા વખત સુધી પણ લંબાય છે, પણ અંતર્મુહૂર્ત પછી એકાગ્ર થયેલું મન નિરોધ સ્થિતિમાં રહી શકતું નથી તેનો પ્રવાહ ધ્યેયાંતરમાં-પછી તે આત્મગત મનાદિકમાં કે પરગત દ્રવ્યાંતરમાં સંક્રમણ કરે છે તેથી ધ્યાનનો પ્રવાહ લાંબો વખત ચાલુ રહે છે. કલાકો સુધી ધ્યાન કરવાનું જે કહેવા કે સાંભળવામાં આવે છે તે આ અપેક્ષાએ બરોબર છે.

એકાગ્રતામાંથી ખસી ગયેલા ચિત્તની ત્રણ અવસ્થા થાય છે તેને ભાવના, અનુપ્રેક્ષા અને પદાર્થચિંતા કહેવામાં આવે છે.

શરૂઆતમાં મનને એક જ ધ્યેયમાં જોડવાનું હોય છે. આપણે ધ્યેય તરીકે એક આત્મગુણ લઇએ, જેમ કે 'આત્મા આનંદસ્વરૂપ છે.' આત્મા આનંદસ્વરૂપ છે તેનો મનને વારંવાર સંસ્કાર પાડવો. મનમાં તે પદનો-શબ્દનો પ્રતિધ્વનિ થયા કરે. આ એકાગ્રતા નથી, પણ એકાગ્રતાનો અભ્યાસ થાય છે. બીજા સંસ્કારો કે વિચારાંતરોને હઠાવીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ એક જ વિચારને મુખ્ય કરવાનો પ્રયત્ન ચાલુ છે. મનની આવી સ્થિતિને ભાવના કહે છે. આવી ભાવના ચાલુ રાખવા પછી તે અભ્યાસને મૂકી દઈ મન તદ્દન સ્થિર થાય છે. 'હું આનંદસ્વરૂપ છું' તેને પણ યાદ કરતું નથી. મનનો કેવળ લય થઈ જાય છે તે એકાગ્રતાવાળી ધ્યાનની સ્થિતિ કહેવાય છે.

આ ભાવનાની હયાતી ધ્યાનના અભ્યાસકાળમાં એટલે ધ્યાન કરવાની શરૂઆતમાં અને અંતર્મુહૂર્ત પછી એકાગ્રતાની સ્થિતિ વીખરાતાં હોય છે. મનની આવી સ્થિતિ તે ભાવના છે.

મનની બીજી સ્થિતિ અનુપ્રેક્ષાની છે. અનુપ્રેક્ષા એટલે પાછળ તપાસ કરવી જોવું. અર્થાત્ ધ્યાનની સ્થિતિ ખસી જવા પછી પાછું તે સ્થિતિ મેળવવા પૂર્વે અનુભવાયેલી ધ્યાન-સ્થિતિનું સ્મરણ કરવું, સ્મૃતિ લાવવી, પૂર્વની સ્થિતિને યાદ કરવી તે છે.

મનની ત્રીજી સ્થિતિ ચિંતા નામની છે. આ બે સ્થિતિથી જુદી એટલે મનની આ બે સ્થિતિ ઊંચા પ્રકારની છે, તેનાથી આ ત્રીજી નીચા પ્રકારની છે. કોઈ પણ પદાર્થની ચિંતા કરવી એટલે અનેક વિચારાંતરોમાં ચાલ્યા જવું. જીવાજીવાદિ અનેક પદાર્થોના વિચાર કરવા તે પદાર્થચિંતા નામની મનની ત્રીજી સ્થિતિ છે. આગમમાં કહ્યું છે કે-

जं थिरमज्झवसाणं तं झाणं जं चलं तयं चित्तं ।
तं हुज्ज भावणा वाणुप्पेहा वा अहव चिंता ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंतो मुहुत्तपरओ चिंता झाणंतरं च हुज्जावा ।
सुचिरंपि हुज्ज बहुवथ्थुसंकमे झांणसंताणं ॥ २ ॥
अंतो मुहुत्त मित्तं चिंता वथ्थाण मेग वथ्थुमि ।
छउमथ्थाणं झाणं जोग निरोहो जिणाणं च ॥३॥

જે સ્થિર અધ્યવસાય છે તેને ધ્યાન કહે છે. જે ચપલ અધ્યવસાય છે તેને ચિત્ત કહે છે. તે ચપલ અધ્યવસાયને ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા કહે છે.

અંતર્મુહૂર્ત (એકાગ્રતા રહ્યા) પછી (ધ્યાન હોતું નથી), ચિંતા હોય છે. અથવા ધ્યાનાંતર હોય છે (ભાવના કે અનુપ્રેક્ષા હોય છે). ઘણી વસ્તુમાં મન સંક્રમણ કરે (સ્થિરતાવાળું ધ્યેયાંતર ચાલુ રાખે) તો ઘણા વખત સુધી પણ ધ્યાનનો પ્રવાહ હોય છે. અંતર્મુહૂર્ત પ્રમાણે એક વસ્તુમાં ચિત્ત સ્થિર કરી રાખવું તે છદ્મસ્થોનું ધ્યાન છે અને યોગોનો નિરોધ કરી દેવો તે જિનોનું ધ્યાન છે.

## સારું ધ્યાન કોને કહેવું?

रागद्वेषौ शमी मुक्त्वा यद्यद्वस्तु विचिंतयेत् ।
तत्प्रशस्तं मतं ध्यानं रौद्राद्यं चाप्रशस्तकम् ॥६७॥

રાગ અને દ્વેષ મૂકીને, સમતાવાન મુનિ જે જે વસ્તુનું ચિંતન કરે–ધ્યાન કરે તે તે ધ્યાન સારું માનેલું છે. રૌદ્ર આદિ ધ્યાન તે ખરાબ માનેલાં છે.

શાસ્ત્રાંતરમાં કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वीतरागो भवेत् योगी यत्किंचिदपि चिंतयन् ।
तदेव ध्यानमाम्नातमतोऽन्ये ग्रंथविस्तराः ॥ ६८ ॥

યોગી, ગમે તેનું પણ ચિંતવન કરતાં (જો) વીતરાગ થાય તો તેને જ ધ્યાન માનેલું છે (તેને જ ધ્યાન કહેવું') એ સિવાય બીજા ગ્રંથના વિસ્તાર સમજવા. મતલબ કે જે ધ્યાન કરવાથી-જેનું ચિંતન કરવાથી વીતરાગ થવાય-રાગ-દ્વેષ રહિત સ્થિતિ પમાય તે જ ધ્યાન છે; એ સિવાય બીજાં પોથાં તે ખાલી થોથાં સમજવાં.

## પ્રકરણ ૫

## આર્ત્તધ્યાન

आर्त्तं रौद्रं च दुर्ध्यानं प्रत्येकं तच्चतुर्विधम् ।
अर्त्ते भवमथार्त्तं स्यात् रौद्रं प्राणातिपातजम् ॥६९॥

આર્ત્ત અને રૌદ્ર એ બે દુર્ધ્યાન છે. તે દરેકના ચાર ચાર ભેદ છે. પીડાથી ઉત્પન્ન થયેલું આર્ત્તધ્યાન કહેવાય છે અને પ્રાણનો નાશ કરવાથી ઉત્પન્ન થયેલું રૌદ્રધ્યાન કહેવાય છે.

**ભાવાર્થ**:—રાગદ્વેષની પરિણતિથી કોઇ પણ જીવને દુઃખ ઉત્પન્ન કરવું કે દુઃખ ઉત્પન્ન કરવાના વિચારો કરવા તે દુર્ધ્યાન છે. તેને આર્ત્તધ્યાન કહે છે. બીજા જીવોને આર્ત્ત-પીડિત દુઃખિત કરવાના વિચારોથી તે ધ્યાનની ઉત્પત્તિ છે.

જીવોને પ્રાણોથી સર્વથા જુદા કરવાથી કે કરવાના વિચારોથી ઉત્પન્ન થયેલું દુર્ધ્યાન તેને રૌદ્રધ્યાન કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બન્ને જાતના દુર્ધ્યાનની ઉત્પત્તિ વિચાર દ્વારા થાય છે અને પછી વચન કે શરીર દ્વારા તેને ક્રિયામાં મૂકવામાં આવે છે. આ આર્ત્ત તથા રૌદ્ર દુર્ધ્યાનના ચાર ચાર ભેદ છે. જે અનુક્રમે આગળ બતાવે છે.

### આર્ત્તધ્યાનના ચાર ભેદ

अनिष्टयोगजं चाद्यं परं चेष्टवियोगजम् ।
रोगार्त्तं च तृतीयं स्यात् निदानार्त्तं चतुर्थकम् ॥७०॥

મનને ન ગમે તેવી વસ્તુના સંયોગથી, વહાલી વસ્તુનો વિયોગ થવાથી, રોગ થવાથી અને નિયાણું કરવાથી ઉત્પન્ન થતું એમ આર્ત્ત ધ્યાન ચાર પ્રકારે છે.

### અનિષ્ટસંયોગ પહેલું આર્ત્તધ્યાન

विषदहनवनभुजंगमहरिशस्त्रारातिमुख्यदुर्जीवैः ।
स्वजनतनुघातकृद्भिः सह योगेनार्त्तमाद्यं च ॥७१॥
श्रुतैर्दृष्टैः स्मृतैर्ज्ञातैः प्रत्यासत्तिसमागतैः ।
अनिष्टार्थैर्मनःक्लेशे पूर्वमार्त्तं भवेत्तदा ॥ ७२ ॥

પોતાના સંબંધીઓનો અને પોતાના શરીરનો ઘાત (નાશ) કરવાવાળા ઝેર, અગ્નિ, વન (અથવા સળગતું વન), સાપ, સિંહ, શસ્ત્ર અને શત્રુપ્રમુખ દુષ્ટ જીવોની સાથે મેળાપ થવો, તેથી ઉત્પન્ન થનારું પહેલું આર્ત્તધ્યાન છે. તેમ જ અનિષ્ટ પદાર્થોને સાંભળવા વડે, દેખવા વડે, સ્મરણ કરવા વડે, જાણવા વડે, નજીક આવવા વડે, જો મનમાં કલેશ થાય, તો તેથી પહેલું અનિષ્ટસંયોગ નામનું આર્ત્તધ્યાન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ** :—ધ્યાન એ મનનો વિષય છે. નિમિત્તો મળવાથી વાસનારૂપે રહેલા સંસ્કારો પ્રગટ થઈ આવે છે અને તેથી જેવા જેવા વિચારમાં લીન થવાય છે તેવી તેવી જાતનું તે ધ્યાન કહેવાય છે. અહીં આર્ત્તધ્યાનનો પ્રસંગ છે. અનિષ્ટ વસ્તુનો સંયોગ જીવને ઠીક લાગતો નથી. ન લાગવાનું કારણ, આત્મા પોતે આનંદરૂપ છે, સુખસ્વરૂપ છે, તેથી તેને સારું જ-ઉત્તમ જ ગમે છે. ત્યારે આ અનિષ્ટનો મેળાપ શા માટે થાય છે? આત્મા પોતે પોતાનું ભાન ભૂલી જઈ પોતે માની લીધેલા ઈષ્ટ વિષયો તરફ આકર્ષાય છે, તેને નિમંત્રણ આપે છે, અહોનિશ તેનું ચિંતન કર્યા કરે છે, તેને માટે ભગીરથ પ્રયત્નો નિરંતર કર્યા કરે છે, મનમાં દૃઢ સંસ્કાર પાડે છે, વચનથી તેને અનુમોદે છે—'ઇષ્ટ છે' તેમ બોલે છે, શરીર દ્વારા તે મેળવવા પ્રયત્ન કરે છે અને તેને ભોગવતાં રાગ, દ્વેષ, હર્ષ શોક કરે છે. વિષયો પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે, વસ્તુમાં જે જે જાતના સ્વભાવો રહેલા છે તે તે જાતના સ્વભાવો તો પ્રકાશિત થવાના જ. અગ્નિનો સ્વભાવ બાળવાનો છે, પાણીનો સ્વભાવ ઠારવાનો-ઠંડા પાડવાનો છે. તે બદલાવવો મુશ્કેલ છે. તેઓનો આવો સ્વભાવ શા માટે? આ કાંઈ પ્રશ્ન નથી. તે તો કહે છે કે જેવા અમે છીએ તેવા તમારી સન્મુખ ઊભા જ છીએ, તમને ઠીક લાગે તો અમને સ્વીકારો યોગ્ય લાગે તો આમંત્રણ આપો, તમારી ઈચ્છા વિના અમે ક્યાં તમારી પાસે આવીએ છીએ? તમે અમારા સ્વભાવની તપાસ કર્યા પછી જ આમંત્રણ કરો પણ યાદ રાખજો, એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર આમંત્રણ આપ્યા પછી અને તે આમંત્રણને માન આપીને અમે તમારી આગળ આવ્યા પછી, અમે તો અમારા સ્વભાવ પ્રમાણે તમારી આગળ ઊભા રહીશું તે વેળાએ તમે આવા કેમ, ને તેવા કેમ? આ પ્રશ્ન કરી અમારો અનાદર કરશો–તિરસ્કાર કરશો અમને રજા આપશો, તો અમે બિલકુલ તમારી પાસેથી જવાના જ નહિ. ઊલટા અમારા અપમાનના બદલા ખાતર તમારી આગળ રહેવાની અમારી જે મુદ્દત છે, તમે જેટલા દિવસ ખાતર તમારું આત્મભાન ભૂલી અમને ખરીદ્યા છે તે મુદતમાં વધારો કરીશું; તેથી વધારે વખત તમારી આગળ રહીશું અને એક વાર આમંત્રણ આપ્યા પછી જેટલો અમારો તિરસ્કાર કરશો તેટલા વધારે દિવસ અમે તમને છોડશું નહિ. જો અમે તમને ગમતા ન હોઇએ તો જેટલા દિવસનું અમને તમે આમંત્રણ આપ્યું છે તેટલા દિવસ રાજીખુશી થઇ અમને ભોગવી લો–સ્વીકારી લો એટલે અમે અમારી મુદત પૂરી થતાં સ્વાભાવિક રીતે જ તમારી પાસેથી ચાલ્યા જઇશું અને ફરી તમારા નિમંત્રણ સિવાય નહીં આવીએ. મતલબ કે શુભાશુભ કર્મના ઉદય વખતે તેના તરફ રાગદ્વેષ ન કરતાં સમભાવે તે કર્મો ભોગવી લેવાં એ જ આપણો તે વખત માટેનો પુરુષાર્થ છે.

દેહ અને સ્વજન સંબંધીઓને હેરાન કરે, ઘાત કરે, તેવા અનિષ્ટ સંયોગો આવી મળતાં તેથી નારાજ થવું, તેનો વિયોગ ચિંતવવો એ આર્ત્તધ્યાન છે. તેનાથી બચવાનો ઉપાય ન શોધવો એમ કહેવાનો અહીં આશય નથી. પણ મનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સંબંધી વિચારો કર્યા જ કરવા, મનમાં કલેશ પામવો, ખેદ કરવો, તેનો વિયોગ ચિંતવવો તે કાંઈ તેથી બચવાનો ઉપાય નથી.

તમે જેવા વિચારોને પોષણ આપ્યું છે, અન્યને જેવી રીતે, જેવા આશયથી સંતાપ્યા છે, હેરાન કર્યા છે, જેવાં જેવાં બીજ વાવ્યાં છે, તે માટે તમે ઇચ્છા કરો કે ન કરો, તે બી ઊગવાનાં જ અને ફળ આપવાનાં જ અને તે જેને માટે નિર્માણ થયાં છે તેને ખાવા પડવાનાં જ. કર્મનો બદલો કાળાંતરે પણ મળ્યા સિવાય રહેતો નથી આ અનિષ્ટ વસ્તુઓનો સંયોગ તે તમારા કર્મનો બદલો છે. હવે તમે તેનાથી નાસી છૂટીને જવાના ક્યાં છો? બળાત્કારે પણ તેવા કલેશી માણસનો સહવાસ થવાનો જ. અન્યનું સુખ નષ્ટ કર્યું છે તે માટે તમારું પણ સુખ નષ્ટ થવાનું જ. અન્યને હેરાન કર્યા છે તે માટે તમારે હેરાન થવું જ પડશે. તેને કાઢવાના પ્રયાસો કર્યા જ કરો ને પણ તે તમારી પાસે આવવાના જ.

તમારા સુખના ઉપભોગ માટે ઘણાંનાં સુખ તમે લૂંટ્યા છે, તો તમારા સુખ પણ અન્યના ઉપભોગ માટે લૂંટાવાના જ. તમારો સ્વાર્થ સિદ્ધ કરવા તમે 'અન્યને દુઃખ થશે' તેની ક્યાં દરકાર કરી છે? તો બીજાઓ પણ તમને દુઃખ થાય છે તેની શા માટે દરકાર કરશે?

આવા અનિષ્ટ સંયોગોથી નારાજ ન થાઓ વિચાર કરશો તો તમને આ જન્મ સંબંધી પણ એવા દાખલાઓ મળી આવશે કે કર્મનો બદલો જ મનુષ્યોને મળે છે, બીજાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તમાત્ર છે. નિમિત્તો ઉપર દ્વેષ ન કરો, તેમના ઉપર ઈર્ષા ન કરો. આવા અનિષ્ટ સંબંધો શા માટે મળે છે તેનું ખરું કારણ શોધી કાઢો અને તે મૂળને જ સુધારો. તેવાં કર્તવ્યો કરતાં અટકો, સુખી કરો, તો સુખ મળશે; ઇષ્ટ આપો તો ઇષ્ટ મળશે; શાંતિ આપો, તો શાંતિ પામશો; અભય આપો તો નિર્ભય થશો. આ ઉપાય લાગુ પાડયા વિના કેવળ મનોરથો કરવા તે મૂર્ખતા છે.

ધ્યાનશતકમાં કહ્યું છે કે,

**अमणुन्नाणं सद्दाइविसयवत्थुण दोसमालिणस्स ।**
**धणियं विओगचिंतणमसंपयोगाणुसरणं च ॥ १ ॥**

મનને નહિ ગમે તેવા શબ્દાદિ વિષયો તથા વસ્તુઓનો, દ્વેષથી મલિન મન વડે અત્યંત વિયોગ ચિંતવવો અને ફરીને તેનો મેળાપ ન થાય તેવું ઈચ્છવું-ચિંતવવું, તે અનિષ્ટ સંયોગ આર્ત્તધ્યાન છે.

**ભાવાર્થ**:—શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ પાંચ ઇન્દ્રિયોના વિષયો છે અને તે જેમાં રહે છે તે વસ્તુ છે. આવા અનિષ્ટ શબ્દાદિ વિષયો અને તેના આધારભૂત સજીવ-નિર્જીવ વસ્તુઓ, જેવાં કે કૂતરાં ગધેડાપ્રમુખના શબ્દો કુરૂપાં-કદરૂપા મનુષ્યો તથા પ્રાણીઓ અને કાળી-કાબરી વસ્તુઓ, ખરાબ દુર્ગંધ અને દુર્ગંધવાળા મળ, વિષ્ટાદિ પદાર્થો, કડવા કષાયેલા રસો, અને તેવી કોહેલી વસ્તુઓ, કાંટાકાંકરા વગેરેના કઠોર સ્પર્શવાળા અને તેવા કઠોર સ્પર્શવાળા મનુષ્ય, જનાવર, જમીન, આદિ, પદાર્થો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિષય અને વસ્તુઓનો અત્યંત વિયોગ ચિંતવવો, જેમ કે તમે ચાલ્યા જાઓ, તમારો ખપ નથી અને કોઈ પણ વખત આવા વિપરીત વિષયો કે પદાર્થોનો મેળાપ પણ મને થશે નહિ, ઇત્યાદિ ચિંતવવું તે આર્ત્તધ્યાન છે.

આર્ત્તધ્યાન શા માટે? ઉત્તર એ છે કે તે વિષયો નિમિત્તે મનમાં ઉદ્વેગ થાય છે–દ્વેષ થાય છે દ્વેષથી જીવ મલિન થાય છે. આ મલિનતા ઉત્પન્ન થવી તે જ આત્માને કર્મથી દબાવી દેવાનો કે ઉજ્જવલ ન થવા દેવાનો પ્રયાસ છે. આત્મા કર્મથી મલિન થાય તેમાં આપણને મોટું નુકશાન છે. આત્મા ખરા સત્ય સુખથી વેગળો જાય છે, માટે જ તે ખરાબ ધ્યાન છે. જેમ બને તેમ તેવા વિચારોનો ત્યાગ કરી કરેલું જે ઉદય આવે તે સમભાવે ભોગવી લઈ ઓછું કરી નાખવું તે જ સમજુ વિચારવાનોનું કર્તવ્ય છે.

### ઇષ્ટવિયોગ બીજું આર્ત્તધ્યાન

राज्यैश्वर्यकलत्रपुत्रविभवक्षेत्रस्वभोगात्यये
चित्तप्रीतिकरप्रशस्तविषयप्रध्वंसभावेऽथवा ।
सत्रासभ्रमशोकमोहविवशैर्यं चिंत्यतेऽहर्निशम्
तत्स्यादिष्टवियोगजं तनुमतां ध्यानं मनोदुःखदम् ॥७३॥
दृष्टश्रुतानुभूतैस्तैः पदार्थैश्चित्तरंजकैः ।
वियोगे यन्मनःक्लेशः स्यादार्त्तं चेष्टहानिजम् ॥७४॥
मनोज्ञवस्तु विध्वंसे पुनस्तत्संगमार्थिभिः ।
क्लिश्यंते यत् तदेतत्स्यात् द्वितीयार्त्तस्य लक्षणम् ॥७५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્ય, ઐશ્વર્ય, સ્ત્રી, પુત્ર, વૈભવ, ક્ષેત્ર ઇત્યાદિ પોતાના ઉપભોગના સાધનો ચાલ્યા જવાથી અથવા ચિત્તને પ્રીતિ કરવાવાળા સુંદર વિષયોનો નાશ થતાં, જીવો ત્રાસ પામીને ભ્રમિત થઇને, શોક કરીને, મોહથી પરાધીન થઇને, રાતદિવસ તેને માટે જે ચિંતન કરે છે તે મનને દુઃખ દેવાવાળું ઈષ્ટ-વિયોગ નામનું આર્તધ્યાન છે.

ચિત્તને રંજન કરવાવાળા દેખેલા, સાંભળેલા અને અનુ-ભવેલા પદાર્થોની સાથેનો વિયોગ થતાં મનમાં જે કલેશ થાય તે ઈષ્ટવિયોગથી ઉત્પન્ન થયેલું આર્તધ્યાન છે.

મનોજ્ઞ વસ્તુનો નાશ થતાં ફરી તેના સમાગમના અર્થી જીવો જે કલેશ પામે છે તે આ બીજા આર્ત્તધ્યાનનું લક્ષણ છે.

**ભાવાર્થ**:—ઈષ્ટ–વહાલા મનુષ્યો કે દેહાદિ નિર્વાહના સાધનભૂત પદાર્થોનો નાશ થતાં અજ્ઞાની જીવો વિવિધ પ્રકા-રનાં કલ્પાંત, શોક, આક્રંદ કરે છે–અહોનિશ ઝુરે છે. તેમના વિયોગથી આ સંસારને શૂન્ય માને છે. જીવિતવ્ય નિષ્ફળ ગયું સમજે છે, તેમના મેળાપ માટે દેહનો વિયોગ પણ સુખરૂપ માને છે. તેમનો પાછો સમાગમ મળી આવે તે માટે નિરં-તર વિચારો કર્યા કરે છે. આ સર્વનું પરિણામ શું સમજવું? કાંઈ નહિ. આત્મસ્વરૂપનું આ અજ્ઞાન છે અથવા કર્મના કાયદાની અજાણતા છે. અચાનક કાંઈ આવી મળતું નથી કે આવેલું ચાલ્યું જતું નથી. આવવામાં અને જવામાં હેતુઓ છે. હેતુ વિનાનું કાંઈ નથી. જો હેતુ વિના આવવુંજવું, સંયોગવિયોગ થતાં જ હોય તો આ વિશ્વની વ્યવસ્થા બની ન જ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્ય એ પોતાના સારા આચરણોનું પરિણામ છે. સારાં કર્તવ્યોનો બદલો આપનારાં બીજ તેમાં છે. તેનાથી અનુકૂળ સંયોગો આવી મળે છે. તે પૂરાં થઈ જતાં, જેમાં નઠારા કર્તવ્યના બદલાનાં બીજો રહેલાં છે, તેમાંથી પાપોનાં ફળો બહાર આવે છે તેને લઇને જીવો દુઃખનો અનુભવ કરે છે સુખનાં સાધનો નાશ પામે છે યા અન્ય સ્થળે તે જ રૂપાંતરે ચાલ્યાં જાય છે. આથી જીવો દુઃખી થાય છે.

હવે જો મનુષ્ય વિચારવાન જ હોય તો, ગઇ વસ્તુનો શોચ ન કરતાં સમજીને મનને શાંતિ વાળે કે જે કારણથી તેઓ આવ્યા હતા તે કારણ મારી પાસે પૂરું થઈ રહ્યુ છે. ફરી તે જ કે તેવી વસ્તુની જરૂરિયાત જ હોય તો પાછાં તેવાં સારા કર્તવ્યો કરી પુણ્ય ઉપાર્જન કરું કે તે વસ્તુઓ પાછી મને આવી મળે. ગઈ વસ્તુનો શોચ કરવાથી તે પાછી આવવાની નથી તો કેવળ કલ્પાંત કરી વખત નકામો કાઢી આર્ત્તધ્યાન કરી, નવીન કર્મબંધ કરવો તેના કરતાં તે જ વખતનો યોગ્ય રસ્તે સારો ઉપયોગ કરી લઉં કે ફરીને પાછો આવી સ્થિતિમાં આવી ન પડું. ખરેખર, આ જ્ઞાન કે વિચાર માણુસોમાં ઘણો ઓછો હોવાથી, આ સીધે રસ્તે માણસો આવી શકતા નથી; તેથી જ તેમને આ સંસાર દુઃખમય ભાસે છે. તેમ ભાસવા છતાં પણ પાછા તે વાતને ભૂલી જાય છે. કાંઈક અનુકૂળ સંયોગો મળી આવતાં થયેલ વિયોગનાં દુઃખ વિસારે પડે છે અને આ અનુકૂળ સંયોગમાં આનંદ માને છે, પણ વખત જતાં આ અનુકૂળતા પણ વીખરાઈ જાય છે ત્યારે ફરી પણ પૂર્વની માફક શોક–આક્રંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા રહે છે. કોઈક વીર પુરુષો જ આ વિષમ સંયોગ-વિયોગના ચક્રમાંથી બચી જાય છે. ફરી તે ચક્રમાં આવવું ન પડે માટે આત્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે અને વિજય મેળવે છે.

ઇષ્ટ વસ્તુ કાયમ બની રહો, તેનો વિયોગ ન જ થાઓ વિયોગ થયો હોય તો પાછો સંયોગ થઈ આવો વિગેરે વિચારો તેમાં થયેલી એકાગ્રતા–તન્મયપણું, આ સર્વ રાગનું પરિણામ છે. રાગ છે તે આત્માને આવરણકર્તા છે. આત્મા ઉપર આવરણ આવવું તે શુદ્ધતાને દબાવી નાખનાર છે. તે દબાતાં અજ્ઞાનતામાં વધારો થાય છે. આ અજ્ઞાનતા અનેક ભુલાવાઓ ખવરાવી સંસારમાં પરિભ્રમણ કરાવે છે. માટે આત્મા ઉપર આવરણ ન આવે તે માટે વારંવાર સાવચેતી રાખી નિરાવરણ થવા માટે પ્રયત્ન કરવો એ યોગ્ય માર્ગ છે.

અન્ય સ્થળે કહ્યું છે કે—

**इट्ठाणं विसयाइणं वेयणएय रागरत्तस्स ।**
**अविओगज्जवसाणं तह संजोगाभिलासो य ॥**

રાગમાં રંગાયેલો–રાગમાં આસક્ત થયેલો જીવ ઇષ્ટ એટલે મનને ગમે તેવા વિષયો મેળવીને આદિ શબ્દથી ઇષ્ટ વસ્તુઓને અનુકૂળપણે અનુભવીને તેનો વિયોગ ફરી ન થાય તે માટે વિચારો કર્યા કરે તથા તેવી ઇષ્ટ વસ્તુ અને વિષયો જે ન મળ્યા હોય તેવાઓને મેળવવાની ઇચ્છા રાખ્યા કરે તે ઇષ્ટવિયોગ આર્ત્તધ્યાનનો બીજો ભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રોગાર્ત્ત ત્રીજું આર્ત્તધ્યાન

अल्पानामपिरोगाणां मा भूत्स्वप्नेऽपि संगमः ।
ममेति या नृणां चिंतां स्यादार्त्तं तत् तृतीयकम् ॥७६॥

થોડા પણ રોગોનો મને સ્વપ્નવિષે પણ સમાગમ ન થાઓ એ પ્રમાણે મનુષ્યોને જે ચિંતા થાય છે તે ત્રીજું આર્ત્તધ્યાન છે.

**ભાવાર્થ**:—અનિષ્ટ સંયોગમાં આ ત્રીજા ભેદનો સમાવેશ થાય છે. તથાપિ મનુષ્યજીવનથી બધી ચિંતાઓમાં દેહની ચિંતા–દેહ ઉપરનું મમત્વ એ ચિંતા મોટામાં મોટી છે. તેથી બીજી સામાન્ય ચિંતાની બરોબરીમાં એટલે એક બાજુ બીજી સર્વ ચિંતા અને એક બાજુ દેહરક્ષણની ચિંતા એ સરખી છે, અથવા તેથી પણ અધિક ચિંતા છે તે બતાવવા ખાતર આ ભેદ જુદો ગણવામાં આવ્યો છે. મનુષ્યો કે સામાન્ય રીતે બધા જીવો પોતાના દેહના રક્ષણ માટે બીજી બધી વસ્તુને જતી કરીને પણ દેહનો બચાવ કરે છે. વહાલામાં વહાલી ચીજોનો પણ દેહરક્ષણ અર્થે ત્યાગ કરે છે. એ ઉપરથી સમજી શકાય છે કે દેહ ઉપર મનુષ્યોને કેટલું બધું મમત્વ છે?

આથી એમ કહેવાનો આશય નથી કે દેહનું રક્ષણ ન કરતાં તેને પાડી નાખવું. દેહ એ ધર્મનું સાધન છે. પણ તેના ઉપર એટલું બધું મમત્વ કરવાનું નથી કે અહોનિશ તેનું રક્ષણ કર્યા જ કરવું રાતદિવસ તેની જ ચિંતા કર્યા

૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવી. શરીર હોવાથી તેમાં રોગાદિક ઉત્પન્ન થવાનો સંભવ છે. આ રોગોમાં કેટલાક ક્લિષ્ટ કર્મના વિપાકથી ઉત્પન્ન થાય છે અને કેટલાક પોતાની ખાવાપીવાની બેદરકારીથી ઉત્પન્ન થાય છે. કેટલાક ચેપી રોગો એકબીજાના સહવાસમાં આવવાથી એઠુંજુઠું ખાવાથી અને અસ્વચ્છતાથી ઉત્પન્ન થાય છે. ઘણી ઠંડી–ભિનાશવાળી કે દુર્ગંધિત હવા વિગેરેના કારણથી પણ ઉત્પન્ન છે.

મનુષ્યોએ બને તેટલી સાવચેતી રાખી યોગ્ય ખાવાપીવાની, સ્વચ્છતાના અને ખુલ્લી શુદ્ધ હવા વિગેરેના નિયમો પાલન કરવા છતાં કોઈ કર્મસંયોગથી રોગોની ઉત્પત્તિ થઈ આવી, તો આકુલવ્યાકુલ ન થતાં યોગ્ય ઉપચાર કરવા પણ તેના માટે આર્ત્તધ્યાનવાળા વિચારો ન કરવા. તેને માટે અહોનિશ ઝુરવું નહિ. અરે! "આ મારો રોગ ક્યારે જશે? સ્વપ્નમાં પણ કોઈ વખત આ રોગનો સમાગમ મને ન થાઓ," ઇત્યાદિ વિચારો કરવાનું પરિણામ શું છે? કાંઈ જ નહિ. રોગના જ વિચારોમાં તલ્લીનતા રાખવી–તેમાં જ એકકાર થઈ જવું એ રોગચિંતા નામનું આર્ત્તધ્યાન છે–દૃઢ દેહાધ્યાસ છે.

ભૂલોનો બદલો મળવો જ જોઈએ. કાંઈ પણ કર્યા વિના થતું નથી, તો પછી આ રોગ માટે તમે શું એમ ધારો છો કે તે તમારા કર્યા વિના થયો છે? નહિ જ. તમારી ભૂલની તપાસ કરો. ખાવાપીવાના નિયમો તમે સાચવ્યા નહિ હોય જરૂરિયાતથી અધિક પ્રયત્ન કર્યો હશે, બ્રહ્મચર્યના નિયમોથી વિરુદ્ધ વર્તન થયું હશે કોઈની ઇર્ષા કરી હશે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ કરવા યોગ્ય વિચારો કર્યા હશે. આ વિચારોની પાચન શક્તિપર અસર થઈ તેમાંથી રોગો ઉત્પન્ન થાય છે માટે પોતાની ભૂલો સુધારવી એ જ આપણું કર્તવ્ય છે. ભૂલો ન સુધારવી અને કેવળ આર્ત્તવિચારો જ કર્યા કરવા, તે વિચારોથી તે રોગો ચાલ્યા જતા નથી, પણ તેમાં જ દૃઢ ધ્યાન કે અધ્યવસાયથી-દેહાધ્યાસ, દેહમમત્વ મજબૂત થાય છે. તેવા અધ્યવસાયથી કર્મબંધ વધારે થાય છે મતલબ કે આર્ત્તધ્યાન ન થાય તેવી રીતે રોગને સહન કરવો. યથા યોગ્ય ઉપચાર કરતા રહેવું. તેમ છતાં ન મટે તો સમભાવે સહન કરવું. પણ હાયવોયવાળી, વિહ્વળતા થવા ન દેવી.

બીજી રીતે વિચાર કરીએ તો રોગ એ આપણી ભૂલની શિક્ષા છે, ભવિષ્યમાં વધારે મોટા રોગો ન થવાની એ ચેતવણી છે, અથવા શરીર સુધારવાનું સાધન છે. અર્થાત્ તે રોગ આપણા ભલાને માટે થયેલ છે.

ખાવા, પીવા, હરવા, ફરવાદિમાં સાવચેતી ન રાખવાથી થયેલી ભૂલનો બદલો મળવો જોઇએ અને તે બદલો જ આ રોગ છે. આ બદલો મળ્યાથી માણસ વિચાર કરશે કે આ રોગ શા કારણથી થયો? વિચારવાન તે કારણ શોધી કાઢશે અને ફરીને રોગ ન આવવા બદલ તે ભૂલ કરતાં અટકશે.

ભવિષ્યમાં મોટા રોગો ન થાય તે માટે રોગ એ ચેતવણી છે. આ નાના રોગો થતાં જ, એટલે સહેજસાજ માથું કે પેટ દુઃખવું ઇત્યાદિથી ચેતી જઇને માણસ એકાદ જુલાબ કે તેવો જ ઉપાય કરી લે તો તે રોગ આગળ વધતો ત્યાં જ અટકી જાય છે. અને થોડોઘણો હોય તો તે ઉપાયથી નાબૂદ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરમાં શ્લેષ્મ, ઊલટી, ઝાડો કે તાવ થઇ આવે છે. આ રોગો થવાનું કારણ જરૂરિયાતથી વધારે કચરો શરીરમાં એકઠો થયેલો છે, તેને બહાર કાઢી નાખી શરીર શુદ્ધ કરવાનું છે, હદથી વધારે મગજમાં મળ ભરાવાથી ખોટી ગરમી શ્લેષ્મ દ્વારા બહાર નીકળી જવા સાથે, મળને બહાર ફેંકી દે છે અને તેથી મગજ સાફ થઈ જાય છે. તાવ આવવાથી ખોટી ગરમી બહાર નીકળી જઈ શરીરમાં નિયમિત કામ પાછું ચાલુ થાય છે.

જઠરની આસપાસ મળ વધવાથી જઠર કામ કરતું અટકે છે. તે છતાં આહાર નાખવામાં આવે છે તો ઝાડા થાય છે. આ ઝાડા થતાં ખોરાક ઓછો લેવાતાં ઝાડા દ્વારા મળ નીકળી જાય છે અને ખોરાક ઓછો લેવાથી જઠરા પ્રદિપ્ત થાય છે; એટલે મળ–કચરો સાફ થતાં શરીર હલકું થાય છે. જઠરને પોતાના કામમાં નડતો કચરો દૂર થતાં તે પણ પોતાનું પાચનનું કામ નિયમિત શરૂ કરે છે. આમ એકંદર વિચાર કરતાં જે પોતાના ભલાને માટે રોગ થાય છે તેને અજ્ઞાનતાને લીધે લોકો બૂરું માની તેને માટે આર્ત્તધ્યાન હાયવોય કરે છે ફાયદાને ગેરફાયદા સમજે છે અને વિના પ્રયોજનની મહેનત કરી થાકે છે.

મહાન પુરુષો કહે છે કે જે થાય છે તે સારા માટે. પણ આની કસોટી કરવાનો વખત કે આની સત્યતા સમજવા જેટલી ધીરજ મનુષ્યો પાસે કયાં છે? નહિતર આ માનસિક દુઃખો ઉત્પન્ન જ ન થાય (આ દિશામાં પણ વિચારો કરવાની જરૂર છે.) કહ્યું છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तह सूलसीसरोगाइवेयणाए वि पणिहाणं ।
तदसंपओगचिंता तप्पडियाराउलमणस्स ॥ १ ॥

તેમ જ શૂલ, મસ્તકનો રોગ આદિ વેદના ઉત્પન્ન થયે તેના વિયોગ સંબંધી એકાગ્રતા કરવી તે ફરીને પ્રાપ્ત ન થાય તેવી ચિંતા કરવી અને તેના પ્રતિકાર માટે ( તે રોગ દૂર કરવાના ઉપાય માટે ) મન આકુલ વ્યાકુલ કરવું. આ રોગ ચિંતા–આર્ત્તધ્યાન છે.

**ભોગ આર્ત્ત અથવા નિયાણું આર્ત્તધ્યાન**

राज्यं सुरेन्द्रता भोगाः खगेन्द्रत्वं जयश्रियः ।
कदा मेऽमी भविष्यन्ति भोगार्त्तं चेति संमतम् ॥७७॥

पुण्यानुष्ठानजातैरभिलषति पदं यज्जिनेंद्रामराणाम् ।
यद्वा तैरेव वांछत्यहितजनकुलच्छेदमत्यंतकोपात् ।
पूजासत्कारलाभादिकसुखमथवा याचते यद्विकल्पैः
स्यादार्त्तं तन्निदानप्रभवमिह नृणां दुःखदं ध्यानमार्त्तम्
(दुःखदावोग्रधाम ) ॥ ७८ ॥

રાજ્યની પ્રાપ્તિ, ઈંદ્રપદવી ભોગોની અનુકૂળતા, વિદ્યાધરોનું આધિપત્ય અને રાજ્યલક્ષ્મી આ સર્વ મને ક્યારે પ્રાપ્ત થશે, ઈત્યાદિ વિચારોવાળું ધ્યાન ભોગાર્ત્ત માનેલું છે.

પુણ્યવાળાં અનુષ્ઠાન ( ક્રિયા ) કરી તેના ફળ તરીકે તીર્થંકર અને દેવોના પદની અભિલાષા કરે અથવા તે જ પુણ્ય વડે, અત્યંત ક્રોધથી શત્રુઓના કુલનો ઉચ્છેદ (નાશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તેવી ઈચ્છા કરે; અથવા નાના પ્રકારના વિકલ્પો વડે પૂજા-સત્કાર અને લાભાદિક સુખની યાચના કરે. આ સર્વ નિયાણાથી ઉત્પન્ન થનારું આર્તધ્યાન મનુષ્યોને દુઃખરૂપી દાવાનળના ભયંકર સ્થાન સમાન થાય છે.

**ભાવાર્થ**:—આનું નામ તે મનની શક્તિનો દુરૂપયોગ ખરાબમાર્ગ સમજવો. મહેનતથી કંટાળેલા કે આળસુના આગેવાનો આને જ સમજવા મહેનત કર્યા વિના માલ ખાવાની ઈચ્છા રાખનારાઓ તમને કોઈ ન મળ્યા હોય તો આ વિચાર કરનારાને ઓળખી લેજો એકાંતમાં બેસી મનને કોઈ પણ વિચારમાં લીન કરી દીધું કે તે વખતે ભરબજાર હોય તોપણ એકાંત જ સમજી લેવું. વિચાર કરે કે મને આ આખા ભારતવર્ષનું કે જેટલા દેશો છે તે બધાનું રાજ્ય મળે તો ઠીક થાય હો. અથવા આ રાજ્ય તો મળે પણ પાછું આયુષ્ય થોડું એટલે તે મૂકીને તો જવું જ પડે ને ત્યારે ઇંદ્રની પદવી મળે તો કેવું સારું? દેવો ઉપર મનમાં ધારીએ તેવી આજ્ઞાઓ કરીએ, હુકમો ચલાવીએ, સુંદર અપ્સરાઓ કે ઇંદ્રાણીઓ આવી મળે. આપણી આગળ વિવિધ પ્રકારના નાટારંભો થઈ રહ્યા હોય. અહા! આ સુખની તો વાત જ શી કરવી? પણ અરે! એવાં સુખ તે મારા ભાગ્યમાં ક્યાંથી હોય? આ દુનિયાના જ નાના પ્રકારના ભોગો મળે તોપણ કેવું સારું થાય? ગાડી, વાડી ને લાડીની મજા મારીએ. હવાવાળા મથકો ઉપર બંગલાઓ બાંધી અમનચમન ઉડાવીએ. એના કરતાં પણ વિદ્યાધરના રાજાપણાની પ્રાપ્તિ થાય તો તો પછી પૂછવું જ શું? સુંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિમાનોમાં બેસી, વિદ્યાધરીઓની સંગાતે, સુંદર આરામો, બાગબગીચાઓ, નંદનવન, આદિ સુંદર સ્થળોમાં વિહાર કરીએ. કલ્પવૃક્ષાદિ ઝાડોની સુંદર ઘટાઓમાં, સહેલગાહ થતી હોય, મલયાચળ જેવો મંદમંદ પવન આવતો હોય, કિન્નરોના ગાયનોના મધુર શબ્દો કાને પડતા હોય, અહા! આ મજાની તો વાત જ શી કરવી? આવામાં કોઇ શત્રુ વિદ્યાધર કે બીજો કોઇ મારી પત્નીને ઉપાડી જાય-મારા સુખમાં વિઘ્ન કરે કે મારુ રાજ્ય લઈ લેવા ચડી આવે તો, ખરેખર હું સામો થઇ જાઉં અને મારામાં એવું બળ હોય કે મને કોઇ જીતી શકે જ નહિ. શત્રુઓનો નાશ કરી તેમની લક્ષ્મી લૂંટી લઉં, આખી દુનિયા મારે આધીન થઇ જાય, સર્વ ઠેકાણે મારો જ વિજય થાય, ઇત્યાદિ વિચારો કરતાં, જરા પવનનો ઝપાટો આવતાં આંખ ખૂલી જાય કે કોઇના શબ્દોથી તે વિચારધારા તૂટી જતાં, સાવચેત થઇ આવતાં, તપાસ કરતાં આ જે પાયા વિનાનો મહેલ ઊભો કર્યો હતો તે માંહીલું કાંઇ પણ દેખાય ખરું કે? ધુમાડાના જ બાચકા કે બીજું કાંઈ? સ્વપ્નામાં દેખેલ બનાવોથી આમાં કાંઈ અધિકતા ખરી કે? કાંઈ જ નહિ.

અરે મૂર્ખતા! અહો અજ્ઞાન દશા! કેવી ભયંકર ભૂલ! માનવો! અમૂલ્ય માનવજીવનનો કેવો અસાધારણ દુરુપ-યોગ? આટલા વિચારો કર્યા તેમાંથી કાંઇ મળ્યું ખરૂં કે? વખત પણ નકામો ગયો, તેટલું આયુષ્ય ઓછું થયું, મન પણ તેટલું ચંચળ થયું અને પરિણામે (શૂન્ય) મીંડું.

આના કરતાં તેટલા વખત માટે પરમાત્માનું સ્મરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું હોત, કે ઉત્તમ વિચારો કર્યા હોત, કે કાંઈ પણ સારું કામ કર્યું હોત તો? મન મેલું થવાને બદલે સુધરત. ઉજ્જવલ-નિર્મળ થાત, સારું પુણ્ય બંધાત કે જે વસ્તુની જરૂરિયાત કે ઇચ્છા હતી તે મેળવી આપવામાં મદદગાર થાત. માટે હે મનુષ્યો! આવા હવાઇ કિલ્લા બાંધવાનું બંધ કરી જેની જરૂરિયાત હોય તેને માટે મહેનત કરો.

મનુષ્યો! તમારા નિરંતરના વ્યવહાર સંબંધમાં તપાસ તો કરો કે મહેનત વિના કાંઇ મળે છે ખરું કે? અરે મોઢામાં મૂકયા પછી પણ ચાવવાની મહેનત કર્યા પછી જ પેટ ભરાય છે, તો આ તમારા મનોરથો કાંઈ એકલી લૂખી ઇચ્છાથી જ પૂરણ થવાના છે કે? નહિ જ.

કેટલાએક વિચારવાન મનુષ્યોને ઉપરની હકીકત ખરી લાગવાથી તે મનઇચ્છિત વસ્તુ મેળવવા માટે નાના પ્રકારનાં પુણ્ય, દાન, તપ, જપ, વ્રત, ઈત્યાદિ શુભ કાર્યો કરે છે, અજ્ઞાન કષ્ટો સહન કરે છે, માખીની પાંખ ન દુઃખાય ત્યાં સુધી જીવોનું રક્ષણ કરે છે, ઓઘ સંજ્ઞાએ ચારિત્ર પણ ઊંચું પાળે છે, આટલું કર્યા પછી તેમની આ માયિક વિષયોની ઈચ્છા તેમને ફસાવે છે. મહેનત કરીને તેનો બદલો લેવાને તે તૈયાર થાય છે. તેનો બદલો સ્વાભાવિક વખતે પોતાની મેળે મળી આવે તેટલા વખત સુધી પણ તેઓ ધીરજ ધરી શકતા નથી. તેમના સારા કર્મો કદાચ તેમની ઈચ્છા વિરુદ્ધ ફળ આપી દેશે, કે ફળ આપવાનું ભૂલી જશે, તેવી તેમને શંકા થતી હોય તેમ તેઓ પોતાનાં કરેલા શુભ કર્મનો બદલો આગળથી માંગી લે છે. તેઓ નિયાણું કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, નિયાણાનો અર્થ કરેલ મહેનતનો બદલો ફળ મળવાના વખત અગાઉથી માગી લેવો. જેમ કે મેં મારી જિંદગીમાં અમુક અમુક સારાં કામ કર્યાં છે, તપશ્ચર્યા કરી છે, બ્રહ્મચર્ય પાળ્યું છે, બીજાં વ્રતો વગેરે ક્લિષ્ટ, મન, વચન કે શરીરને કષ્ટ થાય તેવાં કે ત્યાં સુધી કર્મો કર્યાં છે કે ધન ખર્ચી મંદિર બંધાવ્યા છે, દાન આપ્યું છે, ધર્મશાળાઓ બંધાવી છે કે પરોપકારનાં કાર્ય કર્યાં છે તેના ફળ તરીકે બદલા તરીકે મારી ધારેલી ઇચ્છા પ્રમાણે ફળની પ્રાપ્તિ થજો, મને તીર્થંકર પદવી પ્રાપ્ત થજો, દેવગતિ મળી આવજો, અમુક સ્નેહી કે પતિપુત્રાદિકની પ્રાપ્તિ થજો.

આ વેળાએ કદાચ કોઈના ઉપરનું વૈરભાવ યાદ આવી જાય કોઇ આવેશમાં એમ પણ નિશ્ચય કરી નાખે કે મારા તપશ્ચર્યાદિ પુણ્યની શક્તિથી મારા શત્રુના કુળનો–વંશનો સર્વથા ઉચ્છેદ કરી શકું તેવું બળ કે શક્તિ મને પ્રાપ્ત થજો.

અથવા મનાવા, પૂજાવાની ઇચ્છાથી, સત્કાર, માન પાનની ઈચ્છાથી, કે તેવા જ પાંચ ઇંદ્રિયોના વિષયને અનુકૂળ વિષયોની ઇચ્છાથી, તેવી તેવી વસ્તુ પ્રાપ્ત થવાની માગણીઓ કરે છે. આવી માગણીઓનું પરિણામ તેમને માટે ભયંકર દાવાનળના વચમાં રહેલા નિવાસસ્થાન તુલ્ય દુઃખરૂપ થાય છે.

પુણ્યાદિક ક્રિયાઓ કરી એટલે તેમના ધાર્યા પ્રમાણે ફળ તો મળે છે, તેમાં પણ વિશેષ એટલો છે કે તેમની ઇચ્છા જે વસ્તુ મેળવવાની હોય છે તે મળી શકે તેટલા પ્રમાણથી અધિક પુણ્ય હોય તો તે વસ્તુ મળે છે, તેટલું પુણ્ય ન હોય તો તે પ્રમાણે મળતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને દુઃખી થવાનું કારણ એ છે જે, નિયાણું કરી માગી લીધેલા ફળનું પરિણામ સુખરૂપ થતું નથી. એક ઈચ્છા બીજી ઈચ્છા ઉત્પન્ન કરે છે, બીજી પૂરી થઈ ન થઈ ત્યાં ત્રીજી ઈચ્છાઊઠે છે. જ્ઞાનદશા જાગૃત થયેલી ન હોવાથી આ ઈચ્છાનો નાશ બીજા કોઇ ઉપાયથી થતો નથી, કેમ કે ઇચ્છાઓનાં બીજ અજ્ઞાન દશામાં રહેલા હોય છે. ઈચ્છાઓ પણ પૂર્ણ થતાં હર્ષ થાય છે. પૂર્ણ થવામાં અનેક આરંભો કરવા પડે છે. તેમાં કોઇ અડચણ કરે, વિઘ્ન કરે તો દ્વેષ થાય છે. ઇચ્છા પૂરી ન થાય, તો ખેદ થાય છે. આ રાગ-દ્વેષની પરિણુતિ નવીન કર્મો ઉપાર્જન કરાવે છે અને પરિણામે જન્મમરણનું ગાડું વગર અટકયે ચાલ્યા જ કરે છે.

અહીં વિચારદશાની પૂર્ણ જરૂર છે. જો બીજ સારી જમીનમાં વાવ્યું છે, તો ફળ થશે જ. તેને માટે દીનતા કરવી તે કેવળ કલેશને જ માટે છે. તેમ જ જો જીવે સત્કર્મ કર્યાં છે, તો તેનાં સારાં ફળો મળવાના જ; તો તેને માટે આવી દીનતાવાળી અને પરિણામે દુઃખરૂપ નિયાણાની માગણી કરવી તે નકામી છે. આત્મદષ્ટિ થયા સિવાય ઇચ્છાના બીજનો નાશ થતો નથી.

અહીં એ શંકા થશે કે મહેનત વિના મળતું નથી, મહેનત કરી ફળની માગણી કરતાં પરિણામ આવું બતાવો છો, ત્યારે ઇચ્છાઓને તૃપ્ત કેમ કરવી?

ઉત્તર એ છે કે ઉત્તમ વિચારબળ વિના–જ્ઞાનશક્તિ પ્રગટ થયા સિવાય–ઈચ્છાઓનો નાશ થઈ શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છાની તૃપ્તિ કોઈ વખત થઇ નથી અને સદાને માટે થવાની નથી, એ તો બળતા અગ્નિમાં લાકડાં હોમ્યા જ કરો, અગ્નિ શાંત ન થતાં વધતો જ થવાનો. ઈચ્છા પ્રમાણે ભોગોનો ઉપભોગ કરવો એ કાંઇ અગ્નિ શાંત કરવાનો ઉપાય નથી, તેમ વિષયોની પ્રાપ્તિથી ઇચ્છા શાંત થાય તે વાત સ્વપ્ને પણ સાચી ન માનવી. મારા આ કથનથી ખાતરી ન થતી હોય તો અનુભવ કરી જોવાથી નિર્ણય થશે.

હા! તૃપ્તિ થશે, જરા વાર શાંતિ આવશે, વૈરાગ્ય પણ પ્રગટ થશે અને હવે આ રસ્તે જવું જ નહિ એમ નિર્ણય પણ થશે. છતાં તે થોડીવાર જ. જરા વખત જવા દો, ફરી અનુકૂળ સંયોગો મળવા દો, તો સમજાશે કે આ વસ્તુ તો દુનિયામાં કોઈ વખત મળી જ નથી તેટલી તીવ્ર ઈચ્છાથી પાછી તેના તરફ પ્રવૃત્તિ થશે અને થોડી વાર પહેલાં ઉત્પન્ન થયેલ તૃપ્તિ, કે શાંતિ કે વિરક્તતા નાશ જ પામી જશે.

માટે વિચારદશા ખૂલ્યા સિવાય, વિવેકજ્ઞાન પ્રગટ થયા સિવાય, કે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થયા સિવાય, તૃપ્તિ કે શાંતિની આશા તમારે રાખવી જ નહિ.

"ત્યારે ઇષ્ટ વસ્તુ મેળવવા માટે અમે શુભ ક્રિયાઓ કરી, તે વ્યર્થ જશે કે? આનો ઉત્તર એ જ છે કે તમારી ઇચ્છા તે વસ્તુ તરફથી પાછી વળતી ન જ હોય, તેને મેળવવા માટે ઉત્કટ જિજ્ઞાસા બની રહેતી હોય તો તમે શુભ ક્રિયા ઘણી ખુશીથી કરો; પણ તમારું નિશાન બદલો, સુકાન ફેરવો. વિષયોપભોગને મુખ્ય પદવી ન આપો, તમારા આત્મદેવને મોઢા આગળ કરો. તે મેળવવાનું એટલે તેનો અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ કરવાનું લક્ષ રાખો, સર્વ ક્રિયાઓ તેને ઉદ્દેશીને કરો. કૃષિકારો ધાન્યને માટે જ ખેતી કરે છે, છતાં ઘાસ, કડબ, વિગેરે તો પ્રાસંગિક–ઇચ્છા કર્યા વિના જ તેની સાથે પ્રગટ થાય છે, તેમ જ તે આત્મદેવની જ ઉત્કંઠા તમે કરો તો રસ્તામાં આવા ઘાસ જેવા વિષયોપભોગો તો સત્તાગત ઈચ્છાનુસાર સ્વાભાવિક જ તમને આવી મળશે. એક રાજાને તમે મળશો તો પહેરેદાર સિપાઇઓ તો અનિચ્છાએ પણ તમારી ગુલામી કરશે.

વ્રત, તપ, જપ, ઈત્યાદિ કર્યા કરો. પણ સાથે તેના ફળની ઇચ્છા ન રાખો. ઈચ્છા સિવાય દરેક શુભ કામ કર્યા કરો. આનું પરિણામ એ આવશે કે જે ક્રિયા કરો છો તેમાં જે સ્વભાવ છે તે કાળાંતરે બહાર આવશે અને તમારી આસક્તિ તેમાં ઓછી થયેલી હશે તો આ અનુકૂળ સામગ્રી કે વિષયોપભોગના સાધનો તમને હેરાન ન કરતાં કાંઈક ઈચ્છાઓને શાંતિ આપી તેમાંથી જ વિચાર દ્વારા વિરક્તતા મેળવી આપશે. જેને માટે અત્યારે ઈચ્છા કરતા હતા તે સંયોગો મળી આવતાં પણ તમને તેનાથી વિરક્તદશા પ્રગટ કરવાની ઇચ્છા રહેશે

વસ્તુ કે ક્રિયા એકની એક છે. પણ તમે જેમ જેમ તેને વળગતા જશો તેમ તેમ તે તમારાથી દૂર ભાગશે અને જ્યારે તમે તેને ત્યાગવા ઈચ્છશો એટલે તે તમને વળગતી આવશે. આ પ્રમાણે વસ્તુના સ્વભાવને સમજી તેની ઈચ્છા કાઢી નાખો, એટલે તે તમને મળશે એટલું જ નહિ, પણ તે તમારી ઈચ્છાને શાંત કરી, તમને હેરાન ન કરતાં ઊલટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરક્તતાને પ્રગટાવી જશે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે માટે ભવિષ્યની ચિંતારૂપ આર્ત્તધ્યાન મૂકી દઈ પ્રયત્ન કરતા રહો આત્મપરાયણ થાઓ.

અન્ય સ્થળે કહ્યું છે કે—

देविंद चक्कवट्टित्तणाइं गुणरिद्धिपथ्थणामईयं ।
अहमं नियाण चिंतण मन्नाणाणुगय मच्चं तं ॥१॥

દેવેંદ્ર અને ચક્રવર્તી આદિના ગુણ (રૂપાદિક) તથા રિદ્ધિની પ્રાર્થના (યાચના)વાળું નિયાણાનું ચિંતન કરવું તે અધમ છે. અત્યંત અજ્ઞાનની મદદથી તે (અધ્યવસાય) ઉત્પન્ન થાય છે.

## આર્તધ્યાનનું ફળ

एयं चउव्विहं रागदोसमोहं कियस्स जीवस्स ।
अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलं ॥ २ ॥

રાગ, દ્વેષ અને મોહના ચિહ્નવાળું (રાગદ્વેષ અને મોહથી ઓળખાતું) આ ચાર પ્રકારનું આર્ત્તધ્યાન જીવને સંસાર વધારનારું છે અને તિર્યંચ (જનાવર)ની ગતિનું મૂળ છે (આર્ત્તધ્યાન કરનારા જીવો વિશેષ પ્રકારે જનાવરની ગતિમાં જાય છે).

## મધ્યસ્થ મુનિઓને આર્તધ્યાન હોતું નથી

मज्जथ्थस्स य मुणिणो सकम्मपरिणामं जणिय मेयंति ।
वथ्थुणस्सभावचिंतण परस्स सम्मं सहंतस्स ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના કર્મ પરિણામથી આ (રોગાદિ અનિષ્ટ સંયોગો) ઉત્પન્ન થયેલા છે (ઈત્યાદિ) વસ્તુ સ્વભાવના ચિંતન કરવામાં તત્પર થયેલા અને સમ્યક્ રીતે (રાગદ્વેષ વિના) રોગાદિ સહન કરતા એવા મધ્યસ્થ મુનિને આર્ત્તધ્યાન હોતું નથી.

**ભાવાર્થ**:—અહીંયાં શંકા થાય છે કે મુનિઓ કે જેમણે સંસાર–ત્યાગ કર્યો છે અને મુખ્ય રીતે આત્મસાધન કરવામાં ચિત્તને લગાડયું છે તેવા મુનિઓને પણ ઘણી વાર પૂર્વ કર્મ સંયોગથી નાના પ્રકારના રોગાદિનો ઉપદ્રવ થઈ આવે છે, કેમકે કર્મ કોઇને ફળ આપ્યા વિના રહેતું નથી. આ મહાપુરુષોનો સિદ્ધાંત છે, તો આ રોગની અસમાધાનીથી, તેનો પ્રતીકાર–ઉપાય કરવા તેઓ પ્રયત્ન કરે છે અને મનમાં એથી એમ પણ થાય છે કે આ રોગ શાંત થઈ જાય તો ઠીક. આમ રોગના શમનનો ઉપાય કરવો અને મનથી રોગનો નાશ થાય તેમ ચિંતવવું તેથી મુનિઓને આર્ત્તધ્યાન થવું જ જોઇએ?

વળી તપ, સંયમ, આદિ અંગીકાર કરવાથી તેમના મનમાં ચોક્કસ નિશ્ચય હોય છે કે સાંસારિક દુઃખનો વિયોગ થાય તો ઠીક. તેથી પણ તેમને આર્ત્તધ્યાનની પ્રાપ્તિ છે એમ સમજી શકાય છે?

આનો ઉત્તર એ છે કે જો રાગદ્વેષાદિને પરવશ થયેલ તે મુનિ હોય તો અવશ્ય તેમને પણ આર્ત્તધ્યાન હોય, પણ જેઓ રાગદ્વેષને આધીન ન થતાં મધ્યસ્થ સ્થિતિ ધારણ કરી વિચાર કરે છે કે આ વિવિધ પ્રકારના રોગો જે મારા દેહમાં ઉત્પન્ન થયા છે તે પૂર્વજન્મમાં કરેલ અશુભ કર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપાક (ફળ) છે. માટે મારે પરિતાપ કરવો એ યોગ્ય નથી. હું મનમાં ખેદ કરીશ તોપણ તેથી આ રોગ ઓછો થવાનો નથી. મહાન પુરુષોને પણ કરેલા કર્મ ભોગવ્યા સિવાય છૂટકો થતો નથી, ઈત્યાદિ વસ્તુ સ્વભાવના ચિંતનમાં વિચારમાં તત્પર થઈ સારા અધ્યવસાયે-મધ્યસ્થ પરિણામે તે રોગાદિને સહન કરતાં તેમને આર્ત્તધ્યાન હોતું કે થતું નથી પણ કર્મની નિર્જરા થાય છે.

## લાભાલાભનો વિચાર કરી રોગનો પ્રતીકાર કરવાની જરૂર છે.

कुणउ व पसत्थालंबणस्स पडियारमप्पसावज्जं ।
तवसंयमपडियारं सेवउ धम्म–मणियाणं ॥ ४ ॥

પ્રશસ્ત આત્મજ્ઞાનના સાધનભૂત આલંબન માટે અલ્પ સાવદ્યવાળા પ્રતીકાર-ઉપાયો કરવાની જરૂર છે અને નિયાણા વિના કર્મક્ષયના હેતુભૂત તપ, સંયમરૂપ ઉપાયો સેવવા પણ જરૂરના છે. મતલબ કે તેથી આર્ત્તધ્યાન થતું નથી, પણ તે ઉપાયો ધર્મધ્યાન છે, અથવા ધર્મધ્યાનનું કારણ છે.

**ભાવાર્થ** :—જ્ઞાનાદિ ઉત્તમ આલંબનને માટે અલ્પ દોષવાળાં કે નિર્દોષ ઔષધાદિનો ઉપચાર કરવાથી ધર્મ-ધ્યાનને હાનિ પહોંચતી નથી. શરીર સારું હશે તો જ્ઞાન ભણાશે, ગુર્વાદિકની કે ગ્લાન, બાળ તપસ્વી આદિની ભક્તિ થશે. નાના પ્રકારની તપશ્ચર્યા થશે. ગચ્છની અને ગચ્છની નિશ્રાયે રહેલા સાધુઓની સારણા, વારણાદિ સંભાળ લેવાશે, અને ધ્યાનાદિક કરી આત્મસ્વરૂપ પ્રગટ કરી શકાશે ઈત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલંબનો–કારણોને લઇ નિર્દોષ ઔષધ કરાવવાની જરૂર છે. અથવા અલ્પ દોષવાળા, પણ પરિણામે મહાન લાભ આપનારા ઔષધોથી ધર્મધ્યાનની વૃદ્ધિ થાય છે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે. કે ગીતાર્થ મુનિ યતનાપૂર્વક કારણે અલ્પ સાવદ્ય ઔષધાદિ કરતા છતાં પણ નિર્દોષ છે. ગીતાર્થ એ શબ્દ કહેવાનો હેતુ એ છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવના જાણનાર ગીતાર્થ મુનિ હોય છે. તે જે અવસરે જેની જરૂરિયાત હોય તેવી પ્રવૃત્તિ આગ્રહ વિના તેઓ કરે છે. તેથી લાભાલાભનો વિચાર કરી યોગ્ય અવસરે કોઈ કામમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી ઘટે ત્યાં તે તેવી પ્રવૃત્તિ કરી શકે છે.

તપ, સંયમ, આદિ કરવાં છે તે પણ સાંસારિક દુઃખોનો પ્રતીકાર–ઉપાય છે માટે તપ, સંયમાદિની વૃદ્ધિ થતી હોય તેવા નિમિત્તે ઔષધાદિ કરવાં પડે તે પણ ધર્મધ્યાનનો હેતુ હોવાથી ધર્મધ્યાન છે વિશેષ એટલો છે કે તે તપ સંયમાદિ નિયાણા વિનાના હોવા જોઇએ–સાંસારિક સુખની અભિલાષા–ઈચ્છા વિનાના હોવા જોઇએ.

અહીં કોઈ શંકા કરે કે કર્મનો ક્ષય કરવા માટે તપ સંયમાદિ કરવા છે તે પણ એક જાતનું નિયાણું જ છે ને? કેમકે નિયાણાનો અર્થ એ જ થાય છે કે મારી આ સંયમ તપશ્ચર્યાદિ ક્રિયાનું અમુક ફળ મને પ્રાપ્ત થાઓ અને તે પ્રમાણે કર્મનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરવા માટે તપશ્ચરણાદિ કરવા તે પણ નિયાણું જ છે ને?

આનો ઉત્તર આ પ્રમાણે છે કે તે વાત ખરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચયથી મોક્ષની ઈચ્છા કરવી, તેનો પણ નિષેધ કરેલો છે मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः । ઉત્તમમુનિઓ મોક્ષમાં અને ભવમાં–સંસારમાં–સર્વ સ્થળે સ્પૃહા–ઈચ્છા કરતા નથી. તોપણ આવી ઉત્તમ કોટિની ભાવનામાં જેમનું મન પરિણમ્યું નથી તેવા જીવોની અપેક્ષાએ વ્યવહારમાર્ગે મોક્ષની ઈચ્છા કરવી, તે દોષવાળી નથી. આ પ્રકારે પણ તેમના ક્રિયામાર્ગમાં પ્રવૃત્તિ થવાથી તેઓના ચિત્તની શુદ્ધિ થાય છે અને ત્યારપછી છેવટે તેઓ સર્વત્ર નિઃસ્પૃહ થવાની કોટિમાં પ્રવેશ કરી શકે છે.

## આર્ત્તધ્યાનવાળાને લેશ્યા કેટલી હોય?

लेश्यात्रयं च कृष्णादि नातिसंक्लिष्टकं भवेत ।
आर्त्तध्यानगतस्याथ लिंगान्येतानि चिंतयेत ॥ ७९ ॥

આ આર્ત્તધ્યાનવાળાને કૃષ્ણ આદિ ત્રણ લેશ્યા, ઘણી સંક્લિષ્ટ (મલિન–કલુષિત) ન હોય તેવી (ત્રણ લેશ્યા) હોય. હવે આર્ત્તધ્યાનવાળાનાં આગળ કહેવામાં આવશે તે લિંગો ચિહ્નો–નિશાનીઓનો વિચાર કરવો.

**ભાવાર્થ**:—જેના ઉદય વડે આત્મા લેપાય છે, જુદા જુદા અધ્યવસાયો–પરિણામો ધારણ કરે છે તેને લેશ્યા કહે છે. જેમ સ્ફટિક રત્ન સ્વાભાવિક રીતે અત્યંત નિર્મલ–સ્વચ્છ અને શ્વેત હોય છે. તથાપિ કાળા, પીળા, લીલા, રાતા, વિગેરે રંગવાળા પદાર્થો તેની પાછળ મૂકવામાં આવે છે. તો આ પદાર્થોના ઉપાધિને લઇ સ્ફટિક પણ લાલ, પીળું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળું કે લીલું દેખાય છે. આ ઠેકાણે વિચાર કરો કે સ્ફટિક રત્ન વસ્તુતઃ તેવું નથી પણ આ પદાર્થોની નજીકતાને લઈને જ વિપરીત ભાન, થાય છે. જુદી જુદી રીતે તે સ્ફટિક દેખાય છે; એવી જ રીતે કર્મના અણુઓ જે ઉદયમાં આવ્યા છે તેમની સમીપતાથી અથવા આત્મા પોતાનું ભાન ભૂલી જાય તેવા રાગદ્વેષ મોહ ઉત્પન્ન કરનારા પદાર્થોની સમીપતાના નિમિત્તથી આત્મા જુદા જુદા પરિણામે પરિણમે છે. સ્વચ્છ કે મલિન, કિલષ્ટ કે મંદ જેવાં નિમિત્તો કે કર્મ અણુઓનો ઉદય થાય છે તેવા જીવના અધ્યવસાય થાય છે તેને લેશ્યા કહે છે.

આર્ત્તધ્યાનના જીવોને, કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ લેશ્યાઓ હોય છે. તથાપિ તે ત્રણે ઘણી કિલષ્ટ, મલિન યા નિવિડ હોતી નથી પણ થોડી મલિન, થોડી નિવિડ (વિરલ) હોય છે. આર્ત્તધ્યાનના ઉદયથી જીવના પરિણામો કાળાં, લીલાં અને કાંઈક પારેવાના રંગ જેવા થાય છે છતાં તેનો રસ ઘણો મંદ, ઓછો અને ઘણી ઓથી કિલષ્ટતાવાળો કડવાશવાળો હોય છે.

આર્ત્તધ્યાનનાં ચિહ્નો-લક્ષણો બતાવે છે.

शोकाक्रंदौ मूर्च्छा मस्तकहृदयादिताडनं चिंता ।
आर्त्तगतस्य नरस्य हि लिंगान्येतानि बाह्यानि ॥८०॥

શોક કરવો, આક્રંદ કરવું (રડવું), મૂર્ચ્છા આવવી, માથું અને હૃદય આદિ પછાડવાં-તાડવાં, ચિંતા કરવી, ઈત્યાદિ આર્ત્તધ્યાનને પામેલા પુરુષનાં આ બાહ્ય ચિહ્નો નિશ્ચય સમજવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—આર્ત્તધ્યાન કરવાવાળા જીવોનાં આંતરનાં લક્ષણો તો તે આર્ત્તધ્યાન કરનાર જીવ વિચારવાન હોય તો તે પોતાના મનની કલ્પનાઓનો પોતે જ નિર્ણય કરી શકે છે. છતાં બહારના બોલવા, ચાલવાના કે તાડના તર્જના, આક્રંદ, રુદન, માથું, હૃદય, કૂટવા વગેરે લક્ષણોથી બીજા મનુષ્યો પણ સમજી શકે છે, કે આ માણસનું મન આર્ત્ત છે, સંયોગ, વિયોગ કે રોગાદિથી પીડિત છે, સમભાવે વેદી શકતો નથી. આત્મદૃષ્ટિ ભુલાઇ ગઇ છે, વિવેકજ્ઞાન નાશ પામ્યું છે, દેહાધ્યાસ થયેલો છે.

અજ્ઞાનદશાને લઈ આત્માથી ભિન્ન વસ્તુ ઉપર મમત્વભાવ વધેલો છે. તેને લઈને જ તેના વચનની કે શરીરની આ પ્રવૃત્તિ છે.

મૂળ શ્લોકમાં આર્ત્તધ્યાનવાળા નરના-પુરુષનાં આ લક્ષણો છે તે સામાન્ય રીતે પુરુષની મુખ્યતા રાખી લખ્યું છે. બાકી આ લક્ષણોથી દરેક જીવોનાં-સ્ત્રી કે પુરુષના આર્ત્તધ્યાનનો નિશ્ચય કરી શકાય છે.

**तस्साकंदणसोयणं परिदेवणताडणादि लिंगाई ।**
**इट्ठाणिट्ठ वियोगाविओग वेयणानिमित्ताइं ॥ १ ॥**

ઈષ્ટના વિયોગથી, અનિષ્ટના સંયોગથી અને વેદનાના નિમિત્તથી તે આર્ત્તધ્યાનવાળાનાં આક્રંદ, શોચન, પરિદેવન અને તાડન આદિ ચિહ્નો થાય છે.

**ભાવાર્થ**— આક્રંદન એટલે મોટા મોટા શબ્દો વડે વિલાપ કરી કરીને વિશેષ પ્રકારે રોવું યાને સહન કરવું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોચન એટલે આંખમાંથી આંસુ ચાલ્યા જતાં હોય તેવી રીતે ઓરતો કરવો–પશ્ચાત્તાપ કરવો–જેનો વિયોગ થયો છે તેની સાથેનો પોતાનો સ્વાર્થ યાદ કરવો, યા ગુણો યાદ કરવા–બીજાને કહી સંભળાવવા.

પરિદેવન એટલે દીનતા કરવી–દયામણો ચહેરો કરવો, બીજાને દયા ઉત્પન્ન થાય તેવી રીતે બોલવું અથવા વારંવાર કિલષ્ટ ભાષણ કરવું.

તાડન એટલે છાતી કૂટવી, માથું કૂટવું, વાળ ખેંચવા, પછાડિયાં ખાવા, ઈત્યાદિ બાહ્ય લિંગો–લક્ષણો ઈષ્ટના વિયોગથી, અનિષ્ટના સંયોગથી અને વેદના–રોગાદિક વ્યાધિના નિમિત્તથી કરાય છે તે સર્વે આર્ત્તધ્યાનના ચિન્હો બાહ્ય–બીજા આગળ દેખાવ કરી શકાય તેવા અથવા બીજાઓ જાણી દેખી શકે તેવા છે.

### આ આર્ત્તધ્યાન કોને હોય?

तदविरय देसविरया पमायपरसंजयाणुयं झाणं ।
सव्वप्पमायमूलं वज्जेयव्वं जतिजणेणं ॥ २ ॥

અવિરત, દેશવિરતિ અને પ્રમાદમાં તત્પર સંયતિ (સાધુ)ઓને તે આર્ત્તધ્યાન હોય છે. આ ધ્યાન સર્વ પ્રમાદનું મૂળ છે. યતિજનોએ તેનો ત્યાગ કરવો.

**ભાવાર્થ**—આ આર્ત્તધ્યાન કેટલા ગુણઠાણા સુધી હોય છે, તે બતાવે છે. અવિરતિના બે ભેદ છે. પહેલાથી ત્રીજા ગુણઠાણા સુધીના મિથ્યાદૃષ્ટિ જીવો તે અવિરતિ છે, અને ચોથા ગુણઠાણાવાળા સમ્યક્દૃષ્ટિ જીવો પણ અવિરતિ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોનું સ્થાન તે ગુણસ્થાન યા ગુણઠાણું. તદ્દન અંધારી ગાઢ કાલી રાત્રી જેવી, અજ્ઞાનતાવાળી નિગોદ અવસ્થામાંથી (અવ્યવહાર રાશિમાંથી) વ્યવહાર રાશિમાં આવવું થાય, સૂક્ષ્મ શરીર ધારણ કરવામાંથી કાંઇક સ્થૂળ શરીર ધારણ કરવાપણું હોય, ઓઘ સંજ્ઞાએ પણ ધર્મ જેવી વસ્તુ તરફ લાગણી હોય, પછી ભલે ને તે અધર્મ હોય, તથાપિ કાંઇક સારી આશાથી ધર્મ તરફ વલણ થયેલું હોય ઈત્યાદિ જરા-તરા ઓઘ સંજ્ઞાએ પણ (ખરી સમજ ન પડે તેવી રીતે પણ) તેટલો ગુણ પ્રકટ થયેલો હોય તેને પ્રથમ ગુણસ્થાન (શરૂઆતનો ગુણ) કહે છે. આ ગુણ આગળ આગળની ભૂમિકામાં વિકાસ પામતો જાય છે. ચોથું ગુણઠાણું–ચોથી ભૂમિકામાં આત્માને આત્માપણે જાણવારૂપે સમ્યક્જ્ઞાન થાય છે, જડચૈતન્યનું ભિન્ન ભિન્ન જ્ઞાન થાય છે તેને વિવેકજ્ઞાન પણ કહે છે. આત્માનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ અહીં પ્રગટ થતું નથી છતાં થોડે અંશે પણ શુદ્ધતાની શરૂઆત આ ભૂમિકામાં થાય છે. એટલે અંશે સ્વસંવેદનગુણ અનુભવરૂપે અહીં પ્રગટ થાય છે, તથાપિ મોટો ભાગ જાણવા સદ્દહવા (શ્રદ્ધા) રૂપે હોય છે, જે તેરમા ગુણસ્થાને પૂર્ણ પ્રગટ થાય છે.

આ ચોથા ગુણસ્થાનકવાળા સમ્યક્દૃષ્ટિ જીવો કહેવાય છે, છતાં તેઓ અવિરતિ હોય છે. અવિરતિ એટલે વ્રત-નિયમો ન કરવા.

ઇચ્છાઓ અનંત છે. તે ઈચ્છાઓને અમુક રીતે મર્યાદામાં રાખવી. ઈચ્છાઓનો નિરોધ કરવો, થોડે અંશે પણ ઈચ્છાઓને કાબૂમાં રાખવી તે વિરતિ કહેવાય છે. આત્માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ જેવી રીતે જાણુવામાં આવ્યું છે (સ્વઅનુભવ સિદ્ધ પ્રત્યક્ષ અનુભવ થયેલ નથી) તેવી રીતે પ્રત્યક્ષ કરવામાં સહાયભૂત કર્મ મલિનતાનો નાશ કરનાર–તે આ આવરણને હઠાવનાર જે ક્રિયામાર્ગ છે તે માર્ગનો આશ્રય હજી કર્યો નથી તેટલો ઉત્સાહ હજી પ્રગટ થયો નથી, કેવળ જાણુવા-સહ્હવારૂપે તે માર્ગે હૃદયમાં જાગૃતિ લીધેલી છે તે અવિરતિ કહેવાય છે.

પહેલાથી ત્રીજા ગુણુ સ્થાનક સુધીના જીવો પણુ અવિરતિ કહેવાય છે. તથાપિ તેમાં અને આ ચોથા ગુણુ સ્થાનવાળા જીવોમાં જે તફાવત છે તે એ છે કે તે ભૂમિકાવાળાઓને તો આત્માને જાણુવા–સહ્હવવાપણું પણુ નથી. આત્માના શુદ્ધ સ્વરૂપને સમજી જડથી ભિન્ન માનવા જેટલું આવરણુ પણુ ઓછું થયેલું નથી. પુદ્ગલના ઉપભોગથી વિરામ પામવાની ઈચ્છા પણુ થતી નથી એટલું જ નહિ પણુ પુદ્ગલોના ઉપભોગ લેવા એ જ કાર્ય કે કર્તવ્ય મનાયેલું હોય છે અને ઓઘ સંજ્ઞાએ ધર્મ તરફ વલણુ થયેલું હોય તોપણુ વ્યવહારના પ્રસંગોમાં સુખી થવાય કે અન્ય જન્મમાં અનુકૂલ ઉપભોગો મળે તેટલા પૂરતું હોય છે. ત્યારે આ ભૂમિકાવાળાને આત્માનો નિશ્ચય થયેલો હોય છે. જેવે રૂપે જાણ્યું છે, તેવે રૂપે અનુભવ નથી પણુ તે તરફ હવે તેને પ્રયાણુ કરવાનું હોય છે. એટલે આનું લક્ષ્ય આત્મજ્ઞાન જ હોય છે.

અવિરતિવાળા બન્નેને આર્ત્તધ્યાન હોય છે, છતાં બન્નેના આર્ત્તધ્યાનમાં તફાવત ઘણો હોય છે.

દેશવિરતિ–દેશથકી થોડા ભાગની વિરતિ કરનાર–આત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ લક્ષ રાખી ઇચ્છાઓનો નિરોધ કરનાર–પાંચમી ભૂમિકા યા ગુણસ્થાનવાળા જીવો, તેને પણ આર્ત્તધ્યાન અમુક ભાગે ઈષ્ટ વિયોગાદિ સંબંધી હોય છે.

છઠ્ઠા ગુણસ્થાનવાળા–સર્વ વિરતિધારી મુનિઓ, ત્યાગીઓ પ્રમાદમાં પડતાં તેમને પણ આર્ત્તધ્યાન થઈ આવે છે, છતાં પૂર્વના ગુણસ્થાનક કરતાં ઘણું જ મંદ મંદ આર્ત્તધ્યાન હોય છે. તેના કારણો પૂર્વે બતાવી આવ્યા છીએ.

પહેલાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી આર્ત્તધ્યાન હોય છે; તથાપિ પહેલા ગુણસ્થાનમાં રહેલા જીવોનું આર્ત્તધ્યાન, તેનાથી જેમ જેમ આગળ વધતા જઇએ તેમ તેમ આર્ત્ત-ધ્યાન ઘણું મંદ મંદ હોય છે. અને તેના કારણો પણ ચડતાં ચડતાં ઘણા સામાન્ય, નિર્માલ્ય યાને નજીવા જેવાં હોય છે. તથાપિ આર્ત્તધ્યાન પ્રમાદનું મૂળ છે. મૂળ સજીવન હોય તો વૃક્ષ ફરી પલ્લવિત થવાનો સંભવ છે. માટે થોડા નજીવા પણ આર્ત્તધ્યાનને અવકાશ આપવો નહિ અપ્રમત્ત દશાવાળા મુનિઓમાં આર્ત્તધ્યાનને અવકાશ નથી.

## પ્રકરણ ૬

## રૌદ્રધ્યાન

दुष्ट क्रूराशयो जंतु रौद्रकर्मकरो यतः ।
ततो रौद्रं मतं ध्यानं तच्चतुर्धा बुधैः स्मृतम् ॥८१॥

જે કારણથી લઈ દુષ્ટ ક્રૂર આશયવાળો જીવ રૌદ્રકર્મ કરે છે તે કારણથી તેને રૌદ્રધ્યાન માનેલું છે. તે રૌદ્રધ્યાન જ્ઞાની પુરુષોએ ચાર પ્રકારે કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ચાર ભેદ બતાવે છે:—

हिंसानंदान्मृषानंदाच्चौर्यात्संरक्षणात्तथा ।
रौद्रध्यानं चतुर्धा स्यादेहिनां निर्दयात्मनाम् ॥८२॥

નિર્દય સ્વભાવવાળા જીવોને હિંસામાં થતા આનંદથી, અસત્યથી થતા આનંદથી, ચોરીથી થતા આનંદથી અને ધનાદિ રક્ષણના કારણથી થતા રૌદ્ર પરિણામથી રૌદ્રધ્યાન ચાર પ્રકારે થાય છે. તેને હિંસાનંદ, અસત્યાનંદ, ચૌર્યાનંદ અને રક્ષણાનંદ અથવા હિંસાનુબંધી, અસત્યાનુબંધી, ચૌર્યાનુબંધી અને રક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.

### હિંસા રૌદ્રધ્યાન

पीडिते च तथा ध्वस्ते जीवौघेऽथ कदर्थिते ।
स्वेन वान्येन यो हर्षस्तद् हिंसारौद्रमुच्यते ॥८३॥

પોતાને હાથે કે પરની પાસે જીવોના સમુદાયને પીડા કરવી, કદર્થના કરવી, કે નાશ કરવો અને તેમ કરીને હર્ષ પામવો તેને હિંસારૌદ્ર ધ્યાન કહે છે.

**ભાવાર્થ**—રૌદ્રતા, ભયંકરતા, ક્રૂરતા, કઠોરતા, દુષ્ટતા, નિષ્ઠુરતા, ઈત્યાદિ પર્યાયો એકસરખી રીતે ખરાબ પરિણામને સૂચવે છે. આવા ખરાબ પરિણામ જીવના થવા તેને રૌદ્રધ્યાન કહે છે. આ રૌદ્રધ્યાનની પરિણતિ મનની વૃત્તિઓ અનેક પ્રકારે અનેક રીતે થાય છે. છતાં તે સર્વનો સામાન્ય રીતે ચાર ભેદોમાં સમાવેશ કરવામાં આવે છે. એટલે તે અપેક્ષાએ રૌદ્ર ધ્યાનના ચાર ભેદ કહે છે. તે સર્વમાં જીવના ક્રૂર પરિણામ થાય છે. ક્રૂર પરિણામ વિના દુષ્ટ કામ થતાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે જાણી જોઇને જીવોને પીડા કરે છે, સામા જીવો સારી રીતે રિબાય-દુઃખી થાય તેવી કદર્થના કરે છે, અને છેવટે તે જીવોને મારી પણ નાખે છે. મારી નાખીને દુઃખી કરીને પાછો તે રાજી થાય છે, ખુશી થાય છે, હર્ષ પામે. છે કે કેવો હું બળવાન! એક તડાકે જ અમુકને આવા બળવાનને મેં એકલાએ મારી નાખ્યો. પોતે આ પ્રમાણે જીવોને મારી નાખીને રાજી થાય છે તેમ જ બીજા પાસે જીવોને પીડા કરાવે છે. કદર્થના પમાડાવે છે અને મારી નંખાવે છે, અથવા કોઈ અન્ય જીવે જીવોને માર્યા હોય-પીડા કરી હોય-કદર્થના કરી હોય, તે દેખીને, સાંભળીને, વાંચીને પોતે રાજી થાય છે આ રૌદ્રધ્યાન છે.

ઓ મહાન ઈચ્છાવાળા જીવો! તમે પોતે સુખી થવાને, નીરોગી થવાને, ક્લેશરહિત જીવન ગુજારવાને કે લાંબું જીવન ટકાવવા માટે ઈચ્છાઓ કરો છો; તો બીજા જીવોની ઇચ્છાઓનો બીજાના આરોગ્યનો, બીજાના સુખોનો કે બીજાના જીવનનો તમે શા માટે નાશ કરો છો? શું તમે એકલા જ આ દુનિયામાં સુખી થવાને કે જીવવાને લાયક છો? તમોને જ તમારું જીવન વહાલું છે? બીજાને શું વહાલું નહિ જ હોય?

ઓ અજ્ઞ જીવો! વિચાર તો કરો. પગમાં એક કાંટો વાગે છે, સહજ ઠોકર વાગે છે, કે થોડો નાનો સરખો શસ્ત્રાદિનો ઘા વાગે છે તેટલામાં તમે આકુલવ્યાકુલ થાઓ છો, તમારી સારવાર માટે બીજાની મદદ માગો છો તો શું બીજાને દુઃખ નહિ થતું હોય? બીજાઓ અન્યની મદદની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશા શું નહિ રાખતા હોય. તમે પોતે બીજાને મદદ આપવાની વાત તો દૂર રાખો, પણ બીજાના જાન લેવાથી કે હેરાન કરવાથી પણ જ્યાં સુધી પાછા ન હઠો ત્યાં સુધી તમારે પોતાને પણ સુખી થવાની ઈચ્છા શા માટે રાખવી જોઇએ?

બીજાની પાસેથી મદદ લેવાની આશા શા માટે રાખવી જોઇએ અને તમને મદદ પણ શા માટે મળી શકે?

સમજુઓ! સમજો. લો અને દો, આપો અને મેળવો, કરો અને પામો. નિયમથી વિરુદ્ધ વર્તન ન રાખો. અત્યારે બળવાન થઈ છૂટશો, પણ છેવટે તમે પણ ઝપાટામાં આવશો. કોણ અમર રહ્યું છે? અભય આપનારાઓ જ નિર્ભય થયા છે. શાંતિ આપો અને પછી શાંતિ ભોગવો.

## રૌદ્રધ્યાનનું સ્થાન શું છે?

**निरंतरं निर्दयताम्वभावः स्वभावतः सर्वकषायदीप्तः ।**
**मदोद्धतः पापमतिः कुशीलः स्यान्नास्तिको यः सहिरौद्रगेहम् ॥८४॥**

નિરંતર નિર્દયતાવાળો સ્વભાવ, તે સ્વભાવથી સર્વ ક્રોધાદિની પ્રદીપ્તિ. મદથી ઉદ્ધતપણું, પાપમાં બુદ્ધિ, કુશીલતા અને નાસ્તિકતા તે રૌદ્ર ધ્યાનની ઉત્પત્તિનું સ્થાન છે.

ભાવાર્થ—એક જાતનો અભ્યાસ લાંબા વખત સુધી કરવામાં આવે છે, ત્યારે તે અભ્યાસ મજબૂત થઈ સ્વભાવનું પરિણામ ધારણ કરે છે. એક માણસ સહજ વાતમાં પોતાનો મિજાજ ખોઈ બેસે છે; ત્યારે બીજો માણસ કહે છે કે એને છેડશો નહિ, તેનો સ્વભાવ જ એવો છે. ક્રોધીલો છે, ચીડિયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સહજ વાતમાં ચિડાઈ જાય છે (તપી જાય છે). મતલબ કે સારોખોટા કાઇપણ જાતનો અભ્યાસ કેટલાક વખત પછી સ્વભાવ જેવો થઈ જાય છે–તેવી ટેવ પડી જાય છે.

તેમ જે માણસ નિરંતર નિર્દયતા વાપરે છે, સહેજ-સાજના અપરાધમાં પણ મોટો દંડ આપે છે, નિર્દયતાથી માર મારે છે, દયા, અનુકંપા કે અરેકારો જેના હૃદયમાં આવતો નથી, દુઃખી જીવોને દેખીને, કે પોતાના પ્રહારથી પીડાતા, રિબાતા, રડતા, ત્રાસ પામતા જીવોને દેખીને પણ જેને દયા આવતી નથી, જેનું હૃદય દયાથી આર્દ્ર (ભીનું) થતું નથી, આવા જીવોનું હૃદય કાળાંતરે નિર્દયતાવાળું થઇ જાય છે. તેમનો સ્વભાવ જ તેવો થઈ જાય છે. તે નિર્દયતાવાળા સ્વભાવને ધારણ કરનાર જીવોમાં, સ્વાભાવિક રીતે જ રૌદ્ર ધ્યાન નિવાસ કરે છે, કારણ કે; જે જેને આદર આપે, તે તેને ત્યાં આદરથી રહે છે. આવા જીવો નજીવા કારણસર જીવોનો ઘાત કરી નાખે છે. સામાન્ય કારણમાં પણ તેઓના હૃદયમાં રૌદ્રધ્યાન સ્ફુરી આવે છે.

જેઓના મનમાં સ્વભાવથી જ સઘળા ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયો દીપ્ત થઇ રહેલા હોય છે, તેઓ પણ રૌદ્રધ્યાનનાં જ ઘર છે. ક્રોધવાળો જેનો સ્વભાવ થઈ રહેલો હોય છે, વારંવાર નજીવા કારણે પણ ક્રોધ કરવાની ટેવ પાડયાથી ક્રોધવાળો જ સ્વભાવ બની રહે છે. આવા માણસો સહેજસાજના કારણે પણ મરવા કે મારવા તૈયાર થઇ જાય છે. બીજાનું ખૂન કરતાં વાર લગાડતા નથી. જ્યાં પોતાનું જોર અન્યને શિક્ષા કરવાનું ચાલતું હોય છે ત્યાં તો તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષા કરે છે જ પણ જ્યાં તેવું જોર ચાલતું નથી હોતું ત્યાં પોતે જ તે ક્રોધનો ભોગ થઈ પડે છે. એટલે ક્રોધના આવેશમાં પોતે પણ આપઘાત કરે છે. આ રીતે જેઓ મહા અભિમાની છે, દરેક ઠેકાણે હુંપદ કરી પોતે જ બધું માન લેવા ઈચ્છે છે, થોડાંઘણાં સારાં કામો કરી લોકોમાં પોતાનું મહત્ત્વ ગાયા કરે છે, પોતાનું મહત્ત્વ વધારવા માટે જ પૈસાનો ઉપયોગ કરે છે, આવા માણસો માનને વારંવાર આવકાર આપવાની ટેવ પાડે છે. આ ટેવ કાળાંતરે સ્વભાવનું રૂપ પકડે છે. તેનું પરિણામ એ આવે છે કે સર્વ સ્થળે તે માનની જ ઇચ્છા કરે છે. દેવ-ગુર્વાદિ કે અધિકારી વર્ગ પાસેથી પણ માન ઇચ્છે છે. જ્યારે તેને માન મળતું નથી, અગર કોઈ તેનું અપમાન કરે છે ત્યારે તે પોતાના થયેલા અપમાનના બદલામાં પોતાના પ્રાણને પણ હલકા ગણે છે. કાં તો તેને મારે છે, અને કાં તો પોતે મરે છે. આ રીતે આ માન પણ રૌદ્ર ધ્યાનને નિવાસ કરવાનું ઘર જ છે.

માયા, કપટ, પ્રપંચ એ પણ શરૂઆતમાં નજીવાં દેખાય છે. સામાન્ય બાબતથી તેમની શરૂઆત થાય છે. તેની ટેવ વધતાં છેવટે તે સ્વભાવનું રૂપ ધારણ કરે છે. મોટા મોટા પ્રપંચો રચે છે, કાવતરાં ગોઠવે છે, અનેક જીવોને તે જાળમાં ફસાવે છે. તેમાં જો પોતાનો પ્રપંચ ખુલ્લો કરનાર મળી આવે તો રૌદ્રધ્યાન ઊછળી આવે છે. તેનો જાન લેશે તેમ કરતાં જો પોતાને સપડાઇ જવાનો પ્રસંગ આવ્યો તો પોતે આપઘાત કરી મરે છે. આમ માયા, પ્રપંચ, કપટજાળ પણ રૌદ્રધ્યાનની ઉત્પત્તિનું સ્થાન જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભની શરૂઆત પણ પોતાની ચાલુ સ્થિતિથી કાંઈક અધિકતા પ્રાપ્ત કરવી આટલાથી શરૂ થઈને છેવટે ભયંકર રૂપ ધારણ કરે છે, આખી દુનિયાની રિદ્ધિ કે હકૂમત મેળવી લેવા સુધી વૃદ્ધિ પામે છે.

લોભથી પિતાપુત્રો લડે છે, ભાઇઓ આપસમાં લડે છે, કુટુમ્બોમાં કલેશ થાય છે, સંબંધીઓના સગપણો મુકાય છે અને એકબીજાના લોહી રેડાય ત્યાં સુધી પણ આ લોભ શાંતિ પામતો નથી.

લોભી જીવો ધનને માટે અન્યના પ્રાણ લેતાં પણ પાછું વાળી જોતા નથી. તેમ પોતાનું ધન લૂંટાઈ જતાં–ચોરાઈ જતાં કે નાશ પામતાં ઘણા માણસો ગાંડા થઈ ગયેલા કે આપઘાત કરી મરણ પામેલા અત્યારે નજરે પણ દેખાય છે. હકૂમતના લોભને માટે અનેક લડાઇઓ થયેલી તમે સાંભળી હશે અને અત્યારે પણ અનેક રાજ્યો લડતાં તમે સાંભળો છો, દેખો છો. અહા! કેવું રૌદ્રધ્યાન! કેવી ભયંકર ખૂનરેજી! પોતાની લોભાંધતાને લીધે લાખો માણસોની કતલ થતી અત્યારની કહેવાતી, સુધરેલી દુનિયામાં પણ નજર દેખાય છે. મારો! મારો! કાપો કાપોના પોકારો જ્યાં થઈ રહેલા છે, જીવતાં ને જીવતાં માણસોને સળગાવી દેવા–ચીરી નાખવા કે ગોળીબાર કરવા તેવાં કામો પણ એક લોભને માટે જ! ક્રોધની શાંતિને માટે જ! વેર લેવાને માટે જ! માન સાચવવાને માટે જ!

અહા! લોભની લોભાંધતા કે ક્રૂરતા માટે શું વર્ણન કરવું? ભગવાન ઋષભદેવના પુત્રો ભરત ને બાહુબળી જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્ને ભાઇઓ પણ આવી રૌદ્ર ભયંકરતા સુધી પહોંચ્યા હતા કે જે તે જ ભવમાં નિર્વાણ પામનાર હતા. તો બીજાઓને માટે તો કહેવું જ શું ? બધા કરતાં લોભ તો વિશેષ પ્રકારે રૌદ્રધ્યાનનું મુખ્ય મથક તરીકે પ્રખ્યાતિ પામેલું સ્થળ છે. આ ચારે કષાયો નિરંતર જેના હૃદયમાં સળગતા જ હોય છે, જાજ્વલ્યમાન થઈ રહેલા હોય છે, તેઓને રૌદ્રધ્યાન આવતાં વાર લાગતી નથી.

મદથી ઉદ્ધત થયેલા મનુષ્યો કે જીવોમાં પણ રૌદ્રધ્યાન કારણ મળતાં બહાર નીકળી આવે છે. ધનનો મદ, બળનો મદ, કુળનો મદ, અધિકારનો મદ, વિદ્યાનો મદ, ઈત્યાદિ મદથી જેનો ઉદ્ધત સ્વભાવ થઈ રહ્યો હોય છે, વિદ્યા કે કળા, ધન કે અધિકાર ઈત્યાદિનું જેને અજીર્ણ થયું છે, પાત્ર ઓછું હોય અને તેમાં વસ્તુ વધારે મૂકવામાં આવતાં તે બહાર નીકળી પડે છે તેવી રીતે સામાન્ય મનુષ્ય કરતાં મળી આવેલી કાંઈ પણ અધિકતાને, પોતાની અયોગ્યતાને લઈ જીરવી ન શકવાથી ઉદ્ધતાઈથી બહાર છલકી વળે છે. આવા મદથી ઉન્મત્ત થયેલા ઉદ્ધત જીવોમાં રૌદ્રધ્યાન સ્વાભાવિક રીતે નિવાસ કરીને રહે છે;

**પાપમતિ**—જેઓની બુદ્ધિ નિરંતર પાપમાર્ગમાં વર્ત્યા કરે છે, પાપના વિચારો અહોનિશ કરતો હોવાથી તે વિચારો ઘર કરી વાસનારૂપે કે સંસ્કારરૂપે યા સ્વભાવભૂત થઈ રહે છે અને જેમ કોઈ આજ્ઞાંકિત સેવક હોય તેને હાક મારતાં બધા કામ પડતાં મૂકી તત્કાળ તે પોતાના માલિક પાસે હાજર થાય છે, તેવી રીતે આ પાપ બુદ્ધિના સંસ્કારો સહેજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાજનું નિમિત્ત મળતાં દૃઢ સંસ્કારરૂપ થયેલા હોવાથી સ્મરણ કરતાંની સાથે જ હાજર થાય છે અને પોતાને કરવા લાયક હિંસાદિ કાર્યમાં તત્કાળ જોડાઈ જાય છે. મતલબ કે રૌદ્રધ્યાન તત્કાલ ઉત્પન્ન કરે છે.

**કુશીલ**—ખરાબ આચરવિચારવાળા, અથવા વ્યભિચારી, પરસ્ત્રીલંપટ, પરપુરુષ લંપટ સ્ત્રી વિગેરે જીવો: આ સ્વભાવવાળા જીવોમાં પણ રૌદ્રધ્યાન નિવાસ કરીને રહે છે.

વ્યભિચારી જીવો પોતાની ઇચ્છા તૃપ્ત કરવા માટે નિરંતર આથડ્યા કરે છે, વિચારો કર્યા કરે છે અને અવસર શોધતા રહે છે. તેમના આ કામમાં ખલેલ પહોંચાડનાર ઘણા હોય છે. તેમની ઇચ્છાના તાપની આડે આવનાર માણસો તરફ તેઓ ક્રૂર દૃષ્ટિથી જુએ છે. તેમના તરફ દ્વેષ રાખે છે-ઈર્ષ્યા કરે છે. છતાં પણ જો તેઓ વિઘ્ન કરતા રહે તો પછી જો પોતાનું જોર ચાલતું હોય તો રૌદ્ર પરિણામે ઘાત કરવા પણ ચૂકતા નથી, અથવા તો સ્ત્રીનો માલિક કે સંબંધી આ વ્યભિચારીના પ્રાણ લેવા સુધી પણ પ્રયત્ન કરે છે અને તે દ્વારા પણ રૌદ્રધ્યાન થવા સંભવ છે. અથવા પોતાની લાજઆબરૂ જવાના કારણથી લોકાપવાદના ભયથી પણ રૌદ્ર પરિણામે પોતાના પ્રાણનો ઘાત કરવા પણ ચૂકતા નથી. ઇત્યાદિ કારણોથી પણ આ કુશીલતા રૌદ્રધ્યાનનું કારણ બને છે.

નાસ્તિકોમાં રૌદ્રધ્યાનનો નિવાસ છે. ધર્માધર્મને નહિ માનનાર તથા પરલોકની ગતિ આ-ગતિનો ઇન્કાર કરનાર જીવો નાસ્તિક કહેવાય છે. તેઓ એમ માને છે કે " આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોક સિવાય બીજું કાંઇ નથી. મરણ નથી અને પુનર્જન્મ પણ નથી, તો પછી અમુક વિધિ-નિષેધ (કરવું અને ન કરવું) વિગેરે હોય જ કયાંથી ? ત્યારે આ જિંદગીમાં ઈચ્છાનુસાર આનંદ કરવો એ સિવાય બીજું કાંઇ કર્તવ્ય નથી. એ આનંદના સાધનો ગમે તેવી રીતે મેળવવા જ. તેમાં આડે આવે તેને શિક્ષા કરવી." અન્ય જન્મનો ભય ન હોવાથી કરેલ કર્મનો બદલો મળશે તેનો નિર્ણય તેમને ન હોવાથી નિરંકુશપણે તેઓનું વર્તન ચાલુ રહે છે. આ વર્તનમાં આડે આવનારને દૂર કરવા માટે રૌદ્રધ્યાન પ્રયોજવામાં જરા પણ શંકા રહેતી નથી. આ જ કારણથી અત્યાર સુધી બતાવેલા રૌદ્રધ્યાનના સર્વ નિમિત્તોનો જેમ બને તેમ ત્યાગ કરવો.

## બીજાં પણ કામોમાં રૌદ્રધ્યાન થાય છે.

जीवानां मारणोपायान् चिंतयेत् पूजनं तथा ।
गोत्रद्देवीद्विजादीनां मेषादिप्राणघातनैः ॥ ८५ ॥

जलस्थलखगादीनां गलनेत्रादिकर्त्तनम् ।
जीवानां प्राणघातादि कुर्वन् रौद्रं गतो भवेत् ॥८६॥

જીવોને મારવાના ઉપાયો ચિંતવે, ગોત્રદેવી અને બ્રાહ્મણાદિની બકરાદિ પ્રાણીઓનો ઘાત કરીને પૂજા કરે, જળચારી, સ્થળચારી અને આકાશગામી ઈત્યાદિ પ્રાણીઓનાં ગળા અને નેત્રાદિ કાપે, જીવોના પ્રાણોનો ઘાત કરે, ઈત્યાદિ કરતાં રૌદ્રધ્યાન પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—ઉદરનિર્વાહના કારણે જીવોને મારવાના ઉપાયો ચિંતવવા અથવા ગોત્રદેવી આગળ પોતે સુખી થાય તે માટે બકરાપ્રમુખ જીવોનાં બલિદાન આપવાં, જીવોને મારીને ચડાવવાની માનતા માનવી અથવા બ્રાહ્મણાદિની પૂજા કરવાના નિમિત્તે કે યજ્ઞ–યાગાદિમાં શાંતિ આદિના કારણે જીવોનો ઘાત કરવો (અત્યારના વખતમાં બ્રાહ્મણોની પૂજા કરવાના નિમિત્તે બકરાંપ્રમુખની હિંસા કરવાનો રિવાજ આ દેશમાં જણાતો નથી. મૂળમાં તેમ લખ્યું છે તેવા પ્રસંગો કદાચ તે લખનારના વખતમાં બનતા હોય તો ના ન કહેવાય), પાણીમાં ફરનારાં, જમીન ઉપર ચાલનારાં અને આકાશમાં ઉડનારાં પ્રાણીઓનાં ગળાં મરડવાં, નેત્રાદિ ફોડવાં, વગેરે પ્રાણીઓનો ઘાત કરવો તે રૌદ્ર, ભયંકર પરિણામ થયા સિવાય બનતું નથી. આ ભયંકર પરિણામ તે રૌદ્રધ્યાન છે, સામા જીવોને ભય આપનાર છે. અને પોતાને પણ તેથી ભવિષ્યમાં આવી ભયંકર સ્થિતિમાં આવી પડવું પડે છે માટે વિચારવાન મનુષ્યોએ આવા ઘોર કર્તવ્યોથી પાછા હઠવું.

## અસત્યાનંદ રૌદ્રધ્યાન

विधाय वंचकं शास्त्रं मार्गमुद्दिश्य हिंसकम् ।
प्रपात्य व्यसने लोकं मोक्ष्येऽहं वांछितं सुखम् ॥८७॥

असत्यकल्पनाकोटिकश्मलीकृतमानसः ।
चेष्टते यत् जनस्तद्धि मृषानंदं हि रौद्रकम् ॥८८॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યને ઠગવાવાળા શાસ્ત્ર બનાવી, હિંસકમાર્ગ જણાવી, લોકોને કષ્ટમાં પાડી, હું વાંછિત સુખ ભોગવીશ.

અસત્ય કલ્પનાના વાદ કે પૂર્વપક્ષ વડે અથવા કરોડો ગમે તેવી અસત્ કલ્પનાઓ વડે મનને મલિન કરી મનુષ્ય જે ચેષ્ટા કરે છે (વર્તન કરે છે) તેને નિશ્ચે કરી મૃષાનંદ (અસત્યાનંદ) નામનું રૌદ્રધ્યાન કહે છે.

**ભાવાર્થ**:—પૂર્વે રૌદ્રધ્યાન કહેવાયું તેમાં હિંસાની પ્રધાનતા (મુખ્યતા) હતી. આ બીજા રૌદ્રધ્યાનના ભેદમાં અસત્ય (જૂઠું) બોલવું, તેની પ્રધાનતા છે. ઇંદ્રિયોની તથા મનની તૃપ્તિ કરવારુપ સ્વાર્થ સાધવા માટે મુખ્ય કરી સામા જીવોનો નાશ થાય ત્યાં સુધી અસત્ય વચનની પ્રવૃત્તિ કરવામાં આવે છે, તેને (અસત્યમાં આનંદ મનાતો હોવાથી) અસત્યાનંદ રોદ્રધ્યાન કહે છે.

લોકોને ઠગવા સારુ જૂઠાં શાસ્ત્રો બનાવવા–લોકો ધર્મને બહાને જેટલા ઠગાય છે તેટલા બીજા વ્યવહારમાં ભાગ્યે જ ઠગાતા હશે. કેટલાકો મોક્ષના પરવાના રાખે છે કે અમારા સિવાય બીજાને મોક્ષ મળે જ નહિ. અમારા ધર્મમાં આવે ત્યારે જ મોક્ષ મળે છે. કેટલાક સ્વર્ગની ચિઠ્ઠીઓ આપે છે. અમુક રકમ અમને આપો એટલે ચિઠ્ઠી લખી દેવામાં આવશે, કે તમને ત્યાં (પરભવમાં) બધી અનુકૂળતા કરી દેવામાં આવશે. કેટલાએકનું સર્વસ્વ અમુક દેવને નામે અર્પણ કરી દેવાથી (તન, મન, ધન સ્વામીને શરણે મૂકી દેવાથી) વિમાન લઈ તેડવા આવવાનું બતાવે છે. આ સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠગાઈ છે. આવી વાતો શાસ્ત્રમાં લખવાનું કારણ અન્યના પૈસા ધૂતી પોતાના ઉદરનો નિર્વાહ કરવાનું છે.

કેટલાએક પોતે ઇશ્વરનો અવતાર છે કે ઇશ્વરનો અંશ છે, એવો હક ધરાવી સેવકોની સ્ત્રીઓ અને પૈસાનો છૂટથી ઉપભોગ કરે છે. બિચારા ભોળા લોકો પણ ઈશ્વરને નામે કે ઈશ્વરના અંશને નામે અર્પણ કરતાં જરા પણ વિલંબ કરતા નથી અને તે ઠગારા ધર્મગુરુઓ સાક્ષાત ઈશ્વર બની થઈ ગયેલા ઈશ્વરનું અનુકરણ કરતા હોય તેમ વિવિધ પ્રકારની લીલાઓ (ક્રીડાઓ) અન્ય સેવકોની સ્ત્રીઓ સાથે કરવાને પણ ચૂકતા કે શરમાતા નથી.

મનુષ્યોએ સમજવું જોઇએ કે કોઇ પણ મત કે પક્ષવાળાને મોક્ષનો અધિકાર મળ્યો નથી કે તે તેમના હાથમાં પણ નથી કે કોઇએ રજિસ્ટર પણ કરાવ્યું નથી કે તેમને જ મોક્ષ મળે. તેમના સંપ્રદાય સિવાય બીજાને ન જ મળે તેવું કાંઈ નથી. મારે તેની તરવાર છે, બાંધે તેની નહિ. તેમ જ પોથાંઓમાં 'અમારા મતમાં જ મોક્ષ છે બીજાને અધિકાર નથી' તેમ લખી મારવાથી મોક્ષ મળતો નથી પણ શૂરવીર થાઓ, દેહ અને ધનાદિના મમત્વનો ભોગ આપો, આત્માને ઓળખો. અને તેનો સાક્ષાત અનુભવ લેવાને માટે પ્રયત્ન કરો. પ્રયત્ન કરનારને જ મોક્ષનો અધિકાર છે. ગમે તે પ્રયત્ન કરે તેને પરમશાંતિ મળી શકે તેમ છે. આ સિવાય દૂધ વિનાની ગાયને ગળે ટોકરો કે ઘંટ બાંધવાથી જેમ તેનું વધારે મૂલ્ય આવતું નથી, તેમ બાહ્યાડંબરી અને વાચાળતાવાળા ધર્મની કિંમત કાંઇ નથી. કિંમત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તે જ ધર્મની છે જે પરમશાંતિ આપે, જન્મમરણાદિની આગ બુઝાવે, આત્માનું સત્ય સ્વરૂપ અનુભવાવે.

આવા અત્યાચારી, લોકોને ઠગનારાઓ, ઠગવા નિમિત્તે શાસ્ત્રો બનાવનારાઓ, અનેક જીવોને ખોટે માર્ગે દોરનારાઓ પોતે દુર્ગતિમાં જાય છે અને અન્યને દુર્ગતિમાં લઈ જવાના પ્રવાહવાળો માર્ગ ખુલ્લો મૂકતા જાય છે. આ શાસ્ત્રો રૌદ્રધ્યાન ને પોષણ કરનારા હોવાથી તે રૌદ્રધ્યાન જ છે.

તેવી જ રીતે હિંસાને પોષણ આપનારા શાસ્ત્રો બનાવનારાઓ તે પણ પોતાના એક થોડા વખતના જીવનનિર્વાહ માટે સદાને માટે પાપનો પ્રવાહ ચાલુ કરી જાય છે.

ઓ માનવો! દેહ મળ્યો છે તે તેનો નિર્વાહ પણ મળી રહેશે. પણ તેવા નજીવા કારણે તમે અન્યને પાપનો ઉપદેશ આપી, તેની ઇચ્છાનુસાર હાજી હા કરી અથવા શાસ્ત્રના અર્થને ઉલટાવીને જીવહિંસાને પોષણ ન આપો. તમારી વાણીથી આંબા વાવો; સદા ફળ નહિ મળે તો છાયા તો મળશે જ. પણ કાંટાવાળા થોર કે બાવળ ન વાવો; છાયા પણ ન મળતાં ઊલટા તમને અને બીજાને કાંટા વાગશે.

ઉદરના નિર્વાહ માટે મનુષ્ય કેવી કેવી અસત્ય કલ્પનાઓથી પોતાના મનને મેલું કરે છે, સ્વાર્થ સિદ્ધ કરવા માટે મનુષ્યોને કેવે ખોટે રસ્તે દોરે છે, તે આ એક નાનાસરખા દૃષ્ટાંતથી સમજાશે.

એક રાજા પાસે બ્રાહ્મણ કથા વાંચતો હતો. રાજાએ તેના બદલામાં અમુક વર્ષાસન બાંધી આપ્યું હતું. બ્રાહ્મણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ વર્ષાસન વધવાની લાલચથી રાજાને અનુકૂળ ઉપદેશ આપતો રહેતો. એક વખતે કોઇ જરૂરી કામપ્રસંગે તેને બહારગામ જવું પડ્યું. વખતે રાજા બીજા કામમાં ગૂંથાઈ જઇ કથા સાંભળવી બંધ કરી દે, અથવા કોઈ બીજા બ્રાહ્મણ પાસે વંચાવે આ શંકાથી તેણે ભણેલા પણ પ્રપંચ નહિ કરનારા પોતાના છોકરાને તેટલા દિવસ પોતાની ગેરહાજરીમાં કથા વાંચવા જવા સૂચવ્યું હતું. નિયમ પ્રમાણે છોકરો કથા વાંચવા રાજા પાસે ગયો. વાંચવામાં તે જ દિવસે એક એવો શ્લોક આવ્યો કેઃ—

तिलतुषमात्रमपि यो मांसं भक्षते नरः ।
स याति नरकं घोरं यावच्चंद्रदिवाकरौ ॥१॥

જે મનુષ્ય તલના દાણા જેટલું પણ માંસ ભક્ષણ કરે છે તે ઘોર નરકમાં જાય છે અને જ્યાં સુધી સૂર્યચંદ્ર આ દુનિયા પર રહે ત્યાં સુધી તે નરકમાં રહે છે, અર્થાત્ ઘણા લાંબા વખત સુધી નરકમાં દુઃખ ભોગવે છે.

આ છોકરો સરલ સ્વભાવનો હોવાથી શ્લોકનો યથાર્થ અર્થ કરી આગળ વાંચવા લાગ્યો. રાજાએ તે શ્લોકનો અર્થ સાંભળી વિચાર કર્યો કે થોડું પણ માંસ ખાવાથી નરકે જવું પડે છે, તો અમારાથી માંસનો ત્યાગ બની શકે તેમ નથી. નરકે તો જવું જ પડશે. તો પછી કથા સાંભળવાથી શું ફાયદો થવાનો છે? ફોગટ વખત ગુમાવવો અને વર્ષાસન ભરવું; ઇત્યાદિ વિચાર કરી કથા બંધ કરાવી. બ્રાહ્મણને પોતાનો અભિપ્રાય જણાવી, હવેથી કથા વાંચવા ન આવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવી દીધું. છોકરો ઘેર આવ્યો. બ્રાહ્મણ પરગામથી ઘેર આવ્યો. કથા સંબંધી સમાચાર છોકરે જણાવ્યા બ્રાહ્મણને ખેદ થયો. છોકરાને ઠપકો આપ્યો. મૂર્ખ! એવી તે કથા રાજા આગળ વંચાય કે? તેને અનુકૂળ પડતી જ વાતો કરવી જોઈએ વિગેરે. છોકરો લાચાર થયો. બાપા! મને તેવી સમજ ન પડી તેથી જે પુસ્તકમાં આવ્યું તે વાંચી દીધું. બ્રાહ્મણ પોથી લઈ રાજા પાસે આવ્યો. કથા સાંભળવા જણાવ્યું રાજાએ પોતાનો પૂર્વે નિશ્ચય કરેલ અભિપ્રાય જણાવ્યો બ્રાહ્મણે કહ્યું, "મહારાજા! છોકરાને કથા વાંચતા આવડતી ન હતી, તેથી તે શ્લોકના તાત્પર્યને ન સમજતાં ઉપરનો અર્થ આપને સમજાવ્યો છે (સંભળાવ્યો છે). બાકી તેનું રહસ્ય ઊંડું છે." રાજાએ તે રહસ્ય જણાવવા કહ્યું બ્રાહ્મણે પોતાના સ્વાર્થને ખાતર, પ્રપંચ કરી જવાબ આપ્યો અને તેમાં તે વિજયી થયો.

"મહારાજા! તલ કે તુષના જેટલું માંસ ખાનાર માણસની ઈચ્છા કાયમ બની રહે છે. ઈચ્છાની તૃપ્તિ થયા સિવાય ચિત્ત તેમાં જ ફર્યા કરે છે. પણ જે પેટ ભરીને ખાતા હોય તેમને નરકે જવું પડતું નથી, કારણ કે તે તરફની તેમની ઈચ્છા નિવૃત્ત થયેલી હોય છે. આપને ઘેર ક્યાં તોટો છે? પેટ ભરીને ખાવાથી પછી ઇચ્છા તે તરફ રહેતી નથી."

આ ખુલાસાથી રાજાની નરક તરફની ભીતિ ઓછી થઈ. તે દિવસથી કથા ચાલુ થઈ પ્રથમ તો થોડું કોઈ વખત માંસ ખાતો હતો અને પાછીથી તો કાયમ ખાતે ચાલુ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહા ! પાપી પેટને માટે આમ અધોગતિનો માર્ગ ખુલ્લો કરનારાઓ ! ઉન્માર્ગનો ઉપદેશ દેનારાઓ ! તેવાં જ શાસ્ત્રો બનાવી જીવોને ઉન્માર્ગે દોરનારાઓ ! તમારું પાપી પેટ ન ભરાય તો ભિક્ષા માગીને ખાઓ. પણ નિર્દોષ જીવોના આમ અકાળે અંત શા માટે લાવો છો ? અને તમોને આધાર આશ્રય આપનારાઓને ખોટી સલાહ આપી દુર્ગતિમાં નાખી વિશ્વાસઘાતક શા માટે બનો છો ?

લોકોને અસત ઉપદેશથી કષ્ટમાં નાખી તમે કેટલા દિવસ સુધી વાંછિત સુખ ભોગવી શકવાના છો ? આ જીવન ક્યાં શાશ્વત છે ? આ અસત્ય બોલવાનો ત્યાગ કરી પોતાને અને પરને રૌદ્રધ્યાનથી બચાવો.

## ચોર્યાનંદ રૌદ્રધ્યાન

चौर्यार्थं जीवघातादि चिंतार्त्तं यस्य मानसम् ।
कृत्वा तच्चिंततितार्थं यत् हृष्टं तच्चौर्यमुदितम् ॥८९॥

द्विपदचतुष्पदसारं धनधान्यवरांगनासमाकीर्णम् ।
वस्तु परकीयमपि मे स्वाधीनं चौर्यसामर्थ्यात् ॥९०॥

चौर्यं बहुप्रकारं ग्रामध्वगदेशघातकरणेच्छा ।
सततमिति चौर्यरौद्रं भवत्यवश्यं श्वभ्रगमनम् ॥९१॥

ચોરી કરવા માટે, જીવોના ઘાત આદિની ચિંતા વડે કરી જેનું મન વિક્ષેપવાળું રહે છે, તે ચોરી કરવારૂપ ચિંતવેલા અર્થને માટે (ચોરી માટે જીવોનો નાશ કરીને) જે રાજી થવું-હર્ષ પામવો તેને ચૌર્યાનંદ રૌદ્રધ્યાન કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમાં વિચાર કરે કે સારભૂત બે પગવાળાં કે ચાર પગવાળાં જનાવરો (જીવો) તથા ધન, ધાન્ય અને ઉત્તમ સ્ત્રીઓથી ભરપૂર જે અન્યની વસ્તુઓ છે છતાં પણ ચોરીના સામર્થ્યથી તે વસ્તુઓ મારી પોતાની છે.

ચોરી કરવા લાયક વસ્તુ ઘણા પ્રકારની છે. નિરંતર ગામ, દેશ અને રસ્તાઓનો નાશ કરવાની ઇચ્છા રહ્યા કરે તેને ચૌર્યાનંદ રૌદ્રધ્યાન કહે છે. તે જીવ અવશ્ય નરકે જાય છે.

**ભાવાર્થ**—આ ત્રીજા પ્રકારના રૌદ્રધ્યાનમાં ચોરી એ મુખ્ય વિષય છે. ચોરી કરવાના સંબંધમાં ભયંકર રીતે જીવોના ઘાત કરવા સુધીના વિચારો કરવા, અહોનિશ તે ચિંતામાં મનને વિક્ષેપવાળું રાખવું, પોતાનું ચોરી કરવાનું કામ સિદ્ધ કરીને કે તેમાં વિઘ્ન કરનાર જીવોનો નાશ કરીને આનંદ પામવો તે ચૌર્યાનંદ નામનું રૌદ્રધ્યાન છે.

દુનિયામાં સારામાં સારી કોઇ પણ વસ્તુ દેખવા કે સાંભળવામાં આવે પછી ગમે તેવે ઠેકાણે હોય કે ગમે તેવી હોય પણ મનમાં એમ જ વિચારો કરે કે મારામાં ચોરી કરવાનું બળ છે, એટલે તે વસ્તુ મારે સ્વાધીન જ છે. કદાચ તેમાં કોઇ વિઘ્ન કરવા આવશે, તો તેનો નાશ કરીને પણ તે મેળવ્યા સિવાય રહીશ જ નહીં. આ સંકલ્પો કરીને જ બેસી રહેતો નથી. સંકલ્પો કરવા તે પણ રૌદ્રધ્યાન છે, તથાપિ સંકલ્પોથી આગળ વધીને તે વસ્તુ મેળવવા પણ પ્રયત્ન કરે છે. કોઇનું ધન દેખી, કોઈ દુર્લભ અનાજ દેખી, કોઈ સુંદર બે પગવાળા પંખીઓ દેખી અથવા ચાર પગવાળા જનાવરો દેખી અથવા સુંદર સ્ત્રીઓ પ્રમુખને દેખીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મેળવવા પ્રયત્ન કરે છે. તેમના માલિકો તેમનું રક્ષણ કરવા નિમિત્તે આડે આવે તો તેમનો ઘાત કરવા પણ તે ચૂકતો નથી.

કોઈ વખતે લૂંટારો થઈ રસ્તો રોકી, વટેમાર્ગુઓને લૂંટે છે. પોતાના જેવા સ્વભાવના મનુષ્યોની ટોળી એકઠી કરી ગામો ભાંગે છે. (લૂંટે છે) અથવા વધારે બળ મેળવી દેશો ઉજ્જડ કરે છે–લૂંટે છે–સ્વાધીન કરે છે. સ્વબળથી અન્યના દેશો સ્વાધીન કરવા, લડાઈઓ કરી હજારો જીવોના જાનો લઈ, પોતાના રાજ્યનો વિસ્તાર વધારવો ઈત્યાદિ પણ મોટા લૂંટારાઓ કે ચોરો જ કહેવાય છે. થોડી ચોરી કરે કે વાટ લૂટે તે ચોર કહેવાય, એકાદ ગામ લૂટે તે ધાડપાડુ અગર લૂંટારા કહેવાય, અને અન્યના દેશો કે ગામો પડાવી લે તે મોટા ચોરો કે મોટા લૂંટારાઓ ગણાય વાત એકની એક જ છે.

આ સર્વમાં રૌદ્ર પરિણામ હોય છે. ભયંકર રીતે–નિર્દય રીતે હજારો જીવોનો સંહાર કરવો પડે છે. અન્યની વસ્તુ પોતાની કરતાં વિવિધ પ્રકારના છળપ્રપંચો કરવા પડે છે. તે વસ્તુઓનો ઉપભોગ કરવો તે ઠીક લાગે છે. પણ થોડા જ વખતમાં તે પ્રિય વસ્તુઓને અનિચ્છાએ પણ અહીં મૂકીને અન્ય જન્મમાં પ્રયાણ કરવું પડે છે. આ રૌદ્ર પરિણામનાં ફળ ભોગવવા માટે જીવોને નરક સિવાય બીજું યોગ્ય સ્થાન હોતું નથી.

બસ થઈ રહ્યું ? મારું મારું કરી, જીવોને ત્રાસ આપી, જીવોનો નાશ કરી મેળવેલું ધન, પૃથ્વી અને સુંદર સ્ત્રીઓ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાંથી થોડું તો સાથે લેતા જાઓ! ના શા માટે પાડો છો? ઇચ્છા તો ઘણી છે પણ તે લઈ શકાય તેમ છે જ નહિ. ત્યારે હવે શું કરશો? માખીની માફક હાથ ઘસતા જ જવાના? પણ એટલાથી પતવાનું નથી. આગળ તો ચાલો. તમારી રાહ જોઈને પેલા માણસો બેઠા છે. શા માટે? બદલો લેવા માટે. શાનો બદલો? તેનો જ તો. બાપાનો માલ તો ન જ હતો ને? આવા અનેક અનુભવો કરતો, મનના સંકલ્પોથી રૌદ્ર રૂપોને ખડાં કરતો છેવટે નરકગતિમાં આ પાપોનો બદલો અનુભવે છે. હે માનવો! રૌદ્રધ્યાન અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે.

## સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન

बहवारंभपरिग्रहसंग्रामैर्जंतुघाततो रक्षाम् ।
कुर्वन् परिग्रहादेः रक्षारौद्रिति विज्ञेयम् ॥९२॥

ઘણો આરંભ કરીને, ઘણો પરિગ્રહ મેળવીને, સંગ્રામ (લડાઇઓ) કરીને, અને જીવોનો ઘાત કરીને, પરિગ્રહાદિની રક્ષા કરતાં (રક્ષણ નિમિત્તે થતું રૌદ્રધ્યાન) તે રક્ષારૌદ્ર જાણવું.

**ભાવાર્થ**—મેળવેલા ધન, ધાન્ય, પૃથ્વી, સ્ત્રી આદિના રક્ષણ કરવા નિમિત્તે જીવોનો સંહાર કરવા સુધીના વિચારો કરવા તે રક્ષારૌદ્રધ્યાન કહેવાય છે. જીવોનું ધાર્યું કાંઈ થતું નથી. જીવ ધારે છે કાંઈ અને બને છે કાંઈ જુદું જ. પુણ્યને આધીન લક્ષ્મી આદિ ભોગ્ય પદાર્થો રહેલા છે, પુણ્ય ઓછું થતાં હોય તે પણ વસ્તુ, રક્ષણ કરવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ઉપાયો કરવા છતાં રહેતી નથી અને પુણ્યની પ્રબળતા થતાં, ન હોય તે પણ વસ્તુ અનિચ્છાએ આવી મળે છે. તેને ફેંકી દો, અન્યને આપી દો. તોપણ તે જુદી રીતે પાછી તમારી પાસે આવ્યા વિના રહેતી જ નથી. રક્ષણ કરો કે ન કરો, પરિણામ તો જે આવવાનું છે તે આવ્યા વિના રહેતું જ નથી. છતાં તે પરિગ્રહાદિનું રક્ષણ કરવા માટે આરંભ કરો, અનેક ગુપ્ત મુકામોમાં રક્ષણ કરો, મોટા મોટા કિલ્લા બાંધી તેમાં પૂરી રાખો, તેના રક્ષણ નિમિત્તે અનેક પ્રકારની સામગ્રીમાં વધારો કરો, વિર યોદ્ધાઓને રાખી તેનું રક્ષણ કરાવો, છેવટે તેના બચાવ માટે હજારો જીવોના પ્રાણ જાય તેવા સંગ્રામો–લડાઇઓ કરો, પણ આનું પરિણામ તમારા પોતાના સંબંધમાં અહિતકારી આવશે. રૌદ્ર પરિણામનો વધારો થશે. વાયુના ઝપાટામાં દીપક સ્થિર રહી શકતો જ નથી. લક્ષ્મી આદિ વૈભવ પુણ્યને જ આધીન છે. જરૂર હોય તો તેનો જ વધારો કરો, ડાળને પાણી ન સીંચો. મૂળને પાણી પાઓ.

**(ધનાદિના રક્ષણ નિમિત્તે જીવો કેવા વિચારો કરે છે.)**

**शस्त्रैररीणां हि शिरांसि भित्त्वा दग्ध्वा पुरग्रामगृहारिदेशान् ।**
**प्राप्स्येहमैश्वर्यमनन्यसाध्यं स्वगृहूणतां वाथ तथा करिष्ये ॥९.३॥**

શસ્ત્રો વડે શત્રુઓનાં મસ્તકો કાપીને, શત્રુઓના શહેર, ગામ, ઘર અને દેશોને બાળી નાખીને કોઇ સાધ્ય (સ્વાધીન) ન કરી શકે તેવું ઐશ્વર્ય હું અહીં પ્રાપ્ત કરીશ. અથવા મારું પોતાનું ધન કોઇ લઈ લેશે તોપણ તેમ જ કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(તેનાં મસ્તકો કાપી, તેનાં ગૃહાદિ બાલી નાખી મારું ધન પાછું મેળવીશ.)

**सत्तवहवेहबंधणं डहणं कणमारणाइ पणिहाणं ।**
**अतिकोहग्गहघथ्थं निग्घिणमणसोऽहम विवागं ॥१॥**

જીવોનો વધ કરવો, કર્કશ રીતે તાડના કરવી, નાસિકાદિ વીંધી નાખવાં, ખીલાપ્રમુખ સાથે બાંધી રાખવા, અથવા દોરડા કે બેડીપ્રમુખથી રોકી રાખવા, દહન-બાળી દેવાં, લોઢાપ્રમુખના સળિયાથી આંકવાં અને જીવથી મારી નાખવાં, એટલે પ્રાણથી જુદાં કરવાં, ઈત્યાદિ કરવામાં એકાગ્રતા, તલ્લીનતા, વિચાર દ્વારા કરવી. જીવોનો નાશ ઇત્યાદિ કાંઈ કર્યું ન હોય, તથાપિ અતિશય ક્રોધ, રૂપ ગ્રહથી પરાભૂત થઇ અર્થાત્ અતિ ક્રોધ વડે નિર્દય મન કરી તેવા વિચારો કરવા તે પણ અધમ-નરકાદિ ગતિ આપનાર પરિણામોવાળું રૌદ્રધ્યાન છે.

**पिसुणा सम्भासम्भूय, भूतघायादिवयणपणिहाणं**
**मायाविणोऽइसंधणपरस्स, पच्छन्नपावस्स ॥ २ ॥**

ચાડીચુગલી કરવી, અનિષ્ટ સૂચક વચન બોલવાં, મકાર ચકારાદિ, અસત્ય બોલવું, અસદ્‌ભૂત બોલવું, એટલે ન હોય તેને હોય કહેવું, હોય તેને છુપાવવું, અથવા જુદી રીતે કહેવું, જીવોનો ઘાત થાય તેવા (છેદો, ભેદો, કાપો, મારો વગેરે) વચન દૃઢ અધ્યવસાયથી બોલવાં, તથા માયાવી કપટીઓમાં-પરને ઠગવામાં પ્રવૃત્તિ કરનારાઓમાં અને ગુપ્ત રીતે-છૂપી રીતે પણ પાપ કરનારાઓમાં તથા કપટપ્રપંચના કૂટ પ્રયોગ કરનારાઓમાં આ રૌદ્રધ્યાન હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तह तिव्व कोहलोहाउलस्स भूओ व घायणमणज्जं ।
परदव्वहरणचित्तं परलोयावायनिरवेखं ॥ ३ ॥

તેમ જ તીવ્ર ક્રોધ અને લોભથી વ્યાકુલ થઈ પરલોકમાં નરકાદિ કષ્ટોથી નિરપેક્ષ બની જીવોનો ઘાત કરીને અન્યનું દ્રવ્ય હરણ કરવાનું મન કરવું યા મનમાં લાવવું તે અનાર્ય કામ છે–રૌદ્રધ્યાન છે.

सद्दाइविसयसाहणं धणसंरखणपरायणमणिट्ठं ।
सव्वाभि-संकणपरो वघातकलुसाउलं चित्तं ॥४॥

શબ્દાદિ પાંચ ઇંદ્રિયોના વિષયો મેળવવામાં સાધનરૂપ ધનના રક્ષણ કરવામાં તત્પર રહેવું તેમાં પણ સર્વ મનુષ્યોથી શંકા પામતા રહેવું એટલે કોઇનો વિશ્વાસ ન કરતાં સર્વથી શંકા કરવી કે રખે ને આ મારું ધનાદિ લઇ જશે અને તે શંકાને લઈ પરનો (શંકાવાળા સર્વ જીવોનો) ઉપઘાત કરવા માટે કલુષિત–મલિન અને વ્યાકુલ ચિત્ત કરવું (મનમાં તેવા વિચારો કર્યા કરવા) તે અનિષ્ટ છે–રૌદ્રધ્યાન છે. તેનું પરિણામ ખરાબ છે.

## આ રૌદ્રધ્યાન કોને હોય છે?
## કેટલા ગુણસ્થાનક સુધી હોય છે?

इय करणकारणाणुमइविसयमणुचिंतणं चउब्भेयं ।
अविरय देसा संजय, जणमणसं सेवियमहन्नं ॥५॥

આ પ્રમાણે (જીવોની હિંસાદિ) કરવા, કરાવવા અને અનુમોદન કરવારૂપ વિષયના ચિંતનવાળું રૌદ્રધ્યાન ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનું છે. આ ( રૌદ્ર ધ્યાનના માલિક ) અવિરતિ, અવિરતિસમ્યક્દૃષ્ટિ અને દેશવિરતિ (પાંચમા ગુણસ્થાન સુધીના જીવો છે) તે જીવોના મનથી ચિંતન કરાયેલું રૌદ્રધ્યાન અધન્ય છે, અકલ્યાણ કરવાવાળું છે, પાપકારી અને નિંદનીય છે. ધ્યાનનો પ્રસંગ હોવાથી મનથી સેવાયેલું કે ચિંતન કરાયેલું, એમ મૂળમાં લખવામાં આવ્યું છે કેમ કે ધ્યાનના ચિંતનમાં મનની પ્રધાનતા છે.

## રૌદ્રધ્યાનનું ફળ

एयं चउव्विहं रागदोसमोहंकियस्स जीवस्स ।
रुद्दं झाणं संसारवद्धणं नरयगइमूलं ॥ ६ ॥

રાગ, દ્વેષ અને મોહના લક્ષણ (ચિહ્ન)વાળા જીવને આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન સંસારની વૃદ્ધિ કરનાર અનેક નરકગતિના મૂળ સમાન છે (ઓઘથી સંસાર વધારનાર છે, અને વિશેષથી નરકગતિ આપનાર છે.)

## રૌદ્રધ્યાનની લેશ્યાઓ

कापोतनीलकाला अतिसंक्लिष्टा भवंति दुर्लेश्या ।
रौद्रध्यानपरस्य तु नरस्य नरकातिथेर्मोहात् ॥९४॥

રૌદ્રધ્યાનમાં તત્પર અને નરક ગતિના અતિથિ પરોણા થનારા મનુષ્યને મોહના કારણથી ઘણી ક્લિષ્ટ અને ખરાબ કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યા હોય છે.

## રૌદ્રધ્યાનનાં લક્ષણો કે ચિહ્નો

क्रूरता चित्तकाठिन्यं वंचकत्वं कुदंडता ।
निस्तृंशत्वं च लिंगानि रौद्रस्योक्तानि सूरिभिः ॥९५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રૂરતા, હૃદયની કઠિનતા (કઠોરતા), ઠગવાપણું, અસહ્ય દંડ આપવાપણું, નિર્દયપણું આ સર્વ રૌદ્રધ્યાનવાળા જીવોના ચિહ્નો આચાર્યોએ કહ્યા છે.

**ભાવાર્થ**—જેના રોમેરોમમાં ક્રૂરતા વ્યાપી રહેલી હોય છે, વિના અપરાધે કે થોડા અપરાધે જીવોને રિબાવી રિબાવીને મારે છે, પશ્ચાત્તાપ વિના અસહ્ય દંડ આપે છે, પાપ કરીને જેને પશ્ચાત્તાપ થતો નથી, જીવોને દુઃખી કરીને કે મારીને આનંદ પામે છે, હૃદય પીગળી જાય તેવા અન્યના વિલાપ કે તેવી આજીજી કરવા છતાં પણ પથ્થર જેવું જેનું હૃદય હોય છે એટલે જેના હૃદય ઉપર તેની કાંઇ પણ અસર થતી નથી. બીજાને ઠગવામાં જ પોતાની બુદ્ધિનું સાર્થકપણું માને છે, અયોગ્ય રીતે જીવોને દંડે છે. અન્યનો નાશ કરીને અન્યના ભોગે પોતાનું કામ સાધી લે છે, અનેક જીવોનો સંહાર કરીને પણ પોતે સુખી થવા પ્રયત્ન કરે છે. આ સર્વ રૌદ્રધ્યાનવાળા જીવોનાં લક્ષણ છે.

**परवसणे अभिणंदइ, निरविक्खो निद्दओ निरणुतावो ।**
**हरिसिज्जइ कयपावो, रूद्दज्झाणो–वगयचित्तो ॥ १ ॥**

પરને સંકટમાં પડેલો જોઇને આનંદ પામનાર. આ લોકમાં તથા પરલોકમાં દુઃખ ભોગવવાં પડશે તેની અપેક્ષા દરકાર નહિ રાખનાર, દયાહીન-નિર્દયતા વાપરનાર, અકાર્ય કરીને પશ્ચાત્તાપ નહિ કરનાર, પાપ કરીને હર્ષ પામનાર આ સર્વ રૌદ્રધ્યાનવાળાના મનના લક્ષણો છે. આ લક્ષણોથી રૌદ્ર-ધ્યાનવાળા જીવને ઓળખી શકાય છે અથવા આ લક્ષણો જેમાં હોય તેને રૌદ્રધ્યાન વર્તે છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રૌદ્રધ્યાનનો ઉપસંહાર કરે છે.

क्वचित्क्वचिदमी भावाः प्रवर्त्तंते पुनरपि ।
प्रागकर्मगौरवात्चित्रं प्रायः संसारहेतवः ॥ ९६ ॥

પૂર્વકર્મની અધિકતાથી કોઈ કોઈ વખત આ રૌદ્રધ્યાનનાં પરિણામો ફરી ફરીને પણ જીવમાં પ્રગટ થઈ આવે છે. આશ્ચર્ય છે કે તે ભાવો પ્રાયઃ સંસારના હેતુભૂત થાય છે.

**ભાવાર્થ**—આ શ્લોકમાં પ્રાયઃ શબ્દ મૂકયો છે, તે એમ સૂચવે છે કે કોઇ વખત તેવાં પરિણામો સંસારના હેતુભૂત થાય છે, તો કોઇ વખત સંસારના હેતુભૂત નથી થતાં. આવા રૌદ્રધ્યાનના વિચારો અને કર્તવ્યો સંસારના હેતુભૂત નથી થતા એમ કહેવામાં એ તાત્પર્ય રહેલું છે કે કેટલાક મનુષ્યોમાં પૂર્વકર્મ એવી ગૌરવતાથી રહેલું હોય છે કે તે ખરાબની સાથે સારા કર્મનાં બીજો પણ હોય છે. આવાં નિમિત્તોથી-ખરાબ ભોગવાઇ ગયું હોય અને હવે સારાં કર્મનો ઉદય થવાનો હોય એ નિમિત્તથી તેની વિચારશક્તિ બદલાય છે. આ બાજુ પોતાના ખરાબ કર્તવ્યનો બદલો જે પોતાને અસહ્ય દુઃખરૂપ મળેલો હોય છે એટલે તે નિમિત્તે પણ વિચારશક્તિ બદલાય છે કે અહો! જેમ મને આ દુઃખ ખરાબ લાગે છે, સહન થતું નથી, મારા ઉપર બળવાન મનુષ્યો ત્રાસ વર્તાવે છે તે જેમ મને ઠીક નથી લાગતું, તેમ મારું વર્તન બીજાને કેમ ઠીક લાગતું હશે? મને જે દુઃખ થાય છે તે ઠીક નથી લાગતું તો અન્યને કેમ લાગતું હશે? મારા કર્તવ્યનો બદલો મને કેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ મળે ? ઇત્યાદિ વિચાર દ્વારા કે કોઈ પૂર્વજન્મના સારા સંસ્કારના ઉદયને લઈ મહાત્મા પુરુષોનો સત્સંગ થવાથી આ વિચારો પલટાઈ પણ જાય છે, એટલે સંસારના હેતુભૂત રૌદ્રપરિણામને વિખેરી પણ નાખે છે. તેથી તે ભાવો–પરિણામો સંસારના હેતુભૂત થતા નથી. આથી એમ જણાવવામાં આવે છે કે સંસારના હેતુભૂત કારણો પણ કોઇ સુંદર નિમિત્ત વડે પરાવર્તન પામી સંસારથી છૂટવાના નિમિત્તરૂપ બને છે. પણ આવા પ્રસંગો કોઈ કોઈ વખત જ બને છે. એટલે આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનનાં નિમિત્તોનું પોષણ ન મળે તે માટે સાવચેતી રાખી, તેનાથી વિપરીત રીતે કોઈ એવા ઉત્તમ નિમિત્તરૂપ સદ્ગુરુ કે સત્સંગનું સેવન કરવું કે જેથી પૂર્વના ખરાબ પરિણામો પલટાઇ જઈ તેની જગ્યા ઉત્તમ પરિણામોને મળે. આ કહેવાથી રૌદ્રધ્યાન પ્રકરણ સમાપ્ત થયું.

## પ્રકરણ ૭

## ધર્મધ્યાનનું સ્વરૂપ

**प्रविश्याथ शमाम्भोधिं योगाष्टांगानि चिंतयेत् ।**
**दुष्टानुष्ठानतो भग्नो मनःशुद्धिकृते मुनिः ॥ ९७॥**

દુઃખદાયી અનુષ્ઠાનથી વિરામ પામી–પાછા હઠી, મનની શુદ્ધિ કરવાને માટે મુનિએ સમભાવના સાગરમાં પ્રવેશ કરીને યોગના આઠ અંગનો વિચાર કરવો.

**ભાવાર્થ**—ઉત્તમ ધ્યાનમાં મનઃશુદ્ધિની પૂર્ણ જરૂર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન શુદ્ધ થયા વિના ધ્યાન થઈ શકતું નથી અથવા મન શુદ્ધ કરવા માટે ધ્યાનની જરૂર છે. મન શુદ્ધ હોય તો ધ્યાન થાય અને ધ્યાન હોય તો મનઃશુદ્ધિ થાય. આ પ્રમાણે બંને અન્યોન્ય કારણ છે. મન જેમ શુદ્ધ થતું ચાલે છે, તેમ ધ્યાન સ્થિરતા પામતું જાય છે; જેમ ધ્યાનમાં સ્થિરતા અનુભવાય છે, તેમ મન શુદ્ધ થતું ચાલે છે. ધીમે ધીમે બંને સાથે વૃદ્ધિ પામી, પૂર્ણ સ્થિતિએ પહોંચે છે.

આ મનઃશુદ્ધિ માટે ખરાબ–આર્ત, રૌદ્રધ્યાનવાળા વિચાર કે અનુષ્ઠાનથી તો અવશ્ય પાછા હઠવું જ જોઈશે, પણ સાથે સમભાવમાં પણ પ્રવેશ કરવો પડશે. સમભાવ વિના સ્વભાવથી ચપળતાવાળું મન સ્થિરતા પામતું નથી કે વિશુદ્ધ બનતું નથી.

વિષમ ભાવવાળા મનમાં વિષમ–વિપરીત ભાવના થાય છે. તેથી મન વધારે મલિન થાય છે.

સમભાવ માટે શ્રીમાન યશોવિજયજી લખે છે કે વિકલ્પો એ જ વિષય છે; તેથી પાછા હઠવું અને આત્માના શુદ્ધ સ્વભાવનું આલંબન કરવું. જ્ઞાનની આવી મહાન પરિપાક અવસ્થા તેને સમભાવ કહે છે.

આ મારા–તારાપણાને ઉત્પન્ન કરનાર વિકલ્પોને હઠાવવા માટે વિષમભાવને દૂર કરવા માટે તેઓશ્રી લખે છે કે કર્મની વિષમતાથી ભિન્ન ભિન્ન આકૃતિઓ, સુખી, દુઃખી, રાગી, દ્વેષી વિગેરે પરિણતિઓ ઉત્પન્ન થયેલ છે. તે કર્મની વિષમતાનો તમે વિચાર ન કરો, પણ જ્ઞાનાંશ વડે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખા વિશ્વને સરખું જુઓ. દરેક આત્માઓમાં-જીવોમાં આત્મસ્વરૂપનો-જ્ઞાનનો સ્વભાવ રહેલ છે. તે જ્ઞાન સ્વભાવથી સર્વ જીવો સર્વ આત્માઓ એકસરખા છે. તેમા જરા પણ ભિન્નતા તમે જોઇ નહિ શકો. જ્ઞાનગુણ જે પૂર્ણતા પામેલ આત્મામાં છે, તે જ જ્ઞાનગુણ આપણા જેવા અપૂર્ણ સ્થિતિ ભોગવતા જીવોમાં પણ છે. માટે જ્ઞાનગુણ સર્વમાં સરખો છે. તેમાં વિષમતા નથી. તે જ જ્ઞાનગુણની સાથે સર્વ આત્માઓને અભેદરૂપે જુઓ, એટલે તમારો આત્મા જ્ઞાન ગુણ વડે બીજા સર્વ આત્મામાં રહેલા જ્ઞાન ગુણ સાથે અભેદ-એકરસ જેવો અનુભવ કરશે. આથી રાગદ્વેષની પરિણતિ વડે મારા-તારાપણાના ભેદથી જે વિષમતા ઉત્પન્ન થતી હતી તે થતી અટકશે. કારણ તે પણ જ્ઞાનસ્વરૂપ આત્મા અને હું પણ જ્ઞાનસ્વરૂપ આત્મા. આવી રીતે આખું વિશ્વ પણ (સર્વ-જીવો) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તો કોની સાથે ભેદભાવ રાખવો મારું તારું કરવું ? વિષમતા માત્ર કર્મની ઉપાધિમાં રહેલી છે. જુદાં જુદાં કર્મને લઈ. જુદાં જુદાં શરીરો, જુદા જુદા વિચારો અને જુદા જુદા અનુભવો થાય છે. આ સર્વ કર્મની ઉપાધિ છે. તે ઉપાધિને માટે એમ માનો કે ઘડી-ભર તે ઉપાધિ સર્વ આત્માથી અલગ ઊભી રહી છે. તો તે વખતે તમે સર્વમાં શુદ્ધ આત્મસ્વરૂપ-તમારા શુદ્ધ સ્વરૂપથી જરા પણ ભિન્નતા ધારણ નહિ કરનાર આત્મસ્વરૂપ-સિવાય બીજું શું દેખી શકાશે ? કશું જ નહિ. શુદ્ધ આત્મા જ. આથી નિર્ણય થાય છે કે ઉપાધિ માત્ર કર્મની વિષમતાની છે અને તેને લઇને જ મનની ચંચળતા છે. આ સમભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના મૂલ સત્તાસ્વરૂપ તરફ સર્વની દૃષ્ટિ થાય અથવા સર્વ જીવોમાં રહેલ સત્તાસ્વરૂપ તરફ લક્ષ થાય તો સહજ પ્રાપ્ત થાય છે. વિકલ્પો રહેતા નથી. આત્માના સ્વરૂપ સાથે અભેદતા થઈ રહે છે. આ જ સમભાવ છે. આ સમભાવવાળો જ મોક્ષ પામે છે. બીજાને મોક્ષ પ્રાપ્તિનો અધિકાર જ નથી.

અષ્ટકજી શ્રીમદ્ યશોવિજયજી

विकल्पविषयोत्तीर्णः स्वभावालंबनः सदा ।
ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥१॥
अनिच्छन् कर्मवैषम्यं ब्रह्मांशेन समं जगत् ।
आत्माभेदेन यः पश्येदसौ मोक्षंगमी शमी ॥२॥

સમભાવથી સમ્યક્દૃષ્ટિ થાય છે અને તેથી આવતાં કર્મ અટકી જાય છે, તથા પૂર્વકર્મની નિર્જરા થાય છે. કર્મનાં આવરણો આત્માની આડેથી ખરી પડે છે—સમભાવના તાપથી પીગળી જાય છે.

વિચારવાનો! તમે વિચાર કરી જોશો તો જરૂર તમને ખાતરી થશે કે તમારા મનમાં જે જે સંકલ્પવિકલ્પો ઊઠે છે તે બહારના સજીવ કે નિર્જીવ પદાર્થની રાગદ્વેષવાળી જે છાપ તમારા અંતઃકરણમાં પડી છે તેનું જ પરિણામ છે. જેવું આલંબન સામું રાખશો તેવી જ છાપ—તેવું જ પ્રતિબિંબ તમારા હૃદયમાં પડશે. સામાને તમે જેટલે દરજ્જે હલકો માનશો તેને જોતાં તમારું મન તેવા જ હલકા આકારે પરિણમશે. તમારો ઉપયોગ તેવા આકારે પરિણમ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના તેનો તમને બોધ નહિ જ થાય. તમે તમારા મનને સામી વસ્તુને જેવી માનવાને માટે નિશ્ચિત કરી આપ્યું છે, તે તો તેવી જ રીતે તેને માનશે અને તેવે પ્રકારે તેના તરફ વર્તન રાખી, ગુણ-અવગુણ ગ્રહણ કરશે એક સ્ત્રી સન્મુખ ઊભી છે તેને તમે જો બહેનપણે માનશો તો તરત જ મન તે તરફ વિકારભાવથી જોતું અટકી જશે અને બહેન તરફના પ્રેમથી તે તરફ વર્તન કરશે. અને તેને પોતાની સ્ત્રી તરીકે માનશો તો બહેનનો ભાવ સમૂળગો ચાલ્યો જઇ સ્ત્રીપણાના ભાવને ઉચિતતાવાળું તમારું આચરણ તેના તરફ થશે. આવી જ રીતે તમે જ્યારે તમારા પોતાના બચાવને માટે—આત્માની ઉન્નત ગુણશ્રેણી તરફ ચડવા માટે શ્રીમાન યશોવિજયજી મહારાજના શબ્દોમાં કહીએ તો તમારા અંતરમાં સર્વ આત્માઓને કે જેઓ અત્યારે કર્માધીન સ્થિતિમાં દેહાશ્રિત થઇ રહેલા છે તેઓને સત્તાગત શુદ્ધ સ્વરૂપે જોવાની ટેવ પાડશો. જે જે દેહધારી તરફ તમારી દૃષ્ટિ પડે તે તે શુદ્ધ આત્મસ્વરૂપ છે, એમ તમારા હ્રદયમાં ઠસાવશો તો તમારી તેટલે તેટલે દરજ્જે આત્મદૃષ્ટિ થશે, તમારું મન વારંવાર તેવા તેવા પ્રસંગે આત્માકારે પરિણામ પામશે—દેહભાવ ભુલાતો જશે અને શુદ્ધ આત્મદૃષ્ટિ—શુદ્ધ—આત્મસંસ્કાર જાગ્રત થતા જશે—હ્રદયમાં સચોટ થતા જશે. આનું પરિણામ એ આવશે કે રાગ, દ્વેષ, અભિમાન આદિની પરિણતિ મંદ પડી જશે અને નિર્વિકાર આત્મદૃષ્ટિ મજબૂત થતી જશે. આ સમભાવની પ્રાપ્તિ થતાં મન નિર્મળ થશે. એટલે પછી તમારું કર્તવ્ય નિર્વિઘ્ન થશે. તેમાં વિકલ્પો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી અંતરાય પાડે છે, તે બંધ થશે અને આવરણ દૂર થતાં જીવન આનંદમય થશે. વધારે શું કહેવું ? જેણે આ અભ્યાસ કરેલો છે તે જ તેનો અનુભવ જાણે છે. આ સમભાવપૂર્વક કોઈ પણ આત્મિક માર્ગમાં પ્રવેશ કરાશે તો જરૂર તેમાં વિજય થયા વિના રહેશે જ નહિ.

આ સમભાવરૂપ સમુદ્રમાં ડૂબકી મારીને–સારી રીતે પ્રવેશ કરીને યોગના આઠ અંગ સંબંધી વિચાર કરવો.

આ સમભાવમાં પૂર્ણ પ્રવેશ થઈ જ જાય તો પછી કાંઈ જરૂર રહેતી નથી. પણ શરૂઆતમાં સામાન્ય રીતે અને થોડા વખત માટે જ પ્રવેશ થઈ શકે છે. એટલે થોડો પણ સમભાવમાં પ્રવેશ કરીને તે સ્થિતિ કાયમ ટકાવવા માટે યોગનાં આઠ અંગ છે. તેમનો વિચાર કરવો. યોગનાં આઠ અંગો પણ મનઃશુદ્ધિ માટે જ આદરવા કે વિચાર કરવા યોગ્ય છે. પૂર્વે કહેલ સમભાવમાં મનની જે શુદ્ધિ થાય છે તેવી બીજા કશાયથી થતી નથી. છતાં શરૂઆતમાં તે સમભાવ આવતો નથી. આવે તો ટકી રહેતો નથી એટલે યોગનાં અંગોની જરૂરિયાત પહેલી સ્વીકારવામાં આવી છે.

## યોગનાં આઠ અંગ

यमनियमासनबंधं प्राणायामेंद्रियार्थसंवरणम् ।
ध्यानं ध्येयसमाधि योगाष्टांगानि चेति भजः ॥९८॥

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર (ઇંદ્રિયોને વિષયોથી રોકવી) ધારણા, ધ્યાન અને સમાધિ આ યોગનાં આઠ અંગો છે, તેમનું સેવન કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## યમાદિનું સ્વરૂપ

**सप्तदशभेदसंयमधरो यमी शौचतादियुत नियमी ।**
**पद्मासनादिसुस्थः प्राणायामप्रयासी च ॥ ९९ ॥**

સત્તર પ્રકારે સંયમ ધારણ કરનાર યમી, શૌચ આદિ-યુક્ત સંયમી, પદ્માસન આદિ આસને સારી રીતે બેસનાર આસની, પ્રાણાયામનો અભ્યાસ કરનાર પ્રાણાયામી કહેવાય છે.

**ભાવાર્થ**—પાંચ મહાવ્રત પાળવાં, પાંચ ઇંદ્રિયોનો જય કરવો, ચાર કષાય ઉપર વિજય મેળવવો અને ત્રણ યોગોની ગુપ્તિ કે વિરતિ રાખવી, આ સત્તર પ્રકારનો સંયમ છે.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ પ્રકારનાં મહાવ્રત છે, તેને યમ પણ કહે છે.

જેમાં હલન, ચલન, વેદન સ્વભાવ હોય છે તેને જીવ કહે છે. તે જીવો શરીરની ઉપાધિભેદથી અનેક પ્રકારના છે. તે સર્વ જાતના જીવોની હિંસા મનથી, વચનથી અને શરીરથી ન કરવી, ન કરાવવવી, અને કરનારાઓને અનુમોદન ન આપવું–સારું ન માનવું તે અહિંસા નામનું મહાવ્રત કહેવાય છે.

આ અહિંસા મહાવ્રત દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે સમજીને પાળવું જોઈએ.

દ્રવ્યથી કોઈપણ જીવોનો નાશ ન કરવો, ક્ષેત્રથી સર્વ લોકની અંદર રહેલા જીવોનો નાશ ન કરવો, કાળથી–દિવસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય કે રાત્રિ હોય તોપણ કોઈ જીવોનો નાશ ન કરવો, ભાવથી–રાગના કારણે કે દ્વેષના કારણે કોઈપણ જીવોની હિંસા ન કરવી.

કષાયના યોગથી (રાગદ્વેષના યોગથી) કષાયરૂપે પરિણમન થયેલા મન, વચન, કાયાના યોગથી પોતાના કે પરના દ્રવ્ય તથા ભાવપ્રાણનો ઘાત કરવો તે હિંસા છે.

## નિશ્ચય અહિંસા

રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધ, લોભ, ભય, હાસ્ય, પ્રમાદ, આદિ ભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા છે. રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે.

રાગાદિ વિના કદાચ પ્રાણનો નાશ થાય તોપણ હિંસા લાગતી નથી. રાગાદિભાવને વશ થઈ, પ્રમાદથી વર્તન કરનારને જીવનો ઘાત થાય કે ન થાય. તોપણ નિશ્ચય હિંસા લાગે છે, કેમ કે આત્મા કષાય ભાવવાળો થઈ પ્રથમ પોતાના આત્માને હણે છે (કર્મથી આવરિત કરે છે). પછી બીજા જીવોની હિંસા થાઓ કે ન થાઓ પણ આત્મઘાત તો અવશ્ય થાય છે. માટે આત્મપ્રદેશ ઉપર કર્મરજ લાગવા ન દેવી, તેવા પરિણામ થવા ન દેવા, તે નિશ્ચયથી અહિંસા છે.

## વ્યવહારથી બીજું મહાવ્રત

કોઈ પણ પ્રકારનું અસત્ય જૂઠું ન બોલવું, પણ પ્રિય હિતકારી સત્ય વચન બોલવું.

ક્રોધથી, લોભથી, ભયથી અને હાસ્ય કરવારૂપ કારણથી એમ અસત્ય ચાર પ્રકારે બોલાય છે, તેનો ત્યાગ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યથી સર્વ વસ્તુઓના સંબંધમાં અસત્ય ન બોલવું. ક્ષેત્રથી લોક અને અલોકના સંબંધમાં અથવા લોકના કોઇ પણ ભાગમાં રહી અસત્ય ન બોલવું.

કાળથી દિવસે અગર રાત્રિએ અસત્ય ન બોલવું.

ભાવથી રાગ કે દ્વેષના કારણે અસત્ય ન બોલવું.

મનથી, વચનથી કે શરીરથી અસત્ય બોલવું નહીં, બોલાવવું નહિ,

અને બોલનારને અનુમોદન ન આપવું. આ બીજું મહાવ્રત છે.

## નિશ્ચયથી બીજું મહાવ્રત

આત્મા એ જ આપણે છીએ, અથવા આત્મા એ જ આપણી વસ્તુ છે. તેનાથી પર જે પુદ્ગલ–જડ વસ્તુ છે તે અન્ય છે, પર છે, પારકી છે. પર વસ્તુને પોતાની ન માનવી ન કહેવી. પુદ્ગલિક, દેહને આત્મા ન કહેવો, આત્માને જ આત્મા કહેવો પરવસ્તુને પર કહેવી કાંઇ પણ વ્યાવહારિક વચન બોલતાં પોતે આત્મા છે એમ માની વ્યવહારને ખાતર મારાતારાપણાના શબ્દનો ઉપયોગ જાગૃત રહીને કરવો, તે નિશ્ચયથી બીજું મહાવ્રત છે.

## વ્યવહારથી ત્રીજું મહાવ્રત

કોઇની કાંઈ પણ વસ્તુની ચોરી કરવી નહીં, માલિકની રજા સિવાય વસ્તુ ગ્રહણ ન કરવી, કોઈ પાસે લેવરાવવી નહિ, લેનારને અનુમોદન ન આપવું તે ત્રીજું મહાવ્રત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મહાવ્રતમાં દ્રવ્યની લઈ શકાય કે રાખી શકાય તેવી કોઇ વસ્તુની ચોરી કરવી નહિ. ક્ષેત્રથી ગ્રામમાં, નગરમાં કે અરણ્યમાં, ઇત્યાદિ કોઇ પણ સ્થળે ચોરી કરવી નહિ. કાળથી રાત્રિએ કે દિવસે કોઇ પણ વખતે ચોરી કરવી નહિ. ભાવથી રાગ કે દ્વેષના પરિણામથી ચોરી ન કરતાં આ મહાવ્રતનું પાલન કરવું.

## નિશ્ચયથી ત્રીજું મહાવ્રત

પાંચ ઇંદ્રિયોના ત્રેવીસ વિષયો છે. તેના સુખની ઇચ્છાએ જીવ આઠ કર્મની વર્ગણાઓ એકઠી કરે છે. આત્મા સિવાય કોઈ પણ વસ્તુ પોતાની નથી, છતાં તે કર્મની વર્ગણાઓ, જે આત્મા ઉપર લાગેલી છે તે શુભાશુભ કર્મને પોતાનાં માનવા, શુભ પુણ્યના પુદ્ગલો તરફ પ્રીતિ રાખવી, તેને મેળવવા પ્રયત્ન કરવો આ કર્મ વર્ગણાના પુદ્ગલો આત્માથી પર છે. પર વસ્તુ છે તેને પોતાના કરી તેનો સંગ્રહ કરવો. કર્મનો સંગ્રહ થાય–આવાગમન થાય તેવી પ્રવૃત્તિ કરવી તે પણ એક જાતની ભાવચોરી છે, આત્માના શુદ્ધ સ્વરૂપ ઉપર જેટલું આવરણ આવે તે પારકી વસ્તુ હોવાથી ભાવચોરી છે. આ અંતરંગ પુણ્યાદિના અભિલાષાની–ઇચ્છાની નિવૃત્તિ કરવી તે ત્રીજું નિશ્ચય મહાવ્રત છે.

## વ્યવહારથી ચોથું મહાવ્રત

ઔદારિક અને વૈક્રિય એમ બે જાતના વિષયો છે. દેવીઓ કે દેવો સંબંધી વિષયસેવન તે વૈક્રિય કહેવાય છે અને મનુષ્ય તથા જનાવર સંબંધી વિષય સેવન તે ઔદારિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે. આ બન્ને જાતિના વિષયોનો મનથી, વચનથી અને શરીરથી કરવા, કરાવવા અને અનુમોદન કરવારૂપે ત્યાગ કરવો તે ચોથું મૈથુનવિરમણુ અર્થાત્ બ્રહ્મચર્ય નામનું મહાવ્રત છે.

આ મહાવ્રત પાળવામાં દ્રવ્યથી, દેવ, મનુષ્ય અને જનાવર સંબંધી વિષયોનો ત્યાગ કરવો, ક્ષેત્રથી ઊર્ધ્વ લોકમા અધોલોકમાં અને તિર્યક્ લોકમાં (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળાદિ સ્થાનોમાં) આ મહાવ્રત પાળવું, કાળથી દિવસ હોય કે રાત્રિ હોય, સર્વ કાળે લીધેલ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવો ભાવથી-રાગના કારણે કે દ્વેષના કારણે પણ વિષયસેવન ન કરતાં યાવત્ જીવપર્યંત આ મહાવ્રતનું પાલન કરવું.

## નિશ્ચયથી ચોથું મહાવ્રત

આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, દેહાદિ ભાવથી તદ્દન અલગ છે તે દૃષ્ટિ ધ્યાનમાં રાખી. અંતરંગ વિષયાભિલાષનો ત્યાગ કરી પોતાની આત્મપરિણુતિમાં રમણુ કરવું. પરપરિણુતિમાં પ્રવેશ ન કરતાં એટલે પરભાવનું ચિંતન ન કરતાં આત્મિક પરિણુતિનું ચિંતન કરવું. સ્વભાવરૂપ ઘર મૂકી વિભાવરૂપ ઘરમાં પ્રવેશ ન કરવો તે બ્રહ્મચર્યવ્રત છે. વ્યુત્પત્તિ અર્થ પણુ એવો જ છે કે બ્રહ્મભાવમાં ચાલવું-રહેવું તે બ્રહ્મચર્ય છે.

આત્મભાવમાં રમણુ કરવું, પર ભાવથી વિરામ પામવું તે ભાવબ્રહ્મચર્ય છે.

## વ્યવહારે પાંચમું મહાવ્રત

ધન, ધાન્ય, ક્ષેત્ર, રૂપું, સોનું, બે પગવાળા અને ચાર પગવાળા જીવો આદિ વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરિગ્રહ મહાવ્રત છે. ધર્મના સાધનભૂત કે દેહરક્ષણના હેતુભૂત, ઉપકરણો-વસ્તુઓ વસ્ત્ર પાત્રાદિ, શાસ્ત્રઆજ્ઞા મુજબ રાખવાં પડે તે પણ મોહ, મમત્વાદિ વિના રાખવાં. તે સિવાય મન, વચન, શરીરથી પરિગ્રહનો સ્વીકાર કરવા. કરાવવા કે અનુમોદિત કરવાનો યાવત્ જીવ પર્યંત ત્યાગ કરવો.

દ્રવ્યથી સજીવ, નિર્જીવ સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો. ક્ષેત્રથી સર્વ લોકમાં પરિગ્રહસ્વીકારનો ત્યાગ કરવો.

કાળથી દિવસે અને રાત્રિએ પરિગ્રહ ગ્રહણનો ત્યાગ કરવો.

ભાવથી અલ્પ મૂલ્યવાળી કે વિશેષ મૂલ્યવાળી વસ્તુઓનો રાગદ્વેષની પરિણતિથી સ્વીકાર ન કરવો.

## નિશ્ચય પરિગ્રહ મહાવ્રત

મારાપણાની મમતાનો ત્યાગ કરવો, કોઇ પણ સજીવ કે નિર્જીવ વસ્તુ ઉપર મૂર્ચ્છા-આસક્તિ કે મમત્વભાવ ન રાખવો તે અપરિગ્રહ સ્થિતિ છે, ત્યાગ દશા છે. બાહ્ય ત્યાગ એ સાધન છે. અંતરંગ ઇચ્છાનો-મમત્વનો ત્યાગ કરવો તે સાધ્ય છે. આત્મા શુદ્ધસ્વરૂપ છે. કર્મની કે રાગ-દ્વેષાદિની પરિણતિથી મુક્ત છે, નિર્મળ છે. તેના ઉપર આ કર્માદિની ઉપાધિ, આવરણ કે કર્મબળનો તદ્દન અભાવ છે, તે લક્ષ ધ્યાનમાં રાખી આત્માને નિરાવરણ સ્વરૂપે જાણવો અનુભવવો તે અપરિગ્રહ સ્થિતિનું સાધ્ય છે.

રાગ, દ્વેષ અને અજ્ઞાન-ભાવકર્મ તેની ચીકાશે કરી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ બંધાય છે. તેનો ત્યાગ કરવો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહ ઇંદ્રિયાદિ ઉપરથી મૂર્ચ્છા ઉતારી શુભાશુભ કર્મવિકાર તે પણ આત્માથી પર છે એમ જાણી તેનો ત્યાગ કરવો.

## પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો.

ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એટલે તેમને નિયમમાં રાખવી. ઇષ્ટ વિષયોમાં રાગ કરવો અને અનિષ્ટ વિષયોમાં દ્વેષ કે ખેદ કરવો; એ સ્વભાવને અટકાવીને-બંધ કરીને-અનુકૂળ કે પ્રતિકૂળ જે ઉદય પ્રાપ્ત થાય-પ્રસંગે આવી મળે તેને આનંદથી વધાવી લેવો-હર્ષ કે ખેદ વિના ભોગવી લેવો તે ઇન્દ્રિયનો નિગ્રહ છે. ઇંદ્રિયો પાંચ છે. સ્પર્શના, રસના ઘ્રાણ, નેત્રો અને કાન આ પાંચે ઇંદ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ ન કરતાં સમભાવે રહેવાની ટેવ પાડવી.

## કષાયનો જય

ક્રોધ, માન, માયા (કપટ) અને લોભ, આ-ચાર કષાય કહેવાય છે. ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ-આ ચાર કષાયપ્રતિસ્પર્ધીઓ-શત્રુઓ છે. જ્યારે જે જે કષાયનો ઉદય થાય, ત્યારે ત્યારે તેનો જય મેળવવા માટે તે તે કષાયના પ્રતિસ્પર્ધીને સન્મુખ ઊભો કરી દેવો. જેમ ટાઢ વધારે પડતી હોય તો તેના પ્રતિસ્પર્ધી તરીકે અગ્નિ સામો સળગાવવાથી ટાઢ નાસી જાય છે. તેમ આ ચાર ક્ષમાદિને કષાયોના સન્મુખ રાખવાથી, તેમનું બળ ઘટી જાય છે. મતલબ કે તેની સામે ક્રોધાદિ ટકી શકતા નથી. તે રીતે ચારે કષાયોનો જય થઇ જાય છે.

## ત્રણ દંડની વિરતિ

જે વડે આત્મા દંડાય તે દંડ. મનદંડ, વચનદંડ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયદંડ. આ ત્રણ દંડ છે. મનની, વચનની અને શરીરની અમુક જાતની હલકી પ્રવૃત્તિથી આત્મા દંડાય છે. દંડાય છે એટલે આત્માના ગુણો દબાઇ જાય છે. નવીન કર્મો તેના ઉપર ચડી બેસે છે, આત્માની અનંત શક્તિનું દબાઇ જવું તેના ઉપર આવરણ આવવું તે જ દંડાવું અહીં સમજવું. તેવી પ્રવૃત્તિથી વિરમવું-પાછા હઠવું-તેવું કામ ન કરવું તે, તે તે દંડોની વિરતિ કહેવાય છે.

ક્રમ એવો છે કે પ્રથમ શરીર દ્વારા ખોટી પ્રવૃત્તિ અટકાવવી, પછી વચન દ્વારા થતી ખરાબ પ્રવૃત્તિ અટકાવવી અને છેવટે મનને પણ ખરાબ વિચારો કરતાં અટકાવવું. શરીરને અમુક પ્રવૃત્તિથી અટકાવવું તે કામ પ્રથમ મનને અટકાવવા કરતાં સહેલું છે. જયાં સુધી શરીર પ્રવૃત્તિ નહિ કરે ત્યાં સુધી એકલા વિચારો તે કાર્ય સાધી નહિ જ શકે.

પ્રથમ મન જ અટકી જાય તો વચન અને શરીર સ્વાભાવિક રીતે જ અટકી પડે છે એ વાત ખરેખર સત્ય છે. તથાપિ મન ઉપર પ્રથમ જ કાબૂ મેળવી લેવો એ જેને અશકય જેવું લાગે છે તેમને માટે પ્રથમ શરીરાદિ ઉપર કાબૂ મેળવવો એ કાંઈક સહેલું થાય તેમ છે.

મુખથી બોલવું બંધ કરવું, તે આપણે આધીન જેવું છે મન કોઇના સંબંધમાં બોલવાનો વિચાર કરે તથાપિ જયાં સુધી વચન તે શબ્દોને બહાર લાવી મૂકતું નથી ત્યાં સુધી તે બોલવાના વિચારોથી જે ગેરફાયદાઓ થવાના હતા તે અટકી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે વચન અને શરીર ઉપર કાબૂ મેળવાય છે ત્યારે ધીમે ધીમે મન ઉપર પણ કાબૂ મેળવી શકાય છે. એટલે નિરંતરની આવા વિચારો કરવા અને આવા વિચારો ન કરવા એવા વિભાગ કરવાની ટેવ છેવટે મનને પણ કાબૂમાં લે છે.

અથવા બીજો ક્રમ આ ત્રણ દંડથી વિરમવા માટેનો એ છે કે મનને સારા વિચારો કરવાની ટેવ પડાવવી. પૂર્વ જન્મમાં મન, વચન અને શરીરની શક્તિવાળું નામકર્મ બાંધેલું હોવાથી એ ત્રણે શક્તિઓ આપણને મળી છે. તેથી મન વિચાર કર્યા વિના રહેવાનું નથી અને વચન બોલ્યા સિવાય ચાલશે નહિ, તથા શરીરથી પણ હલન ચલનાદિ ક્રિયા થયા સિવાય રહી શકશે નહિ. આ ક્રિયાઓ અવશ્ય થવાની છે અને થાય છે જ. આપણા અનુભવમાં પણ એમ જ આવે છે કે વિચાર થાય છે, વચન બોલાય છે અને શરીરથી ક્રિયા પણ થાય છે. ત્યારે આ ત્રણે ક્રિયામાં આપણે એટલો સુધારો કરી શકીએ તેમ છીએ કે મનથી સારા વિચારો કરવા, મહાન પુરુષોના ગુણોનું મનન કરવું, આત્મગુણોનું સ્મરણ કરવું, સદ્–અસદ્ વસ્તુઓનો વિચાર કરવો. પરમાત્માના પવિત્ર નામનો જાપ કરવો વિગેરે સારા સારા વિચારોમાં, તે મનને જોડી દેવામાં આવ્યાથી મન ખરાબ વિચારો કરતું અટકશે. અહોનિશ અનેક અશુભ વિચારો—સંકલ્પો-મનોરથો, મનોરાજ્યો ખડાં કરવામાં જે ફોગટ મનની શક્તિનો નાશ થાય છે તેનો બચાવ થઈ મનનો આ સારા માર્ગે ઉપયોગ થશે. આ સારી ટેવનો વધારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી ખરાબ હલકા વિચાર કરવાની ટેવ ધીમે ધીમે સદંતર નાશ પામશે, મન સ્વાધીન થશે. છેવટે આત્માના પૂર્ણ સ્વરૂપમાં ગળી જશે, માટે પ્રથમ સારા વિચારો કરવાની ટેવ મનને પાડવી એ મુખ્ય કર્તવ્ય છે.

આવી જ રીતે અન્યની નિંદા કુથલી કરતાં વચનને અટકાવીને પરમાત્માના ગુણકીર્તનમાં, મહાન પુરુષોના ગુણાનુમોદનમાં ધાર્મિક ઉપદેશમાં કે કોઇને સન્માર્ગે ચડાવવામાં કે તેવાં જ કોઈ પરમાર્થના કામમાં વચનનો વ્યય કરવાથી વચન બોલવાથી થતા અનેક અપરાધો અટકે છે, પોતાથી આગળ વધી શકાય છે અને અન્યને ઉપયોગી રીતે મદદગાર પણ થઈ શકાય છે.

તેવી જ રીતે શરીરને પણ ઉપયોગી કાર્યમાં, મહાન પુરુષોની સેવામાં, દેવાદિના પૂજનમાં, ધાર્મિક અભ્યાસમાં ધાર્મિક ક્રિયાઓમાં, ઉત્તમ પુસ્તકાદિ લખવામાં, કોઇને મદદ કરવામાં તપશ્ચરણ બ્રહ્મશ્ચર્યાદિ પાલનમાં, (કાદિ લખવામાં, કોઇને મદદ કરવામાં તપશ્ચરણમાં, બ્રહ્મચર્યાદિ પાલનમાં.) અને ઉપયોગી જીવોની સેવામાં, જોડી દેવામાં આવે તો અશુભ પ્રવૃત્તિ અટકી જાય છે. શુભમાં વધારો થાય છે અને છેવટે તે શુભમાંથી પણ શુદ્ધમાં પ્રવેશ કરી શકાય છે.

આ પ્રમાણે સત્તર પ્રકારનો સંયમ કહેલો છે- શરૂઆતમાં આ સંયમનો આદર કરવાની પૂર્ણ જરૂર છે. આ સિવાય મનની મલિનતા ઓછી થતી નથી અને તે ઓછી થયા સિવાય આપણી યોગ્યતામાં વધારો થતો નથી અને યોગ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય આપણાથી આગળની ભૂમિમાં પ્રવેશ થઇ શકતો નથી. આ સત્તર પ્રકારના સંયમને ધારણ કરનાર યમી કહેવાય છે. આ **યમ** તે યોગનું પ્રથમ અંગ છે.

## નિયમ

શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન આ પાંચ નિયમો કહેવાય છે.

## શૌચ

શૌચ એટલે પવિત્રતા. બહારથી પવિત્રપણું, શરીર શુદ્ધ સ્વચ્છ રાખવું, વસ્ત્રો સ્વચ્છ પહેરવાં, રહેવાનો મુકામ સ્વચ્છ અને ખુલ્લી હવાવાળો હોવો જોઇએ, આજુબાજુના પદાર્થો એવા હોવા જોઇએ કે મનમાં સ્વાભાવિક જ શાંતિ ઉત્પન્ન થાય.

આંતરશૌચ, મન, વચન, શરીરનું પવિત્રપણું રાખવું, મનમાં કોઈ અશુભ સંકલ્પ ઉત્પન્ન થવા ન દેવો, વચન સત્ય, પ્રિય અને હિતકર બોલવું. કઠોરતાવાળું, નિર્દયતાભરેલું કે અન્યને અપમાન લાગે, નુકસાન થાય કે સંતાપ થાય તેવું ન બોલવું. શરીરને શુભ વિચારોથી, ગુરુસેવાથી અને તેવાં જ ધાર્મિક ક્રિયાવાળા કર્તવ્યોથી એવું પવિત્ર કરી નાખવું કે તેના દરેક પરમાણુઓ ધાર્મિક ભાવનાથી, દયાની કોમળ લાગણીથી કે પરમાત્માના સ્મરણથી પવિત્ર તેજોમય અને શાંતિમય થઈ જાય. તમને જોતાં જ ગમે તેવા કઠોર હૃદયવાળા મનુષ્યના હૃદયમાં પણ દયાની કે કોમળતાની લાગણી અથવા પ્રેમ ઉત્પન્ન થાય. આ સર્વ શૌચની પવિ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રતા છે. અભ્યાસીઓએ નિરંતર આવી પવિત્રતામાં વધારો કરતા રહેવું જોઇએ.

## સંતોષ

પરમાત્મા ઉપર કે કર્મ ઉપર વિશ્વાસ રાખનારા શ્રદ્ધાળુ લોકોને પોતાના ઉદરનિર્વાહ કે વ્યવહારના નિર્વાહ માટે પૂર્ણ ભરોસો હોય છે અને સંતોષ પણ તેઓને જ આવી શકે છે. પૂર્વકર્મના પ્રમાણમાં પ્રારબ્ધ યોગે જે આવી મળે તેમાં સંતોષ માનવો. માણસ જાત ગમે તેટલી ઇચ્છા કરે પણ પ્રારબ્ધથી અધિક મળતું નથી, અને પ્રારબ્ધમાં હોય છે તો કોઇ લઈ જતું નથી. ન હોય તો કોઈ આપી દેતું નથી. આ જન્મ થયા પહેલાં પ્રારબ્ધ બંધાઈ જાય છે અને ધીમે ધીમે તે બહાર નીકળતું આવે છે. માટે પોતાના કર્મ ઉપર વિશ્વાસ રાખી પ્રયત્ન કરવો અને તેથી જે આવી મળે તેમાં સંતોષ માનવો. કર્યા સિવાય કાંઇ આવતું કે મળતું નથી એટલે પ્રયત્નની જરૂર તો છે જ, પણ જરૂરિયાત જેટલી જ. સંતોષ આવતાં ઇચ્છાઓ ઓછી થાય છે, મનની વિહ્વળતા મટે છે, હૃદય વિશુદ્ધ થતું ચાલે છે, આર્ત્ત રૌદ્રધ્યાન થતું નથી. છતાં વ્યાવહારિક પ્રસંગોમાં સંતોષની જેટલી જરૂર છે તેટલી કે તેથી અધિક આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે અસંતોષ વધારવાની જરૂર છે. અર્થાત્ તેને માટે પ્રયત્નની પૂર્ણ જરૂર છે, નિરંતર ઉત્સાહ અને લાગણીપૂર્વક તે અભ્યાસ વધારતા જ રહેવું.

## તપ

મનની શુદ્ધિ માટે તપની પણ જરૂર છે. નિકાચિત કર્મો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તપથી નિર્જરે છે. તપ કરવાથી જેમ શરીર દુર્બળ થાય છે તેમ મનને પણ દુર્બળ કરતા જવું જોઇએ. ઈચ્છાઓ મરવાથી જ મન દુર્બળ થાય છે. ઇચ્છાઓને હઠાવવી તે ખરેખર તપ છે, ઘણી વખત માણુસો ઘણા દિવસો સુધી શરીરને ખોરાક આપતા નથી પણ સાથે ઈચ્છાઓનો નાશ કરતા ન હોવાથી દુર્બળ થયેલ શરીર પાછું ખોરાક લેવાથી મજબૂત થાય છે. અને ઈચ્છાઓ પહેલાં કરતાં પણ એક ડગલું આગળ વધે છે. અમુક વખત સુધી ખાવાની ઈચ્છા રોકી તે સાથે શરીર દુર્બળ થતાં મનના કે શરીરના વિકારો પણ દુર્બળ થાય છે પણ વખત જતાં પાછું પૂર્વનું રૂપ ધારણ કરે છે, કેમકે તેમાં આશાઓનાં-ઇચ્છાઓનાં બીજ રહેલાં છે. માટે તપશ્ચર્યા એવી કરવી જોઇએ કે ઇચ્છાઓનો પણ સાથે નાશ થઇ જાય. ઘણી વખત અજ્ઞાન દશામાં આ તપશ્ચર્યા જ ઇચ્છાની વૃદ્ધિનું કારણ બને છે, એટલે કોઈ પણ પ્રકારના, પછી તે આ ભવનું હોય કે પરભવનું હોય, પણ કોઈ જાતના સુખની આશાથી તપ કરવામાં આવે છે. તપ કરવાથી આપણુને પુત્ર, પુત્રાદિની ધનની કે બીજી કોઈ પણ જાતની પ્રાપ્તિ થશે અથવા અન્ય જન્મમાં, દેવપણાની, રાજ્યની કે વહાલા મનુષ્યના મેળાપની પ્રાપ્તિ થશે. આવી ઇચ્છાવાળા તપો કરવાથી કર્મ ખપતાં નથી, પણ ઊલટા શુભ કર્મમાં વધારો થાય છે.

તપ એવી રીતે કરવું જોઇએ કે ઇંદ્રિયોની હાનિ ન થાય, જ્ઞાનધ્યાનમાં ઓછાશ ન થાય પણ મનની શાંતિ સાથે વિષયોની ઈચ્છાઓનો નાશ થતો રહે. અમુક વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવાપીવાની કે ભોગવવાની ઈચ્છા થઇ કે તરત જ તેનો ત્યાગ કરવો અને તે ત્યાગથી મનમાં જરામાત્ર પણ ખેદ ન થાય, પણ ઈચ્છાનો રોધ થાય: આ તપ વધારે ઉત્તમ છે. વિકાર કરે તેવા રસોનો ત્યાગ કરવો. સાત્ત્વિક ખોરાક લેવો, થોડો ખોરાક ખાવો, સારી રીતે પાચન થાય તેવો હલકો ખોરાક લેવો વિગેરે ધ્યાનમાં વિશેષ ઉપયોગી થઈ પડે છે. અને આહાર સિવાય રહી શકાય તે દિવસોમાં તો વિશેષ પ્રકારે ધ્યાનમાં સ્થિરતા થાય છે. પણ આહાર વિના રહી શકવામાં અમુક મર્યાદા–હદ છે. તે પ્રમાણે તપશ્ચરણ કરવાથી જ્ઞાન–ધ્યાનમાં વધારો થતો રહે છે. આહાર વિના રહી શકવાની મર્યાદા પોતાના શરીરની પ્રકૃતિ અને મનોબળ ઉપર વિશેષ આધાર રાખે છે.

## સ્વાધ્યાય

આત્મસ્વભાવની જાગૃતિ આપે તેવાં આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન, શ્રવણ, પરાવર્તન કરવું (ભણેલું ગણી જવું–વારંવાર યાદ કરવું), આત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલ મહાન પુરુષોનાં જીવનચરિત્રો યાદ કરવાં, તેમણે જે માર્ગે ગમન કરેલું છે તે માર્ગ બરોબર સમજવો, જડચૈતન્યની ભિન્નતાં કરી બતાવનારાં પુસ્તકો વાંચવાં–સાંભળવાં, આત્મસ્વરૂપપ્રાપ્તિના માર્ગના ભોમિયા સમાન આધ્યાત્મિક પુસ્તકો છે માટે વારંવાર તેમનું વાંચન કરવું, પોતાને જે માર્ગે પ્રયાણ કરવું છે તે માર્ગની માહિતી આપનાર, તે માર્ગમાં જાગૃતિ આપનાર–તે માર્ગમાં ઉત્તમ વિચારોની મદદ આપનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાકચોની ટુંકી નોંધ રાખી વારંવાર (નિરંતર) તેનું વાંચન અને મનન કરવું ઈત્યાદિ સ્વાધ્યાય કહેવાય છે.

તેમ જ મનની વિશુદ્ધિ કરવા માટે, સ્વાધ્યાય તરીકે પોતાના કોઈ પણ એક ઈષ્ટ દેવનો મંત્ર લઈ તેનો જાપ કરવો. ગમે તે જાતનો મંત્ર લો, પણ તેના ઉપર આપણને પૂર્ણ વિશ્વાસ-શ્રદ્ધા હોવી જોઈએ કે તે મંત્ર પરમાત્માના નામને જણાવનાર છે. આ મંત્ર ઘણો ટુંકો એટલે થોડા અક્ષરનો હોવો જોઈએ, કારણ તેનું વારંવાર રટણ-સ્મરણ કરવાનું છે. તેમ જ તેના ટુંકા અર્થ ઉપર પણ ધ્યાન આપવાનું છે, તે લાંબા મંત્રમાં બનવું કઠિન પડે છે. આંખો ખુલ્લી રાખી, મન હૃદયમાં રાખી-એટલે અંતરદૃષ્ટિ હૃદયમાં રાખી જાપ કરવો. જાપ કરતી વખતે બીજા વિચારો અંદર ન આવી જાય તે માટે બહુ સાવચેતી રાખવી. જાપના અખંડ પ્રવાહ વચ્ચે બીજા વિચારો મનમાં આવી તે પ્રવાહને તોડી નાખે છે. તેથી તે જાપનો જે મજબૂત સંસ્કાર મન ઉપર થવો જોઈએ તે થતો નથી. આપણે જાણીએ છીએ કે ખેતરમાં અનાજ વાવ્યું હોય તે છોડવાને જમીનમાંથી પોષણ મળે છે; પણ તે છોડવાની સાથે બીજા ફાલતુ ઘાસના કે તેવા જ બીજી જાતિના અંકુરો કે છોડવાઓ ઊગી નીકળ્યા હોય તો તે છોડવાઓ, અનાજના છોડવાને જે રસ મળતો હોય તેમાંથી ભાગ પડાવે છે અને પોતે પણ વધવા માંડે છે, આ વેળાએ તે છોડવાઓને ખેડૂતો નીંદી નાખે છે-કાઢી નાખે છે. જો તેમ ન કરે તો અનાજના છોડવાને પૂરતું પોષણ ન મળવાથી તે જોઈએ તેવું અનાજ આપી શકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી કે ફળતા નથી આ જ પ્રમાણે ચાલતા પરમાત્મસ્મરણના પ્રવાહને તોડી નાખનાર–આડું પોષણ મેળવી જનાર અંકુરો સમાન અન્ય વિચારોને કાઢી નાખવા જોઈએ–મૂળથી ઉખેડી નાખવા જોઈએ; તેથી પરમાત્મસ્મરણની આબાદ અસર મન ઉપર થાય છે.

મન વિચારાંતરમાં ન જાય તે માટે જે મંત્રનો જાપ ચાલુ છે તેના અર્થ ઉપર લક્ષ સાથે જ આપતા રહેવું. એટલે તે મંત્ર જેના નામનો છે તેના સ્વરૂપનો ભાસ સાથે જ મનમાં થયા કરે અને તે સ્વરૂપને જ નમસ્કાર કરીએ છીએ તેવી મનમાં જાગૃતિ રાખતા રહેવું.

મંત્ર તરીકે ટુંકા અક્ષરનો મંત્ર જેમ કે ओम् अर्हं नमः આ મંત્ર ગંભીર અર્થ સાથે, પરમાત્માના સત્ય સ્વરૂપનો બોધક છે. અર્હં એટલે લાયક અર્થ થાય છે. જેઓ સંપૂર્ણ રીતે લાયક છે, જેનાથી આગળ લાયકાત જેવું કાંઈ છે જ નહિ તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ તેને નમસ્કાર કરું છું. અથવા જેઓ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયેલા છે તે સર્વે અર્હન્ છે તેને નમસ્કાર કરું છું.

આ મંત્રનો જાપ ઓછામાં ઓછો નિરંતર દશ હજારનો થવો જોઈએ. તેથી મનની વિશુદ્ધિમાં ઘણી સારી મદદ મળે છે. પરિણામની વિશુદ્ધિ વિના મનની વિશુદ્ધિ થતી નથી અને મનની વિશુદ્ધિ તે આત્માની જ વિશુદ્ધિ છે. તે સિવાય પણ નિરંતર હાલતાં, ચાલતાં જાપ ચાલુ રાખવો. દશ હજાર ન બની શકે તો પછી જેટલો બને તેટલો જાપ કરવો, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કર્યા સિવાય છૂટકો નથી. આ જાપને પણ સ્વાધ્યાય કહેવામાં આવે છે. બન્ને જાતના સ્વાધ્યાયની જરૂર છે.

## ઇશ્વરપ્રણિધાન

જે જે ક્રિયાઓ કરવામાં આવે તેના ફળની ઈચ્છા-અભિલાષા ન રાખવી. કેમ કે જ્યાં ઇચ્છા છે ત્યાં ફરી જન્મ થવા લાયક કર્મનો સંચય થાય છે. ઈચ્છાથી જ નવીન બંધ થાય છે. અથવા સર્વ ક્રિયાઓ ઈશ્વરને અર્પણ કરવી, એટલે તે ક્રિયાના ફળ તરફનો હાથ ઉઠાવી લેવો અને ઇશ્વરતા પ્રગટ થાય-આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય-તેવા એક માર્ગે જ તેનો વ્યય કરવો. અથવા સર્વ ક્રિયા યોગની શક્તિનું બળ-પરમાત્મસ્વરૂપમાં એકરસ-એકાગ્ર થવા માટે જ અર્પણ કરવું. અથવા ઈશ્વરસ્વરૂપની પ્રાપ્તિ માટે જ મહેનત કરવી. (સત્યસ્વરૂપ પ્રાપ્ત થાય તેને માટે જ-તે લક્ષ રાખીને જ-તે તરફ પ્રવૃત્તિ કરવી) તે ઇશ્વરપ્રણિધાન કહેવાય છે.

## આસન

સિદ્ધાસન, પદ્માસન આદિ અનેક પ્રકારના આસનો છે. ડાબા પગની એડી શીવનીમાં દબાવવી (લિંગ અને ગુદા-વચ્ચેનો ભાગ જ્યાં એક મોટી નસ છે તેને શીવની કહે છે) અને જમણો પગ લિંગના ઉપરના ભાગ ઉપર દબાવવો. બન્ને હાથો ચત્તા પગ ઉપર રાખવા તે સિદ્ધાસન કહેવાય છે.

ડાબો પગ જમણા પગના સાથળ ઉપર સાથળના મૂળ પાસે રાખવો અને જમણો પગ તેના ઉપર ડાબા સાથળના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ પાસે ઉપર રાખવો. બન્ને હાથ ચત્તા પગ ઉપર રાખવા તે પદ્માસન કહેવાય છે. દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ પર રાખવી.

આસનો ઘણાં છે તથાપિ આ બે આસનો યોગમાં મુખ્ય ઉપયોગી તરીકે ગણુવામાં આવે છે.

અથવા સામાન્ય રીતે બેસીને કે ઊભા રહીને કાયોત્સર્ગ મુદ્રામાં રહેવું. (ઊભા રહીને પગના આગળના ભાગમાં બે પગ વચ્ચે ચાર આંગળ માર્ગ રાખવો. પગના પાછળના ભાગમાં ત્રણુ આંગળ માર્ગ રાખી હાથ લટકતા રાખી સીધા ઊભા રહેવું. નેત્ર નાસિકાના અગ્રભાગ પર રાખવાં આને કાયોત્સર્ગ, અથવા કાઉસગ્ગ મુદ્રા કહે છે.) લાંબા વખત સુધી સ્થિર બેસી કે ઊભા રહી શકાય તેને આસન કહેવામાં આવે છે.

ટાઢ, તાપ આદિ સહન કરવાનું બળ આસન સ્થિર થયાથી આવે છે. ધ્યાનમાં સ્થિરતા વધે છે. જેમ જેમ શરીરની નિશ્ચળતા, તેમ તેમ મન પણુ ઓછું ચપળતાવાળું થતું જાય છે. પગ દુઃખી આવવાથી શરીર અકડાઇ જવાથી અથવા કેડ કે વાંસાનો ભાગ દુઃખવાથી કે ફાટવાથી સ્થિર થયેલું ધ્યાન વિખરાઈ જાય છે. આ સર્વ ન થાય તે માટે આસનસ્થિરતાની જરૂરિયાત છે. શરૂઆતમાં આસન સ્થિર કરવાની જરૂરિયાત વિશેષ છે. જ્ઞાનયોગની પ્રાપ્તિ થયા પછી આસનાદિની કાંઇ જરૂર રહેતી નથી. પછી તો હાલતાં ચાલતાં, સૂતાં બેસતાં સર્વ સ્થળે તેનું ધ્યાન બન્યું રહે છે. આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગૃતિ અખંડ જળવાઈ રહે છે તે સ્થિતિવાળાને આસનાદિની કાંઇ જરૂર નથી.

## પ્રાણાયામ

શ્વાસોચ્છવાસની ગતિનો નિરોધ કરવો (ગતિ બંધ કરવી) તેને પ્રાણાયામ કહે છે. શ્વાસોચ્છવાસની ગતિ કાયમને માટે બંધ થતી નથી. જેટલા વખત સુધી રોકવામાં આવે તેટલા વખત સુધી બંધ થાય છે અને પછી ચાલુ થાય છે. લાંબા કાળના અભ્યાસે શ્વાસોચ્છ્વાસની ગતિ ઘણી મંદ થાય છે, શરીરની અંદર ગતિ ચાલુ જ રહે છે. તથાપિ અમુક વખતને માટે શ્વાસોચ્છ્વાસની ગતિને સ્થિર કરી શકાય છે. જેમ જેમ તે શ્વાસોચ્છ્વાસની ગતિ સ્થિર થાય છે, તેમ તેમ મન પણ તેટલા વખતને માટે સ્થિર થાય છે. આ શ્વાસોચ્છ્વાસની ગતિ નાભિ આગળ થઇને નાસિકાના દ્વાર સુધી લંબાયેલી છે. પ્રાણાયામના પ્રયોગથી આ ગતિને નાસિકાના દ્વાર આગળથી બહાર જતી અટકાવીને ઊંચે બ્રહ્મરંધ્રમાં લાવવામાં આવે છે, અને ત્યાં પવનની સાથે મનને સ્થિર કરકરવામાં આવે છે. લાંબા કાળના અભ્યાસે તેમ બને છે. તેથી પવનની ગતિ નાસિકા આગળ ઘણી મંદ ચાલતી રહે છે. લાંબી ગતિ ટુંકી થાય છે. મન સ્થિર થતાં આનંદ થાય છે. આ સર્વ ઉત્તમ હઠયોગની ક્રિયા છે. જે યોગ્યતાવાળા મનુષ્યને આત્મધ્યાન સહજ પ્રાપ્ત થાય છે, જેના મનની મલિનતા નાશ પામી છે, તેને તો જ્ઞાનયોગના માર્ગે જ ગુરુઓ આગળ ચડાવે છે. તેને આ પ્રાણાયામાદિ કરવાની જરૂર પડતી નથી. આ હઠયોગનો ઉત્તમ પ્રયોગ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેથી ગુરુ પાસેથી શીખવા યોગ્ય છે. અથવા નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરવામાં આવે છે. લગભગ અરધો કલાક ત્યાં દૃષ્ટિ (અરધી ખુલ્લી આંખે) સ્થિર કર્યા પછી, બહારની દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર જ રાખવી અને આંતરદૃષ્ટિ (મન) નાભિની અંદર તે જ વખતે રાખવી. આમ કેટલાક વખતના અભ્યાસથી પવન ઉપર ચડીને બ્રહ્મરંધ્રમાં જાય છે. પવન ઉપર ચડે છે, એવી ધારણા ત્યાં રાખવી પડે છે. અને બ્રહ્મરંધ્રમાં ગયા પછી ત્યાં પવન સ્થિર થાઓ તેવી ધારણા સતત ભાવના કરવાથી, પવન ત્યાં સ્થિર થાય છે. તે સાથે મન પણ સ્થિર થાય છે. પહેલા પ્રયોગથી આ પ્રયોગ વધારે સહેલો છે.

આ અભ્યાસનું પ્રયોજન માત્ર શરીર નીરોગી રાખવા સાથે પવનની મદદથી મનને સ્થિર કરવાનું છે. પછી ગમે તે જાતના અભ્યાસથી મનને સ્થિર કરવું તેમાં કોઇ જાતનો આગ્રહ કરવા જેવું નથી.

નાસિકાના એક છિદ્રને અંગૂઠાથી બંધ કરી બીજા છિદ્રથી કે બંધ કર્યા સિવાય બન્ને છિદ્રોથી ધીમે ધીમે પવનને બહાર કાઢી નાખવો તે રેચક કહેવાય છે. બહારના પવનને નાસિકાના એક છિદ્રથી ધીમે ધીમે અંદર પૂરવો–ખેંચવો તે પૂરક કહેવાય છે. અને તે અંદર ખેંચેલા પવનને અકળામણ ન આવે ત્યાં સુધી નાભિમાં કે હૃદય આગળ રોકી રાખવો તે કુંભક કહેવાય છે. કુંભક થયેલ પવનને નાસિકાના એક છિદ્રથી ધીમે ધીમે બહાર કાઢી નાખવો તેને પણ રેચક કહેવામાં આવે છે. આ અભ્યાસની શરૂઆતમાં કુંભક થોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત સુધી રાકવા. તેમ કરવાથી રેચક કરવામાં ઉતાવળ થતી નથી, નહિતર અકળાળણુ થતાં એકદમ પવન છોડી દેવાથી શરીરનું બળ ઘટે છે. પૂરવામાં જે વખત લાગ્યો હોય તેથી અનુક્રમે ચડતાં બમણો, ત્રણ ગણો અને ચાર ગણો વખત રાકવા. અને બમણા વખતમાં બહાર કાઢવા. શરૂઆતમાં થાડા રાકાય તોપણ હરકત નથી. આ પવન બહારથી અંદર લેતી વખતે-ખેંચતી વખતે એવા સંકલ્પ કરવા કે સૂર્યમાંથી આ એક મહાન શક્તિને હું અંદર ખેંચું છું જે મને નીરોગી થવામાં મહાન મદદગાર થશે. પવનને સ્થિર કરતી વખતે એવા સંકલ્પ કરવા કે નીરોગીપણાના સત્ત્વવાળી શક્તિ મારા શરીરમાં મજબૂત રીતે દૃઢ થાઓ અને પવનને બહાર કાઢતી વખતે એવા સંકલ્પ કરવા કે મારા રોગનાં ખરાબ તત્ત્વા બધા બહાર નીકળી જાય છે અને શરીર નીરોગી બન્યું છે, મારું મન નિર્મળ થયું છે, ઈત્યાદિ વિચારા ત્રણ વખત કરવાથી મન બીજા વિચારામાં જાય નહિ આ સંકલ્પ દ્વારા શરીર નીરોગી થવા સાથે મન નિર્મળ થાય. પવન લેતી વખતે-સ્થિર કરતી વખતે અને બહાર કાઢતી નખતે ૐકારના અથવા પરમેષ્ઠીમંત્ર ૐ अर्ह नमः આ મંત્રના પણ જાપ કરવામાં આવે છે.

રેચક, પૂરક, કુંભક અને તે સિવાય પણ ઘણી જાતના પ્રાણાયામા છે, પણ તે સર્વમાં લાંબા કાળના અભ્યાસની જરૂર છે. છતાં તે સર્વ કરીને પ્રાપ્ત કરવા લાયક જે છે તે એ જ કે મનને સ્થિર કરવું. કેટલાક પ્રાણાયામા શરીર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીરોગતા માટે ઉપયોગી છે. પવનનો જય કરવા પછી જ તે પ્રાણાયામો રોગ મટાડવાને ઉપયોગી થાય છે,

## પવન જય કરવાનો ઉપાય

પવન તો એકનો એક જ છે પણ જુદા જુદા સ્થાને તે રહેતો હોવાથી તેનાં નામો જુદાં જુદાં પાડવામાં આવે છે, જેમ કે પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન: આ પાંચ પવન છે.

શ્વાસોચ્છ્વાસનો વ્યાપાર કરનાર પ્રાણ પવન છે. મૂત્ર. વિષ્ટાપ્રમુખને શરીરની બહાર કાઢનાર અપાન વાયુ છે. અન્ન પાણીથી ઉત્પન્ન થતા રસોને યોગ્ય સ્થાને પહોંચાડનાર સમાન વાયુ છે. રસાદિને ઊંચે લઈ જનાર ઉદાન વાયુ છે અને આખા શરીરમાં વ્યાપીને રહેલો વ્યાન વાયુ છે.

પ્રાણવાયુ હૃદયના ભાગમાં રહે છે, અપાનવાયુ ગુદાના ભાગમાં રહે છે, સમાનવાયુ નાભિ આગળ રહે છે, ઉદાનવાયુ કંઠના ભાગમાં રહે છે, વ્યાન વાયુ ચામડીના તમામ ભાગોમાં રહે છે.

આ પાંચે વાયુનો જય કરવા માટે પાંચ બીજ મંત્રો છે. યૈँ, પૈँ, વૈँ, રોँ, લોँ, અનુક્રમે પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન તે એક એકનો એક એક બીજમંત્ર છે.

સિદ્ધાસન કરી બેસવું, બહારથી નાસિકા દ્વારા પવન અંદર ખેંચવો, જે પવન સિદ્ધ કરવો હોય તે પવનના સ્થાન ઉપર તે પવનને રોકવો, હડપચી નીચી નમાવી છાતીના ભાગ પર રાખવી, જેથી પવન માથા ઉપર ચડી ન જાય કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર તરત નીકળી ન જાય. પછી તે પવન રોકેલા સ્થાન પર તેના મંત્રબીજનો જાપ કરવો.

તે મંત્રનો જાપ મનથી કરવો અને આંતરદૃષ્ટિથી તે મંત્ર–અક્ષરની આકૃતિ–અંદર દેખાય તેમ જોયા કરવું. પવન ન રોકી શકાય ત્યારે ધીમે ધીમે પાછો છોડી દેવો. ફરી પાછો તેજ રીતે પૂરવો. અને તેજ સ્થાન પર રોકવો. ત્યાં પાછો મંત્ર બીજનો જાપ કરવો. અને તેની આકૃતિ તે તે સ્થાનમાં જોયા કરવી. અકળામણ થતાં ધીમે ધીમે પવન છોડી દેવો. આ પ્રમાણે તેતે પવનના સ્થાનમાં અનુક્રમે અભ્યાસ કરવાથી પાંચે પવનનો જય થાય છે.

પવનજય ક્યારે થઈ રહે છે, તેના વખતનું માપ આપી શકાતુ નથી કોઈ સંસ્કારી જીવને થોડા વખતમાં જય થાય છે. કોઇને વધારે વખત લાગે છે. તથાપિ તેના ફળની પ્રાપ્તિ થાય ત્યારે જય થયો સમજવો.

પ્રાણવાયુનો જય થવાથી જઠરાગ્નિ પ્રબળ થાય છે, શરીર હલકું લાગે છે. દમ ચડતો નથી.

સમાન અને અપાન બે નજીક આવેલા છે. એકની હદ પૂરી થતાં બીજાની હદ શરૂ થાય છે. બધા પવન માટે તેમ જ સમજાય છે. સમાન વાયુનો જય થવાથી ગડગૂમડ અને ઘા આદિના વ્રણો રુઝાઇ જાય છે, હાડ ભાંગેલું પણ સંધાઇ જાય છે અને ઉદરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે.

અપાનના જયથી મળમૂત્રાદિ ઘણા અલ્પ થાય છે. ખાધેલ ખોરાકનો બધો રસ શરીરના પોષણમાં ઉપયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, અને બાકીના દૂચા તરીકે મળ થોડો જ રહે છે; તથા ગુદાના રોગોનો નાશ થાય છે.

ઉદાનવાયુના જયથી પ્રાણુને બહાર કાઢી શકાય છે, દશમા દ્વારથી પ્રાણ ત્યાગ કરી શકાય છે, પાણી તથા કાદવથી શરીરને બાધ થતો નથી.

વ્યાનવાયુના જયથી ટાઢ કે તાપ લાગતાં નથી. ગમે તેવો તાપ હોય કે ગમે તેવી ટાઢ હોય તેને સહન કરવાનું બળ આવે છે. શરીરનું તેજ વધે છે, અને ચામડીના રોગો થતા નથી.

ટૂંકામાં વાયુ જય થયાની નિશાની એ છે કે શરીરના કોઈ પણ ભાગમાં પીડાકારક રોગ કે દુઃખ થતું હોય ત્યાં ત્યાં તે તે ભાગ ઉપર પવનને કુંભક કરી સ્થિર કરવો. થોડા જ વખતમાં તે રોગ કે દુઃખ નિવૃત્ત થાય ત્યારે સમજવું કે પવન જિતાઈ ગયેલ છે.

પવન જયનો અભ્યાસ કર્યા પછી મનનો જય કરવા માટે પ્રયત્ન કરવો.

## મનોજયનો અભ્યાસ

સિદ્ધાસન કરી સ્થિર ટટાર બેસવું. પ્રથમ રેચક કરી અંદરના તમામ મલિન વાયુને બહાર કાઢી નાખવો. પછી નાસિકાના ડાબા છિદ્રથી ધીમે ધીમે પવનને અંદર ખેંચી, પુરાય તેટલો પૂરવો. મનથી ધારણા કરવી કે પગના અંગૂઠા સુધી પવન પુરાયેલો છે. પવનની સાથે મન પણ ધારણાથી ધારેલા સ્થળે રહે છે. એટલે પ્રથમ ધારણા કરવી અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહારથી પૂરેલો પવન શરીરમાં અકળામણ આવ્યા વિના રોકાઈ રહે તેટલા વખતમાં એક પછી એક ધારણાના સ્થાનને ઝડપથી બદલાવતાં જવા. ૧. પ્રથમ ડાબા પગના અંગૂઠા ઉપર, ૨. પછી પગના તળિયાં ઉપર, ૩. પાનીમાં. ૪. પગની ઘૂંટીમાં, ૫. પગની પિંડીમાં, ૬. ઢીંચણમાં, ૭. સાથળમાં, ૮. ગુદામાં, ૯. લિંગમાં, ૧૦. નાભિમાં, ૧૧. પેટમાં, ૧૨. હૃદયમાં, ૧૩. કંઠમાં, ૧૪. જીભ ઉપર, ૧૫. તાલુમાં, ૧૬. નાકના અગ્રભાગ ઉપર, ૧૭. નેત્રમાં, ૧૮. ભ્રકુટિમાં, ૧૯. કપાળમાં અને ૨૦. માથામાં એમ એક પછી એક સ્થાનમાં આગળ વધતાં પવન સાથે મનને બ્રહ્મરંધ્રમાં લઈ જવું. ત્યાર પછી પાછા અનુક્રમે જમણી બાજુના ભાગથી નીચા ઊતરતા મનને પવન સાથે અંગૂઠા ઉપર લાવવું અને ત્યાંથી નાભિમાં લાવી પવનને ધીમે ધીમે બહાર કાઢી નાખવો. આ પ્રમાણે અભ્યાસ ચાલુ રાખવો.

આ અભ્યાસથી મનને પવન સાથે આખા શરીરમાં ફેલાવવાનું બળ આવશે. પછી આ અભ્યાસની જરૂર રહેશે નહિ, પણ મનને આખા શરીરમાં એકીકાળે ફેલાવી–શરીરમાં વ્યાપ્ત કરી–સ્થિર બેસવાની લાંબા વખત સુધી ટેવ પાડવી. આ પ્રમાણે સ્થિર બેસી રહેવાથી મન સ્થિર થશે, વિકલ્પો ચાલ્યા જશે મન સ્થિર થાય, વિકલ્પો આવતા અટકે કે તરત જ પરમાત્માના શુદ્ધ સ્વરૂપની ધારણા હૃદયમાં કરી તેમાં તે સ્થિર મનોવૃત્તિને જોડી દેવી અને તે શુદ્ધસ્વરૂપમાં જાગૃતિ સાથે મન ગળી જાય અને તે પરમાત્મા સ્વરૂપે જ મન લીન થઈ રહે તેવો અભ્યાસ વધારતા રહેવું. આત્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ સ્વરૂપની ધારણા કરવાથી આત્મસ્વરૂપમાં સ્થિર થવાશે. આનંદ ઊછળશે અને પરમશાન્તિ અનુભવાશે.

આ સર્વ પ્રાણાયામનું ફળ છે અને પ્રાણાયામ કરવાનું પ્રયોજન છે. છતાં આ સર્વ હઠયોગ છે. મન ઉપર બળાત્કાર કરવા જેવું છે. હઠયોગમાં મુખ્ય પવનને વશ કરી મનને વશ કરવાનું છે. રાજયોગમાં મનને વશ કરવાથી પવન સ્વાભાવિક રીતે વશ થઈ જાય છે.

## પ્રાણાયામની ચાલુ રીત સ્વામી રામતીર્થ આ પ્રમાણે જણાવે છે.

પ્રાણાયામ કરવાથી લાભ શો ? આ પ્રશ્નનો ઉત્તર એટલો જ આપી શકાય છે કે પ્રાણાયામ કરવાની રીત શીખો અને તે રીતે જાતોજાત પ્રાણાયામનો અભ્યાસ કરી જુઓ, એટલે તે કેટલો ઉપયોગી-ઉપકારક અને લાભકર્તા છે એ તમે તમારી મેળે જ અનુભવથી જાણી શકશો. માથું ભમતું હોય, ચકરી આવતી હોય, મનમાં બેચેની જણાતી હોય ત્યારે ત્યારે બતાવેલી રીતિ મુજબ પ્રાણાયામ કરવાથી તમારા મનને તે જ સમયે શાંતિ મળશે અને પ્રાણાયામની આ રીતિનો ઉપયોગ તમારા સમજવામાં આવશે. જ્યારે તમારે કોઈ વિષય ઉપર નિબંધ લખવાનો કે વિચાર કરવાનો હોય અને તેમાં વ્યવસ્થાસર વિચાર ન આવતા હોય મનની એકાગ્રતા ન થઈ શકતી હોય ત્યારે પ્રાણાયામ કરો અને જુઓ કે કેવો ચમત્કાર થાય છે. જે વિષયનો નિબંધ તમે લખતા હશો તે વિષયમાં તમે એવા તો તલ્લીન થઈ જશો અને વિચારો એવા તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકલનામાં બરાબ ગોઠવાયેલા સુસંબદ્ધ આવશે કે તે જોઇને તમને મોટો અચંબો લાગશે. પેટની પીડ, માથાનું કળતર, ફેફસાં અને હૃદયનો રોગ તેમજ તેવા બીજા રોગો પણ પ્રાણાયામના અભ્યાસથી મટી જાય છે. હવે પ્રાણાયામ કરવાની રીતિ તપાસીશું.

પ્રાણાયામ કરવાની અનેક પદ્ધતિઓ છે. પણ હું જે પદ્ધતિ બતાવું છું તે અનેક વર્ષોથી કસોટીએ ચઢીને ઉત્તમ ઠરેલી છે. પ્રાણાયામનો અભ્યાસ આ પદ્ધતિસર જેણે કર્યો છે તેને બહુ સારો લાભ મળ્યો છે એમાં શંકા નથી.

## પૂરક–કુંભક–રેચક

પ્રાણાયામનો અભ્યાસ કરવા બેસવું હોય ત્યારે તમારે સુખરૂપ, સહજ અને સ્થિર આસનથી એકાગ્ર મને બેસવું જોઇએ. જમણા પગને ડાબા પગના સાથળ ઉપર અને ડાબા પગને જમણા પગના સાથળ ઉપર એમ ઉલટસૂલટ પગ ચડાવીને પદ્માસન કરીને બેસવું. આ આસન પ્રાણાયામના અભ્યાસકને બહુ સુખકારક છે. શરીર, મસ્તક અને ડોકને નિશ્ચળ અને સીધા રાખી, સ્થિર થઈ, આડુંઅવળું જોયા વિના ટટાર પોતાની નાસિકા સન્મુખ દૃષ્ટિ કરી દિશાઓ તરફ નજર નહિ કરતાં પ્રસન્ન ચિત્તથી આસન વાળી બેસવું જોઇએ.

આ રીતે તૈયાર થઈ પછી જમણા હાથના અંગૂઠા વડે જમણું નસકોરું દાબીને બંધ કરવું અને ડાબે નસકોરેથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વાસને ધીરે ધીરે અંદર લેવા. આ શ્વાસ અંદર લેવાની ક્રિયાને પૂરક કહે છે. આ પૂરક ક્રિયા મન શાંત અને સ્વસ્થ થાયત્યાં લગી કર્યાં જવી. આ ક્રિયા વખતે મનને શૂન્ય કે નકામું રાખવું નહિ. આ પૂરક ક્રિયા ચાલતી હોય ત્યારે ચિત્તને એકાગ્ર કરવું અને ચિંતન કરવું કે એક મહાન શક્તિને હું મારા શરીરમાં લઉં છું, પૂરું છું. હું એક મહાન અમૃત તત્ત્વનું પાન કરું છું. શ્વાસ પૂરો માંહી લઈ રહ્યા એમ તમોને જણાય ત્યારે કનિષ્ઠકા અને અનામિકા આંગળીઓ વડે ડાબુ નસકોરું દાબીને બંધ કરી દેવું. આ પ્રમાણે શ્વાસ લઈને બંધ કર્યા પછી મુખ દ્વારા તેને નીકળવા દેવા નહિ આને કુંભક ક્રિયા કહે છે.

આમ માંહે લઈ બંધ કરેલા વાયુને ફેફસાં, પેટ અને હોજરી વગેરેમાં ભરી દેવો.

શરીર અંદરની સઘળી ખાલી જગ્યાઓ આ વાયુથી ભરી નાખવી. ઉપર પ્રમાણે આ વાયુ શરીરમાં લઈ ભરી રાખતી વખતે પણ મનને નકામું રહેવા દેવું જોઇએ નહીં, પણ હું આત્મા છું, પૂર્ણ શુદ્ધ સ્વરૂપ. અનંત શક્તિમાન, જ્ઞાનસ્વરૂપ હું છું એવી ભાવનાનું એકાગ્ર મને ધ્યાન ધરવું તમારી સર્વ શક્તિઓ અને તમારું સઘળું મનોબળ વાપરીને આ ભાવનાના ધ્યાનને સજ્જડ, મજબૂત અને અચળ કરવું–શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવું. તમે જ સત્ય છો, દિવ્ય અને અલૌકિક સત્તા તમે છો. આ પરમેશ્વરનું ધ્યાન તમારે ચાલુ રાખ્યા કરવું. પછી તમોને જણાય કે વાયુ–શ્વાસ, માંહી બહુ વખત સુધી રોકી શકાય તેમ નથી. એટલે ડાબું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નસકોરૂં ઉઘાડી નાખવું અને તે વાટે માંહે લઈ, બંધ કરેલો શ્વાસ હળવે હળવે બહાર કાઢવો. આને રેચક ક્રિયા કહે છે. આ રેચક ક્રિયા કરતી વખતે મનની વૃત્તિને આત્માકાર કરી નાખવી અને દૃઢ ભાવના કરવી કે આ બહાર જતા વાયુ સાથે જ મારા મનનો મેલમાત્ર, સઘળી અશુદ્ધિઓ કુવિચાર, અજ્ઞાન, દુષ્ટપણું અને પાપરૂપ મળ નીકળી જાય છે-ધોવાઈ જાય છે. એ બહાર જતા વાયુ સાથે નબળાઇ અને દુબળાઇમાત્ર ચાલી જાય છે. એ પછી દુર્બળતા કે અજ્ઞાન રહેતાં નથી. ભય કે કલેશ પણ નથી રહેતા. ખેદ, ઉદ્વેગ, ઉદાસી, વિગેરે પાપો પછી રહી શકતાં જ નથી. ઉપાધિમાત્ર-તાપમાત્ર-નાશ પામે છે.

માંહે પૂરેલો વાયુ આમ નીકળી જાય એટલે બન્ને નસકોરાં ઉઘાડી નાખવાં. પણ વાયુને-શ્વાસને અંદર લેવો નહિ. નાક ઉપરથી હાથ ઉઠાવી લેવો. તમારાથી બનતા બધા યત્નોથી વાયુને અંદર આવવા દેવો નહિ. શ્વાસને બહાર રાખવાની અને અંદર નહિ આવવા દેવાની આ ક્રિયા જ્યારે ચાલતી હોય ત્યારે મનને નકામું રહેવા દેવું નહિ અને એકાગ્ર ચિત્તથી સંપૂર્ણ મનોબળ-આત્મબળ વાપરીને 'આ ઉપાધિ રહિત કેવળ શુદ્ધ સિદ્ધસ્વરૂપ હું પોતે છું.' એવા અવિચળ ધ્યાનમાં મગ્ન રહેવું. દેશકાળનો મને બાધ નથી, મારું આત્મસ્વરૂપ દેશ, કાળ, કારણ અને પુદ્ગલોથી પર છે. જગતની કોઇ પણ ઉપાધી અથવા જગતનું કોઇ પણ બંધન મને નડતર કરી શકે તેમ છે નહિ, ઈત્યાદિ ધ્યાનમાં મગ્ન રહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં સુધી કહેલા પ્રાણાયામની પદ્ધતિના ચાર ભાગ પડેલા છે. દરેક ભાગમાં શારીરિક અને માનસિક એવા બે ભાગ છે. આ વાત લક્ષમાં આવી જ હશે. ડાબા નસકોરાથી પવન પૂરવો–માંહી ખેંચવો આ પૂરક પ્રાણાયામનો પ્રથમ ભાગ છે. આ ભાગમાં પ્રાણને અંદર લેવાની ક્રિયા તે શારીરિક ક્રિયા છે અને હું શુદ્ધ પરમાત્મસ્વરૂપ છું એ મનોભાવને ધ્યાનમાં શ્વાસક્રિયા સાથે સ્થિર કરવો તે માનસિક ક્રિયા થઇ.

તે પૂરેલા વાયુને અંદર કેટલાક વખત સુધી પેટ, હોજરી, ફેફસાં વિગેરેમાં રાખી મૂકવો તે કુંભક, શારીરિક બીજી ક્રિયા થઈ, તે સાથે અનંત શક્તિમાન જ્ઞાનસ્વરૂપ હું છું એ દૃઢ મનોભાવનો વિચાર કરવાની માનસિક બીજી ક્રિયા થઈ.

જમણા નસકોરાથી શ્વાસ છોડી મૂકવાની ક્રિયા ધીમે ધીમે કરવી તે ત્રીજા ભાગની શારીરિક રેચક ક્રિયા થઈ અને શ્વાસ સાથે સર્વ મલિન વાસના અને દુર્બળતા અંતઃકરણમાંથી કાઢી નાખવી એ માનસિક ત્રીજી ક્રિયા થઇ કહેવાય છે.

શ્વાસને અંદર આવતો અટકાવી બહાર રહેવા દેવાની પ્રાણાયામના ચોથા ભાગની ક્રિયા છે. આ ક્રિયા સિદ્ધ થાય એટલે અરધો પ્રાણાયામ થયો. (આ સ્થળે જરૂર જણાય તો થોડીકવાર થોભવું, વિશ્રાંતિ લેવી, વિશ્રાંતિ લેતી વખતે શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક ગતિમાં ચલાવવો. પછી પ્રાણાયામની ક્રિયા શરૂ કરવી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ડાબાને બદલે જમણા નસકોરાથી પવન પૂરવો. માનસિક ક્રિયા પણ પહેલાંની માફક કરવી. પૂર્વની માફક શરીરથી ચાર ક્રિયા અને માનસિક ચાર ક્રિયા આ પૂરી થાય ત્યારે એક પ્રાણાયામ થયો. દરેક ક્રિયાના અભ્યાસમાં વખતને હળવે હળવે વધારતા જવું, ઉતાવળ કરવી નહિ. દરેક ક્રિયા, પ્રમાણ સહિત અને યથાયોગ્ય રીતિથી થવી જોઇએ. શ્વાસને સારી પેઠે અંદર ખેંચ્યા પછી એકદમ છોડી દેવો નહિ.

આ પ્રમાણે જો પ્રાણાયામ શીખશો–અભ્યાસ કરશો, તો તમારામાં અપૂર્વ બળ આવશે. રોગમાત્ર દૂર જશે. લોહીબગાડથી થતાં સઘળાં દર્દો તેમ જ ક્ષય રોગ સુદ્ધાં પ્રાણાયામના અભ્યાસથી નાશ પામશે.

પ્રાણાયામ કરનાર કેટલાક માંદા થાય છે. આનુ કારણ એ-છે કે તેઓ કુદરતનો નિયમ જાણતા નથી. આટલી પળોમાં શ્વાસ લેવો, અને આટલી પળો પછી છોડવો જાઇએ એ તેઓની ખોટી હઠથી મંદવાડ થાય છે. દરેક ક્રિયા, દરેક ભાગ અને દરેક ભેદના વખતને વધારવાનો અવશ્ય પ્રયત્ન કરવો. પણ થાક લાગે, કંટાળો ઉપજે એવું તો કદી કરવું જ નહિ. એકદમ શ્વાસને ખેંચવાનો કે રોકી રાખવાનો પ્રયત્ન કરવો નહિ. ધીરે ધીરે સ્વાભાવિક રીતે જ અભ્યાસ વધારવો. શ્વાસને માંહી લેવાની અને ધારણ કરી રાખવાની બે ક્રિયાથી થાક લાગ્યો જણાય કે કંટાળો આવે તો તરત જ આરામ લેવો. એક દિવસમાં આઠેય કરવી. બીજે દિવસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછી આઠેય કરવી. થાકી જાઓ તો પહેલી ચાર ન કરવી. તેથી બીજી ચાર સુગમતાથી પૂરી થશે.

પ્રાણનો આયામ તે પ્રાણાયામ–પ્રાણની કસરત અથવા પ્રાણનો નિરોધ. આ રીતે કરવાથી ઘણો જ લાભ થાય છે. શરીરની શક્તિ વધારવાની એક જાતની પ્રાણની કસરત તેનું નામ પ્રાણાયામ છે. પ્રાણાયામમાં કોઈ ગુપ્ત ભેદ કે અજાયબી જેવું કાંઈ નથી. તેમાં ગુપ્ત રહસ્ય માનનારા ભૂલ ખાય છે. પ્રાણાયામનો અર્થ આત્મજ્ઞાન કે ઇશ્વરજ્ઞાન એવો થતો જ નથી.

પ્રાણાયામ કરવાથી અધિક કલ્યાણ કાંઈ છે જ નહિ. પ્રાણાયામથી આત્માનુભવ થાય છે એ માન્યતા જૂઠી અને ભૂલભરેલી છે. પ્રાણાયામમાં લેશમાત્ર પણ પરમાર્થ કે આશ્ચર્ય જેવું નથી. એ તો જેવી શરીરની કસરત તેવી જ પ્રાણની કસરત છે. ફેફસા તેમ જ હૃદયને સાફ તેમ જ મજબૂત રાખવા માટે તથા મનને સ્થિર કરવાને પ્રાણાયામ એ પ્રાણની કસરત જ છે. પ્રાણાયામ આત્મજ્ઞાન નથી પણ આત્મજ્ઞાન પામવાનું એક સાધન પ્રાણાયામ છે.

પ્રાણાયામમાં એક વાત ધ્યાન રાખવા જેવી છે. તે એ કે જ્યારે તમે શ્વાસ બહાર કાઢો ત્યારે પેટને સંકોચી નાખો એટલે પાછું પીઠ ભણી ખેંચો. આનાથી બહુ લાભ થશે. બીજું એ કે પ્રાણ અંદર લેતી વખતે આખા પેટને તેનાથી ભરી નાખવાનું ચૂકતા નહિ. પ્રાણવાયુ છાતી સુધી જઇને અટકી જાય નહિ. પણ ઠેઠ પેટના તળિયા સુધી પહોંચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય તેમ કરવું જોઇએ. ધ્યાન-ધારણાદિના અભ્યાસમાં પ્રાણાયામ બહુ હિતકારી છે.

**શાસ્ત્રકાર હઠયોગના પ્રાણયામનો નિષેધ કરે છે.**

**किमनेन प्रपंचेन प्राणायामेन चिन्मताम् ।**
**कायहृत्क्लेशकारिण नादृतस्तेन सूरिभिः ॥ १०० ॥**
**पूरकैः कुंभकैश्चैव रेचकैः किं प्रयोजनम् ।**
**विमृश्येति तदादेयं यन्मुक्तेर्बीजमग्रिमम् ॥ १०१ ॥**

શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યોને આ પ્રપંચવાળા પ્રાણાયામોની શી જરૂર છે? તેનાથી કાયાને તથા મનને કલેશ થાય છે. આ કારણથી આચાર્યોએ આવા પ્રાણાયામને અંગીકાર કર્યો નથી.

પૂરક, કુંભક અને રેચકો વડે શું પ્રયોજન છે? એ પ્રમાણે વિચાર કરીને જે મોક્ષના મુખ્ય બીજરૂપ કારણ હોય તેનો આદર કરવો.

**ભાવાર્થ**—જેનું અંતઃકરણ શુદ્ધ થયું છે. તેને આ પ્રાણાયામોની કાંઇ જરૂર નથી. કોઈ પણ આલંબનમાં મન ઠરતું ન હોય-વધારે મલિન સંસ્કારો મનમાં ભર્યાં હોય તો આ પ્રાણાયામોની જરૂર છે. ઘરમાં એકદમ ઘણો કચરો એકઠો થયેલો હોય તો પાવડાઓ લાવી, ખાંપીને કચરો કાઢવાની જરૂર છે, ત્યાં સાવરણીનું વિશેષ પ્રયોજન તે વખતે નથી. પણ જ્યાં થોડી રજ હોય ત્યાં તે મુકામ સાવરણીથી સારો થાય છે, ત્યાં પાવડા વગેરેની જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનું હૃદય પવિત્ર થયેલું છે તેને પ્રાણાયામનો અભ્યાસ કર્યા સિવાય તેનું મન વિચારોથી જ સ્વાધીન થઈ જાય છે. વિચારો કરતાં કે વસ્તુતત્ત્વનું-પરમાત્મસ્વરૂપનું લક્ષ લઈ તેમાં ધ્યાન આપતાં જ મન સાથે પવન પણ સ્થિર થઈ જાય છે. હઠયોગના કાયાને કલેશ આપનારા લાંબો કાળના અભ્યાસે જે પવનનો જય થાય છે, તે આ રાજયોગના આત્મ સંબંધી વિચારોથી જ-આત્મસ્વરૂપમાં જાગૃતિ પામવાથી જ મન જિતાવા સાથે પવન પણ સ્થિર થઈ પરમ સમાધિદશા પામી શકે છે તેમાં જરા પણ સંશય જેવું નથી. પૂર્વે જે પવનની ધારણા બતાવી છે તે ક્રમ કર્યા સિવાય પણ શાંત વિચારો કરી મનને આખા શરીરમાં વ્યાપ્ત કરી દેવાની ટેવ પાડવામાં આવે છે, તોપણ મન સાથે પવનનો જય થઈ જાય છે. વિશેષ એટલો છે કે તે સાધકનું મન વિશુદ્ધ થયેલું હોવું જોઈએ. લોકપરલોકના ભોગરૂપ મળતી વાસના ઊડી જવી જોઈએ. જેમ જેમ ઈચ્છાનો ત્યાગ થાય છે, પરમ પ્રબળ વૈરાગ્યભાવ પ્રગટ થાય છે, તેમ તેમ મન શુદ્ધ થતું ચાલે છે.

વૈરાગ્યનો અર્થ અહીં એ લેવાનો નથી કે ઘરબાર, બૈરી, છોકરાં, કુટુંબને રઝળતાંરવડતાં મૂકી સાધુ થઈ જવું ત્યાગીનો વેષ પહેરી લેવો. આવા ઘરબારના ત્યાગ કરનાર ત્યાગીઓની આ દુનિયા ઉપર કાંઈ પણ ખોટ નથી-ઓછી સંખ્યા નથી. પણ તેમનાથી સ્વપરનું કાંઈ પણ સાધી શકાતું નથી, ત્યાગ નામ એ છે કે આસક્તિને ઉડાવી દેવી, મમતાને મારી નાખવી, ઈચ્છાઓને વીંધી નાખવી, આશાને બાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકવી. આમ કરનારને જ વૈરાગ્ય કહેવાય છે. પછી તે ગૃહસ્થાશ્રમમાં પોતાની ફરજ અદા કરવા રહ્યો હોય કે તેવા પ્રતિબંધના અભાવે ત્યાગી થયો હોય, તે જ ખરેખર વૈરાગી છે. પોતાની ફરજ બજાવવાની શક્તિ ન હોય, કોઈ કારણથી સંસારવ્યવહાર ચલાવતાં કંટાળેલો હોય અને મનમાં અનેક પ્રકારની કામનાઓ–ઈચ્છાઓ ભરી હોય, આવો માણસ ત્યાગી થઈ સ્વપરનું શું ઉકાળશે? માણસ પોતે કોણ છે? પોતાની ફરજ શું છે? કર્તવ્ય અને પ્રાપ્તવ્ય શું છે? તેના શા ઉપાયો છે તે સમજવા નથી, ફરજ બજાવી શકતો નથી, અભિમાન ત્યાગી શકતો નથી, તેનો બાહ્ય ત્યાગ શા કામનો છે? તે ત્યાગ ઊલટો અભિમાન વધારનાર થાય છે. આંતરવાસના ત્યાગી શકતો ન હોવાથી તે ઉભયભ્રષ્ટ થાય છે. વાસનાનો ત્યાગ–સર્વ ઈચ્છાઓનો ત્યાગ એ જ ઉત્તમ ત્યાગ છે. આ ત્યાગવાળાનું જ અંતઃકરણ શુદ્ધ હોય છે અને તે જ આગળ શાંતિના માર્ગમાં જવાનો અધિકારી છે. ઊંડા હૃદયમાંથી જ્યાં સુધી ત્યાગ ન થાય ત્યાં સુધી તે ત્યાગ જ ઊલટો ફસાવનાર થાય છે.

આવા વિશુદ્ધ મનવાળા પ્રાણાયામાદિ ક્રિયા કર્યા વિના પણ તે ફળ મેળવી શકે છે.

પ્રાણાયામથી શરીરને કલેશ થાય છે. નિયમપૂર્વક તે કરવામાં નથી આવતો, તો ઘણી વખતે રોગ પણ ઉત્પન્ન થવાનો ભય રહે છે. આ કારણથી જૈનાચાર્યોએ પ્રાણાયામ તરફ વધારે લક્ષ આપ્યું નથી, પણ મોક્ષના બીજરૂપ જે કારણો છે, તેમાં રાજયોગને મુખ્ય સ્થાન આપ્યું છે. જડ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈતન્યનો વિવેક કરી, આત્મજ્ઞાન વડે પુદ્ગલની વાસનાનો ઈચ્છાનો બાધ સાધ્ય કર્યો છે. આથી ફલિતાર્થ એ થયો કે જેનું અંતઃકરણ શુદ્ધ છે, તેને રેચક, કુંભક, આદિ પ્રાણાયામોની જરૂર નથી.

### પ્રત્યાહાર ૫

इंद्रियार्थनिरोधो यः स प्रत्याहार उच्यते ।
प्रत्याहारं विधायाथ धारणा क्रियते बुधैः ॥ १०२ ॥

ઈંદ્રિયોના વિષયયોનો નિરોધ કરવો તેને પ્રત્યાહાર કહીએ છીએ. પ્રત્યાહાર કર્યા પછી વિદ્વાનો ધારણા કરે છે.

**ભાવાર્થ**—ધ્યાનનો મુખ્ય આધાર મન ઉપર છે. મન જુદા જુદા વિષયોમાં વિખરાયેલું હોય તો તેનું બળ એક પ્રવાહમાં મજબૂત રહેતું નથી. મનને ઇંદ્રિયો ખોરાક પૂરો પાડે છે. આંખ દેખવાના પદાર્થો મન આગળ રજૂ કરે છે. નાક સૂંઘવાના પદાર્થો તરફ મનનું ધ્યાન ખેંચે છે. જીભ સ્વાદના પદાર્થોનું ભેટણું મનને કરે છે. કાન સાંભળવાના શબ્દો તરફ મનને ચંચળ કરે છે. અને સ્પર્શ ઇંદ્રિય વિવિધ પ્રકારના સ્પર્શો તરફ મનને લલચાવે છે. ઇંદ્રિયો પાંચ છે. જુદા જુદા દરવાજાથી તે તે પદાર્થોની તરફ ઇંદ્રિયો મનનું ધ્યાન ખેંચે છે. જેમ એક પુરુષને પાંચ સ્ત્રીઓ હોય અને તે સર્વે પોતાના પતિનું ધ્યાન પોતા તરફ ખેંચવા માટે પોતાથી બનતું કરે છે. સારામાં સારા પદાર્થો ભેટ કરીને પતિનું મન રંજન કરે છે, પતિનું મન ખુશી કરવા માટે તેને સારુ વિવિધ પ્રકારની અનુકૂળ સામગ્રીઓ તૈયાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્પણ કરે છે. પતિ પણ તેમની ભક્તિથી સંતોષ પામી તેમને ત્યાં વારંવાર જાય છે અને નિઃશંકપણે તેમની ભક્તિનો સ્વાદ અનુભવે છે. આ જ પ્રમાણે મનને પતિ માનીને પાંચ ઇંદ્રિયોને સ્ત્રીઓ સમજવી. તેઓ મનને સંતોષ આપવા માટે પોતે પોતાની શક્તિ પ્રમાણે વિષયો અનુકૂળ સામગ્રીઓ જોવાની, ખાવાની, સાંભળવાની અને સુંઘવાનીસ્પર્શ કરવાની પતિની સેવામાં હાજર કરે છે. મન પણ તે ઇંદ્રિયોમાં પ્રવેશ કરીને તેનો અનુભવ કરે છે. જે ઇંદ્રિય મનનું વધારે ખેંચાણ થાય તેવો અનુકૂળ પદાર્થ હાજર કરે છે, તે તરફ મન વધારે ખેંચાય છે. તેના તરફ વધારે લાગણી ધરાવે છે અને વારંવાર તેને ઘેર આવજા કરી, તે સ્ત્રીને-ઇંદ્રિયને પોષણ આપે છે, વધારે માન આપે છે.

આ ઇંદ્રિયો તરફથી મળતા વિષયમાં મન પણ આસક્ત બને છે અને તેના ઉપભોગ માટે વારંવાર તે ઇંદ્રિયોરૂપ સ્ત્રીઓના ઘરમાં પ્રવેશ કરે છે, અનુકૂળ વિષયોથી ખુશી થાય છે. કોઈ વખત પ્રતિકૂળ વિષયો હોય તો નારાજ થાય છે. અને તેની આ પ્રવૃત્તિથી રાગદ્વેષ, હર્ષશોક, કરીને તે આ શરીરમાં કે આવાં જ શરીરોમાં વધારે બંધન પામી દુઃખી થયા કરે છે.

આત્મારૂપી રાજાના પ્રધાન તરીકે મનને માનવું જોઇએ. આ પ્રધાનના દોષથી રાજા—આત્મા પોતે પણ આવા અશુચિથી ભરેલા દેહમાં વારંવાર આવજા કરે છે, બંધન પામે છે અને જૂના દેહ મૂકવા તથા નવા ધારણ કરવારૂપ જન્મ-મરણ પામ્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન પ્રધાન બહુ બળવાન છે. તે જો આ ઇંદ્રિયોરૂપી સ્ત્રીઓની મિજબાની–ભક્તિ ચાખવાથી દૂર રહે તો તે આત્મારૂપ રાજાનું ઘણું હિત કરી શકે તેમ છે. તેને આવા દેહરૂપ મલિન બંદીખાનામાંથી છોડાવી શકે તેમ છે અને તે આત્મારૂપ રાજાની સાથે અભેદ થઈ રહે તેમ છે. પણ આ ઇંદ્રિયોરૂપ સ્ત્રીઓના કબજામાંથી તે છૂટે, તો આ સર્વ વાત બની આવે તેમ છે.

માટે જ શાસ્ત્રકાર કહે છે કે વિષયો થકી ઇંદ્રિયોને વ્યાવૃત્ત કરવી–પાછી હઠાવવી. કાં તો ઇંદ્રિયોએ મનની આગળ વિષયો હાજર કરવા નહિ અગર તો મને ઇંદ્રિયો પાસે જવું બંધ કરવું. આ ઉપાયોને પ્રત્યાહાર કહે છે.

આપણે ઇંદ્રિયોને વિનંતી કરીશું કે તમારે વધારે વખત નહિ, તો જેટલી વખત મન આત્માની સમીપ જવાની ઇચ્છા કરે તેટલા વખતને માટે મનને વિષયો હાજર ન કરવા. અથવા આત્માના ભલા માટે મનને વિનંતિ કરીએ છીએ કે તેણે આત્માની નજીક જવાની ઇચ્છા હોય ત્યારે અગર આત્માની હજૂરમાં દાખલ થવા અગાઉ જ પોતાની આ સ્ત્રીઓને યાદ ન કરવી–તે તરફ પોતાનું ધ્યાન ખેંચવું નહિ. અને તે સિવાયના વખતમાં કદાચ ઇંદ્રિયોની પાસે જવું પડે તો તે જે અનુકૂળ કે પ્રતિકૂળ વિષયો આપે તેમાં હર્ષ, શોક, રાગ કે દ્વેષ ન કરતાં મધ્યસ્થ રીતે તેનો અનુભવ કરી લેવો. આમ કરવાથી તે મનના માલિક–મનને શક્તિ આપનાર આત્મારૂપ રાજાને જરા પણ દુઃખ થવાનો સંભવ નથી. પોતાના માલિકના ભલા માટે મન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રિયોએ આ વાત ઉપર ખાસ ધ્યાન આપવું. જો તેમ કરવામાં નહિ આવે તો પછી બળાત્કારે પણ આ આજ્ઞા તે મન તથા ઇંદ્રિયોને મનાવવી પડશે. ટૂંકામાં પ્રત્યાહારનું લક્ષણ એવું છે કે ઇંદ્રિયોના વિષયોમાંથી મનને ખેંચી લેવું. તેમ થતાં ઇંદ્રિયો પોતાની મેળે જ વિશ્રાંતિ લેશે, કારણ કે મનની મદદ વિના ઇંદ્રિયો કાંઇ પણ કરી શકતી નથી.

નિરંતરનો પ્રત્યાહાર એ છે કે, ગમે તેવા ઇષ્ટ કે અનિષ્ટ વિષયો આવી મળે તો તેમાં રાગ, દ્વેષ ન કરતાં-કાંઇ પણ આસક્તિ ન રાખતાં સમભાવે તેમનો અનુભવ કરી લેવો. ફરી તેમને યાદ પણ ન કરવા. મનને પરમાત્મ ભાવ તરફ એટલું બધું વાળી દેવું કે તે ખાવાપીવાનો અનુભવ કરતાં તેમાં કેવો સ્વાદ કે કેવી સુગંધ હતી, કેવું રૂપ હતું તેનું ભાન પણ ન રહે અને ભાન થાય તોપણ તેમાં જરા પણ આસક્તિ કે રાગદ્વેષની લાગણી ઉત્પન્ન ન થાય. આમ થાય તો ખરો જ્ઞાનમાર્ગનો પ્રત્યાહાર સિદ્ધ થયો ગણાય. આમ ન બની શકે તો વિચારશક્તિ દ્વારા તેના સ્વરૂપનો વિચાર કરી વિવેક દ્વારા આસક્તિ હઠાવવી. તેમ પણ ન બની શકે તો શરૂઆતમાં હઠયોગના પ્રયોગથી એટલે બળાત્કારથી તેને રોકવાનો પ્રયત્ન ઠીક લાગે તેણે કરવો. ઉપરના પ્રયોગો સાત્ત્વિક છે. હઠનો પ્રયોગ તામસી છે. કેટલીક વખત તામસિક ગુણ ઘણો ઉપયોગી થઇ પડે છે.

પ્રત્યાહાર સિદ્ધ થયા પછી ધારણા કરવી. ગમે તેવા લલચાવનારા વિષયો તરફ પણ ઇંદ્રિયો તેનો અનુભવ લેવા ખેંચાય નહિ ત્યારે સમજવું કે પ્રત્યાહાર સિદ્ધ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધારણા

ध्येयवस्तुनि संलीनं यन्मनोज्ञैर्विधीयते ।
परब्रह्मात्मरूपे वा गुणिनां सद्‌गुणेऽत्रपि ॥ १०३ ॥
अर्हदाद्यंगरूपे वा, भाले नेत्रे मुखे तथा ।
लये लग्नं मनो यस्य, धारणा तस्य संमता ॥१०४॥

ધ્યાન કરવા લાયક વસ્તુ પરબ્રહ્મ, આત્મસ્વરૂપ અને ગુણી પુરુષોના સદ્‌ગુણો તેને વિષે બુદ્ધિમાનોએ મનને લીન કરવું, તેમ જ અરિહંત આદિના શરીરના રૂપને વિષે અથવા પોતાના કપાળ, નેત્ર અને મુખ ઉપર જેનું મન લય થયું છે તેને ધારણા માનેલી છે. (ધારણા કહે છે.)

**ભાવાર્થ**—પ્રત્યાહાર કરવા માટે મનને ઇંદ્રિયોના વિષયોમાંથી ખેંચી લીધા બાદ તે મનને કોઇ પણ સ્થળે જોડવું જોઇએ. કોઈ પણ ધ્યાન કરવા લાયક એક વસ્તુમાં જોડી દેવું તેનું નામ ધારણા છે. એક વસ્તુમાં લાંબા વખત સુધી મનને સ્થિર રાખવાથી, તે મન ધ્યાન કરવા લાયક પદાર્થ કે વસ્તુમાં એકાગ્ર થાય છે, મનમાં ઉત્પન્ન થતી અનેક સ્ફુરણાઓ કે વૃત્તિઓ તેનો નિષેધ કરી એક જ સજાતીય પ્રવાહ ચલાવવાનું કામ, ધારણા મજબૂત થવાથી થાય છે. ધારણાનો ટુંકો અર્થ એટલો જ છે કે કોઈ પણ ઉત્તમ ધ્યેયમાં મનને ચોંટાડી દેવું, ત્યાંથી ઉખડે નહીં–તે સ્થાન મૂકી અન્ય સ્થાનનો આશ્રય ન કરે, તે જ છે.

ગાય કે અશ્વ વિગેરે જાનવર એક સ્થળે સ્થિર ન રહેતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરતાં ફરી કાંઈ નુકશાન કરતાં હોય ત્યારે તેમને એક મજબૂત ખીલા સાથે બાંધવામાં આવે છે, તેથી તેમની ચપળતા સર્વથા બંધ થતી નથી, પણ ખીલાની આજુબાજુ તેઓ ફર્યા કરે છે આવી જ રીતે આ ચપળ મનને એક ધ્યેયરૂપ ખીલા સાથે બાંધવામાં આવે છે, તેથી તે પવિત્ર ધ્યેયરૂપ ખીલાને મૂકીને બીજે ખસી શકતું નથી. આથી મન સર્વથા સ્થિર થતું નથી, છતાં અનેક સ્થળે ફરવારૂપ ચપળતા મૂકી દઇ આ ઉત્તમ ધ્યેયના ખીલા સાથે બંધાઇ તેની જ આજુબાજુ ફર્યા કરે છે. તેના મજબૂત અભ્યાસથી મન ત્યાં જ સ્થિર થઈ જાય છે. મન જ્યારે અન્ય સ્થાનનો કે અન્ય આલંબનનો આશ્રય કરે છે ત્યારે તે ધારણા તૂટી જાય છે.

આ ધારણા સ્થિર કરવા માટે એક જ ધ્યેયમાં મન લાગી રહે તે માટે કેટલાક અભ્યાસીઓ શરૂઆતમાં બહાર ત્રાટક કરે છે. ગોળ બિન્દુ ઉપર કે તેવા જ પદાર્થ ઉપર દૃષ્ટિને સ્થાપન કરીને ખુલ્લી આંખે તે પદાર્થ તરફ જોયા કરે છે. દૃષ્ટિને ત્યાંથી જરા પણ ખસવા દેતા નથી. એકાદ મિનિટથી શરૂઆત કરી ધીમે ધીમે તેમાં વધારો કરી એકાદ કલાક કે તેથી પણ વધારે વાર દૃષ્ટિ સ્થિર કરે છે. દૃષ્ટિ બહાર સ્થિર થાય, ત્યાર પછી અંદરના ભાગમાં મનને સ્થિર કરવાની શક્તિ આવે છે. ધ્યાનનો અખંડ પ્રવાહ એક ધ્યેયમાં ચાલુ રાખવાનું બળ આવે છે.

પરબ્રહ્મ જે સિદ્ધ સ્વરૂપ—આત્મસ્વરૂપ છે તેમાં કે એકાદ સદ્ગુણમાં મનને સ્થિર કરવાનું કે જોડી આપવાનું કામ શરૂઆતમાં કઠણ થઈ પડે તેમ છે માટે પ્રથમ સાકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંતાદિની મૂર્તિ—છબી ઉપર ધારણા કરવી. સિદ્ધચક્રજીનાં ગટ્ટા ઉપર બાહ્ય ત્રાટક સિદ્ધ કરવું. અગર અરિહંત ભગવાનની મૂર્તિના શરીર ઉપર—કપાળ ઉપર, નેત્ર ઉપર, કે મુખ ઉપર ઇત્યાદિ કોઇ પણ સ્થાનમાં બીજા કોઈ પણ વિચારો ન કરતાં—વિચારો આવવા ન દેતાં બરોબર દૃષ્ટિ સ્થિર કરવી. બાહ્ય દૃષ્ટિ સ્થિર કરવાની સાથે મનને તે ધ્યેયમાં જ ચોંટાડી રાખવું. જો મન બહાર ફરતું હોય, વિચારો કરતું હોય તો બાહ્ય દૃષ્ટિ જોડી રાખેલી નકામી છે. તેનાથી ધારણાનો ફાયદો મેળવી શકાતો નથી. ત્યાં મન લયલીન થઈ જવું જોઇએ. મન એકરસ થઇ જાય તેથી ધારણા સિદ્ધ થાય છે.

બાણુ, બંદૂક કે તીર વડે કોઈ પણ વસ્તુને પહેલે જ તડાકે આબાદ વીંધી નાખવામાં ફતેહ પામવા માટે, તે અભ્યાસીઓ જેમ કોઇ સ્થૂળ મોટું અને નજીકનું લક્ષ વીંધવાને પ્રથમ અભ્યાસ પાડે છે, ત્યાર પછી તેનાથી નાનું અને વધારે છેટું લક્ષ વીંધવાનો અભ્યાસ કરે છે. તેમાં ફતેહ પામતાં વળી તેનાથી નાનું અને છેટું લક્ષ વીંધવા અભ્યાસ કરે છે. આ અભ્યાસના પરિણામે છેવટે ગમે તેવું નાનું, ચપળ કે દૂર લક્ષ હોય તે પણ વીંધી શકે છે. આ જ પ્રમાણે આ ધારણા પણ તેવું જ લક્ષ છે અને તે જ ક્રમે સિદ્ધ કરવી જોઇએ.

ઊગતા અને આથમતા સૂર્ય ઉપર કે ચંદ્ર ઉપર દૃષ્ટિ સાથે મન સ્થિર કરવાનો અભ્યાસ સાધકો કરે છે. ભગવતીસૂત્રમાં તામલિ તાપસના અધિકારમાં પણ આવી જ કંઈક વાત આવે છે. સૂર્યના સામી દૃષ્ટિ રાખીને આતાપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લે છે વગરે હકીકત છે. ભગવાન મહાવીરદેવના સંબંધમાં પણ તેવી જ વાત આવે છે કે એક અહોરાત્ર પર્યંત એક વસ્તુમાં–ધૂળના ઢેફા ઉપર દૃષ્ટિ રાખી તેઓ મહાપડિમામાં (અભિગ્રહ વિશેષ) રહ્યા હતા.

લક્ષ ગમે તેવું હોય પણ મનને કે નેત્રને વિકાર ઉત્પન્ન કરે કે રોગ ઉત્પન્ન કરે તેવું હોવું ન જોઇએ. તેના પર દૃષ્ટિ અને મનને સ્થાપન કરવાનો હેતુ માત્ર દૃષ્ટિને સ્થિર કરવા અને મનની એકાગ્રતા કરવા સિવાય બીજો હોતો નથી. અને બાહ્ય પદાર્થમાં દૃષ્ટિ તથા મન સ્થિરતા ન પામે તો પછી જે આ આંખે જોઇ શકાતી નથી તેવી આંતરવસ્તુ કે પદાર્થમાં તે મન કેવી રીતે સ્થિરતા પામશે ? આંતરસ્થિરતા પામવાનો મુખ્ય હેતુ આ અભ્યાસમાં રહેલો છે.

આ પદાર્થ ઉપર દૃષ્ટિને મન સાથે સ્થિર કરવામાં જેને ઠીક ન લાગે તેમણે ભગવાનની કે ગુરુની મૂર્તિ લેવી અને તેના ઉપર એકાગ્રતા કરવી. તે સિદ્ધ થયા બાદ, એટલે કોઈ પણ જાતનો સંકલ્પવિકલ્પ ન કરતાં દૃષ્ટિ સાથે મન સ્થિર રહી શકે તે પછી તે દૃષ્ટિને આંતરલક્ષ તરફ વાળવી, એટલે આંખો બંધ કરી આંતરના લક્ષો સિદ્ધ કરવા તરફ પ્રવૃત્તિ કરવી.

આંખો બંધ કરીને કે નેત્ર અર્ધખુલ્લાં રાખીને પોતાના હૃદયમાં ભ્રૂકુટિમાં, નાભિમાં અને બ્રહ્મરંધ્રાદિ સ્થાનોમાં મનને નિરાકાર આત્માની કલ્પના કરી આત્માના શુદ્ધ ઉપયોગની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગૃતિ બની રહે તે સાથે રોકવું-સ્થિર કરવું. નિરાધાર નિરાકારમાં ધારણા ન રહી શકે તો હૃદયમાં કે ભ્રૂકુટિમાં ઇષ્ટદેવની કે ગુરુની મૂર્તિને મનથી કલ્પીને તેના ઉપર ધારણા રાખવી. શરૂઆતમાં આખી મૂર્તિની ધારણા થઈ શકતી નથી. તેથી પ્રથમ તે મૂર્તિના અંગૂઠા ઉપર મન ઠરે એટલે તે આંખો બંધ કર્યા છતાં દેખાય ત્યારે ઢીંચણ, આખો પગ, હાથ, હૃદયનો ભાગ અને છેવટે મસ્તક પર્યંત એક પછી એક સિદ્ધ થતાં ધારણા કરતાં જવી, જેથી આખી મૂર્તિની ધારણા સિદ્ધ થાય છે.

આ સાકાર રૂપવાળી ધારણા સિદ્ધ થયા પછી નિરાકાર કોઇ પણ જ્ઞાન, આનંદ કે તેવા જ સદ્ગુણની અરૂપિધારણા કરવી. આત્માના શુદ્ધ સ્વરૂપની માનસિક ધારણા કરવી અથવા સિદ્ધસ્વરૂપ પરમાત્માની ધારણા કરવી.

ધારણાનો અર્થ એટલો જ થાય છે કે બીજા બધા વિષયોમાંથી મનને ખેંચી લઇ એક વિષયમાં પરોવવું—લગાડવું. જે પૂર્વે કહી આવ્યા છીએ.

આ ધારણાના પ્રવાહને વિચારાંતર કે ધ્યેયાંતરથી તોડી ન નાખતાં તે જ ધ્યેયમાં તેનો અખંડ પ્રવાહ ચલાવ્યા કરવો. એવો એક જાતનો જ પ્રવાહ ચાલવો શરૂ થયો કે તેને ધ્યાન કહેવામાં આવે છે. ધારણા સિદ્ધ થાય તો ધ્યાન સહેલું છે. ધ્યાન અને ધારણામાં તફાવત માત્ર એટલો જ છે કે બીજાં લક્ષોથી મનને પાછું હઠાવી એક જ લક્ષમાં પરોવવું તે ધારણા અને તેમાં મન સ્થિર થતું ચાલે—બીજા વિચારો ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તે ધ્યાન અને આ ધ્યાન જ વધારે વખત લંબાતાં જે લક્ષ આપણે ધ્યાન કરવા માટે લીધું છે તેના જ આકારે મન પરિણમી જાય. પોતાના દેહ સુદ્ધાંનું ભાન ભૂલી જઇ તદાકાર–ધ્યેયાકાર થઈ રહેવું તે સમાધિ કહેવાય છે,

આવી ધારણા અને ધ્યાન કરવાની ટેવ દરેક મનુષ્યને કે જીવને પડેલી હોય છે, પણ વિશેષ એટલો છે કે તે ટેવ દુનિયાના વિષયોની આસક્તિ તરફની હોય છે–અજ્ઞાન દશાની હોય છે. તેથી કર્મનો ક્ષય થવો કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવાનું બનતું નથી પણ તે ક્રિયા ઊલટી વધારે બંધન કરનારી થાય છે.

આવી પ્રત્યાહાર ધારણા અને ધ્યાનની ટેવ મનુષ્યોને કેવી રીતે પડેલી હોય છે, તે શંકા કરવા જેવું નથી, તમારા અને મારા અનુભવની આ વાત છે. અને વિચાર કરશો તો અવશ્ય તે વાત તમને તમારા જીવનમાં પણ મળી આવશે. દષ્ટાંત તરીકે કોઈ વખત પોતાના વ્હાલા માણસનો વિયોગ થયો હોય કે કોઇ પૈસા સંબંધી નુકશાન થયું હોય કે ભવિષ્યમાં કોઈ વિપત્તિ આવી પડવાની હોય તેનો ઉપાય ચિંતવવાના વિચારમાં માણસ એટલો બધો ગરકાવ થઈ જાય છે કે પાસે કોણ આવ્યું, અગર અમુક માણસ શું બોલ્યો, તેનું તેને ભાન સુદ્ધાં રહેતું નથી. આ ઠેકાણે વિચાર કરો કે બધી ઇંદ્રિયોમાંથી તેણે પોતાનું મન કાઢી લીધું હોય છે, કારણ કે ઇંદ્રિયોના વિષયોને અત્યારે તેનું મન બિલકુલ ગ્રહણ કરતું નથી તે પ્રત્યાહાર થયો. તેનું મન કોઈ એક વ્હાલા માણસ તરફ, કે પૈસા તરફ કે વિપત્તિના પ્રતીકારરૂપ ઉપા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યમાં લાગ્યું છે તે ધારણા થઈ અને તેમાં જ–તે વિચારમાં તે એટલો લીન થઈ ગયો છે કે વિચારના પ્રવાહ સિવાય બીજો વિચાર પણ તે વખતે હોતો નથી. આ ધ્યાન થયું અને આ સ્થિતિમાં જો દેહનું ભાન ભુલાઈ તદાકાર થઈ જાય તો સમાધિ પણ થઈ જાય. છતાં સમાધિ પર્યંત ન પહોચે તોપણ ધ્યાન સુધી તો ઘણાં માણસો પહોંચી જાય છે. જુઓ કે આ ધ્યાનોને પહેલાં આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન તરીકે ઓળખાવી આવ્યા છીએ અને તેનો ત્યાગ કરવાનું પણ સૂચવી આવ્યા છીએ, તથાપિ અહીં કહેવાનો આશય એ છે કે હલકાં ધ્યાન–ધારણા તો મનુષ્યો નિરંતર કરે છે, પણ તે કાંઈ કલ્યાણનો માર્ગ નથી.

એ જ પ્રત્યાહાર, ધારણા, ધ્યાનનો માર્ગ બદલાવી નાખવો જોઇએ. જે પ્રવાહ નીચો વહે છે, તે જ પ્રવાહને તેની સામેની બાજુ તરફ ગતિ આપવી એટલે બસ થયું. આટલું જો સિદ્ધ કરવામાં આવે તો જે હલકા પ્રકારની ધ્યાનાદિ ક્રિયા અધોગતિ આપનારી થાય છે, તે જ ક્રિયા શક્તિનું સુકાન–નિશાન બદલાવાથી તમને ઊંચી સ્થિતિ–આત્માની શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત કરવામાં મદદગાર થશે.

પ્રત્યાહાર પછીનો વિષય પોતાના અનુભવનો છે. તેથી આ સંબંધમાં કાંઇ વધારે બોલવું તેના કરતાં અનુભવ કરવાથી જ વધારે સમજાય તેવું છે. આ આત્માના ગુણ કે શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કેમ કરવું તે બાબતમાં તો ઇશારો કરવો તેટલું જ બસ છે. કારણ જ્યાં વસ્તુસ્થિતિ જ આંતરક્રિયાથી સિદ્ધ થાય તેમ છે ત્યાં બાહ્ય વાણી શું કહી શકે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે આ એક સામાન્ય ઈશારા તરફ દૃષ્ટિ રાખી-નિશાન રાખી-આગળ વધવાથી આગળ શું છે, કેમ છે, તે સર્વ સમજાશે.

વચનોથી કહી શકાય, અન્યને સમજાવી શકે (શકાય) તેવા ધ્યાન સંબંધી વિચારો અથવા કેવા વિચારો કરવાથી ધર્મધ્યાન થાય છે તે વિષે ગ્રંથકાર ધર્મધ્યાનાદિનું સ્વરૂપ બતાવે છે.

## ધર્મધ્યાનાદિ વિચાર.

ध्यानं चतुर्विधं ज्ञेयं धर्मं शुक्लं च नामतः ।
प्रत्येकं तच्छ्रयेत् योगी विरक्तः पापगयोतः ॥१०५॥

ધર્મધ્યાન અને શુકલધ્યાન તે દરેકના ચાર ભેદ છે. પાપયોગથી વિરક્ત થઈ યોગીએ બંને ધ્યાનનો આશ્રય કરવો.

**ભાવાર્થ**—ધર્મધ્યાન અને શુકલધ્યાન તે રાજયોગ છે. જેમ રાજમાર્ગમાં કાંટાકાંકરા, ખાડાટેકરા ન હોવાથી, રસ્તે ચાલનારાઓ ઓછા પરિશ્રમે અને હેરાનગતિ વિના (દુઃખી થયા સિવાય) સુખેસમાધે ચાલી શકે છે, તેમ ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં, શરીરે કષ્ટ કે દુઃખ વેઠવું પડતું નથી, પણ કેવળ મનની નિર્મળતામાં વધારો કરવાથી આ માર્ગ ઘણો સરલ અને ઉપદ્રવ વિનાનો બને છે. આ ઉત્તમ સ્થાનોમાં હૃદયને પરમ આર્દ્ર બનાવી આત્મિક પ્રેમથી ભરવું પડે છે. સર્વ જીવોને આત્મસ્વરૂપે અનુભવવા પડે છે.

મલિન ઈચ્છાઓનો મૂળથી ત્યાગ કરવો પડે છે. સુખ-દુઃખને સમાન અનુભવવા પડે છે. પ્રિયઅપ્રિય કે શત્રુમિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇને ગણવાનો નથી. ટૂંકામાં કહીએ તો કેવળ વિચાર દ્વારા જ મનને દઢ મજબૂત બનાવીને દુર્ગુણો કે કર્મનો નાશ સાધવાનો છે. જે સત્ય છે તેનો ખરો અનુભવ–ખરો નિર્ણય મનને પ્રતીત કરવાનો છે. તેવા મનની લાંબા વખતની સ્થિતિથી આવરણનો નાશ થાય છે. ખરી પ્રતીતિવાળા વિશુદ્ધ મન દ્વારા જ નિર્વાણ સાધી શકાય છે. ધર્મ કે શુક્લધ્યાનો કેવળ વિચારરૂપ જ છે. ધર્મધ્યાનમાં કેવળ મનને જ કેળવવું પડે છે. આ આમ જ છે, આ સત્ય છે, આમાં જ સ્થિર થવું, આને યાદ પણ ન કરવું, આ જ સુખરૂપ છે, આ જ દુઃખનું કારણ છે વિગેરે નિર્ણયોથી મનને દઢ સંસ્કારી બનાવવાનું કામ ધર્મધ્યાનમાં છે, મને નિર્ણય કર્યો એટલે આ જગત સાચું ભાસે છે, મને નિર્ણય કર્યો કે આ જગત દુઃખરૂપ છે તો દુઃખરૂપ જ અનુભવવાનું એટલે વીતરાગ પુરુષોનો જે નિર્ણય તે નિર્ણયનો અનુભવ મનને કરાવવાથી તેવી જ પ્રવૃત્તિવાળું તે મન બની જાય છે. આ સર્વ વાતો આ ધર્મધ્યાનમાં આવશે, તે ધર્મ અને શુક્લધ્યાનના પ્રત્યેકના ચાર ચાર ભેદ છે, જે આગળ બતાવવામાં આવશે. પાપયોગથી વિરક્ત થઈ આ ધ્યાનનો આશ્રય કરવો. બાહ્ય તપશ્ચર્યા અને ક્રિયાદિ હઠયોગમાં શરીરને તથા ઇંદ્રિયોને કેવળ વિશેષ દમવી પડે છે. અને તેમ કરીને મનને સ્વાધીન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. રાજયોગમાં કેવળ વિચાર દ્વારા મનને મુખ્યતાએ દમવાનું છે, નિર્મળ કે શુદ્ધ બનાવવાનું છે, આત્માને આધીન કરવાનું છે. અને તે મન દ્વારા ઇંદ્રિયો કે શરીર પર શુદ્ધ વર્તનની અસર કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધર્મધ્યાનમાં ઉપયોગી સાધનો

भावनादीनी धर्मस्य स्थानाद्यासनकानि वा ।
कालश्चालंवनादीनि ज्ञातव्यानि मनीषिभिः ॥१०६॥

ધર્મધ્યાનની સિદ્ધિ માટે ભાવના, સ્થાન, આસન, કાળ, અને આલંબનાદિ બુદ્ધિમાનોએ જાણવાં.

ભાવાર્થ—કોઈ પણ એક કાર્ય સિદ્ધ કરવા માટે તેના અંગરૂપ કે મદદગારરૂપ કારણો એકઠાં કરવાની પ્રથમ જરૂર પડે છે. તે કારણો હોય તો જ કાર્ય સિદ્ધ થાય છે, નહિ-તર કાર્ય સિદ્ધ થતું નથી. ધર્મધ્યાન કે શુક્લધ્યાન તે પણ એક કાર્ય છે, તો તેનાં કારણો એકઠાં કરવાં જ જોઇએ. તે કારણોમાં ભાવના કે જેનાથી મનને વાસિત કરવામાં આવે છે તે તથા ધર્મધ્યાન માટે કેવું સ્થાન હોવું જોઇએ, કેવે આસને બેસી ધ્યાન (ધર્મધ્યાન) કરવું કયા કાળમાં ધ્યાન કરવું અને કેવાં આલંબનો લેવાં આદિ શબ્દથી ધર્મધ્યાનના અધિકારી, લેશ્યા, ચિહ્ન, ફળ વિગેરે જાણવાં, જેમાંથી કેટ-લાંક પૂર્વે કહેવાઈ ગયાં છે. બાકી જે રહ્યા છે તે અહીં અનુક્રમે બતાવવામાં આવશે.

ધર્મધ્યાનમાં કઈ કઈ બાબતો મદદગાર તરીકે ઉપયોગી છે તે વિષે ધ્યાનશતકમાં કહ્યું છે કે:

झाणस्स भावणाओ देसं कालं तहासणविसेसं ।
आलंबणं कमं पुण झाइयव्वं जैयझायारो ॥१॥
तत्तोणुप्पेहाओ लेस्सां लिंगं फलं च नाऊणं ।
धम्मं झाइज्जं मुणी तग्गयजोगो तओ सुक्कं ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનને પોષણ આપનારી ભાવનાઓ, ધ્યાનને ઉચિત સ્થાન, ધ્યાનને યોગ્ય કાળ (વખત), ધ્યાન માટે આસન, આલંબન (વાચનાપૃચ્છનાદિ), ક્રમ (મનનો નિરોધ આદિ), ધ્યાન કરવા લાયક, ધ્યેય (આજ્ઞા વિચયાદિ), ધ્યાન કરવાને લાયક અપ્રમત્તાદિ ગુણ, ત્યાર પછી અનુપ્રેક્ષા (ધ્યાન પૂર્ણ થયા પછી અનિત્યાદિ ભાવનાઓના વિચારરૂપ), લેશ્યા (શુકલાદિ), લિંગ (શ્રદ્ધાન આદિ), ફલ (દેવલોકાદિ) ઈત્યાદિ ધ્યાનનાં સાધનોને જાણ્યા પછી મુનિએ ધ્યાનનો અભ્યાસ કરવો.

## ધ્યાનને મદદગાર ભાવના

**चतस्रो भावना भव्या उक्ता ध्यानस्य सूरिभिः ।**
**मैत्र्यादयश्चिरं चित्ते विधेया धर्मसिद्धये ॥ १०७ ॥**

ધર્મધ્યાનની, મૈત્રી આદિ સુંદર ચાર ભાવનાઓ આચાર્યોએ કહી છે. ધર્મધ્યાનની કે આત્મધર્મની સિદ્ધિને માટે ઘણા કાળ પર્યંત આ ભાવનાઓને ચિત્તમાં ધારણ કરવી.

**ભાવાર્થ**—આ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ચાર ભાવનાઓ ધર્મધ્યાનને પોષણ કરનારી છે. દુર્બળ થયેલા શરીરને પુષ્ટ કરવા માટે મનુષ્યો જેમ રસાયણનો ઉપયોગ કરે છે. તેમ દુર્બળ થયેલા ધર્મધ્યાનરૂપ શરીરને સુધારીને પોષણ આપનાર–પુષ્ટ કરનાર–વૃદ્ધિ પમાડનાર આ ચાર ભાવનાઓ છે. આ ભાવનાઓ ઘણી સુંદર છે, કારણ કે પોતાને અને પરને–અન્ય જીવોને સર્વને સુખદાયી છે, ધર્મધ્યાનને જિવાડનાર જીવન છે, ગયેલું ધર્મધ્યાન પણ આ ભાવનાથી હૃદયવાસિત થતાં પાછું આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સદાને માટે ટકાવી રાખે છે. માટે આ ભાવનાઓથી ઘણા કાળ પર્યંત ચિત્તને વાસિત કરવું.

### મૈત્રી ભાવના

प्राणभूतेषु सर्वेषु सुखदुःख स्थितेषु च ।
वैरिमित्रव जीवेषु मैत्रीस्याद्धितधीः सतां ॥ १०८ ॥

પ્રાણને ધારણ કરનાર સર્વ જીવોને વિષે-સુખમાં રહ્યાં હોય કે દુઃખમાં રહેલાં હોય-તેમને વિષે તે જીવો શત્રુ હોય કે મિત્ર હોય તે સર્વ ઉપર હિતની બુદ્ધિ રાખવી તે સત્પુરુષોની મૈત્રીભાવના છે.

**ભાવાર્થ**—દુનિયાના સર્વ જીવો ઉપર મિત્રતા રાખવી મિત્ર સમાન પ્રીતિ રાખવી. આ વખતે આવો વિચાર કરવાનો નથી કે "આ જીવો સુખી છે? નિરોગી છે? ધનાઢય છે? બળવાન છે? કે કોઈ પણ સત્તા ધરાવનાર છે? આવા ધનાઢય કે બળવાન જીવો તરફ તો પ્રીતિ રાખવી, કારણ કે તેમના તરફથી ભવિષ્યમાં કોઈ પણ પ્રસંગે આપણને સહાય મળશે, દુઃખી સ્થિતિમાં મદદગાર થશે, અગર આપણો બચાવ કરશે અને આ જીવો તો દુઃખી છે, નિર્બળ છે, નિર્ધન છે, તેમની સાથે પ્રીતિ રાખવાની શી જરૂર છે? તે આપણને શી મદદ આપવાના છે? શા ઉપયોગી થવાના છે?' આ વિચાર આ ઠેકાણે કરવાનો નથી. વળી આ આપણા વૈરી છે, શત્રુઓ છે, અન્ય દેશના છે, તેમની સાથે શા માટે મિત્રતા રાખવી? અને આ તો આપણા મિત્રો છે, કુટુંબીઓ છે, સંબંધીઓ છે, ઓળખીતા છે, આપણા દેશના છે, આપણી નાતના છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણો ધર્મ પાળનારા છે, તેમની સાથે તો મિત્રતા કરવી તે વ્યાજબી છે. ઇત્યાદિ વિચારો કરવા તે યોગ્ય નથી, આ મિત્રતા કરવી કાંઇ સ્વાર્થ સાધવા માટે નથી, કે દુનિયાનાં સુખ મેળવવા માટે નથી, કે કાંઈ કોઇ જાતનો સંબંધ વધારવા માટે નથી કે જેને લઈ અમુક સાથે મિત્રતા કરવી અને અમુક સાથે તો ન કરવી.

નાતજાતના, દેશકાળના, ધર્મવિધર્મના. ઊંચાનીચાના, નાનામોટાના, કાંઇ પણ તફાવત રાખ્યા વિના સર્વ જીવો ઉપર મિત્રભાવના રાખવી. તેથી પહેલો ફાયદો તો આપણને એ જ થાય છે કે કોઇ જીવો સાથે વૈરવિરોધ રહેતો નથી. બીજા જીવોને હલકા માની તેમના તરફ અપ્રીતિ કે અભાવની લાગણી રહેતી હતી તે નાબૂદ થાય છે. સામાને મિત્રરૂપ માન્યો કે મન તેને પોતાના સમાનપણે જોવાનો પ્રયત્ન કરશે. તેટલું મન ઉચ્ચ બનશે. મન હવે કોઇ પણ જીવને જોઈ સમાન ભાવનો આકાર ધારણ કરશે. એટલે તે મનમાં જે હલકાપણાનો દુર્ગુણ હતો તે ચાલ્યો જશે. વારંવાર હૃદય શાંતિ મેળવશે, મનની મલિનતા ચાલી જઈ પવિત્રતા વધશે, આત્મસ્વરૂપ પ્રાપ્ત થવાની યોગ્યતા વધશે. માટે દુનિયાના દરેક પ્રસંગમાં જાગૃત રહી, સર્વ જીવો તરફ મૈત્રીભાવના રાખવી. આથી પવિત્ર થયેલા હૃદયમાં ધર્મધ્યાન સ્થિરતા પામશે.

## બીજી કરુણા ભાવના

वध बंधनरुद्धेषु निस्त्रिंशैः पीडितेषु च ।
जीवितं याचमानेषु दयाधीः करुणा मता ॥१०९॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દય જીવો વડે વધ કરાતા કે બંધન માટે રોકેલા કે પિડા અપાતા તથા પોતાના જીવિતના રક્ષણ માટે યાચના કરતા, જીવોને વિષે જે દયાની બુદ્ધિ કરવી તેને કરુણા માનેલી (કહેલી) છે.

**ભાવાર્થ**—દુઃખી જીવોને દેખી તેમના તરફ દયાની લાગણી કરી તેમને બચાવવા કે મદદ આપવા માટે પોતાથી બનતો પ્રયત્ન કરવો તે કરુણા કહેવાય છે. આત્મસ્વરૂપનું ભાન ભૂલેલા અને તે માટે જ કર્માધીન-રાગ દ્વેષાધીન, થયેલા જીવો આ દુનિયામાં વિવિધ પ્રકારની વિપત્તિઓ પામે છે. છતાં દયાળુ કે કોમળ હૃદયનાં મનુષ્યોએ તેમની ઉપેક્ષા ન કરતાં તેમને યથાશક્તિ મદદ આપવી. કર્મનાં ફળો જીવો ભોગવ્યા સિવાય રહેવાના નથી, ગમે તે પ્રયોગે તે પોતાના કર્મનો બદલો મેળવવાના જ છે. વહેલા કે મોડા, હમણાં કે પછી કર્માનુસાર તેઓ ફળ મેળવશે જ. તોપણ જેઓ આવા કિલષ્ટ કર્મવિપાકથી વેગળા છે તેઓએ તો તેમની દયા લાવવી જ જોઇએ. જો તેમ કરવામાં ન આવે, છતી શક્તિએ તેમની ઉપેક્ષા કરવામાં આવે; નિર્દય જીવો પીડા આપે, કદર્થના કરે, વધ કરે, બંધન કરે અને તે દુઃખી થનાર જીવ પોતાનું જીવન બચાવવા માટે પ્રાર્થના કરે, આજીજી કરે, છતાં પણ તેના તરફ છતી શક્તિએ ધ્યાન આપવામાં ન આવે તો તે માણસના મનમાં નિર્દયતા, કઠોરતા કે નિધ્વંસ પરિણામતા આવવાની જ. આવી નિષ્ઠુર આત્મપ્રાપ્તિથી કે ધર્મધ્યાનની પ્રાપ્તિથી મનુષ્યને વિશેષ દૂર ખેંચી જાય છે. ધર્મધ્યાનને લાયક જીવોના હૃદયો ઘણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમળ અને દયાર્દ્ર હોય છે. તેઓ કોઇનાં દુઃખો દેખી ઉપેક્ષા કરી શકતા નથી. પણ બનતા પ્રયત્ને તેમને મદદ આપે છે. જ્યાં પોતાનો ઉપાય ચાલે તેવું ન હોય ત્યાં તેમણે લાચારી સાથે મૌન ધારણ કરવું જ પડે છે, છતાં તેના પરિણામો ઘણાં જ દયાળુ હોય છે. દુઃખી જીવોને દેખી તેમનાં નેત્રોમાંથી આંસુ ઝરે છે. આવી કોમળ લાગણીથી જ તેઓ ધર્મધ્યાનના અધિકારી થાય છે. પોતે અન્ય ઉપર કરુણા કરતા હોવાથી જ તેઓ પણ મહાન પુરુષોના કરુણાપાત્ર બની, આત્મસ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. આપ્યા વિના પ્રાપ્તિ કેવી રીતે થાય? આપો અને લો. આ ન્યાય સર્વને લાગુ પડે છે. અન્યની દયા કરશો તો અન્ય તમારાથી અધિક સ્થિતિવાળા મહાત્માઓ તમારી ઉપર દયા કરશે.

દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારની કરુણા છે. દ્રવ્યકરુણા–ધનથી, ધાન્યથી, શરીરથી, વિયોગથી કોઇ પણ દુઃખી હોય તેને તે તે જાતની મદદ કરો ભૂખ્યાને આપો, તરસ્યાને પાઓ; રોગીને દવા આપો, વિયોગીને ધીરજ–દિલાસો આપો.

ભાવથી કરુણા અજ્ઞાન દશાવાળાને જાગૃત કરી જ્ઞાન આપો. અજ્ઞાન હઠાવવા માટે ધાર્મિક સત્ય તત્ત્વનો બોધ આપવો. આત્મસ્વરૂપ પ્રાપ્તિનો માર્ગ બતાવવો તે ભાવકરુણા છે. મતલબ કે જેવી જાતની કરુણા કરવાની પોતાની શક્તિ હોય તેવી જાતની કરુણા કરી, અન્યને મદદ આપી, પોતે આનંદિત થવું તે કરુણાભાવનાથી જીવો ઉપર દ્વેષ અટકે છે અને અંતઃકરણ પવિત્ર થાય છે. આ નિમિત્તે પોતાની આત્મશક્તિ બહાર આવે છે, પોતાની આર્થિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપત્તિ, શારીરિક બળ, મનોબળ, વચનબળ, જ્ઞાનબળ જાહેર હિમ્મત, ઇત્યાદિ શક્તિઓને વિકાસ પામવાનો વખત મળે છે. મળેલી શક્તિઓનો ઉપયોગ કરવાનું સાધન-પાત્ર આપણને મળી આવે છે અને કરાયેલા પરોપકાર દ્વારા અંતઃકરણ પવિત્ર થાય છે. વળી સામા પાત્રોને જેટલા આપણે સુધારીએ છીએ તેટલા આપણે સુધરીએ છીએ અને તેના પ્રમાણમાં આપણને સુધારનાર મહાત્માઓનો સમાગમ થાય છે. આપણા હૃદયની પવિત્રતાનો પ્રમાણમાં આપણે સુધરી શકીએ છીએ, એટલે કરુણા કરવી તેમાં ખરી રીતે તપાસીએ તો આપણો જ પહેલો સ્વાર્થ છે.

## પ્રમોદભાવના

जिनधर्मजुषां ज्ञानचक्षुषां च तपस्विनाम् ।
निःकषायजिताक्षाणां गुणे मोदः प्रमोदता ॥११०॥

જિન ધર્મવાળા, જ્ઞાન ચક્ષુવાળા, તપશ્ચર્યા કરનારા, કષાય વિનાના, ઇંદ્રિયોનો જય કરનારાના ગુણોને વિષે આનંદ પામવો-તેની અનુમોદના કરવી તે પ્રમોદભાવના છે.

**ભાવાર્થ**—ગુણવાન જીવોના ગુણની અનુમોદના કરવી, તે ગુણોને લીધે તેઓના ઉપર પ્રેમભાવ ધારણ કરવો, ગુણનો પક્ષપાત રાખવો, અન્યમાં સદ્‌ગુણો જોઇને ખુશી થવું, લોકોની આગળ અન્યના ગુણોની તારીફ કરવી-પ્રશંસા કરવી, ઇત્યાદિને પ્રમોદભાવના કહે છે.

વિચાર કરતાં તમને માલૂમ પડશે કે કોઇમાં કોઇને કોઈ પણ ગુણ તો હોય છે જ. સર્વગુણી તો વીતરાગ દેવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે સિવાય પણ માણસ જાત કે જીવ જાત સર્વથા નિર્ગુણી જ હોય છે એમ તો ન જ કહી શકાય. ગમે તેવી વસ્તુમાંથી કે જીવોમાંથી ગુણ શોધનારને કાંઇને કાંઈ ગુણ મળ્યા સિવાય રહેતો નથી. પણ એટલે દરજ્જે તેની દૃષ્ટિ ખૂલવી જોઇએ. નિરંતરની ટેવથી તેવી દૃષ્ટિ સહજ થઇ જાય છે અને છેવટે ગમે તેવી અન્યને હલકી લાગતી બાબતોમાંથી પણ શીખવાનું મળે છે. પોતાને સુધારવાની કે સદ્‌ગુણી બનવાની ઇચ્છાવાળા મનુષ્યોએ આ દુનિયાને ગુરુ બનાવીને, કે શીખવાની શાળા સમજીને તેમાંથી દરેક ક્ષણે, દરેક પ્રસંગે સદ્‌ગુણ કે શિખામણ શોધતાં જ રહેવું. જે બોધ પુસ્તકોમાંથી નથી મળતો તે બોધ આ દુનિયામાંથી મળી શકે છે. મારું-તારું મૂકી દઈ દૃષ્ટિ બદલવી જોઇએ તો જ ગુણો મળે છે.

તેવી દૃષ્ટિ ન થાય ત્યાં સુધી અમુક મર્યાદા કે જે સદ્‌ગુણવાળા ધર્મગુરુઓ કે દેવાધિદેવ વગેરેમાં હોય છે. તેમાં રહેવું. પોતે જે સંપ્રદાયમાં રહેલો હોય છે, તે સંપ્રદાયના ધાર્મિક મનુષ્યો. ગુરુઓ, ઈત્યાદિના જ્ઞાનાદિ ગુણોની, ઉત્તમ જીવનની, તપશ્ચરણાદિની, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, જિતેન્દ્રિયતા, નિઃસ્પૃહતા પરોપકારિતા, આત્મપરાયણતા, ઈત્યાદિ સદ્‌ગુણો જેમાં હોય તેઓના ગુણો જોવાની ટેવ રાખવી, તેઓના ગુણોની પ્રશંસા કરવી, તેઓની ભક્તિ કરવી, તેમનું બહુમાન કરવું. તેઓના ગુણો દેખી રાજી થવું, અન્યની આગળ તેઓના ગુણો બોલવા વિગેરેથી પ્રમોદિત થવું. આ પ્રમોદભાવના છે.

ગુણ જોનાર માણસ સદ્‌ગુણી થાય છે, દોષ જોનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ દુર્ગુણી બને છે. કારણ કે એકની ભાવના ગુણ જોવાની છે, તેનું અંતઃકરણ ગુણોનું જ મનન કરે છે, ગુણોનું જ શોધન કરે છે અને તેની મજબૂત ભાવનાની અસર મન ઉપર દૃઢ થતાં તેમાં સદ્‌ગુણો જ નિવાસ કરીને રહે છે.

જે માણસ અન્યના દોષો શોધ્યા કરે છે, છિદ્રો તપાસ્યા કરે છે, તેની ભાવના દોષો જોવાની જ હોય છે, તેનું મન નિરંતર દોષો જ શોધ્યા કરે છે, દોષોનું જ મનન કરે છે અને દોષોના જ સંસ્કાર દૃઢ કરે છે, તે દોષમાત્ર થાય છે.

જે ભાવનામાં જેનું મન વાસિત થાય છે તેમાંથી તે જ ભાવનાની સુંગધ કે દુર્ગંધ નીકળવાની જ. માટે મનુષ્યોને ખરેખર યોગ્ય તો તે જ છે કે ગુણોની તપાસ રાખવી. ચાળણી જેવા ન થવું, પણ કીડીનું અનુકરણ કરવું. અનાજમાં કાંકરા હોય છે ત્યારે ચાળણીથી ચાળવામા આવે છે પોતે અનાજ નીચું ઊતરી જાય છે. છિદ્રો દ્વારા દાણા નીચે ઝરી જાય છે અને ચાળણીની અંદર તો કાંકરા જ રહે છે. આવી જ રીતે મનુષ્યો ગુણરૂપી અનાજને તો મૂકી દે છે અને દોષરૂપી કાંકરાઓ ગ્રહણ કરે છે, આનું પરિણામ એ આવે છે કે માણસના હાથમાં ચાળણીની માફક કાંકરા જ રહે છે, અને ગુણરૂપ અનાજ તો નીચે ફેંકી દેવાય છે.

કીડીનું અનુકરણ આ પ્રમાણે છે કે ગમે તેવી ઝીણી રેતી કે પથરીની અંદર અથવા ધૂળમાં, ખાંડ વેરવામાં આવી હોય તોપણ કીડીઓ ખાંડ વીણીને ખાઈ જાય છે અને કાંકરી, રેતી કે ધૂળને તેમ જ રહેવા દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જ પ્રમાણે ગુણગ્રાહી જીવો, પથરા, રેતી, કાંકરી કે ધૂળ સમાન દુર્ગુણોની ઉપેક્ષા કરી, સદ્‌ગુણરૂપી ખાંડ તેમાંથી પણ વીણી લે છે. તેવી ધૂળમાંથી પણ ખાંડ વીણી ખાતાં કીડીનું પેટ ભરાય છે અને તે તૃપ્ત બને છે. તેમ જ દુર્ગુણીમાંથી પણ સદ્‌ગુણને ચૂંટી લેનાર માણસ સદ્‌ગુણી બને છે અને શાંતિ અનુભવે છે.

આ પ્રમોદ ભાવનાથી આપણે સદ્‌ગુણી થઇએ છીએ. અંતઃકરણ ધર્મધ્યાન કે શુકલધ્યાનને લાયક બને છે. હૃદયમાંથી દ્વેષની લાગણીઓ ચાલી જાય છે. ઈર્ષ્યા કે દોષદષ્ટિ નાસી જાય છે. મન શાંતિ પામે છે, માટે દુનિયાના દરેક પ્રસંગમાં ગુણો જોવાની ટેવ વધારવી અને ગુણીઓનું બહુમાન કરવા સાથે પોતે સદ્‌ગુણી થવા પ્રયત્ન કરવો.

### મધ્યસ્થ ભાવના

देवगुर्वागमाचार निन्दकेष्वात्मसंसिषु ।
पापिष्ठेषु च माध्यस्थां सोपेक्षा च प्रकीर्तिता ॥१११॥

દેવની, ગુરુની, આગમની ( શાસ્ત્રની, સિદ્ધાંતની ) તથા આચારની નિંદા કરનાર અને પોતાની પ્રશંસા કરનાર પાપિષ્ઠ જીવોને વિષે ( રાગ કે દ્વેષ ન કરતાં ) મધ્યસ્થ રહેવું તેને ઉપેક્ષા કહેલી છે.

**ભાવાર્થ**—રાગદ્વેષની પરિણતિમાં ન પાડવા માટે આ ચોથી માધ્યસ્થ ભાવનાથી હૃદયને વાસિત કરવું. મધ્યસ્થ એટલે ઉપેક્ષા " તે જાણે અને તેનાં કર્મ જાણે " આપણે શું ? તેનાં કર્યાં તેને ભોગવવાં પડશે. આપણે નકામો તેને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેદ શા સારુ કરવો? આ ઉપેક્ષા કહેવાય છે. આ ઉપેક્ષાનો પ્રસંગ બે કારણે આવે છે, એક તો કોઈ માણસ ખરાબ વર્તન કરતો હોય દેવની, ગુરુની, આગમની કે આચાર-વિચારની કે તેવા કોઈ પણ કારણસર અન્યની નિંદા કરતો હોય, પોતાની પ્રશંસા–મોટાઈ ગાતો હોય ત્યારે લાગતા-વળગતા કે કોઈ દયાળુ લાગણીવાળાઓ તેને સમજાવે છે બોધ આપે છે શિખામણ આપે છે કે આ પ્રમાણે બોલાય નહિ, આ પ્રમાણે વર્તન કરાય નહિ, આથી તને નુકસાન થશે, કર્મબંધન થશે, લોકો માર મારશે, આથી દુર્ગતિમાં જવાય, વિગેરે શિખામણો આપ્યા છતાં પણ તે શિક્ષા માન્ય કરે નહિ, તેઓનું અપમાન કરે અને તે વર્તન સુધારે નહિ ત્યારે તેને શિક્ષાને યોગ્ય સમજી, હજી તેના શુભ ઉદયને વાર છે એમ ધારી અથવા કર્મની ગહન ગતિ છે, આપણે શું કરીએ, ઈત્યાદિ વિચારો કરી તેની ઉપેક્ષા કર-વામાં આવે. એટલે તેનાં કર્મ તેને ભોગવવાં પડશે, અત્યારે આપણું કહ્યું નહિ માને પણ તેના આ કર્તવ્યનો બદલો જ્યારે મળશે, એક વખત જ્યારે તે સારી રીતે હેરાન થશે ત્યારે તેની મેળે જ ઠેકાણે આવશે. ઋતુ વિના ઝાડ ફળતાં નથી તેમ તેનો વિપાક–ઉદય હજી થયો નથી, થશે ત્યારે ઠેકાણે આવશે, તેનું કર્તવ્ય તેને સમજાઈ જશે, એમ વિચાર કરી, મૈત્રી, કરુણા કે પ્રમોદ ત્રણમાંથી એકને લાયક તે ન જણાય ત્યારે આ ચોથી ભાવનાનો પ્રયોગ કરવામાં આવે છે. તેમાં પણ બન્નેને ફાયદો છે. કારણ તેને સુધરવાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજી વધારે વખતની જરૂર છે તે પહેલાં તેને સમજાવતાં કે સારે રસ્તે દોરતાં ઊલટો તેને કંટાળો આવે છે એટલું જ નહીં, પણ ઊલટું ધર્મ ઉપર કે શિખામણ આપનાર ઉપર તેને દ્વેષ થાય છે. આ દ્વેષની લાગણી ઉત્પન્ન કરાવી તેને વધારે પાછો હડસેલવો, વધારે અધોગતિમાં જાય તેવી સ્થિતિમાં લાવી મૂકવો તેના કરતાં તો તેની ઉપેક્ષા કરવી તે જ અત્યારે તેના માટે લાભકર્તા છે.

શિખામણ કે ઉપદેશ આપનારાએ પણ પોતાના ભલા માટે તેની ઉપેક્ષા કરવી તે યોગ્ય છે. કારણ જ્યારે ઘણી શિખામણો આપતાં, ઘણી વાર સમજાવવાં છતાં અને તે પણ તેના ભલા માટે જ આપણા જ્ઞાન, ધ્યાન, અને વખતનો ભોગ આપી તેને સુધારવા પ્રયત્ન કરવા છતાં પણ જ્યારે તે માનતો નથી, સુધરતો નથી, કે સમજતો નથી ત્યારે તે ઉપદેશકને કે શિક્ષકને ક્રોધ ચડે છે; ગુસ્સો આવે છે, કંટાળો વધે છે. કંટાળાથી નારાજ થઇ ફરી અન્યને શિક્ષા દેવાનું બંધ કરે તો અન્યાય કે અનર્થ થાય છે. એકને દોષે સર્વને સરખા ગણવા તે અયોગ્ય ગણાય. જો તેના ઉપર દ્વેષ કરે તો પોતાને ધર્મ કરતાં ધાડ આવી તે ન્યાયે નવીન કર્મબંધ થાય છે અને પરિભ્રમણમાં વધારો થાય છે એમ જાણી તેવા પ્રસંગે તેવાઓની ઉપેક્ષા કરવી તે યોગ્ય છે.

જેમ આ ઉપેક્ષા કરવાનું કારણ બન્નેને દ્વેષ થતો અટકાવવાનું છે તેમ જ ઉપેક્ષા કરવાનું બીજું કારણ રાગને અટકાવવા માટેનું છે. સંસારની મલિન વાસનાને-ઇચ્છાઓને વધારે પોષણ મળે, દબાઈ ગયેલી કામાદિ વાસનાઓને ઉત્તે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન મળે તે માટે અમુક સંયોગોમાં તેવા રાગના કારણભૂત મનુષ્યોની ઉપેક્ષા કરવી પડે છે. મનુષ્યોના એકબીજા સાથે દેખીતા સ્વાર્થ રહેલા હોવાથી આ ઉપેક્ષાથી અમુક મનુષ્યને ઓછું આવે છે. દુઃખ લાગે છે. તથાપિ ભાવિ પરિણામ બન્નેના લાભમાં આવવાનું હોય તો આ ઉપેક્ષા કરવી તે પણ યોગ્ય છે. આ ઉપેક્ષા કરવાનોપ્રસંગ ત્યારે જ અમલમાં મૂકવાનો છે કે સામા મનુષ્યને સુધારી શકવાનું પોતામાં બળ ન હોય અને તેને સુધારવા જતાં પોતાને અભિમાન કે રાગદ્વેષની પરિણતિ થવાનો સંભવ હોય, વળી ઉપરની ત્રણ ભાવનાઓમાંથી એક પણ લાગુ થતી ન હોય તો પછી ચોથી ભાવના અમલમાં મૂકવી. આ મધ્યસ્થ ભાવનાથી રાગ-દ્વેષનાં કારણો ઓછાં થઇ જાય છે.

આત્મસ્વરૂપમાં આગળ વધેલા કે વધવાને પ્રયત્ન કરતાં મનુષ્યોએ આ ભાવનાના બળથી મલિન-સ્વાર્થી વાસનાઓને એકદમ નાશ કરવા માટે સર્વ ઇચ્છાઓની ઉપેક્ષા કરવી પ્રારબ્ધયોગે જે પ્રાપ્ત થાય તેમાં મધ્યસ્થપણું રાખી-રાગ-દ્વેષ વિના તેનો ઉપભોગ કરી, નહિ થાપ કે નહિ ઉથાપ તેવી રીતે સમભાવમાં રહેવાનો પ્રયત્ન રાખવો. આ સર્વ જાતની ઉપેક્ષામાં આત્મસ્વરૂપ પ્રગટ થાય છે, કેમ કે જ્યાં સુધી સારી કે ખોટી લાગણીઓ છે ત્યાં સુધી શુભ કે અશુભ બંધન છે. તે સર્વ લાગણીઓની ઉપેક્ષા કરવી. તે આત્મ-સ્વરૂપમાં રહેવા-સ્થિરતા કરવા બરોબર છે તેમ જાણી જે અવસરે જે જાતની ઉપેક્ષા-મધ્યસ્થતા ઉપયોગી જણાય તે અવસરે તે જાતની મધ્યસ્થતાનો આશ્રય કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઠેકાણે એટલી વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે ગૃહસ્થે ગૃહસ્થને લાયક ઉપેક્ષા કરવી અને ત્યાગીઓએ ત્યાગપણાને લાયકની ઉપેક્ષા કરવી. તે સિવાય વિપરીત ઉપેક્ષા કરવામાં આવતાં અનર્થ થવાનો સંભવ છે, જેમ કે ગૃહસ્થના ઘરમાં કોઈએ પ્રવેશ કર્યો છે સાધુની માફક ઉપેક્ષા કરશે તો તેનો દુનિયામાંથી–વ્યવહારમાંથી નાશ થશે.

વળી ઘરની સ્ત્રી, પુત્ર, પુત્રી કે પુત્રવધૂ આદિ કોઈ અવળે રસ્તે ચાલતાં હોય તો તેમને શિખામણ આપવામાં તે શિક્ષા કરવામાં ઉપેક્ષા કરવામાં આવે તો અવશ્ય તેઓને ઉન્માર્ગે ચડાવવામાં ઊલટો ઘરનો માલિક મદદગાર કે કારણભૂત થાય છે.

તેવી ઉપેક્ષાથી ગૃહસ્થાશ્રમનો અને પોતાની ફરજોનો નાશ થાય છે. સાથે ધર્મનો પણ નાશ થાય. આ ઠેકાણે તેઓને સન્માર્ગે ચલાવવા માટે સારી શિખામણો આપવી તે છતાં ન માને તો કઠિન શિક્ષા પણ કરવી,

આવી જ રીતે ધર્મની, દેવની કે ગુરુની નિંદા કરનાર આશાતના કરનારની પણ ઉપેક્ષા ન કરવી. તેની આવી ઉપેક્ષાનો લાભ લઈ એક વખત એવો પણ આવી લાગશે કે તે ધર્મનો દુનિયામાંથી નાશ થશે. માટે જ કહેવામાં આવ્યું છે કે પોતાની ભૂમિકાને ઓળખી, જ્યાં જેવી અને જેટલી જરૂરિયાત હોય, ત્યાં તેવી અને તેટલી ઉપેક્ષા કરવી અને જ્યાં તે માટે બીજા પ્રતીકાર ઉપાય કરવા યોગ્ય હોય ત્યાં તેવા ઉપાયો યોજવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાઓની જરૂરિયાત વિષે ગ્રંથાંતરમાં કહ્યું છે કે

पुव्वकयब्भासो भावणाहिं झाणस्स जग्गयमुवेइ ।
ताओ य नाणदंसणचरित्तवेरग्गजणियाओ ॥ १ ॥

ધ્યાન કર્યા પહેલાં આ ભાવનાઓનો આદર કરવારૂપ અભ્યાસ કરવો; તેથી આ ધર્મધ્યાન અને શુક્લધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. તે ભાવનાઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્યરૂપ છે. તેથી તે જ્ઞાનાદિની ઉત્પત્તિ–પ્રાપ્તિ થાય છે.

જ્ઞાનાદિ ચાર ભાવનાનું સ્વરૂપ પહેલા કહેવાઈ ગયું છે તથાપિ આ પ્રસંગે ફરી તેને યાદ કરવામાં આવી છે તો તેનું સ્વરૂપ ગ્રંથાંતરથી સંક્ષેપમાં બતાવે છે.

## જ્ઞાનભાવના

नाणे निच्चब्भासो कुणइ मणोधारणं विशुद्धं च ।
नाणगुणमुणियसारो झ्झाइज्जसु निच्चलमईओ ॥ २ ॥

શ્રુત જ્ઞાનનો નિરંતર અભ્યાસ કરવો, તે અભ્યાસ અંતઃકરણના અશુભ વ્યાપારનો નિરોધ કરી, ચિત્તને શુદ્ધ બનાવે છે. જ્ઞાન ગુણ વડે કરીને, જીવાજીવ આદિ વિશ્વના તત્ત્વનો કે પોતાના કર્તવ્યનો સાર જાણીને, પરમાર્થને સમજીને, બુદ્ધિને નિશ્ચલ કરી જ્ઞાનથી અન્ય રીતે પ્રવૃત્તિ ન થાય તેવી રીતે બુદ્ધિને નિશ્ચળ કરી, પછી ધ્યાન કરે–આત્માદિનું ચિંતન કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દર્શનભાવના

**संकाइसल्लरहिओ पसमथिज्जाइगुणगणोवेउ ।**
**होइ असंमूढमणो दंसणसुद्धिए झ्झाणंमि ॥ ३ ॥**

આત્માના અસ્તિત્વ-નિત્યત્વાદિમાં શંકાદિક શલ્યરહિત શમ, સંમવેગ, નિર્વેદ અનુકંપા, આસ્તિકયાદિ તેમ જ સ્થિરતાદિ ગુણોના સમૂહયુક્ત એવો મનુષ્ય દર્શનશુદ્ધિ વડે કરી ધ્યાનને વિષે ભ્રાંતિ વિનાના મનવાળો થાય છે.

## ચારિત્રભાવના

**नवकम्माणायाणं पोराणविनिज्जरं सुभायाणं ।**
**चारित्तभावणाए झ्झाणमयत्तेणय समेइ ॥ ४ ॥**

ચારિત્રભાવના વડે કરી નવીન કર્મનું ગ્રહણ થતું નથી. પુર્વનાં કર્મોની વિશેષ પ્રકારે નિર્જરા થાય છે, તથા શાતા-વેદનીવાળા શુભ પુણ્યનું ગ્રહણ થાય છે અને વિનાપ્રયત્ને ધ્યાનની પ્રાપ્તિ થાય છે. (સર્વ સાવદ્ય-પાપવાળા-મનવચન કાયાદિ યોગોની નિવૃત્તિરૂપ ક્રિયાને ચારિત્ર કહે છે. તેનો અભ્યાસ કરવો તે ચારિત્રભાવના છે.)

## વૈરાગ્યભાવના

**सुविइयजगस्सहावो निःसंगो निभ्भओ निरासो य ।**
**वेरग्गभावियमणो झ्झाणंमि सुनिच्चलो होइ ॥ ५ ॥**

સારી રીતે જગતના (જન્મ, મરણ, સંયોગ, વિયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિ રૂપ) સ્વભાવને જાણનાર વિષય સ્નેહાદિ સંગરહિત, આલોક પરલોકાદિ સાત ભયથી રહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ભય અને આ લોક કે પરલોકના સુખની આશંસા–ઇચ્છા વિનાનો–આવા પ્રકારનું વર્તન કરનાર જીવ, ચારિત્ર વડે ભાવિત–વાસિત મનવાળો કહેવાય છે. તે જીવધ્યાનને વિષે નિશ્ચલ હોય છે.

## ભાવનાનો ઉપસંહાર

भावनास्वासु संलीनं विधायाध्यात्मिकं स्थिरम् ।
कर्मपुद्गलजीवानां स्वरूपं च चिंतयेत् ॥ ११२ ॥
नित्यमाभिर्यदा विश्वं भावयत्यखिलं मुनिः ।
विश्वौदासीन्यमापन्नश्चरत्यत्रैव मुक्तवत् ॥ ११३ ॥

આ ભાવનાઓને વિષે મનને લીન કરી–વાસિત કરી આત્મભાવમાં મન સ્થિર થાય તેમ કરવું. તે માટે કર્મ, પુદ્ગલ અને જીવના સ્વરૂપનું ચિંતન કરવું–વિચાર કરવો. મુનિ જ્યારે આ ભાવનાઓ વડે આખા વિશ્વને ભાવિત કરે છે, આખા વિશ્વનો વિચાર કરે છે, આખા વિશ્વના સંબંધમાં સત્ય વસ્તુનો મનમાં દૃઢ નિશ્ચય કરે છે ત્યારે આ વિશ્વ ઉપર તેને ઉદાસીનતા પ્રાપ્ત થાય છે. અને તે સર્વ પદાર્થ ઉપરની ઉદાસીનતાને યોગે (કોઈ પણ પદાર્થ ઉપર રાગદ્વેષ રહેતો નથી ત્યારે) અહીં જ–આ જન્મમાં જ મુક્ત થયેલા જીવોની માફક વિચરે છે અર્થાત્ પછી તેને કોઇ પણ જાતનો પ્રતિબંધ કે લેપાવવાપણું થતું નથી.

## ધ્યાનની સિદ્ધિ કેવા સ્થળે થાય છે?

सिद्धतीर्थादिके क्षेत्रे शुभस्थाने निरंजने ।
मनःप्रीतिप्रदे देशे ध्यानसिद्धिर्भवेन्मुनेः ॥ ११४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સ્થળે જીવો સિદ્ધ દશા પામેલા હોય તેવા તીર્થ આદિક ક્ષેત્રમાં, સારા સ્થાનોમાં, મનુષ્યોની વસ્તી વિનાનાં સ્થાનોમાં અથવા મનને પ્રીતિ આપવાવાળા પ્રદેશોમાં મુનિઓને ધ્યાનની સિદ્ધિ થાય છે.

**ભાવાર્થ**—મનને આત્મામાં લીન કરી દેવાની કે આત્મામાં ગાળી દેવાની મજબૂત અભ્યાસ કે ટેવ પાડવામાં નથી આવી ત્યાં સુધી મન વારંવાર નિમિત્તોને પામી તેવા આકારે પરિણામ પામે છે. ધ્યાન વખતે આજુબાજુના હલકા સંયોગોને લઇ નિમિત્તોને પામી મન ધ્યાનને મૂકી દઈ બીજા ભાવમાં પરિણામ ન પામે તે માટે સ્થાન સારૂં હોવાની જરૂરિયાત છે. આજુબાજુનું વાતાવરણ જેમ ઊંચા વિચારનું અને પવિત્ર હોય તેમ મન જલ્દી શાંત થાય છે. સારા અને નઠારા વાતાવરણની પણ અસર મન ઉપર થયા સિવાય રહેતી નથી. તે માટે ઉત્તમ સ્થાનની ધ્યાન માટે જરૂરિયાત છે.

વાતાવરણ બે પ્રકારે બંધાય છે. એક અન્ય મનુષ્યાદિના વિચારો તથા જે સ્થાને તેઓ લાંબો વખત રહી જે પ્રવૃત્તિ કરે છે તેથી બંધાય છે, તથા બીજું પોતાના વિચારોને લઇને બંધાય છે.

પ્રથમ વાતાવરણ આ પ્રમાણે છે કે અમુક સ્થળે બેસી પોતાના જીવન સંબંધી કે પ્રવૃત્તિ-નિવૃત્તિ સંબંધી અનેક વિચારો તેઓ કરે અને પછી તેઓ ત્યાં ચાલ્યા જાય. આ વાતાવરણ ઘણા થોડા વખત સુધી ટકી રહે છે, કારણ કે તેમણે અહીં જે વિચારો કર્યા છે, વચનથી તેઓ જે કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલ્યા છે અને શરીર દ્વારા જે વર્તન કર્યું છે તે થોડા વખત માટેનું છે. છતાં તેટલા વખતમાં પણ તેમના મન દ્વારા, વચન દ્વારા અને શરીર દ્વારા જે અણુઓની આપ-લે ત્યાં થઈ છે, એટલે બહારથી જે અણુઓ, (અહીં અણુ શબ્દથી તે તે વર્ગણાને લાયક પુદ્ગલ સ્કંધો લેવા મૂકવાનું સમજવું) તેમણે ગ્રહણ કર્યા છે અને મન, વચન અને શરીરની પ્રવૃત્તિ દ્વારા જે પુદ્ગલો મૂક્યાં છે તે પોતાના વિચારપણે પરિણમાવીને, વચનપણે પરિણમાવીને અને શરીરનો સંબંધ કરાવીને મૂકી દીધાં છે તે અણુઓ તે મૂકનારના બળ પ્રમાણે અને તેના મજબૂત જથ્થાના પ્રમાણમાં ત્યાં ટકી રહે છે. તેનું વાતાવરણ બંધાય છે.

તે સ્થળે જે મનુષ્યાદિ લાંબા કાળ સુધી રહેલ છે તેના મન, વચન, શરીરની પ્રવૃત્તિ, નિવૃત્તિ-પછી તે શુભ હોય કે અશુભ હોય તેના પ્રમાણમાં તેનું વાતાવરણ બંધાય છે અને તે વાતાવરણની થોડીઘણી અસર ત્યાં બેસનાર કે આવનારના મન ઉપર થયા સિવાય રહેતી નથી. દાખલા તરીકે એક વેશ્યાના ઘરનું વાતાવરણ ને એક ધર્મસ્થાનનું વાતાવરણ લો. વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યા પછીના અને તે પહેલાના તમારા વિચારોને તપાસી જોશો તો અવશ્ય તેમાં કાંઈ ફેરફાર થયેલો તમને માલૂમ પડશે. આવી જ રીતે જે ધર્મસ્થાનમાં તમે પ્રવેશ કર્યો છે તે પછીના અને તે પહેલાંના તમારા વિચારોને તપાસી જોશો તો જરૂર તેમાં આગળના વિચારોમાં ફેરફાર થયેલો માલૂમ પડશે.

પોતાના વિચારોથી જે વાતાવરણ બંધાય છે. તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અસર પોતાના ઉપર થયા સિવાય રહેતી નથી. તેમ તમે એક જ સ્થળે બેસીને નિરંતર જે વખતે પરમાત્માનું ધ્યાન કરતા હશો તે સ્થળે જ્યારે જ્યારે આવશો-બેસશો ત્યારે ત્યારે તમારા વિચાર પર ત્યાંના વાતાવરણની અસર થયા કરશે. એટલો વિશેષ છે કે તે સ્થળે લાંબા કાળ સુધી સારા કે નઠારા જે વિચારો કર્યા હશે તથા સારા કે માઠા બનાવો અનુભવ્યા હશે તે સ્થળને જોતાં જ પૂર્વના સંસ્કારો સ્ફુરી આવીને તમારા વિચારોમાં એકદમ સુધારો કે બગાડો, હર્ષ કે ખેદ, શાંતિ કે ક્લેશ ઉત્પન્ન કર્યા સિવાય નહિ રહે છતાં આ વાતાવરણ તમે જાણી જોઇને બાંધ્યું નથી, એ તો સ્વાભાવિક તમારા વિચારાદિ ક્રિયા-અનુષ્ઠાનથી બંધાયેલું છે. પણ જે વાતાવરણ બંધાયેલું છે તેમાં ફેરફાર કરી નાખી, જૂના વાતવરણોને વિખેરી નાખી નવું વાતાવરણ તે જ સ્થળે બાંધવું તે બળ કે શક્તિ પણ મનુષ્યના હાથમાં છે. અને તેમ કરી પોતાના જીવનને ઉચ્ચ ભૂમિકામાં લાવી શકાય છે. દાખલા તરીકે જે સ્થળે મલિન વાતાવરણ બંધાયેલું છે એમ પોતાને જણાય અથવા અનુમાન કરી શકાય કે આ સ્થળે અમુક વિચારના મનુષ્યો રહેતા હતા તેથી વાતાવરણ મધ્યમ કે અધમ હોવું જોઇએ, અને ત્યાં બેસવાની જરૂર જણાય તો તે સ્થળે ઘણા જ લાંબા સ્વરે ૐકારનો ધ્વનિ અનેકવાર કરવો. અને તે એટલી બધી પ્રબળ ભાવનાથી-લાગણીથી કરવો કે આ ૐકારના ધ્વનિથી મલિન વાતાવરણને હું શુદ્ધ કરી દઉં છું, તો જરૂર તેમાં ફેરફાર થશે. આ વખતે આત્મજાગૃતિ પ્રબળ રાખવી કે જેથી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારાંતરોની અસર પોતાના ઉપર થવા ન પામે.

બીજી રીતે પોતાના અંતરનું વાતાવરણ સુધારવું. બહારનું વાતાવરણ ગમે તેવું હોય તથાપિ અંતરનું વાતાવરણ જેનું પવિત્ર હોય છે તેને બહારનું વાતાવરણ જરા પણ અસર કરી શકતું નથી. ખરી રીતે તો અંતરના વાતાવરણને સુધારવાની જરૂર છે. જેનું અંતરનું વાતાવરણ મજબૂત નથી તેને બહારના વાતાવરણની શુદ્ધતાની જરૂર છે, કારણકે તે અભ્યાસી છે, નવીન છે.

અંતરનું વાતાવરણ સુધારવાનો હેતુ એ છે કે મન ઉપર જે અસર થાય છે તે પોતાની માન્યતાની જ વધારે અસર થાય છે. એટલે હું શુદ્ધ આત્મા છું, અનંતશક્તિમાન છું, કર્મ મને નુકશાન કરી શકે તેમ જ નથી, કારણ કે કર્મને જાણવાનું કે બનાવવાનું પણ બળ મારામાં છે, તેને વિખેરી નાખવાની સત્તા મારામાં છે. તેના દરેક સ્વભાવને જાણવાનું બળ મારામાં છે, હું હોઇને જ તે કર્મની હયાતી છે મારા સિવાય તેની હયાતી જ નથી, મારા આધારે જ તે કર્મો ટકી શકે છે (રહે છે) ઈત્યાદિ પ્રબળતાના વિચારો મજબૂતી પામ્યા હોય તો બાહ્ય વાતાવરણ અસર કરી શકતું નથી.

ત્રીજી રીતે બહારનું વાતાવરણ શુદ્ધ રાખવું એટલે પોતાથી ભિન્ન જે જે જીવો દેખાય છે તેમની શુદ્ધ સત્તા સામી દૃષ્ટિ આપવી કે જે સન્મુખ દેખાય છે તે સર્વે શુદ્ધ આત્માઓ છે, કર્મની ઉપાધિને લઈને બધા વિવિધ પ્રકારના દેખાવ આપે છે, પણ તાત્ત્વિક રીતે સર્વે આત્મસ્વરૂપ છે તો જેમ તે આત્મસ્વરૂપ છે, તેમ હું પણ આત્મસ્વરૂપ છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેમના સંબંધમાં મને કાંઈ વિચાર કરવાનું રહેતું જ નથી નાના–મોટા, સારા–નઠારા વગેરે કહેવાપણું રહેતું જ નથી. તે સર્વ વાતો તો કર્મની વિવિધતામાં છે. તેને લઈને જ છે, પણ આત્મ દૃષ્ટિથી સત્ય સ્વરૂપે તપાસતાં તો સર્વ સરખા છે. તો કોના ઉપર રાગ કે દ્વેષ કરવો, હર્ષ કે શોક કરવો. ઈત્યાદિ વિચારો દ્વારા, બહારના વાતાવરણને ઉત્પન્ન કરનાર જીવોને જ શુદ્ધ માનવામાં આવે તો તેમના નિમિત્તે જે રાગદ્વેષ, હર્ષશોક કે વિચારો ઊઠે છે તે ઊઠતા બંધ થાય અને આપણું ધ્યાન કે વર્તન શુદ્ધ થાય, રાગ–દ્વેષ વિનાનું બને અને તેમ બને તો સંવર થાય, નવીન બંધ અટકે, આત્મબળ વધે, કર્મ નિર્જરા પામે, ધ્યાનમાં પણ આ જ કરવાનું છે. વાતાવરણ સુધારવાનો હેતુ પણ આ જ છે. માટે ધ્યાનનું સ્થળ બાહ્ય અને અંતરથી બન્ને રીતે ઉત્તમ રાખવું જોઈએ.

જે સ્થળે અનેક મહાપુરુષો તીર્થંકરાદિ કે સામાન્ય કેવળીપ્રમુખ સિદ્ધ દશાને પ્રાપ્ત થયા હોય તેવું સ્થાન ધ્યાનને માટે વધારે પસંદ કરવા યોગ્ય છે, કેમ તે સ્થળે તેવા જ ઉત્તમ વિચારોનું સ્ફુરણ સહજ વિચાર કરતાં જ થવા વધારે સંભવ છે. અહા! આ સ્થળે ભગવાન મહાવીર દેવે ધ્યાન કર્યું હતું! આ સ્થળે કાયોત્સર્ગ મુદ્રામાં અમુક વખત રહ્યા હતા! આ સ્થળે પરમ શાંતિ અનુભવી હતી! આ સ્થળે કેવળજ્ઞાન પામ્યા હતા! આ સ્થળે નિર્વાણ પામ્યા છે! વગેરે વિચારો આવતાં ધ્યાન કરનારના ઉત્સાહમાં કોઈ અલૌકિક વધારો થાય છે. ધ્યાન માટે તીર્થસ્થાનો વધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસંદ કરવા યોગ્ય છે. છતાં પણ આજકાલ જ્યાં ત્યાં ઉપર ઉપરની બાહ્ય ધમાલ વધી પડી હોય તેવાં તીર્થસ્થાનો તો ઊલટાં નિવૃત્તિને બદલે પ્રવૃત્તિ વધારનારાં થઈ પડે છે, માટે કાંઈક નિવૃત્તિવાળાં તીર્થસ્થાન હોય ત્યાં ધ્યાનની સિદ્ધિ ઘણી વહેલી થાય છે.

અથવા કોઈ સારાં સ્થાનો કે જ્યાં અનેક મુનિઓ અત્યારે પણ ધ્યાન કરી રહેલા હોય તેમના ઉત્તમ વિચારોના વાતાવરણથી તે સ્થાન અને આજુબાજુનો પ્રદેશ શાંતિમય થઈ રહેલો હોય હિંસક કે ક્રૂરાચારી પશુઓ કે મનુષ્યો જ્યાં થોડા હોય કે સર્વથા ન જ હોય તેવા શાંત અને મનુષ્યોના અભાવવાળા નિર્જનપ્રદેશ વિચારવાળા પરમ વૈરાગ્યવાન જીવોને ધ્યાન કરવા માટે વધારે અનુકૂળ થઈ પડે છે.

અથવા જે સ્થાને બેસવાથી મનને પ્રીતિ ઉત્પન્ન થાય, વૃક્ષોની ઘટાઓથી જે સ્થાન આનંદ આપતું હોય, આજુબાજુનો પ્રદેશ નાની નાની ટેકરીઓવાળો હોય તેના ઉપર વિવિધ પ્રકારની હરી વનસ્પતિ ઊગી નીકળી હોય, પાણીના ઝરણો ખળખળાટ કરતા વહન થઈ રહ્યાં હોય, પક્ષીઓ કલરવ કરી રહ્યાં હોય, સુંદર અને સ્વચ્છ શિલાપટો આવી રહેલાં હોય, દેખીતી રીતે સ્થાન સર્વથી ઊંચું હોય, ડાંસ, મચ્છરાદિનો ઉપદ્રવ ન હોય અને જ્યાં કુદરતી દેખાવો જ મનને આહ્લાદ ઉત્પન્ન કરનારા હોય તેવા શાંત, પવિત્ર, નિર્જન અને રળિયામણા પ્રદેશોમાં ધ્યાન કરવાથી મન ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી સારી અસર થાય છે. ઘણી સહેલાઈથી મન સ્થિરતા પકડે છે.

ધ્યાનને માટે કેવું સ્થાન જોઇએ તે માટે ધ્યાનશતકમાં કહ્યું છે કે :–

**निच्चं चिय जुवइपसुनपुंसगकुसीलवज्जियं ।**
**जइणो ठाणं विजणं भणियं विसेसओ झाणकालंमि ॥१॥**

નિરંતરને માટે સાધુઓનું સ્થાન–રહેવાનો મુકામ, સ્ત્રી, પશુ, નપુંસક અને કુશીલ દુરાચારીના સંગથી રહિત જ હોય છે. અને તે કારણથી તે સ્થાન ( સ્ત્રી આદિ મનવિક્ષેપના કારણના અભાવવાળું હોવાથી ) નિર્જન કહેલું છે. છતાં પણ ધ્યાન કરવાના વખતે તો વિશેષ પ્રકારે નિર્જન હોવું જોઇએ. જેનું મન આત્મભાવમાં પરિણમ્યું નથી તેવાઓને આવાં નિમિત્તો વચ્ચે ધ્યાનનું આરાધન કરવું તે અશક્ય જેવું છે. માટે તે નિર્જન પ્રદેશ શરૂઆતના અભ્યાસી માટે ધ્યાન સારુ હોવો જોઇએ.

**સ્થિર યોગવાળા માટે તેવા સ્થાનની ખાસ જરૂર નથી.**

**थिरकयजोगाणं पुण मुणीण झाणेसु निच्चलमणाणं ।**
**गामंमि जणाइन्ने सुन्ने रन्ने व न विसेसो ॥ २ ॥**

યોગોને સ્થિર કરવાના અભ્યાસ કરવાવાળા અને ધ્યાનને વિષે નિશ્ચલ મનવાળા મુનિઓને મનુષ્યોથી ભરેલા ગામમાં કે શૂન્ય અરણ્યમાં રહેવામાં કાંઈ વિશેષ નથી.

**ભાવાર્થ**—ધીરજ અને સંઘયણમાં બળવાન શરીરવાળા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનાદિ ભાવનાઓના વ્યાપારનો જેણે સારી રીતે અભ્યાસ કરેલો હોય તેવા વળી મહાસત્ત્વવાળા, સૂત્ર અર્થાદિના અનુભવવાળા અને તપશ્ચરણાદિમાં શરીરને સારી રીતે જેણે કસેલું હોય તેવા અભ્યાસવાળા તથા ધર્મધ્યાનને વિષે સારી રીતે નિઃપ્રકંપ નિશ્ચલ મનવાળા મુનિઓ, વસ્તીથી ભરેલા ગામમાં રહે અથવા નિર્જન પ્રદેશવાળા સૂના અરણ્યમાં જઈને રહે તો તે બન્ને તેઓને મન સરખું છે. મતલબ કે આટલી સ્થિતિ સુધી જેઓનું મન સ્વાધીન થયું છે, તેઓને ગામમાં રહેતાં પણ વિક્ષેપ થતો નથી અને અટવીમાં જઈને રહે તો પણ કાંઈ વિશેષ નથી. જેનું મન કાબૂમાં આવ્યું હોય તેને મન તો સર્વ સ્થાનો સરખાં જ છે.

### ત્યારે કેવા સ્થાને રહી ધ્યાન કરવું?

**तो जथ्थ समाहाणं होज्ज मणोवयणकाययोगाणं ।**
**भूउवरोहरहिओ सो देसो झ्झायमाणस्स ॥ १ ॥**

માટે જ્યાં જે સ્થળે ધ્યાન કરતાં મન, વચન, કાયાના યોગોનું સમાધાન રહે (તેમાં વિકૃતિ ઉત્પન્ન ન થાય) અને જે સ્થળે પૃથ્વી કાયાદિ જીવોને સંઘટન આદિ ઉપદ્રવ ન થાય તે દેશ (સ્થળ) ધ્યાન કરવાવાળાને યોગ્ય છે.

### ધ્યાન કરવાનો કાળ(વખત) એટલે ક્યારે ધ્યાન કરવું?

**यत्र काले समाधानं योगानां योगिनो भवेत् ।**
**ध्यानकालः स विज्ञेयो दिनादेर्नियमोऽस्ति नः ॥११५॥**

જે કાલને વિષે યોગીયોના મન, વચન, કાયાના યોગોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધાન હોય (યોગોનું સ્વસ્થપણું હોય વિક્ષેપ ન હોય) તે ધ્યાન કરવાનો કાળ જાણવો. દિવસાદિકનો નિયમ નથી.

**ભાવાર્થ**—ધ્યાન કરવાનો સમય અમુક જ હોય એટલે રાત્રિએ જ ધ્યાન કરવું, ત્રણ સંધ્યાના વખતમાં કરવું, દિવસે ન કરવું, ઈત્યાદિ કાંઈ નિયમ જ નથી. પણ જ્યારે શરીર સ્વસ્થ–સારું હોય, મનમાં કોઈ પણ જાતનો વિક્ષેપ કે ચિંતા ન હોય તેવા વખતે ધ્યાન કરવા બેસવું. પછી તે દિવસ હોય, કે રાત્રી હોય, પહેલો પહોર હોય કે છેલ્લો પહોર હોય.તેનો કાંઈ નિયમ જ નથી, મનમાં વિચાર થયો કે અત્યારે ધ્યાન કરું તો ઠીક, તો તરત જ ધ્યાન કરવા બેસી જવું. આથી એ નિર્ણય થાય છે કે જ્યારે મનમાં કાંઈક ચિંતા હોય કે વિક્ષેપના કારણો આવ્યાં હોય કે આવવાનાં હોય તે વખત ધ્યાન કરવાના નિષેધવાળો સમજવો બાકીના સર્વ વખતે ધ્યાન કરવું.

ધ્યાનશતકમાં કહ્યું છે કે :–

**कालो वि सोच्चिय जहिं जोगसमाहाणमुत्तम लहइ**
**न उ दिवसनिसावेलादिनियमणं झ्झाइओ गणियं ॥३॥**

ધ્યાનને લાયક પણ તે જ કાલ ઉચિત છે કે જે કાલમાં, મન, વચન, કાયાના યોગોનું ઉત્તમ સ્વસ્થપણું પામીએ; પણ દિવસ, રાત્રી, વેલા, મુહૂર્તાદિ, આદિ શબ્દથી આગલો પહોર, પાછલો પહોર, ઈત્યાદિનો નિયમ ધ્યાન કરવાવાળાને તીર્થંકર ગણધરાદિકોએ કહ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કેવા આસને બેસી ધ્યાન કરવું?

पद्मासनादिना येनासनेनैव सुखी भवेत् ।
ध्यानं तेनासनेन स्यात् ध्यानिनां ध्यानसिद्धये ॥११६॥

પદ્માસન આદિ હરકોઈ આસને બેસવા વડે સુખી થવાય ધ્યાની મનુષ્યોને ધ્યાનસિદ્ધિ માટે તે આસને બેસીને ધ્યાન થાય.

ભાવાર્થ—પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન આદિ આસનો ધ્યાન કરવામાં વધારે અનુકૂળ પડે છે, કેમ કે તેથી પવન સુખપૂર્વક વહન થાય છે. શરીર સીધું ટટ્ટાર રહે છે. શરીરને લાંબો વખત ધ્યાનમાં રોકતાં થાક લાગતો નથી. લોહીનું ફરવું, ગતિ નિયમિત થાય છે, તથાપિ જેને તે આસને બેસવું અનુકૂળ ન પડે તો તેણે ગમે તે આસને બેસવું. જે આસને બેસવાથી સુખપૂર્વક લાંબા વખત સુધી બેસી શકાય, શરીરને કે મનને ક્લેશ-ખેદ ન થાય, ધ્યાન-સિદ્ધિ માટે ધ્યાન કરવાવાળાને તે આસન જ યોગ્ય છે એટલે તે આસને બેસી ધ્યાન કરવું.

અન્ય સ્થળે કહ્યું છે—

ज च्चिय देहावथ्था जेण न झ्झाणोवरोहिणी होइ।
झाइज्जा तदवथ्थो ठिउ निसन्नो निविन्नो वा ॥१॥

सव्वासु वट्टमाणासु, मुणउ जं देसकालचेट्ठासु ।
वरकेवलाइलाभं पत्ता बहुसो समियपावा ॥ २ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तो देशकालचिट्ठा, नियमो झ्झाणस्स नत्थि समयंमि ।**
**जोगाण समाहाणं, जह होइ तहा पयत्तव्वं ॥ ३ ॥**

હરકોઈ બેસવા, ઊભા રહેવા આદિ, દેહની અવસ્થા, ચાલતા અનુષ્ટાનમાં-ધર્મધ્યાનમાં પીડાકારી ન થાય તે અવસ્થાએ (આસને) બેસીને, કાયોત્સર્ગ મુદ્રાએ ઊભા રહીને નીચા બેસીને, કે દંડાસને કે શવાસને સૂતાં સૂતાં પણ ધ્યાન કરવું.

આસનનો કાંઇ નિયમ નથી તેનું કારણ બતાવે છે. સર્વ દેશ, કાલ, અને આસનાદિ અવસ્થામાં વર્તતાં-રહેતાં, મુનિઓ ઉત્તમ કેવળજ્ઞાન આદિ, આદિ શબ્દથી અવધિ, મનઃપર્યવાદિ લાભોને પાપ રહિત થઇને-પાપને શમાવીને (કેવળજ્ઞાનને મૂકીને બાકીના ભાવો) અનેક વાર પામ્યા છે. આ જ કારણથી અમુક દેશમાં ધ્યાન કરવું. અમુક કાલમાં ધ્યાન કરવું, કે અમુક આસને બેસીને ધ્યાન કરવું ઈત્યાદિનો નિયમ આગમમાં જૈન સિદ્ધાંતમાં-નથી જે નિયમ છે તે એટલો છે કે મન, વચન, કાયાના યોગોનું સમાધાન-વિક્ષેપ રહિતપણું-જેમ જે પ્રકારે રહી શકે તે પ્રમાણે પ્રયત્ન કરવા.

**ધ્યાનમાં દિશાનો નિયમ બતાવે છે.**

**पूर्वाभिमुखो ध्यानी चोत्तराभिमुखोऽथवा ।**
**प्रसन्नवदनो धीरो ध्यानकाले प्रशस्यते ॥ ११७ ॥**

ધૈર્ય રાખી પ્રસન્ન મુખે ધ્યાન કરવાવાળાએ પૂર્વની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્મુખ કે ઉત્તર દિશા સન્મુખ ધ્યાન વેળાએ બેસવું તે વધારે સારૂં છે. છતાં આ પણ નિયમ ચોક્કસ નથી. શરૂઆતમાં તો આ સર્વ નિયમો બરોબર પાળવા જોઇએ. જેઓના મન ઉપર કાબૂ આવી ગયો છે તેઓ આ નિયમો ન પાળતાં ગમે તેવી રીતે ધ્યાન કરે તો પણ હરકત નથી.

## ધર્મધ્યાનનાં આલંબનો

आलंबनानि धर्मस्य वाचनापृच्छनादिकः ।
स्वाध्यायः पंचधा ज्ञेयो धर्मानुष्ठानसेवया ॥ ११८ ॥

વાચના દેવી-પ્રશ્ન શંકાદિક પૂછવું ઈત્યાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો તે ધર્મધ્યાનનાં આલંબનો છે. તેમ જ ધર્મ અનુષ્ઠાનનું સેવન કરવું તે પણ ધર્મધ્યાનનું આલંબન છે.

**ભાવાર્થ**—ધર્મધ્યાનરૂપ મહેલ ઉપર ચડવામાં મદદગાર સહાયક દાદરો અને દોરડાંરૂપ વાચનાદિ આલંબન છે. આલંબનની મદદથી ઘણી ઝડપથી તેમ જ સહેલાઇથી ધારેલા સ્થાન ઉપર પહોંચી શકાય છે. વાચનાદિ ધર્મ અનુષ્ઠાન ધર્મધ્યાનમાં મદદગાર આલંબનો છે.

વાચનાદિ-શિષ્યાદિકને નિર્જરા હેતુ જાણી સૂત્રાદિક ભણાવવાં કોઇ પણ સૂત્રાદિના સ્થળોમાં શંકા પડે તો તે સંશયો દૂર કરવા માટે ગુર્વાદિકને પૂછવું તે પૃચ્છના છે. પૂર્વે ભણેલા સૂત્રાદિ ભૂલી ન જવાય તે માટે તથા નિર્જરાને માટે યાદ કરવાનો અભ્યાસ કરવો તે પરાવર્તના છે.

અનુપ્રેક્ષા એટલે વિચારણા કરવી. આત્મલાભમાં ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગી બાબતોનો વિચાર કરવો, નિરુપયોગી અથવા આત્મલાભમાં વિઘ્નભૂત વિચારોને હઠાવી ઉપયોગી બાબતોની મન ઉપર મજબૂત અસર કરવી તે વિચારણા છે. નિર્જરાને માટે તથા પોતાને તે બાબતોનો મજબૂત સંસ્કાર પડે તે માટે અન્ય મનુષ્યોને તે બાબતનો ઉપદેશ આપવો. અથવા આપસમાં ધર્મકથા કરવી એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કહેવાય છે. તથા આત્મસ્વરૂપનું વિસ્મરણ ન થાય–જાગૃતિમાં વધારો થાય–સ્વરૂપનું સ્મરણ બન્યું રહે–તેવી ઉપયોગી ક્રિયાઓ કરવી, જેથી વિશુદ્ધિ વિશેષ પ્રકારે બની રહે અથવા વૃદ્ધિ પામે તે સર્વ ધર્મઅનુષ્ઠાન, ધર્મધ્યાનમાં આલંબનભૂત કહેવાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે:—

आलंबणाइ वायणपुच्छणपरियट्टणाण चिंताओ ।
सामाइयाइयाइं सद्धम्मा वस्सयाइं च ॥ १ ॥

વાચના, પ્રશ્ન કરવા, સૂત્રાદિ પરાવર્તન કરવાં (ગણવાં), ચિંતન કરવું, તથા સામાયિક અને આવશ્યકાદિ ઉત્તમ ધર્મધ્યાનનાં આલંબનો છે.

## આલંબન લેવાનું કારણ બતાવે છે.

विसमंमि समारोहइ, दढदवालंबणे जहा पुरिसो ।
सुत्ताइकयालंबो, तह झाणवरं समारुहइ ॥ २ ॥

જેમ દઢ આલબન પકડનાર પુરુષ વિષમ સ્થાન ઉપર પણ ચડી જાય છે, તેમ સૂત્રાદિનું આલંબન પકડનાર–લેનાર ઉત્તમ ધ્યાનમાં આરૂઢ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—વિષમ, નીચું, ઊંચું, દુઃખે આરોહણ અપરોહણ (ચડવું ઊતરવું) થઈ શકે તેવાં સ્થાનોમાં પણ મજબૂત આલંબન પકડવાથી વિના ક્લેશે પહોંચી શકાય છે, તેમ જ કોઈ મનુષ્ય સૂત્રનું આલંબન લઈને, કોઈ વાચનાનું આલંબન લઈને કોઈ વિચારશ્રેણીનું આલંબન લઈને ઈત્યાદિ વિવિધ પ્રકારના પણ મજબૂત આલંબનો લઈને મનુંષ્યો ઉત્તમ ધર્મધ્યાનમાં આરૂઢ થઈ શકે છે, માટે આલંબનની જરૂરિયાત શરૂઆતમાં વિશેષ પ્રકારે છે, અને તે આલંબનો જ્યારે સ્વભાવ જેવાં થઈ રહે છે, તથા તેમાં પૂર્ણ દૃઢતા આવે છે ત્યારે માણસો વિના આલંબને પણ આત્મસ્વરૂપમાં પ્રવેશ કરી શકે છે. પણ શરૂઆત તો ઉત્તમ આલંબનથી જ કરવાની છે.

## ધ્યાનનો ક્રમ

ध्यानानुक्रम उक्तः केवलिनां चित्तयोगरोधादि ।
भवकाले त्वितरेषां यथा समाधिं च विज्ञेयः ॥११९॥

મન આદિ યોગોનો નિરોધ કરવારૂપ ધ્યાનનો અનુક્રમ કેવળ જ્ઞાનીઓને મોક્ષ જવાના અવસરે કહ્યો છે. બીજાઓને તો જેવી રીતે સમાધિ થાય તેવી રીતે યોગ નિરોધાદિનો ક્રમ જાણવો.

**ભાવાર્થ**—ધ્યાનની શરૂઆતમાં મન, વચન, કાયાના યોગોનો કેવા ક્રમથી નિરોધ કરવો તે વિષે વિચારો અહીં જણાવવામાં આવે છે. આ ક્રમનો વિધિ કેવળ જ્ઞાનીઓને માટે છે, પણ ધર્મધ્યાનવાળા છદ્મસ્થ જ્ઞાનીઓને માટે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ જ્ઞાનીઓ મોક્ષે જવાના વખત પહેલાં અંતર્ મુહૂર્ત કાલ રહે ત્યારે શુકલધ્યાનના ત્રીજા ચોથા ભેદની (પાયાની) શરૂઆત કરે છે. તેઓ પ્રથમ મનોયોગનો નિગ્રહ કરે છે. પછી વચનયોગનો નિગ્રહ કરે છે અને પછી સૂક્ષ્મ કાયયોગનો નિગ્રહ કરે છે, આ નિયમ શુક્લધ્યાનવાળા કેવળજ્ઞાનીઓ માટે જ છે. ધર્મધ્યાન કરવાવાળાને આ નિયમો લાગુ પડતા નથી. તેઓ તો જેમ અનુકૂળતા પડે, જેમ સરળતા થાય. જેમ વિક્ષેપ શાંત થાય તેમ ગમે તે જાતનો અનુક્રમ લે છે. ધર્મધ્યાનમાં મનાદિનો સર્વથા નિગ્રહ થતો નથી, પણ એક પ્રવાહ કોઈ એક ઉત્તમ આલંબનમાં-ધ્યેયમાં ચલાવે છે. કોઇ વખતે મનાદિકનો નિરોધ (ઉપશમ) કરે છે. આ નિરોધમાંથી પાછું વ્યુત્થાન દશામાં એટલે મનાદિની જાગૃતિમાં-મનની વિચાર આદિ પ્રવૃત્તિમાં આવવાનું ચાલુ રહે છે.

સર્વથા નિગ્રહ થવા પછી પાછું વ્યુત્થાન થતું જ નથી. તેઓને તો આ દેહાદિમાંથી સદાને માટે છૂટા થવાનું જ રહે છે. એટલે મનાદિના નિગ્રહનો ક્રમ શુક્લ ધ્યાનમાં જ છે. ધર્મધ્યાન માટે તો અનુકૂળતા પ્રમાણે સદ્‌વિચારો કરવાથી કે મનાદિનો રોધ કરવાથી સ્વાસ્થ્યપણું-નિશ્ચલપણું પમાય, તેવો તે તે વખતે ઉપયોગ કરવાનો છે.

આ જ બાબત અન્ય સ્થળે કહ્યું છે કે :-

झाणपडिवत्तिक्रमो होइ मणोजोगनिग्गहादीउ ।
भवकाले केवलिणो सेसतस्स जहा समाहीए ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોયોગાદિના નિગ્રહરૂપ ધ્યાન અંગીકાર કરવાનો ક્રમ મોક્ષ જવાના અવસરે કેવળ જ્ઞાનીઓને હોય છે. બાકી અધિકારીઓ તો જેમ સમાધિ ઊપજે તેમ કરી લે છે.

## ધર્મધ્યાનના ચાર ભેદ

आज्ञापायविपाकस्य क्रमशः संस्थितेस्तथा ।
विचयाय पृथग् ज्ञेयं धर्मध्यानं चतुर्विधम् ॥१२०॥

આજ્ઞા સંબંધી, અપાય સંબંધી, વિપાક સંબંધી અને સંસ્થાન સંબંધી વિચાર કરવા માટે અનુક્રમે ધર્મધ્યાન ચાર પ્રકારે જુદું જુદું જાણવું.

**ભાવાર્થ**—વસ્તુનો સ્વભાવ–આત્મસ્વરૂપ–તે ધર્મ છે. **वथ्थु सहावो धम्मो** વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આત્મા એક વસ્તુ છે, તેથી આત્માનો સ્વભાવ તે આત્મધર્મ કહેવાય છે. તે સંબંધી ધ્યાન–વિચારણા તે ધર્મધ્યાન કહેવાય છે. આત્મસ્વરૂપમાં પ્રવેશ કરવા કે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે જે જે વિચારો કરવા, જે જે નિર્ણયો કરવા મન ઉપર તે તે સ્વભાવને લગતા સંસ્કારો પાડવા તે ધર્મધ્યાન છે.

ધર્મધ્યાનથી વસ્તુસ્વભાવમાં પ્રવેશ કરવાની લાયકાત આવે છે અને શુક્લધ્યાનથી આત્મસ્વરૂપ થઈ રહેવાય છે. શરૂઆત ધર્મધ્યાનથી થાય છે, જેમાં મુખ્યતાએ વિચારણા કરીને અશુભ ભાવના કે વાસનાથી મનને પાછું હઠાવવું અને શુભ વિચારણા કે વાસના વડે મનને પોષિત કરવાનું છે.

૧ આજ્ઞા સંબંધી વિચારો કરવા, ૨ દુઃખનાં કારણોના વિચારો કરવા, ૩ દુઃખનાં ફળોનો વિચાર કરી તેથી પાછા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હઠવું. ૪ અને લોકસંસ્થાન–લોકસ્થિતિનો વિચાર કરવો. એમ ધર્મધ્યાન જુદી જુદી પંક્તિની વિચારણાના–નિશ્ચયના ભેદને લઇને ચાર પ્રકારે વર્ણવવામાં આવ્યું છે. બાકી સામાન્ય વિચારણાની અપેક્ષાએ તો તેના ભેદો થઈ શકતા નથી. તે ધર્મધ્યાનના ભેદો અનુક્રમે બતાવવામાં આવે છે.

## આજ્ઞાવિચય ધર્મધ્યાન.

स्वसिद्धांतप्रसिद्धं यत् वस्तुतत्त्वं विचार्यते ।
सर्वज्ञानुसारेण तदाज्ञाविचयो मतः ॥ १२१ ॥

જૈન સિદ્ધાંતમાં પ્રસિદ્ધ જે વસ્તુતત્ત્વ છે તેનો સર્વજ્ઞની આજ્ઞાનુસાર વિચાર કરવો તે આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય છે.

**ભાવાર્થ**—સર્વજ્ઞની આજ્ઞા એટલે સર્વજ્ઞનો નિશ્ચય–યથાતથ્ય, જેમ છે તેમ તે વસ્તુના સ્વરૂપનો વિચાર કરવો. એક જ્ઞાનીનો નિશ્ચય તે સર્વ જ્ઞાનીઓનો નિશ્ચય છે અને સર્વ જ્ઞાનીઓનો નિશ્ચય તે એક જ્ઞાનીનો નિશ્ચય છે, તેમાં જરામાત્ર ફેરફાર નથી. સર્વજ્ઞનો નિશ્ચય એવો છે કે કોઈ વસ્તુ આમ જ છે એમ એકાંતે તેનો નિશ્ચય તમે કરી શકો જ નહિ, પરંતુ અપેક્ષાએ જ તે વસ્તુતત્ત્વ સંબંધે તમે કહી શકો. આત્મા એકાંતે નિત્ય કે અનિત્ય ન જ કહેવાય પણ દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ તે અનિત્ય છે. વિભાવપર્યાયો લાગુ પડે ત્યાં સુધી તે આત્મા શુદ્ધ થઈ શકે નહિ. જુદા જુદા દેહ ધારણ કરવા, ભિન્ન ભિન્ન વસ્તુઓમાં ઉપયોગને તે તે આકારે પરિણમાવવો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષના પરિણામે પરિણામ પામવું, ઈત્યાદિ વિભાવપર્યાયો કહેવાય છે આત્મા સ્વરૂપનું ભાન ભૂલવાથી વિભાવપર્યાયો ગ્રહણ કરે છે. આત્માનો અખંડ ઉપયોગ આત્મસ્વરૂપમાં જ વિરામ પામે તો વિભાવપર્યાયો પરિણમવામાં સહાયભૂત કે નિમિત્તભૂત કર્મબીજો બળીને ભસ્મ થઈ જાય છે. તેમ થવાથી ફરી વિભાવપર્યાયોમાં પરિણમવાની શક્તિનો નાશ થતાં નિર્વાણ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આત્મા અને જડ એમ બે વસ્તુઓ છે. તેમાં જડ વસ્તુ નિઃસાર છે તેમાં આસક્તિ કરવાથી ભાન ભુલાય છે. ચૈતન્ય વસ્તુ જ સારભૂત છે. આત્મઉપયોગનું જડ વિભાવ વસ્તુ સાથે પરિણમવું તે ભેદ છે અને સ્વરૂપમાં જ પરિણમવું–સ્થિર થવું–તે અભેદ છે. આત્મસ્વરૂપમાં અભેદ–એકરસ થઈ રહેવું તે સર્વજ્ઞની આજ્ઞા છે. નિર્વાણ પ્રાપ્તિ માટે આ જ છેવટનો ઉપાય છે. એ સર્વજ્ઞનો નિશ્ચય છે. તે સિવાય નય, પ્રમાણ, ભંગ, નિક્ષેપાદિ અનેક વિચારો તેમણે ચર્ચ્યા છે, અનેક રીતે વસ્તુતત્ત્વનો નિર્ણય કર્યો છે, પરંતુ તે સર્વનું છેવટ આ જ છે કે આત્મસ્વરૂપમાં જ સ્થિરતા કરવી; તે સિવાયના સર્વ પદાર્થો–પર્યાયો તે વિભાવ છે, આત્માથી છૂટા પાડનાર છે, એટલે આત્મસ્વરૂપના બોધમાં વિઘ્નભૂત છે તેનો નિશ્ચય કરવો, તે વીતરાગની આજ્ઞાનો નિશ્ચય કરવા બરોબર છે. આવા પ્રકારના વિચાર કરવા તે ધર્મધ્યાન છે. તેટલા સમય માટે અન્ય વિચારોનું ભાન ભુલાય છે. તેટલી આત્મસમાધિ રહે છે તેટલા વખત માટે કર્મઆગમન રોકાય છે, યા અશુભ કર્મ આવતાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મધ્યાનના દૃઢ વિચારોથી આપણું ચરિત્ર બંધાય છે. અર્થાત્ તે પ્રમાણે વર્તન કરવાનું–આત્મસ્થિરતા અનુભવવાનું બળ પ્રાપ્ત થાય છે.

આ સંબંધે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

आज्ञां यत्र पुरस्कृत्य सर्वज्ञानामबाधिताम् ।
तत्त्वतश्चिंतयेदर्थांस्तदाज्ञाध्यानमुच्यते ॥ १२२ ॥

કોઈ હેતુથી કે યુક્તિથી બાધા ન પામે અથવા પૂર્વાપર વિરોધ ન પામે તેવી સર્વજ્ઞ પુરુષની આજ્ઞાને–સર્વજ્ઞના નિશ્ચયને–મુખ્ય કરીને અથવા સર્વજ્ઞના નિશ્ચયની મદદ લઇને તત્વથી વસ્તુસ્વરૂપે પદાર્થોનું ચિંતન કરવું એટલે પદાર્થોના પૃથક્કરણથી તત્ત્વસ્વરૂપ આત્મસ્વભાવને તેના વિરોધી પુદગલોથી જુદો પાડવો–વિચારવો તેને આજ્ઞાધ્યાન કહીએ.

ધ્યાનશતકમાં પણ કહ્યું છે કે,

झाइज्जा निरवज्जं जिणाणमाणं जगप्पईवाणम् ।
अनिऊण मइदुन्नेयं नयभंगपमाणगमगहणम् । ॥ १ ॥
तत्थय मइदोबल्लेण तव्विहायरिय विरहओयावि ।
णेयगहणत्तणेणय णाणावरणो दएणं च ॥ २ ।
हेऊदाहरणा संभवेय सति सुट्ठु जं न बुझेज्जा ।
सवन्नुमयमवितह तहावि तं चिंतए मइमं ॥ ३ ॥

નૈગમ સંગ્રહાદિ સાત નય, એકાદી સંયોગી કે ચતુર્ભંગીવાળા ભાંગાઓ, જ્ઞેય પદાર્થોના નિર્ણય કરનાર પ્રત્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાદિ પ્રમાણો અને ચોવીસ દંડક આદિ ગમાઓ ઇત્યાદિથી ગહન, નિપુણ બુદ્ધિ વિનાનાઓથી દુઃખે જાણી શકાય તેવી, કેવળજ્ઞાનરૂપ દીપકથી સમગ્ર સંશયરૂપ અંધકારનો નાશ કરનાર હોવાથી જગતના દીપક સમાન, નિર્દોષ, પાપરહિત અથવા આ લોક કે પરલોકના સુખની આશંસા–ઇચ્છા વિનાની જિનેશ્વરની આજ્ઞાનું ચિંતન કરવું. અહીં કોઇ શંકા કરે કે આવા વિશેષણોવાળી જિનેશ્વરની આજ્ઞા મંદબુદ્ધિ-જીવો સમજી શકે નહિ તો પછી તેનું ધ્યાન કે તત્સંબંધી વિચાર તો કેમ કરી શકે જ? આનો ઉત્તર એ છે કે ૧ બુદ્ધિની દુર્બળતાથી સમ્યક્ રીતે પદાર્થોનો નિશ્ચય ન કરી શકાય તથા ૨ સારી રીતે તત્ત્વનું પ્રતિપાદન કરી શકે તેવા આચાર્યોના અભાવથી તથા ૩ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી તથા ૪ જાણવા લાયક પદાર્થના ગહનપણાથી તેમ જ ૫ જાણવા લાયક ધર્મના વિશેષ અર્થનો બોધ કરાવી શકે તેવા હેતુઓના અભાવથી વળી સત્ય કે કલ્પિત ઉદાહરણોના અસંભવથી વિદ્યમાન છતાં, કેટલીએક વસ્તુઓ સમજી શકાતી નથી. આ વાત ખરી છે તોપણ સર્વજ્ઞના સત્યવચન સંબંધીનો વિચાર તો બુદ્ધિમાનોએ કરવો જોઇએ અને તે એવી રીતે વિચાર કરવો કે સર્વજ્ઞ–વીતરાગદેવ ઉપકાર કે બદલાની આશા રાખ્યા વિના જ પરને ધર્મોપદેશ આપી અનુગ્રહ કરવાને તત્પર થયેલ હોય છે.

તેઓ જગતમાં સર્વથી શ્રેષ્ઠ જ્ઞાની પુરુષો છે, તેમ જ તેઓ રાગદ્વેષ અને અજ્ઞાનથી રહિત હોય છે એટલે તેમને અસત્ય બોલવાનું કાંઈ પણ કારણ હોતું નથી. આ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમની બુદ્ધિ તીક્ષ્ણ હોતી નથી તેઓએ પણ આવો વિચાર કરીને તેમના વચન ઉપર શ્રદ્ધા રાખીને, પોતાની ધ્યાનાદિ ક્રિયા શરૂ જ રાખવી. આગળ ચાલતાં જેમ નિર્મળતા વધે તેમ તેમ સત્ય વસ્તુ પોતાની મેળે જ અનુભવાય છે. છતાં શરૂઆતમાં આટલી શ્રદ્ધાની જરૂર તો રહે છે જ.

## અપાયવિચય ધર્મધ્યાન

अपायविचयं ज्ञेयं ध्यानं तच्च विचक्षणैः ।
अपायः कर्मणां यत्र सोऽपायः प्रोच्यते बुधैः ॥१२३॥
रागद्वेषकषायाश्रवक्रिया वर्त्तमानजीवानाम् ।
इह परलोकापायानपायभीरुः स्मरेत् साधुः ॥१२४॥

તે અપાયવિચય ધ્યાન વિચક્ષણોએ જાણવું કે જેમાં કર્મથી થતા અપાય કષ્ટોનું ચિંતન કે વિચાર કરાય છે. વિદ્વાનો તેને અપાય ધ્યાન કહે છે.

રાગદ્વેષ કષાય અને આશ્રવની ક્રિયામાં વર્તતા જીવોને આ લોક સંબંધી તેમ જ પરલોક સંબંધી કષ્ટ-દુઃખ પ્રાપ્ત થાય છે, તેનો સંસારના પરિભ્રમણથી ભય પામતા સાધુઓએ વિચાર કરવો.

**ભાવાર્થ**—કોઇ પણ કાર્ય કરવાની ઇચ્છા થાય કે તરત જ તે કાર્ય પહેલાં તેનું ભાવિ પરિણામ શું આવશે તેનો વિચાર કરવો, અથવા કોઇ કાર્ય કરવાની હાલ તરત જરૂરિયાત ન હોય તથાપિ કોઇ તેવા પ્રસંગમાં પોતાથી કોઈ તેવી જાતની હલકી જાતની પ્રવૃત્તિ થઈ ન જાય તે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળથી જ મન ઉપર તેવા કાર્યનું પરિણામ શું આવે છે કે આવશે તેનો મજબૂત સંસ્કાર સ્થાપન કરી દેવો કે જેથી તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરતાં મનને અટકાવી શકાય, અગર તેવી પ્રવૃત્તિ કરવાના પ્રસંગે તેનાં ભાવિ ફળો નજર આગળ તરતાં હોવાથી અને મન ઉપર પણ તેના ભાવિ પરિણામની ચોક્કસ અસર થયેલી હોવાથી પૂર્વાપર વિચાર કર્યા વિના કરાતી પ્રવૃત્તિ અટકાવી શકાય. આ માટે અપાય-સંબંધી વિચાર કરવો તેનું નામ અપાયવિચય ધ્યાન છે.

રાગ, દ્વેષ, કષાય અને આશ્રવની ક્રિયાઓમાં વર્તતા આ જીવોને આ લોક અને પરલોકમાં નાનાપ્રકારના કષ્ટો થાય છે, મજીઠની માફક રાગી જીવો વિવિધ પ્રકારના કષ્ટો સહન કરે છે. મહાન વ્યાધિથી ઘેરાયેલા મનુષ્ય કુપથ્ય અન્નના અભિલાષથી જેમ રોગમાં વધારો કરે છે, તેમ રાગી મનુષ્ય દીર્ઘ સંસાર પરિભ્રમણમાં વધારો કરે છે. દ્વેષરૂપ દાવાનળ જ્ઞાનાદિ ગુણરૂપ વૃક્ષોને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. વૃક્ષના મૂળમાં–કોટરમાં–રહેલો અગ્નિ જેમ વૃક્ષને નવપલ્લવિત થવા દેતો નથી તેમ દ્વેષરૂપ અગ્નિ જેમના હૃદયમાં વસે છે તેઓના સમ્યક્ત્વાદિ ગુણો કોઈ પણ રીતે વિકાસ પામતા નથી. દ્વેષરૂપ અગ્નિથી તપ્ત થયેલા જીવો આ લોકમાં તો દુઃખી થાય છે એટલું જ નહિ પરંતુ પર-લોકમાં નરકાદિ ગતિ પામી મહા દુઃખનો તેમને અનુભવ કરવો પડે છે. જ્યાં સુધી દ્વેષનો તાપ હૃદયમાં હોય છે ત્યાં સુધી જ્ઞાનાદિ ગુણોની શાંતિ–શીતળતા પાસે પણ આવતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધાદિ કષાયો મહા દુઃખના કારણભૂત છે. ક્રોધ પ્રિતિનો નાશ કરે છે, માયા મૈત્રીનો નાશ કરે છે, માન વિનયનો અને લોભ પ્રીતિ, મૈત્રી વિનયાદિ સર્વ ગુણોનો નાશ કરે છે. નહિનિગ્રહ કરેલ ક્રોધ. માન, માયા, લોભ સંસારરૂપ વૃક્ષના મૂલને પાણી સીંચીને પલ્લવિત કરે છે, જેનાં ફળો તરીકે ચારે ગતિનું પરિભ્રમણ ચાલુ રહે છે.

મિથ્યાત્વ, અવિરતિ અને યોગરૂપ બાકી રહેલ આશ્રવો તે પણ દુઃખનાં જ કારણરૂપ છે. મિથ્યાત્વથી મોહિત થયેલ આ જીવઆ લોકમાં જ અનેક પ્રકારનાં માનસિક દુઃખો અનુભવે છે, શાંતિપ્રમુખ ગુણોના અભાવે અનેક પ્રકારે તે વિહ્વળ બને છે, ક્રોધાદિથી પણ અજ્ઞાન એ મોટું દુઃખ છે. અજ્ઞાનથી જેનાં અંતર્ચક્ષુ અંધ છે તેને કર્તવ્યાકર્તવ્યનું ભાન હોતું નથી.

પાપથી નહિ પાછા હઠેલ ઈચ્છાઓનો નિરોધ નહિ કરનારા ઈચ્છાનુસાર મનાદિ યોગોને પ્રવર્તાવનાર જીવો ઘણાં દુષ્ટકર્મો કરી પાપનો સંચય કરે છે, જેને લઇને શાંતિથી વિશ્રાંતિ લેવાનો વખત તે જીવોને મળતો નથી, ઈત્યાદિ વિવિધ પ્રકારે રાગાદિ ક્રિયામાં પ્રવૃત્તિ કરનાર જીવોને આવી પડતાં સંકટોનો વિચાર કરવો તે અપાયવિચય ધર્મ-ધ્યાન કહેવાય છે.

કહ્યું છે કે–

**रागद्दोसक्कसाया सवाइकिरियासु वट्टमाणाणं ।**
**इह परलोगापाए झाईइझावज्ज परिवज्जी ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ, દ્વેષ, કષાય અને આશ્રવાદિ ક્રિયામાં વર્તતા જીવોના સંબંધમાં પ્રાપ્ત થતા આ લોક અને પરલોક સંબંધી દુઃખોનો નિર્દોષ જીવન ગુજારનારાએ વિના પ્રમાદે વિચાર કરવો.

## વિપાકવિચય ધ્યાન.

**चतुर्धा कर्मबन्धेन शुभेनाप्यशुभेन वा ।**
**विपाकः कर्मणां जीवैर्भुज्यमानो विचिंत्यते ॥१२५॥**

શુભ અથવા અશુભ ચાર પ્રકારના કર્મબંધ વડે કરીને જીવો કર્મનો વિપાક ભોગવી રહ્યા છે તેનો વિચાર કરવો.

**ભાવાર્થ**—પ્રકૃતિ. સ્થિતિ, રસ અને પ્રદેશ એમ કર્મનો બંધ, સારો કે નઠારો ચાર પ્રકારે થાય છે. જીવોના સારા કે નરસા અધ્યવસાય અનુસાર કર્મનો સારો કે નરસો બંધ થાય છે. મન, વચન, કાયાના યોગની પ્રવૃત્તિ અને તે સાથે અભિમાન ક્રોધાદિ કષાયોનું મિશ્રણ થવાથી શુભાશુભ કર્મબંધન થાય છે. કષાયની પરિણુતિ ભળ્યા સિવાય કર્મબંધ થતો નથી. કષાય ક્રોધાદિ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. પ્રશસ્તથી શુભ કર્મબંધ થાય છે અને અપ્રશસ્તથી અશુભ બંધન થાય છે. મન, વચન, કાયાના યોગની પ્રબળતાથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે અને ક્રોધાદિ કષાયની પ્રબળતાથી સ્થિતિબંધ અને રસબંધ થાય છે.

પ્રકૃતિબંધ એટલે સ્વભાવ સંબંધી બંધ જેમ કે કોઇ કર્મનો જ્ઞાનને દબાવવાનો સ્વભાવ છે, કોઈને દર્શનને રોકવાનો સ્વભાવ છે, કોઇનો આત્મસ્થિરતા ન થવા દેવાનો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈનો સુખદુઃખ આપવાનો, કોઇનો નિંદવાનો, કોઇનો પ્રસંશવાનો, કોઇનો હલકા કુળમાં જન્મ આપવાનો કોઇનો અમુક ગતિમાં ફેરવવાનો, કોઇનો ઇષ્ટ પ્રાપ્ત ન થવા દેવાનો, ઈત્યાદિ આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિઓના સ્વભાવો જુદા જુદા છે. તેનો તેવા ફળની પ્રાપ્તિ કરાવનારો કર્મબંધ, તે પ્રકૃતિબંધ કહેવાય છે.

સ્થિતિબંધ એટલે અમુક સ્થિતિ પર્યંત–વખત સુધી જીવને તે તે જાતના બંધનમાં રોકી રાખવો તે સ્થિતિબંધ કહેવાય છે.

રસબંધ એટલે મધુર કે કડવો રસ જેમ સુખ કે દુઃખરૂપ અનુભવાય છે તેમ તે તે કર્મના સારા કે નઠારા રસો અનુભવવા–સુખ કે દુઃખનો અનુભવ કરવો તે શેરડીના રસ કે લીમડાના રસની માફક કર્મવિપાકનો અનુભવ કરવો. તેમાં પણ થોડો મીઠો, વધારે મીઠો તેથી વધારે મીઠો એમ સુખનો અનુભવ વિવિધ પ્રકારના તારતમ્યથી થાય છે. તેમ જ કડવો રસ કે તેથી વધારે કડવાશવાળો એમ અનેક પ્રકારની ન્યૂનાધિકતાવાળો દુઃખરૂપ કર્મવિપાક અનુભવવો પડે છે તે રસબંધથી થાય છે.

પ્રદેશબંધ એટલે કર્મના અણુઓનો બંધ. કર્મના જેમ વધારે અણુઓ હોય છે તેમ વધારે વખત સુધી તે કર્મવિપાક સુખદુઃખ આપવા માટે લંબાય છે. કોઈ વખતે વધારે કર્મનાં દળિયા હોય છે, તથાપિ તેમાં રસ થોડો હોય છે, તો વખત વધારે લાગે છતાં તે કર્મમાં રસ વધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન હોવાથી સુખ કે દુઃખ વધારે તીવ્રતાથી ભોગવવું પડતું નથી. આ પ્રદેશબંધ છે. આ વાત સ્પષ્ટ કરવા માટે શાસ્ત્રમાં એક લાડુનું દૃષ્ટાંત આપ્યું છે. લાડુમાં લોટ હોય છે તે પ્રમાણે પ્રદેશબંધ છે. ઘી કે સાકરાદિક મીઠાશ હોય છે તે પ્રમાણે રસબંધ છે. લાડુમાં સૂંઠ મરી કે તેવી જાતનો મસાલો હોય છે તેમાં જેમ વાયુ હરવાનો કે કફ મટાડવાનો ગુણ હોય છે તેમ પ્રકૃતિબંધ હોય છે. અને તે લાડુ મહિનો કે પંદર દિવસથી વધારે વખત રહી શકતો નથી બગડી જાય છે અથવા અમુક દિવસમાં તે ખાઈ જવાનો હોય છે એ પ્રમાણે, સ્થિતિબંધ હોય છે, ચાર એકઠા મળવાથી જ લાડુ થાય છે તેમ આ ચાર પ્રકારની બંધન શક્તિઓ–કારણો એકઠાં મળવાથી તે શુભાશુભ કર્મબંધ તૈયાર થાય છે. પછી અવસરે તેનો અનુભવ થાય છે. આ કર્મના વિપાક જીવો અનુભવ કરે છે. તેમાં કોઈ સુખી છે, કોઈ થોડો સુખી છે, કોઇ તેથી વધારે સુખી છે, અથવા કોઈ દુઃખી છે, કોઈ થોડો દુઃખી છે, કોઇ વધારે દુઃખી છે, કોઈ તેથી પણ વધારે દુઃખી છે, ઈત્યાદિ કર્મફળભોગ અનુભવ સંબંધી–વિચાર કરવો. આ કર્મબંધનું કારણ પોતે જ છે. આત્મભાન ભૂલીને પ્રવૃત્તિ કરવાથી બંધ થાય છે. જેવો બંધ તેવો જ અનુભવ છે. આ કર્મ બાંધનાર પોતે છે. તો તે બંધ છોડનાર પણ પોતે છે. બાંધવાની શક્તિ છે. તો છોડવાની શક્તિ પોતામાં હોવી જ જોઇએ, એ વિચાર કરી જે અજ્ઞાનદશામાં બંધ કર્યો છે તે જ બંધ જ્ઞાનદશાએ

૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોડી નાખવા માટે સાવધાન થવું અને બીજા બંધો ફરી ન બંધાય તે માટે જાગૃત રહેવું ઈત્યાદિ વિચાર કરવો તે આ ધ્યાનના વિચારનું સાધ્યબિંદુ છે. આ પ્રકારના શુભાશુભ બંધનોનો અનુભવ કરનારા જીવો તે તે કર્મના ઉદયથી કે અનુભવથી કેવા રિબાય છે, દુઃખી થાય છે, સુખી થાય છે, વગેરે તરફ દૃષ્ટિ નાખી તે સમયે એ જ વિચાર કરવો કે આ તેમના અજ્ઞાનજન્ય કે અભિમાનજન્ય વિચારનું કે કર્તવ્યનું પરિણામ છે. મારે પણ આવો અનુભવ કરવાનો વખત આવે તે પહેલાં તે અન્યના અનુભવ ઉપરથી હું અનુભવ કર્યા સિવાય પણ શિક્ષા-શિખામણ કે ધડો લઈ મારું વર્તન સુધારું એમ વિચારી પોતે તેવાં કર્મબંધ કરતાં અટકવું તે પણ આ વિચારનું પરિણામ ઉપજાવનાર ફળ છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે-

प्रतिक्षणसमुद्भूतो यत्र कर्मफलोदयः ।
चिंत्यते चित्ररूपः स विपाकविचयो मतः ॥१२६॥
या संपदार्हतो या च विपदा नारकात्मनः ।
एकातपत्रता तत्र पुण्यापुण्यस्य कर्मणः ॥ १२७ ॥

જ્યાં વિવિધ પ્રકારે કર્મના ફળોનો ઉદય પ્રતિક્ષણે ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરવો તેને વિપાકવિચય માનેલો છે.

જે અરિહંત દેવની સંપત્તિ અને જે નારકી જીવોની વિપત્તિ, આ બન્ને સ્થળે પુણ્ય અને પાપકર્મનું સામ્રાજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સ્વતંત્ર સત્તા) વર્તે છે અર્થાત્ આ જીવની પોતાની જ કરેલી શુભાશુભ કર્મફળની જ મહેનત છે, તેનું જ પરિણામ છે.

**ભાવાર્થ**—કર્મફળની ઉત્પત્તિ અને તેના નાશનું સામર્થ્ય કોની અંદર છે તેનો વિચાર અવશ્ય કરવો જ જોઇએ. જે અરિહંત પરમાત્માની સંપત્તિ અનુભવવી અને નરકનાં અસહ્ય દુઃખો અનુભવવા આ બે કહેવાથી દુનિયાનાં સર્વોત્કૃષ્ટ સુખ-દુઃખની સીમા આવી રહી; આવી ઉત્તમ કે અધમ સંપત્તિ કે વિપત્તિ કોણ આપે છે? કોઈના તરફથી તે આવે છે, સ્વાભાવિક આવે છે, કે પોતે જ તેને ઉત્પન્ન કરેલ છે? આ સર્વનો વિચાર કરતાં આનું કારણ સમજાયા વિના રહેતું નથી. કેટલાએક મનુષ્યોની માન્યતા એવી હોય છે કે "આ શરીરથી તે ઉત્પન્ન થાયછે." કોઈ કહે છે કે "કર્મથી ઉત્પન્ન ઉત્પન્ન થાય છે." કોઇ કહે છે કે "આત્મશક્તિથી ઉત્પન્ન થાય છે." આ વિચારોનો નિર્ણય કરવા માટે એક દૃષ્ટાંત લઇએ. ધારો કે પૂતળાંનો નાચ દેખાડનારાઓ પૂતળાંને મનુષ્યની માફક હાલતાંચાલતાં અનેક પ્રકારનાં ચેનચાળા કરતાં પ્રેક્ષકોને બતાવે છે. આ પૂતળાંની પાછળ ઝીણો તાર તે પૂતળાંનાં શરીર સાથે જોડેલો હોય છે અને એક માણસ પડદાની પાછળ ઊભો રહી આ તારને મરજી માફક પણ નિયમિત રીતે ચલાવે છે તેને લઇને પૂતળાંઓ નાચે, કૂદે વગેરે ક્રિયાઓ કરે છે. પૂતળાંને ચલાવનાર પડદા પાછળ રહેલા માણસને કે તારને લોકો જોઈ શકતા નથી તેવી ગોઠવણ કરવામાં આવે છે.

આ નાચ જોનારામાં ત્રણ પ્રકારના જીવો હોય છે. કેટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોક અલ્પ બુદ્ધિવાળા તો એમ સમજે છે કે પૂતળાં પોતાની મેળે નાચે છે. તેથી વધારે વિચારની ખિલવણી પામેલા જીવો તે તારોને હાલવાચાલવાની ક્રિયા કરનારરૂપે જુએ છે અને તે વિચારોથી પાર ગયેલા જીવો તો આ પૂતળાંનો નાચ તે તારનાં દોરડાને ખેંચનાર–ચલાવનાર મનુષ્યસત્તાને આધીન થતો જુએ છે.

આવી રીતે સ્થૂળ બુદ્ધિવાળા જીવો આ સ્થૂળ પૂતળાં જેવા શરીરને જ કાર્ય કરનાર ગણે છે. તેઓને આત્મશક્તિની ખબર ન હોવાથી શરીરને સ્વતંત્ર ક્રિયા કરનાર સમજે છે. તેને લઇને જ તેના સગાંવહાલાં કે ઇતર મનુષ્યો તેની સેવા કરે છે તેમના ઉપર તે પ્રસન્ન થાય છે, અને પ્રતિકૂળ વર્તન કરે છે તો તેમને ધિક્કારે છે, નુકસાન કરે છે. આવા વર્ગના લોકો દેહને આત્મા માનનારા અજ્ઞાની જીવો છે. આથી ઊંચા દરજ્જાના લોકો એ બીજા વર્ગના છે. તેઓ પેલા ઝીણા તારના દોરા સમાન કર્મોને કર્તા તરીકે મહત્ત્વ આપે છે. પહેલા વર્ગના કરતા બીજા વર્ગના લોકો વધારે બુદ્ધિમાન અને વિચાર કરનાર છે. આ લોકો બધું મહત્ત્વ તે તારના દોરા સમાન કર્મને જ આપે છે. તેઓ કર્મને જ ચૈતન્ય માને છે. આટલે સુધી લોકો ખરા છે કે ઝીણા તારની અસર દેહ ઉપર થતી જુએ છે.

ત્રીજા વર્ગના ઉત્તમ પંક્તિના લોકો તો આ પૂતળાં જે સ્થૂળ શરીર અને આ તારના ઝીણા દોરા સમાન કર્મને મૂકીને એ તારને ખેંચનાર–તારને ગતિ આપનાર પુરુષ સમાન આત્માને જ આ દેહના કે કાર્યના નિયામક સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણે છે, એની શક્તિથી જ બધો કાર્યવ્યવહાર ચાલતો સમજે છે. તારને ઠેકાણે રહેલાં કર્મ તેમાં મદદગાર છે, તેમ છતાં આત્મા જ સુખરૂપ છે–આનંદ સ્વરૂપ છે. આ વાત વધારે સ્પષ્ટ અનુભવવા માટે તે પડદાને ચીરી નાખે છે ત્યારે સ્પષ્ટ અનુભવ થાય છે કે આ સર્વ શક્તિ તે પુરૂષની કે આત્માની છે. તે આત્મશક્તિનો થતો દુરુપયોગ દુઃખ કે વિપત્તિજનક છે. અને તે શક્તિથી થતી સારી પ્રવૃત્તિ સુખ કે સંપત્તિ માટે થાય છે. તે શક્તિની પોતાની છાયામાં પોતાના સ્વરૂપમાં વિશ્રાંતિ થવી તે નિર્વાણ યા મોક્ષને માટે છે.

આ પ્રમાણે પુણ્યપાપરૂપ કર્મ કે જે આત્માના મૂળ જીવનના આધારે ઉત્પન્ન થાય છે અથવા આત્માની એક પ્રકારની શુભાશુભ પ્રવૃત્તિ તેને આધારે ઉત્પન્ન થાય છે તેનો જ આ સર્વ દુનિયામાં અનુભવાતો વિલાસ છે. તે આત્મશક્તિ કેવા રૂપમાં યોજવી એ આપણા પોતાના જ હાથમાં છે, કારણ કે આપણે પોતે જ તે સ્વરૂપ છીએ.

ધ્યાનશતકમાં કહ્યું છે કે–

**पयइठिइपएसाणुभावभिन्नं सुहासुहविभत्तं ।**
**जोगाणुभावजणियं कम्म विवागं विचिंतिज्जा ॥१॥**

પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને અનુભાવના ભેદવાળા તથા શુભાશુભના ભેદમાં વહેંચાયેલા મનાદિ યોગ અને અનુભાવથી ઉત્પન્ન થનારાં કર્મવિપાકનો વિચાર કરવો.

**ભાવાર્થ**—પ્રકૃતિ એટલે જ્ઞાનવરણીય આદિ આઠ કર્મોના ભેદો. જે ભેદો શુભાશુભ અગર શાતાઅશાતા, સુખદુઃખ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ ભાગોમાં વહેંચાયેલા છે તે ભેદો વડે કર્મવિપાકનો વિચાર કરવો.

તે આઠ કર્મની સ્થિતિ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટાદિ કાળના અવસ્થાનરૂપ છે તેનો વિચાર કરવો.

પ્રદેશ–જીવોના પ્રદેશો સૂક્ષ્મ રીતે કર્મ પ્રદેશોની સાથે એક ક્ષેત્રમાં અવગાઢ પામીને રહેલા છે તે કારણથી અનુભવાતા કર્મવિપાકનો વિચાર કરવો.

અનુભાવ–તે જ આઠ કર્મ પ્રકૃતિઓના ઉદયનો અનુભવ કરવો. આ કર્મવિપાક મન, વચન, કાયાના યોગો અને અનુભાવથી ઉત્પન્ન થાય છે એમ વિચાર કરવો. અનુભાવ એ જીવનો વિપરીત ગુણ છે. તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયરૂપ છે. આ યોગ અને અનુભાવ બન્ને વડે જીવને કર્મ ઉત્પન્ન થાય છે. તેનો વિપાક એટલે ઉદય તે સંબંધમાં બિચાર કરવો .

## લોકસંસ્થાન વિચય ધર્મધ્યાન

अनंतानंतमाकाशं सर्वतः सुप्रतिष्ठितम् ।
तन्मध्ये यः स्थितो लोको नित्यो दृष्टो जिनोत्तमैः ॥१२८॥
स्थित्युत्पत्तिव्ययोपेतैः पदार्थैश्चेतनेतरैः ।
संपूर्णोऽनादिसंसिद्धः स्थितं यत्र जगत्त्रयम् ॥१२९॥

અનંતાનંત આકાશ જેની સર્વ બાજુએ આવી રહેલું છે તે લોક છે. જિનેશ્વરે તે લોકને પોતાના જ્ઞાનમાં 'નિત્ય છે' તેમ જોયેલો છે. આ લોક, સ્થિતિ ઉત્પત્તિ અને વિનાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામનારા, ચૈતન્ય અને જડ પદાર્થોથી સંપૂર્ણ છે. તે અનાદિ સિદ્ધ છે, અને તે લોકમાં ત્રણ જગત રહેલું છે.

ભાવાર્થ—સ્વાવિક–વિનાપ્રયોગે–ઇચ્છા વિના પણ ઉત્પન્ન થતા વિકારોને હઠાવવા માટે આ લોકસંસ્થાનનો વિચાર કરવાનો છે. લોકમાં પણ કહેવત છે કે ગરમી ગરમીનું ઔષધ થાય છે, તેમ વિચાર એ વિચારનું ઔષધ છે. વિચારથી વિચારો પાછા હઠાવાય છે. વિશેષ એટલો છે કે આ વિચારો પોતે જાગૃતિપૂર્વક કે જાણી જોઇને કરાયેલા હોવા જોઇએ. તેવા વિચારો પણ રાગદ્વેષની ઉત્પત્તિ કરાવનારા ન હોવા જોઇએ પણ મનને સમાધાન–સમતોલ સ્થિતિમાં રાખનાર હોવા જોઇએ અથવા મનને વિરક્તિ પમાડી વિશેષ વિકારોથી ઉપરામ કરનારા હોવા જોઇએ અથવા વિચાર કરતાં આ લોક સ્થિતિમાં એક પણ પદાર્થ મનને આકર્ષણ કરી શકે તેવો નથી એવો નિર્ણય કરવા માટે પણ આ જ ધ્યાન ઉપયોગી છે.

લોકનો વિચાર આ પ્રમાણે છે કે જેની સર્વ બાજુ અનંત આકાશ આવી રહેલું છે તેની વચમાં લોક રહેલો છે. લોકસંસ્થાનનો આકાર બે પગ પહોળા કરી દહીં વલોવવા ઊભા રહેલા પુરુષોની માફક, પણ હાથ બે કેડ ઉપર કોણીઓ બહાર પડતી રહે તેમ વાળી રાખેલા હોય તેવો છે. અને તેની ચારે બાજુ સઘળે આકાશ છે. તે લોક આકૃતિની અંદર ચૈતન્ય અને જડ પદાર્થો રહેલા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદગલા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તિકાય અને આત્મા એ છ પદાર્થોથી ભરપૂર છે. તેમાં કાળ ઔપચારિક હોવાથી અઢી દ્વીપની અંદર હાલતાચાલતા સૂર્યાદિની અપેક્ષાએ છે, બાકી પાંચ દ્રવ્યોથી પૂર્ણ ભરેલો છે. પદાર્થોના મૂળ દ્રવ્યો નિત્ય છે, પર્યાયરૂપે તે અનિત્ય છે, એટલે તેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ થયા કરે છે. પાણીમાં પરપોટાઓ, તરંગો ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે છતાં પાણી તો કાયમ છે. આ પ્રમાણે દરેક દ્રવ્યોમાં ઉત્પન્ન થવાપણું નાશ પામવાપણું અને મૂળ દ્રવ્યે કાયમ રહેવાપણું છે એટલે જડ પુદ્ગલ, દ્રવ્યના અનેક આકારો–ઘાટો બને છે તે તેની ઉત્પત્તિ માનીએ, ઘાટો કે આકારો ભાગી જતાં અન્ય આકારો ધારણ કરે છે તે તેનો નાશ થયો, પરંતુ મૂળ દ્રવ્ય તો કાયમ જ રહ્યું. વળી રૂપાંતર પામી પાછા આકારો શરૂ થાય છે, ટકી રહે છે અને પાછા વિનાશ પામે છે. આવી રીતે સર્વ પદાર્થોમાં ફેરફાર થયા કરે છે. તેવા પદાર્થોથી ભરપૂર આ લોક છે. આ લોક નિત્ય શાશ્વત છે, તેને કોઇએ બનાવ્યો નથી. સંપૂર્ણ છે, અનાદિસિદ્ધ છે, તેમાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણે લોક રહેલા છે. તે પુરુષાકાર આકૃતિવાળા લોકમાં પણ આકાશ છે, તેને લોકાકાશ કહે છે. તેની બહાર આ પાંચ દ્રવ્ય નથી, કેવળ આકાશ જ છે, તેને અલોકાકાશ કહે છે. તે લોકાકાશમાં ચૌદ રાજ લોકની ગણતરી કરવામાં આવે છે ઈત્યાદિ લોકસંસ્થાનનો વિચાર કરવો તે લોકસંસ્થાન ધ્યાન છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अनाद्यनंतलोकस्य स्थित्युत्पत्तिव्ययात्मनः ।**
**आकृतिं चिंतयेद्यत्र संस्थानविचयः स तु ॥ १ ॥**

આ લોક આદિ અને અંત વિનાનો છે. તેમાં રહેલા પદાર્થ અથવા તે પદાર્થ રૂપ લોક, તે (સ્થિતિ કાયમ રહેનાર) ઉત્પન્ન થનાર અને નાશ પામવાના સ્વભાવનો છે. તેની આકૃતિનો વિચાર જેમાં થાય છે તે સંસ્થાનવિચયધ્યાન કહેવાય છે.

**આ ધ્યાન કરવાનું કારણુ બતાવે છે.**

**नानाद्रव्यगतानंत पर्यायपरिवर्त्तने ।**
**सदासक्तं मनोनैव रागाद्याकुलतां व्रजेत् ॥ १ ॥**

અનેક દ્રવ્યમાં રહેલા અનંત પર્યાયના પરાવર્તનમાં (ફેરફાર થતા પર્યાયોમાં) નિરંતર જોડાઇ રહેલું મન રાગદ્વેષાદિથી વ્યાકુળ થતું નથી.

**ભાવાર્થ**—પુદ્ગલ કે ચેતન દ્રવ્યના પર્યાયાદિનો જાગૃતિ પૂર્વક વિચાર કરતાં મન વિશ્રાંતિ પામે છે. અથવા રાગદ્વેષ હર્ષખેદથી આકુળવ્યાકુળ થતું નથી. કોઈ એક મનુષ્ય કે પદાર્થ ઉપર સ્નેહ હોય અને તેનો વિયોગ થતાં સામાન્ય રીતે મનુષ્યને ખેદ થાય છે અથવા તેવા પદાર્થો આવી મળતાં હર્ષ થાય છે. આ હર્ષ કે ખેદ, દ્રવ્ય પર્યાયનો પૂર્વાપર વિચાર કરનારને સંભવ નથી. ન હોવાનું કારણુ એ છે કે તેની દૃષ્ટિ અમુક એક પદાર્થ નિયમિત સ્થળમાં રહેલામાં સંકોચાયેલી રહેતી નથી, પણુ સર્વ પદાર્થમાં, સર્વ કાળમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ સ્થળમાં વિકાસ પામેલી, વિસ્તારાયેલી હોય છે. તેથી તેવા હર્ષખેદના પ્રસંગમાં તેને તો આ વિચાર થાય છે કે તે પદાર્થનો તો નાશ જ થતો નથી, ફક્ત તેણે આકૃતિ અને સ્થળ બદલ્યું છે. આ પદાર્થ આ સ્થળમાંથી, આ કાળમાંથી તેની આકૃતિને બદલીને બીજા સ્થળમાં, બીજા કાળમાં બીજી આકૃતિરૂપે તો કાયમ જ છે, તો હર્ષ શોક શા માટે કરવો? જે પ્રસંગે જે વસ્તુ મળે છે તે પ્રસંગે પણ તેને હર્ષ નહિ થાય, કારણ કે તેની દષ્ટિ સર્વ દેશ, કાળ તરફ કે પદાર્થ તરફ વિકાસ પામી છે તેથી તે એમ જ સમજે છે કે આ પદાર્થ અમુક સ્થળ, અમુક કાળ અને અમુક આકૃતિને બદલાવીને અન્ય સ્થળેથી અહીં આવ્યો છે અને અહીંથી પણ આ આકૃતિને અમુક વખત પછી બદલાવશે જ. તે સાથે કોઈ પણ સ્થળ કે કાળમાં તેના મૂળ દ્રવ્યનો–અણુનો કે જીવનો નાશ તો થવાનો જ નથી આમ કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ કે વિયોગ વખતે ત્રણે કાળમાં દૃષ્ટિ લંબાવવામાં આવે તો તે વસ્તુના નિત્યપણા વિષે કે વિયોગવાળા અનિત્ય પણા વિષે (દ્રવ્ય કે પર્યાયની અપેક્ષાએ) મનની વિક્ષિપ્ત સ્થિતિ રહેશે નહિ.

તે સાથે એક પોતાના અજ્ઞાન સિવાય આત્મા પણ સ્થળ કે કાળના પ્રતિબંધમાં આવી શકે તેવો છે નહિ. જો પોતાનું અજ્ઞાન હઠાવવામાં આવે તો આત્માને પણ કોઈ દ્રવ્ય, સ્થળ કે કાળનું બંધન નડવાનું નથી. આ સંસ્થાન-વિચયના વિચારથી અનેક ફાયદાઓ થવા સંભવ છે.

આગમમાં કહ્યું છે કે :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिणदेसियाइं लक्खणसंठाणासणविहाणमाणाइं ।
उपायठिइभंगाइ पज्जया जेयदव्वाणं ॥ १ ॥
पंचत्थिकायमइयं लोगमणाइनिधणं जिणक्खायं ।
नामाइभेयविहियं निविहमहो लोगभेयाई ॥ २ ॥

જિનેશ્વરે કથન કરેલાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનાં લક્ષણ, સંસ્થાન, આસન (આધાર), ભેદ, પ્રમાણ, ઉત્પત્તિ સ્થિતિ, નાશ ઇત્યાદિ પર્યાયોનો વિચાર કરવો તેમ જ પંચ અસ્તિકાયમય, આદિઅંત વિનાનો લોક છે એમ જિનેશ્વર ભગવાને કહ્યું છે તેના નામાદિ ભેદનો તથા અધોલોકાદિ ત્રણ પ્રકારના ભેદનો વિચાર કરવો.

**ભાવાર્થ**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને આત્મા–આ છ દ્રવ્યો છે. તેનાં લક્ષણોનો વિચાર કરવો. તેમાં ધર્માસ્તિકાય જીવોને ચાલવાને મદદ આપે છે. જેમ અંધારામાં ચાલવાવાળા દેખતા માણસને દીવો મદદ આપે છે. અધર્માસ્તિકાય પૃથ્વીની માફક જીવ પુદ્ગલોનો સ્થિર રહેવાની મદદ આપે છે. ખાલી ઘડામાં પાણી આદિ પદાર્થોને જેમ અવકાશ મળે છે, તેમ જીવ પુદ્ગલોને જતાંઆવતાં આકાશ અવકાશ આપે છે. કાળ નવાંજૂનાં બનાવે છે. પુદ્ગલ વૃદ્ધિહાનિ પામે છે. આત્મા એ તત્ત્વસ્વરૂપ–સર્વ પદાર્થોનો જોનાર–જાણનાર છે, ઇત્યાદિ લક્ષણોનો વિચાર કરવો.

સંસ્થાનનો વિચાર કરવો છએ દ્રવ્યની આકૃતિઓનો વિચાર કરવો. દશ્ય જડ પદાર્થની આકૃતિ બને છે. તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમચોરસ, લાંબા, ગોળ આદિ અનેક આકારો છે. ધર્માસ્તિકાયાદિ અરૂપી વસ્તુઓ આખા લોકમાં વ્યાપી રહેલી છે તેવી તેની આકૃતિ કલ્પવી. આ લોક નીચે ઊંધા વાળેલા રામપાત્રને આકારે છે, વચમાં ઝાલરને આકારે છે અને અંતમાં મૃદંગને આકારે રહેલો છે. તેમાં વ્યાપી રહેલા ધર્માસ્તિકાયાદિ તે તે આકારે ચિંતવવા, અથવા ગૃહાદિમાં રહેલા તે ધર્માસ્તિકાયાદિનો ગૃહાદિ આકાર પ્રમાણે વિચાર કરવો. આત્મા દેહમાં રહેલો હોય ત્યાં સુધી તેનો આકાર દેહ પ્રમાણે છે એટલે દેહવ્યાપી સમજવો. દેહરહિત આત્મા જ્ઞાનસ્વરૂપે લોકાલોકના સંસ્થાન આકારે કલ્પવો. કાળ ઔપચારિક વસ્તુ હોવાથી તનો આકાર નથી.

**આસન**—આધારરૂપે છે. ધર્માસ્તિકાયાદિનાં આસન તરીકે આધારરૂપે સર્વ પદાર્થોનું રહેવું તે તેનાં આસન છે. તે તેની સ્થિતિ છે.

**ભેદ**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, આત્મા, તેઓના ભેદો ખંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ ઈત્યાદિ ભેદો સમજવા.

**માન**—એટલે પ્રમાણ (અમુક ભાગની લંબાઈ–પહોળાઈમાં રહેવાપણું). ધર્માસ્તિકાયનું પ્રમાણ પોતપોતાના સ્વરૂપ પ્રમાણે સમજવું જેનો ભાવાર્થ ઉપર આવી ગયો છે. તે દ્રવ્યોની ઉત્પત્તિ. સ્થિતિ અને નાશ તે સંબંધી વિચાર કરવો. દ્રવ્યપણે સર્વ નિત્ય છે, પર્યાયપણે અનિત્ય છે. સર્વથા કોઇ વસ્તુનો નાશ થતો નથી. પર્યાયો બદલાયા કરે છે જે પૂર્વે કહેવાઈ ગયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પાંચ અસ્તિકાય સ્વરૂપ લોક (છ દ્રવ્યોમાંથી કાળ-કલ્પિત હોવાથી તેને બાદ કરતાં પાંચ રહે છે તે પંચાસ્તિકાય) છે. તેની આદિ પણ નથી અને અંત પણ નથી. તેનો નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પર્યાય ઇત્યાદિ અનેક પ્રકારે વિચાર કરવો. અથવા તિરછીલોક, અધોલોક ઇત્યાદિ અનેક ભેદે વિચાર કરી મનને તેમાં થકવી નાખવું વિચારમાં પલોટવું અને રાગદ્વેષરહિત રહી શકે તેવી રીતે વર્તન કરાવવું ઇત્યાદિ સંસ્થાનવિચય ધર્મધ્યાનનો હેતુ છે.

## ધ્યાન કરનાર કેવો હોવો જોઇએ?

ज्ञानवैराग्यसंपन्नः संवृतात्मा स्थिराशयः ।
क्षीणोपशांतमोहश्चाऽप्रमादी ध्यानकारकः ॥१३०॥
शुद्धसम्यक्त्वदर्शी च श्रुतज्ञानोपयोगवान् ।
दृढसंहननो धीरः सर्वषट्जीवपालकः ॥ १३१ ॥
सत्यवाक् दत्तभोजी च चारी ब्रह्मपविग्रहृत् ।
स्त्रीकामचेष्टयास्पृष्टो निःसंगो वृद्धसेवकः ॥१३२॥
निराशो निष्कषायी च जिताक्षो निष्परिग्रही ।
निर्मम समतालीनो ध्याता स्यात् शुद्धमानसः ॥१३३॥

જ્ઞાનસંપન્ન, વૈરાગ્યવાન, મનને રોકનાર, સ્થિર ચિત્તવાળો, ક્ષીણ મોહવાળો, ઉપશાંત મોહવાળો, અપ્રમાદિ તે ધ્યાન કરવાવાળાનાં લક્ષણો છે. શુદ્ધ સમ્યક્ત્વવાન, સમ્યગ્દર્શી, શ્રુતજ્ઞાનના ઉપયોગવાળો, મજબૂત સંહનનવાળો, ધીરજવાન, છ જીવની કાયાનું પાલન કરનાર. સત્ય બોલનાર, આપેલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજન કરનાર, બ્રહ્મચર્ય ધારણ કરનાર, પવિત્ર હૃદયવાળો, સ્ત્રી અને કામની ચેષ્ટાનો સ્પર્શ નહિ કરનાર, નિઃસંગ, વૃદ્ધસેવા કરનાર, આશા ઈચ્છારહિત, કષાય વિનાનો, ઇંદ્રિયોને જીતવાવાળો, પરિગ્રહરહિત, મમત્વરહિત. સમતામાં લીન થયેલો, આવા શુદ્ધ મનવાળો ધ્યાન કરવાને યોગ્ય હોય છે.

**ભાવાર્થ**—ધ્યાન કરવાવાળા જીવોનાં ઉપર જે લક્ષણો બતાવવામાં આવ્યાં છે તે સંપૂર્ણ લક્ષણો જો જીવમાં હોય તો પછી ધ્યાન કરવાની જરૂરિયાત જ રહેતી નથી. ત્યારે આ લક્ષણો શા માટે બતાવ્યાં છે? આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે બીજમાં શક્તિ છે તે કરતાં અંકુરો ફૂટયા હોય તે અધિક ગણાય છે. બીજમાં રહેલી વૃક્ષ થવાની શક્તિની શરૂઆત અંકુરો ફૂટયાથી થયેલી ગણાય છે. આ ઠેકાણે પૂર્ણ ગુણો ઝાડ સમાન છે. તેટલા સંપૂર્ણ નહિ. પણ અંકુરો જેટલા જ્ઞાનાદિ ગુણો તો બહાર આવવા જોઈએ જ. આટલી યોગ્યતા આવ્યા પછી અનુકૂળ હવા, પાણી, તાપ, રક્ષણ, ઇત્યાદિની સહાયથી અંકુરો વૃક્ષનું રૂપ ધારણ કરે છે. તેવી જ રીતે અંકુરો જેટલા પણ જ્ઞાન-વૈરાગ્યાદિ ગુણો જીવોમાં પ્રગટ થયા હોય તો પછી ધ્યાનાદિની મદદથી તે ગુણો અનુક્રમે સંપૂર્ણ સ્વરૂપમાં પ્રગટી શકે છે. અર્થાત્ પ્રથમ યોગ્યતાના ગુણ આવ્યા પછી આત્મગુણો ઘણી સહેલાઈથી પ્રગટ થાય છે.

૧. પ્રથમ **જ્ઞાન** ગુણ જોઈએ. સામાન્ય રીતે પોતે કોણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે? પોતાને શું પ્રાપ્ત કરવું છે? તે પ્રાપ્ત કરવા લાયક વસ્તુ કયાં છે? કેવાં કારણો મેળવવાથી તે પ્રાપ્ત થઈ શકે છે? તે પ્રાપ્ત ન થવામાં શાં શાં અંતરાયભૂત કારણો છે? આજ સુધી તે વસ્તુ પ્રાપ્ત નથી થઈ તેનું કારણ શું છે? વગેરે બાબતોનું જ્ઞાન પ્રથમ મેળવી લેવું જ જોઇએ. આટલી જ્ઞાનપ્રાપ્તિરૂપ યોગ્યતા પ્રાપ્ત થઈ હોય તો પછી તે મનુષ્ય ધ્યાન ઉપયોગી થઈ શકે છે.

૨. વૈરાગ્ય—જે વસ્તુ મેળવવી છે તેના તરફ પૂર્ણ પ્રીતિ થવી જોઇએ. અને તે સિવાયની વસ્તુઓમાં વિરક્ત દશા મેળવવી જોઇએ. તેમ ન હોય તો પછી તે વસ્તુ મેળવવાની યોગ્યતા હજુ આવી નથી તેમ જ સમજવું જોઇએ. વ્યવહારમાં પણ એવો નિયમ અનુભવાય છે કે જે વસ્તુની ઇચ્છા હોય છે તે વસ્તુ મેળવવા માટે મનુષ્યો પોતાનાં બીજાં બધાં કાર્યોનો ભોગ આપી દે છે અને અહો-નિશ તે વસ્તુ મેળવવા માટે વિચાર તથા પ્રવૃત્તિ રાખ્યા જ કરે છે, તે વસ્તુને જ મુખ્ય કર્તવ્ય તરીકે સમજી બીજાં બધાં કર્તવ્યોને ગૌણ સમજે છે ત્યારે જ તે વસ્તુ પ્રાપ્ત કરે છે. આ જ પ્રમાણે જે વસ્તુ મેળવવી છે તે જ મુખ્ય કાર્ય માની અહોનિશ દરેક ક્ષણે તેનું જ રટણ રાખવું. તેના ઉપર જ પ્રીતિ રાખવી. સંપૂર્ણ લાગણી તેમાં જ હોવી જાઇએ. તે સિવાયનાં બધાં કાર્યો અસાર, નિર્માલ્ય સમજવાં જોઇએ. તેનું નામ જ વૈરાગ્ય છે. લૂગડાં બદલાવવાં કે અમુક દર્શનનો વેશ પહેરવો તે વૈરાગ્ય નથી. આ લાગણી હોય તો જ વેષ પ્રમાણ છે, નહિતર વેષની વિડંબના જ સમજવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે આવા વૈરાગ્યરૂપ યોગ્યતાની પૂર્ણ જરૂર ધ્યાન કરવાવાળામાં હોવાની જરૂર છે.

૩. **સંવૃતાત્મા**—બીજાં બધાં કાર્યોમાંથી ઉઠાવીને એક જ કાર્યમાં મનને રોકી રાખવાની શક્તિ ધ્યાન કરવાવાળામાં પ્રથમ ખીલેલી હોવી જોઇએ. એક જ કાર્યમાં મનની શક્તિનો પ્રવાહ વહેવરાવવાનું બળ આવ્યાથી ગમે તેવા ધ્યાનમાં તે સહેલાઈથી પ્રવેશ કરી શકે છે. તે સિવાય અનેક વિકલ્પો મનમાં ઊઠતી વિવિધ વૃત્તિઓ, મનના પ્રવાહનું મહાન બળ જુદા જુદા ભાગમાં વહેંચી લઈ ધ્યાનના પ્રવાહને નબળો પાડી નાખે છે. આ માટે પહેલેથી જ હરકોઈ કામ કરતા હોઇએ તે વખતે તે જ કામમાં પોતાના મનને બરોબર નિયમિત રીતે પરોવીને કામ કરવાની ટેવ વધારવી, જેથી તે ટેવ ધ્યાનમાં વધારે ઉપયોગી થઈ પડશે.

૪. **સ્થિર આશય**—ધ્યાન કરનારમાં સ્થિરતાનો ગુણ હોવો જોઇએ. ઘડીકમાં આ કરવું અને ઘડીકમાં પેલું કરવું આવા અસ્થિર આશયવાળા જીવો કોઈ પણ કામ સિદ્ધ કરી શકતા નથી. એક બીજ વાવ્યા પછી પણ અંકુરો ફૂટતાં પાંચ, સાત કે તેથી વધારે દિવસોની વાર લાગે છે અને તેનાં ફળ મેળવવા માટે તો મહિનાઓ કે વર્ષો સુધી રાહ જોવી પડે છે; તેમ જ ધ્યાન કરીને તેના ફળ માટેની તત્કાળ ઇચ્છા કરવી અને તરત ફળ ન મળે તો બીજા બીજા ઉપાયો યોજવા તેમ કરવાથી એક પણ અભ્યાસ સિદ્ધ ન થવા દેતાં ફળથી બેનસીબ રહેવા જેવું થાય છે. માટે ચાલુ અભ્યાસમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને સ્થિર કરી લાંબા વખત સુધી નિયમિત રીતે ઉત્સાહપૂર્વક વળગી રહેવું જોઇએ.

૫. ૬. **ક્ષીણ મોહ અને ઉપશાન્ત મોહવાળા** ધ્યાન કરી શકે. આ કહેવાને આશય એવા છે કે મોહની પ્રબળ સત્તાને ક્ષય થયે હોય અગર ઉપશમ થયે હોય તે જ ધ્યાન બની શકે છે, જ્યાં મોહની પ્રબળતા હોય ત્યાં ધ્યાનનું નામ પણ સંભવતું નથી. જ્યારે મોહ મંદ થાય છે સંસારનાં સાધનોથી વિરક્તતા આવે છે, ત્યારે આત્મસ્વરૂપ જ પ્રાપ્તવ્ય છે, એ જ ખરું કર્તવ્ય છે તેમ સમજાઇને તે મેળવવા માટે પ્રબળ ઇચ્છા થાય છે ત્યારે જ ધ્યાન સંભવે છે. માટે મોહને ક્ષય કે ઉપશમ થવો જ જોઇએ. આ ક્ષય કે ઉપશમ જે કહેવામાં આવ્યો છે તે, તે ગુણ સ્થાનકની ભૂમિકામાં શરૂઆતમાં જેટલો થવો જોઇએ તેટલા માટે જ કહેવામાં આવ્યું છે, પણ સર્વથા ક્ષય થયો હોય એમ કહેવાને આશય નથી. જો સર્વથા ક્ષય થયો હોય તો પછી ધ્યાનની જરૂરિયાત જ રહેતી નથી. સર્વથા ઉપશમ અગિયારમે ગુણઠાણે હોય છે અને ક્ષય બારમા ગુણઠાણે થાય છે. પછી તરત જ તેરમે ગુણઠાણે કેવળજ્ઞાન થાય છે. માટે જે જે ગુણઠાણે જે જે જાતનું ધ્યાન ઉપયોગી છે તે તે ગુણસ્થાનકની ભૂમિકા પ્રમાણે મોહને ક્ષય કે ક્ષયોપશમ હોવો જોઇએ.

૭. **અપ્રાદી**—પ્રમાદ વિનાના મનુષ્યો ધ્યાન કરી શકે છે. મદ ( અહંકાર ), વિષય, કષાય, નિદ્રા, આળસ, ઈત્યાદિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાદ છે. તેનાથી જે અલગ થયેલ હોય અગર નિદ્રાપ્રમુખને અમુક મર્યાદામાં રોકી શકનાર હોય તે ધ્યાન કરી શકે છે.

૮. **શુદ્ધસમ્યક્ત્વવાન્**—સમ્યગ્દષ્ટિવાળા જીવને ઉત્તમ ધ્યાન હોય છે. આત્માના અસ્તિત્વના હોવાપણા વિષે દૃઢ નિશ્ચયવાળાને શુદ્ધ સમ્યગ્દર્શન હોય છે. પરોક્ષ રીતે પણ જ્યાં સુધી આત્માની પ્રતીતિ થતી નથી ત્યાં સુધી ધ્યાન માટે તેની પ્રવૃત્તિ કેવી રીતે થશે! આત્મા હોય તો પછી જ તે બંધાયેલો છે અને તેને છોડાવવા માટે ધ્યાન કરવું ઇત્યાદિ ઉપાયો લાગુ પડી શકે છે, અથવા સમ્યગ્દર્શી એટલે સારી રીતે અર્થાત્ જડચૈતન્યના વિવેકવાળો જ્યાં સુધી જડચૈતન્યનો વિવેક–ભિન્નતા વિચાર દ્વારા થઈ શકે. પ્રથમ નિર્ણીત થયો નથી ત્યાં સુધી ધ્યાન માટે તે ઉપયોગી નહિ વ્યવહારથી જડચૈતન્યની ભિન્નતા થાય છે. પછી તેના અનુભવ માટે ધ્યાનાદિની આવશ્યકતા છે એટલે સમ્યક્ત્વવાન અથવા સમ્યગ્દર્શી જીવ ધ્યાનને યોગ્ય છે.

૯. **શ્રુતજ્ઞાન ઉપયોગ**—શ્રુતજ્ઞાન ઉપયોગવાળો જીવ ધ્યાનને યોગ્ય છે. સાંભળવાથી થયેલું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. અથવા સિદ્ધાંતથી–શાસ્ત્રોથી થયેલું આત્માદિ પદાર્થોનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. ધ્યાનમાં વિચારવા લાયક જે પદાર્થો શ્રુતજ્ઞાનથી જાણી શકાય છે તે જાણ્યા હોય તો જ શ્રુતજ્ઞાનનો ઉપયોગ રહે છે. અર્થાત્ પોતાનું કર્તવ્ય સ્મરણમાં રહે છે. નહિતર આડે રસ્તે ઊતરી જવાનો ભય વધારે રહે છે. ઘણી વખત સિદ્ધિઓ આદિ ચમત્કારો તરફ દોરવાઇ જવાનો ભય રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને શ્રુતજ્ઞાનથી સિદ્ધિ આદિઓના વિપાકો–ભાવિ પરિણામો–જાણવામાં હોય તો તેવી દુઃખદાયક લાલચોમાં ફસાતાં અટકી શકાય છે, માટે શ્રુતજ્ઞાનનો સારો પરિચય ધ્યાનીએ કરવો યોગ્ય છે.

**૧૦. દૃઢસંઘયણ**—શરીરની દૃઢતા કે મજબૂતતા સિવાય ધ્યાન પાર પડતું નથી. ધ્યાન કરવાવાળાને શરીરનો મોટો આધાર છે. શરીર નબળું પડયું કે મન નબળું પડવાનું જ, સ્થિરતા ચાલી જવાની જ, આળસ અને પ્રમાદ વગર તેડયાં આવવાનાં જ. એટલા માટે શરીર નીરોગી અને મજબૂત હોવું જોઈએ. શરીરની નબળાઈને લીધે જામેલું ધ્યાન પણ છોડી દેવું પડે છે, અથવા હદ ઉપરાંત શ્રમ લાગવાથી શરીર વહેલું ખપી જાય છે. અથવા લથડી પડે છે વજ્ર-રિષભ નારાચ સંઘયણવાળાને મોક્ષ થાય એમ શાસ્ત્રમાં કહેલું છે તે વિચારપૂર્વક કહેલું છે. એવી મજબૂતાઈ વિનાનાં શરીરો લાંબા વખતના ધ્યાનમાં તદ્દન નિરુપયોગી થઈ લાચાર થઈ પડે છે.

**૧૧. ધીર**—ધૈર્યવાન મનુષ્ય સહેલાઇથી ધ્યાન સિદ્ધ કરે છે. હું કરીશ જ, પાર પામીશ જ, ગમે તેમ થાય પણ આત્મલાભ થયા વિના પાછો નહિ જ હઠું, આવી ધીરજવાળો, આવો ઉત્સાહી માણસ કાર્ય સિદ્ધ કરે છે. એક વાર ફતેહ-મંદ ન થયો તો બીજી વાર, ત્રીજીવાર, ચોથી વાર પણ ધીરજવાન મનુષ્ય પાછો ન હઠતાં આખરે વિજય મેળવે છે.

૧૨. સર્વ જીવોનો પાલક–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ (મોટા સર્વ જીવ) આ છ જીવનિકાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોનો સમુદાય છે. તેનું રક્ષણ કરનાર જીવ ધ્યાનને માટે યોગ્ય છે. જીવો તરફ વેર-વિરોધ રાખનારનું મન કેવી રીતે શાંત રહી ધ્યાન કરી શકશે? અથવા બેદરકારીથી, અનુપયોગે કે અજ્ઞાનદશામાં આ જીવોનો વધ-સંહાર-જે જીવથી થતો હોય તે જીવમાં વિશુદ્ધિ કયાંથી હોય? અજ્ઞાની, બિનઉપયોગીનું ધ્યાન શા કામનું? પોતાના ભલા માટે કે બચાવ માટે અનેક જીવોનું બૂરું ઈચ્છનાર જીવોનું હૃદય પવિત્ર કયાંથી હોઈ શકે? સર્વ જીવો આત્મસ્વરૂપ, આત્મતુલ્ય જ્યાં સુધી ન માન્યા હોય ત્યાં સુધી તેમના હૃદયમાંથી વિક્ષેપ કદાપિ ઘટનાર-ઓછો થનાર નથી. ત્યાં સુધી તે જીવો પ્રત્યે રાગદ્વેષની ઊર્મિઓ ઊઠતી જ રહેવાની. માટે સર્વ જીવો તરફ આત્મબુદ્ધિ કરી તેમને જરા પણ પોતાના તરફથી નુકસાન ન થાય તેમ વર્તવું.

**૧૩. સત્ય બોલનાર**—ધ્યાન કરનાર સત્યવક્તા હોવો જોઈએ. આત્મસ્વરૂપ પ્રગટ કરવા ઈચ્છતા જીવોમાં અસત્ય, છળ, પ્રપંચ, દંભ, ઈત્યાદિ દુર્ગુણો હોવા ન જ જોઈએ અને હોય તો પછી તે ધ્યાન શા માટે કરે છે? અથવા તે ધ્યાન કરીને શું મેળવવા ઇચ્છે છે? કારણ, તેનો પ્રયાસ કેવળ પરિશ્રમમાત્ર જ છે.

**૧૪. દત્તભોજી**—આપેલું ભોજન કરનાર. આ વચન ત્યાગીઓને ઉદ્દેશીને કહેલું છે. પ્રથમ જ કહેવામાં આવ્યું છે કે ગૃહસ્થાશ્રમમાં ધ્યાન અપવાદ તરીકે હોય. બાકી તો ત્યાગમાર્ગમાં જ વિષેષ પ્રકારે ધ્યાન હોય છે, એટલે તે ત્યાગી વ્યવહારના પ્રપંચમાં ફસાયેલો ન હોવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધુકરી વૃત્તિથી ગૃહસ્થનાં ગૃહોથી આહાર લાવી, યથેચ્છાએ તેઓએ આપેલો હોય તે લાવી, નહિ કે તેને રંજાડી, ભાંડી, દુઃખી કરીને લાવેલો હોય, તેવા આહારથી શરીરનું પોષણ કરનાર હોવો જોઇએ. આ કહેવાથી આહાર માટે પણ નિશ્ચિતતા ધારણ કરનાર, આટલો પણ વિક્ષેપ નહિ ધરાવનાર મનુષ્ય સહેલાઈથી ધ્યાન કરી શકે છે. તે સિવાય બીજી કેટલીક મુશ્કેલી ઊભી થવા સંભવ છે.

**૧૫. બ્રહ્મચારી**—ધ્યાન કરનાર જીવ બ્રહ્મચર્ય ધારણ કરનાર હોવો જોઇએ. બ્રહ્મચારી એટલે બદ્ધવીર્યવાળો હોવો જોઇએ. વીર્ય એ શરીરનો રાજા છે. તે જેટલું મજબૂત અને કબજામાં હોય છે તેટલું જ ધ્યાન મજબૂત અને વધારે થાય છે. વીર્યના ક્ષયવાળા જીવોનાં શરીરો નિર્માલ્ય હોય છે. તેઓ બ્રહ્મચારી હોય છતાં પણ ધ્યાનને લાયક નથી. વીર્યનું રક્ષણ કરવું એ જ ખરી રીતે બ્રહ્મચર્ય છે. તેનાથી ઉપયોગની જાગૃતિ પ્રબળ રહે છે. શરીર નીરોગી રહે છે. લાંબા વખત સુધી એક સ્થળે ધ્યાનમાં બેસી રહેવાનું કામ તેને સહેલું થાય છે, બુદ્ધિ વિકાસ પામે છે, અને તે વીર્યનો વ્યય ધ્યાનની ગરમીમાં થાય છે. વીર્યબદ્ધતા વિનાના જીવો ધ્યાનની ગરમીથી કે વધારે વિચાર કરવાથી મગજશક્તિ ખોઈ બેસે છે. વિચારોની અસર મગજ ઉપર મજબૂત થાય છે. તે જો બદ્ધવીર્ય હોય તો તે વિચારોની અસર હદથી વધારે મગજ ઉપર થતી નથી મગજના માવાનો જે ક્ષય થાય છે તેની જગા આ વીર્યની ઘટ્ટતા પૂરે છે એટલે મગજ બગડતું કે લથડતું નથી નહિતર મગજનો દુખાવો, ચકરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે મગજની નબળાઈ માલૂમ પડયા વિના રહેતી નથી. માટે બ્રહ્મચર્યના રક્ષણની ધ્યાનમાં ખાસ જરૂર છે.

**૧૬. પવિત્ર હૃદય**—ધ્યાનમાં હૃદયની પવિત્રતા ઉપયોગી છે. વિષયવાસનાની અપવિત્રતા કે કોઈનું બૂરું કરવાની ઈચ્છા અથવા બદલો લેવાની કે વ્યવહારિક માનપાનાદિકની ઈચ્છા ઇત્યાદિ કારણોથી થતી હૃદયની અપવિત્રતા ચિત્તને ધ્યાનમાં ઠરવા દેતી નથી. પણ ઊલટું દુર્ધ્યાન વધારે છે. મનની એકાગ્રતાનો પ્રવાહ કર્મક્ષય કરવાને બદલે, હૃદયની અપવિત્રતાને લીધે ઊલટો દુર્ધ્યાન વધારી મૂકવા તરફ ફેલાય છે, જેના પરિણામે મનમાં આર્ત્તરૌદ્રધ્યાન સ્ફુરવા માંડે છે માટે હૃદયપવિત્રતાની ખાસ જરૂરિયાત છે.

**૧૭ સ્રી અને કામચેષ્ટાનો સ્પર્શ નહિ કરનાર**—સ્રીનો સ્પર્શ કરવો તે કામઉત્પત્તિનું કારણ છે. ત્યાગમાર્ગમાં સ્રીનો સ્પર્શ ન કરવાનો મજબૂત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તે સકારણ છે તથા ઉપયોગી પણ છે. શરૂઆતની સ્થિતિમાં તો વિશેષ ઉપયોગી છે. પૂર્વના સંસ્કારોને લઈ પ્રસંગે ભાન ભુલાવવાનો ઘણો સંભવ છે. વ્યવહાર પ્રસંગને વધારવાનું નિમિત્ત છે. કામચેષ્ટાનો સ્પર્શ પણ આત્મસ્થિતિનો પ્રતિબંધક છે. ખરી આત્મસ્થિતિ તો અકામ થવાથી જ થઈ શકે છે. કામની સ્થિતિને ભોગવી નાખવાથી એટલે તેને ઓળંગી જવા પછીથી જ આત્મશાંતિ મળી શકે છે. ઉત્તમ ધ્યાનની શરૂઆત કરવા ઈચ્છનાર જીવોમાં આ કામની સ્થિતિ મંદ થઈ જવી જ જોઇએ. કામની પ્રબળ વાસના હોય ત્યાં સુધી નંદિષેણ અને આર્દ્રકુમારાદિની માફક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ આત્મશાંતિ મળી શકતી નથી, તેનો પ્રબળ વેગ ભોગવી લીધા પછી જ આ માર્ગમાં પ્રવેશ થઈ શકે છે. અને સહેજસાજ અનિકાચિત ઉદય હોય તો તે સત્સંગથી તથા આત્મધ્યાનથી નાશ પામે છે.

૧૮. નિઃસંગ—ધ્યાન કરનારે મનુષ્યોના વિશેષ સંસર્ગમાં–સંબંધમાં ન આવવું જોઈએ. જ્ઞાની પુરુષોના સમાગમમાં તો અવશ્ય રહેવું જોઈએ. પણ અહીં જે નિષેધ કરવામાં આવ્યો છે તે કુસંગનો નિષેધ કર્યો છે. જેનો સંગ કરવાથી સંસારની ભાવના ઉત્પન્ન થાય, આત્મઉપયોગ ભુલાય તે કુસંગ છે. સત્સંગ ન મળે તો એકલા રહેવું, નિર્જન પ્રદેશમાં રહેવું, પણ કુસંગમાં તો ન જ રહેવું અથવા પોતે ગમે તેવા મનુષ્યના સંબંધમાંથી ગુણ ગ્રહણ કરી શકે છે, કે નવું શીખી શકે છે તેવી જાગૃતિમાં આવ્યો હોય, એટલો આત્મગુણ પ્રગટ થયો હોય, પોતે ન લેપાતાં આગળ જ વધી શકે તેમ છે તેવી ખાતરી થતી હોય તો પછી તેને બાધ નડતો નથી તથાપિ શરૂઆતમાં તો કુસંગથી તદ્દન અળગા રહેવું તે જ યોગ્ય છે. કેટલાક પ્રસંગોમાં કર્મના ઉદયને લઈ, જ્ઞાનદશાવાળાને પણ ભુલાવો ખવરાવી જાગૃતિ ભુલાવી દે તેવું પ્રબળ બળ કુસંગનું થઈ પડે છે. એટલે અસંગ રહેવાનો ગુણ ધ્યાન કરનારમાં હોવાની જરૂરિયાત છે.

૧૯. વૃદ્ધની સેવા કરનાર—વૃદ્ધ મનુષ્યો ઘણા અનુભવી હોય છે. તેઓ આ દુનિયામાં–આ જન્મમાં–વહેલા આવેલા હોવાથી તેમણે ઘણો અનુભવ મેળવેલો હોય છે. ઘણી આફતો કે વિપત્તિઓમાંથી તે પસાર થયેલા હોય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના પહેલાંના મનુષ્યો તરફથી પણ તેમને ઉપયોગી સૂચનાઓનો વારસો મળેલો હોય છે. એટલે તેમની સેવા કરનાર માણસને એ ઉપયોગી શીખામણો કે સારી સલાહો તે આપી શકે છે. વિશેષ એટલો છે કે એકલા વયોવૃદ્ધ માણસમાં આ સર્વ ગુણ હોતા નથી પણ સાથે તેઓ જ્ઞાનવૃદ્ધ હોવા જોઇએ. પોતાનું ભલું કરવાની લાગણી છે ત્યાંથી આગળ વધવાની અને સત્ય મેળવવાની લાગણીવાળા તે હોવા જોઇએ. તે પણ એકલી લાગણી કરીને બેસી રહેનારા ન હોવા જોઇએ, પણ સાથે જાતમહેનતથી અનુભવ લેનારા હોવા જોઇએ. એકલા ઉંમરમાં વૃદ્ધ માણસો તો એવા પણ હાલ દેખાય છે કે છોકરાં કરતાં પણ તુચ્છ બુદ્ધિવાળા અને "સાઠે બુદ્ધિ નાઠી"–આ કહેવતને ધારણ કરનારા હોય છે. તેમની સોબતથી તો કાંઈ મળતું નથી, પણ વયોવૃદ્ધ સાથે જ્ઞાનવૃદ્ધ, વિચારવૃદ્ધ અને અનુભવવૃદ્ધ હોય તેવાઓની સેવા કરનાર મનુષ્ય ઘણી અગત્યની ઉપયોગી બાબતોની માહિતી ધરાવતો હોવાથી ધ્યાનમાં તેને સરળતા થવા સારો ફાયદો થાય છે.

૨૦. નિરાશ—ધ્યાન કરનાર કોઈ પણ પ્રકારની આ લોક કે પરલોક સંબંધી આશા–ઇચ્છા–રહિત હોવો જોઇએ. આશા એ જ બંધન છે. એ જ વિક્ષેપ ઉત્પન્ન કરાવનારી છે. મન સ્થિર ન થવા દેનાર આ આશા જ છે. સર્વ આશાઓના ત્યાગ કરનારને આત્મજ્ઞાન ઉત્પન્ન ન થાય તો પરમાત્મા તેનો સાક્ષી છે. મતલબ કે સર્વ પ્રકારની આશાનો ત્યાગ કરનાર અવશ્ય આત્મજ્ઞાન પામે છે. કેટલાએક મનુષ્યો નાનાપ્રકારના ચમત્કાર કે સિદ્ધિઓ મેળવવાની આશાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનમાર્ગમાં પ્રવેશ કરે છે, પણ તે સાધકને ખબર નથી હોતી કે આ આશા એ જ મલિનતા છે. આશાના વિચારોથી અનેક પ્રકારના વિક્ષેપો મનમાં ઘોળાયા કરે છે. જ્યાં સુધી આટલી કે આવી પણ આશા મનમાં છે ત્યાં સુધી મન સ્થિર થતું નથી. અને તે સ્થિરતાના અભાવે આગળ વધી શકાતું નથી. તેમ થતાં, નથી થતું આત્મધ્યાન, કે નથી મળતી સિદ્ધિઓ. એટલે ઉભયભ્રષ્ટ થવાય છે. સિદ્ધિ, ઓની આશા રાખવી તે તે નકામી છે. તેમનો સ્વભાવ જ એવો છે કે ઇચ્છા કરશો એટલે તે દૂર ભાગશે. લાયકાત આવ્યા સિવાય ઉત્તમ શક્તિ આવતી નથી, માટે ઇચ્છારહિત થઈ જવાની જરૂર છે. કોઈ પણ પ્રકારની ઊંડા અંતરમાં પણ આશા કે ઈચ્છા છુપાયેલી ન હોય તે જ લાયકાત મેળવવાનો માર્ગ છે. માનપાનની, મત–પંથ ચલાવવાની પણ ઈચ્છાઓ છોડચાથી જ આત્માના માર્ગમાં પ્રવેશ થાય છે. જ્યાં સુધી ઈચ્છા, આશારૂપી દુર્ગંધ હૃદયમાં ઉછળ્યા કરે છે ત્યાં સુધી આત્મારૂપ મહારાજાના મહેલમાં તો શું પણ તેનાં આંગણામાં પણ પ્રવેશ કરવાનો અધિકાર નથી. સર્વ ઈચ્છાઓનો ત્યાગ એ જ આત્મમહેલમાં પ્રવેશ કરવાનું મૂળ દ્વાર છે. આ સિવાય બીજું કોઈ સાધન આત્મગુણ પ્રગટ કરવાનું નથી એ ચોક્કસ ધ્યાનમાં રાખશો.

**૨૧. કષાયરહિત થવું**—આત્મધ્યાન કરનાર મનુષ્યે ક્રોધ, માન, માયા, લોભરૂપી કષાયોને જરા પણ સ્થાન કે આદર ન આપવો, પણ આત્મગુણમાં મદદ કરનાર ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષરૂપ મિત્રોને બોલાવીને સદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે રાખવા. સર્વ જીવો આત્મા સમાન છે ત્યાં ક્રોધ શાનો? માન કોનાથી? માયા શા માટે? અને લોભ કઈ બાબતનો કરવાનો બાકી રહે છે? આત્મસ્વરૂપ સિવાય બીજું કાંઈ પણ પ્રાપ્તવ્ય રહેતું નથી, ત્યાં કષાયોને નિમંત્રણ આપવાનો અવકાશ ક્યાં છે? તે પ્રદેશમાં તેમનો પ્રવેશ જ નથી. અને જ્યાં તેમનો પ્રવેશ છે ત્યાં આત્મજ્ઞાન જ નથી. પ્રકાશ અને અંધકાર સમાન આત્મજ્ઞાન અને ક્રોધાદિક કષાય પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા છે, ત્યાં એકની હયાતીમાં બીજાની પ્રાપ્તીની વાત જ શા માટે કરવી જોઇએ?

**૨૨. જિતેંદ્રિય થવું**—ઇંદ્રિયોના વિષયો તરફ દૃષ્ટિ આપનાર-મન દોડાવનાર-આત્મધ્યાન કરી શકે નહિ. મન ઇંદ્રિયોને પ્રેરે છે, ઇંદ્રિયો બહારના વિષયોનો પ્રકાશ મનને પહોંચાડે છે: એમ અન્યોન્ય વિક્ષેપ પામેલાં મન ઇંદ્રિયો બહારના ઇષ્ટ અનિષ્ટ પુદ્ગલોનો ગ્રહણ-ત્યાગ કરી, તેમાં રાગદ્વેષ ઉત્પન્ન કરીને આત્મા ઉપર વધારે આવરણ ચડાવે છે. ધ્યાનથી આવરણ ઓછાં કરવાનાં છે, તેને બદલે આથી વધારો થાય છે. એટલે ઇંદ્રિયોના વિષયો ધ્યાનમાં મદદગાર નથી, પણ વિઘ્ન કરનાર છે તેમ સમજી ઇષ્ટાનિષ્ટ ઇંદ્રિયોના વિષયો તરફ લક્ષ ન આપવું. અર્થાત્ ઇષ્ટાનિષ્ટ વિષયોમાં રાગદ્વેષ ન થાય તે રૂપ જિતેંદ્રિય થવું. તેથી જ ધ્યાનમાં સ્થિરતા થાય છે.

**૨૩. નિષ્પરિગ્રહી**—બાહ્ય દેખાતો પરિગ્રહ ધન, ધાન્ય, ગૃહ, પશુ, સ્ત્રી, રાજ્ય, કુટુંબાદિ અને આંતરપરિગ્રહ-કામક્રોધાદિ-તેનો ત્યાગ કરનાર મનુષ્ય ધ્યાનને યોગ્ય થઇ શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પરિગ્રહ એટલે વસ્તુઓ ઉપર આસક્તિ. આ આસક્તિ કે મમતા જીવને બંધનમાં જોડનાર છે. મન તે તે વસ્તુમાં ભમ્યા કરે છે. તે તે વસ્તુના વિચારો કરી વિક્ષેપ પામે છે. તે ઈષ્ટ વસ્તુનો નાશ થવાથી દુઃખી થાય છે. તેને ઉપાર્જન કરવામાં કલેશ સહન કરવો પડે છે. ઉપાર્જન કરેલાના રક્ષણ માટે અનેક વિકલ્પો કરવા પડે છે. વ્યવહારદશામાં ધન-ધાન્યાદિ પરિગ્રહ ઉપયોગી છે પણ ત્યાગમાર્ગમાં અને વિશેષે કરી ધ્યાનમાર્ગમાં પ્રવેશ કરનાર માટે તો આ પરિ-ગ્રહ દુઃખરૂપ છે; ધ્યાનનો વિઘાત કરનારો છે. માટે પરિ-ગ્રહરહિત મનુષ્ય ધ્યાનને યોગ્ય છે એમ જે કહ્યું છે તે યોગ્ય જ છે.

**૨૪. નિર્મમ**—મમત્વરહિત થવું તે ધ્યાનમાર્ગની યોગ્યતા વધારનાર છે. કોઈ પણ વસ્તુ ઉપર મારાપણાનો આગ્રહ બંધાવો તે મમત્વ છે. આ વસ્તુ મારી છે, હું તેનો માલિક છું-આ મમત્વ અહંકારને પોષણ આપે છે. અહંકાર સંસારમાર્ગનું બીજ છે. અહંકાર હોય તો જ સંસાર હોય, અને અહંકારનો નાશ થાય તો, જન્મમરણા-દિથી થતા દુઃખરૂપ સંસારની નિવૃત્તિ થાય, હું અને મારું એ મોહરાયના ગુપ્ત મંત્રો છે. હું એ શબ્દથી સૂચિત જે પુદ્ગલિક સર્વ પદાર્થો તે મારા નથી. આ હું તે હું નથી અને આ મારા તે મારા નથી, એ સિવાયની જે સ્થિતિ પાછળ રહે છે તે આત્મસ્થિતિ છે. એ મેળવવા માટે અહં-ભાવનો નાશ સાધવો તે નિર્મમતા છે. અથવા તે આત્મ ધ્યાનની યોગ્યતા મેળવવા માટે નિર્મમપણાની ભાવના દૃઢ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨૫. સમતામાં લીન થવું**—સર્વ જીવોને પોતાની સમાન જોવા, શુભાશુભ કર્મની અપેક્ષાએ જે વિષમતા કે વિવિધતા આપણા જોવામાં આવે છે તેના તરફ દૃષ્ટિ ન આપતાં આત્માના મૂળ સ્વરૂપ ઉપર લક્ષ આપવું, તે આંતરસ્વરૂપ તરફ દૃષ્ટિ થતાં સર્વ જીવો જરા પણ તફાવત વગરના અનુભાવમાં આવશે. આત્મા સ્વભાવે જેવો છે તેવો ને તેવો જ છે. અનંતકાલથી જે સ્વભાવ છે તે અત્યારે પણ છે ને અનંતકાલે પણ તેવો જ રહેશે. જે સિદ્ધ પરમાત્માનો આત્મા છે તેવો જ આપણો આત્મા અત્યારે પણ છે. સત્તા એટલે આત્માના મૂળ સ્વભાવ તરફ દૃષ્ટિ આપતાં સર્વ જીવો તરફ સમતા લાવવાનું કામ સહેલું થાય છે. વિષમતા એટલે રાગદ્વેષની પરિણતિથી ઉત્પન્ન થયેલી વિવિધતા. એ સર્વ વિષમતા શુભાશુભ કર્મનાં પરિણામો તરફ જોતાં જ દેખાવ આપે છે. આવી સમતામાં લીન થનાર જીવને આત્મધ્યાન પ્રાપ્ત થવામાં જરા પણ વિલંબ લાગતો નથી. ખરેખર ધ્યાનની યોગ્યતા આ લક્ષણવાળામાં હોય છે. આવા લક્ષણોથી જેનું મન શુદ્ધ થયેલું છે, તે ધ્યાન કરવાને યોગ્ય અધિકારી મનુષ્ય છે. આ સર્વ ગુણો બહુ જ મનન કરવા જેવા છે. દરેક ગુણ પોતાની અંદર પ્રગટ થાય તે માટે ઘણા જ આગ્રહપૂર્વક પ્રયત્ન રાખતા જે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું અત્યારે વિષમ જેવું થઈ પડેલું જણાય છે, તે એવું તો સરલ થઈ પડશે કે સહેજ વખતમાં આત્મસ્વરૂપ અનુભવી શકાશે.

ધ્યાનશતકમાં કહ્યું છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सव्वपमायरहिया मुणिणो खीणोवसंतमोहा य ।
झायारो नाणधणा धम्मज्झाणस्स निद्दिट्ठा ॥ १ ॥

સર્વ પ્રમાદરહિત, જ્ઞાનરૂપ ધનવાળા, ક્ષીણ મોહવાળા અથવા ઉપશાંત મોહવાળા (અનંતાનુબંધીની ચોકડી તથા સમકિત મોહની, મિશ્રમોહની અને મિથ્યાત્વ મોહનીએ સાત પ્રકૃતિને ક્ષય કરનાર તે ક્ષપક-અથવા ઉપશમ કરનાર તે ઉપશામક) મુનિએ ધર્મધ્યાનના ધ્યાનવાળા કહ્યા છે.

अप्रमत्तप्रमत्ताख्यौ मुख्यतः स्वामिनौ मतौ ।
चत्वारः स्वामिनः कैश्चित् उक्ता धर्मस्य सूरिभिः ॥१३६॥

પ્રમત્ત છઠ્ઠા ગુણસ્થાનકવાળા અને અપ્રમત્ત સાતમા ગુણસ્થાનકવાળા મુખ્ય વૃત્તિએ ધર્મધ્યાનના સ્વામી-અધિકારી (કરવાવાળા) માનેલા છે. કોઈ એક આચાર્યે ધર્મધ્યાન કરનારા ચાર ગુણસ્થાનકવાળાને (ચોથું, પાંચમું, છઠ્ઠું અને સાતમું એમ ચાર ગુણ સ્થાનકવાળાને) કહ્યા છે. મતલબ કે કોઈ છઠ્ઠા ગુણસ્થાનકથી ધર્મધ્યાનની શરૂઆત કહે છે. કોઈ આચાર્યનું કહેવું એમ છે કે ચોથે ગુણસ્થાનકે તે સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે, તો જે અંશે આત્મગુણ પ્રકટ થાય છે તે અંશે ત્યાંથી ધર્મધ્યાનની શરૂઆત માનવી જોઇએ. અપેક્ષા દૃષ્ટિએ બન્ને વાત બરાબર છે.

## પ્રકરણ ૮

### ધર્મધ્યાનના આલંબનભૂત ધ્યેય બીજી રીતે કહે છે.

पिंडस्थ च पदस्थं च रूपस्थं रूपवर्जितम् ।
इत्यन्यच्चापि सद्ध्यानं: ते ध्यायन्ति चतुर्विधम् ॥१३७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ને રૂપાતીત એમ બીજી રીતે પણ તે મુનિઓ, ચાર પ્રકારે ધ્યાવે છે, વિચારે છે.

**ભાવાર્થ**—**ધ્યાતા** એટલે ધ્યાન કરનાર, **ધ્યેય** એટલે ધ્યાન કરવા લાયક આલંબન. **ધ્યાન** એટલે ધ્યાતા અને ધ્યેયને સાથે જોડનાર ધ્યાતા તરફથી થતી સજાતીય પ્રવાહ-વાળી અખંડ ક્રિયા, એટલે જે આલંબનરૂપ ધ્યેય છે તેમાં અગર તે તરફ અંતરદૃષ્ટિ કરી, તે લક્ષ સિવાય મન બીજું કાંઇ પણ ચિંતવન ન કરતાં એકરસ સતત તે વિચારની એક જાતની એક વૃત્તિનો અખંડ પ્રવાહ ચલાવ્યા કરે તે.

પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત, આ ચાર પ્રકારનાં ધ્યેય, એટલે ધ્યાન કરવા લાયક આલંબનો છે. પિંડમાં રહે તે પિંડસ્થ. પિંડ એટલે શરીર અને તેમાં રહેનાર આત્મા તેનું ધ્યાન કરવું તે પિંડસ્થ ધ્યાન છે. શરીરનાં અમુક અમુક ભાગોમાં જુદી જુદી માનસિક કલ્પના કરી મનને તે તે આકારે સ્વેચ્છાથી જાગૃતિપૂર્વક પરિણમાવવું અથવા આત્મઉપયોગને તે તે પ્રકારે પરિણમાવવો તે પિંડસ્થ ધ્યાન છે. આંતરમન અને આત્મઉપયોગ એ કોઇ પણ રીતે જુદાં સંભવતાં નથી દ્રવ્ય મન જેવા જેવા આકારો ધારણ કરે છે આત્મઉપયોગ તેવા તેવા આકારે પરિણમે છે. ખરી રીતે આત્મસ્વરૂપે ( કોઈ પણ પ્રકારના વિકારી આકાર વિના ) આત્મઉપયોગને સ્થિર કરવો, તે આત્મસ્વરૂપ છે. આવી સ્થિતિ અનાદિકાલના અભ્યાસને લીધે એકદમ ન થાય તે માટે આ બધી જુદી જુદી કલ્પનાઓ છે, તે તે કલ્પના પ્રમાણે સ્વેચ્છાનુસાર પરિણમાવાની ટેવ પાડયા પછી મૂળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિર સ્વરૂપે સ્થિર રહેવાનું સુગમ પડે માટે આ કલ્પનાઓ કરવી પડે છે જેમ બાણુવાળી કે ગોળીબાર કરનાર બાણ કે ગોળીથી લક્ષ ભેદ કરવાની ટેવ પાડવા માટે પ્રથમ ગમે તે સ્થૂળ વસ્તુ લક્ષ તરીકે રાખી તેને વીંધવાની ટેવ પાડે છે. આ પ્રથમની લક્ષ વીંધવાની ટેવ તે કાંઈ સાચો શત્રુ નથી, પણ અભ્યાસ છે. આ અભ્યાસમાં વિજય મેળવ્યા પછી જ તે બાણ કે ગોળીથી સાચા શત્રુને વીંધી કે ભેદી નાખે છે. આ જ પ્રમાણે આ મનોકલ્પિત ધ્યેય સંબંધે સમજવું. રૂપાતીત ધ્યાન છે તે આત્મધ્યાન છે. તેમાં પહોંચવા માટે પ્રથમ રૂપવાળાં–સ્થૂળ ધ્યાન કરવાં તે ઉપયોગી છે. સ્થૂલ સિદ્ધ કર્યા વગર સૂક્ષ્મ–નિરાકાર રૂપાતીત–આત્મસ્વરૂપનું ધ્યાન થઇ શકે જ નહિ આટલી પ્રસ્તુત ઉપયોગી વાત જણાવી હવે મૂળ પ્રસંગ ઉપર આવીએ. પદસ્થ ધ્યાનમાં કેટલાએક પવિત્ર પદોનું ધ્યાન કરવાનું છે. પવિત્ર મંત્રો એટલે પરમાત્માના નામ સાથે સંબંધ ધરાવનાર મંત્રો. તેમનું ધ્યાન કરવું તે ધ્યાનને **પદસ્થ** કહેવામાં આવ્યું છે.

સ્થૂળ રૂપવાળાં અને સમોવસરણમાં રહેલા સાક્ષાત્ સજીવનમૂર્તિ તીર્થંકરોનાં શરીરો કે તેમની ધાતુ–પાષાણાદિની મૂર્તિઓ, તેઓને ધ્યેય તરીકે રાખી, મનની તેમાં એકાગ્રતા કરવી તે રૂપસ્થ ધ્યાન છે. અને જેમાં કોઇ પણ પ્રકારનાં સ્થૂળ રૂપાદિ લક્ષણો નથી એવા આત્માના શુદ્ધ સ્વરૂપનું લક્ષ લઈ તેમાં મનોવૃત્તિના અખંડ પ્રવાહને ગાળી દઈ **આત્મસ્વરૂપ અનુભવવું તે રૂપાતીત ધ્યાન છે.**

હવે તે પિંડસ્થાદિ ધ્યાનનું સ્વરૂપ અનુક્રમે બતાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પિંડસ્થ ધ્યેયની પાંચ ધારણા

**पिंडस्थे पंच विज्ञेया धारणा तत्र पार्थिवी ।**
**आग्नेयी मारुती चापि वारुणी तत्त्वभूस्तथा ॥१३८॥**

પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ–પિંડસ્થ ધ્યેયની આ પાંચ ધારણા જાણવી.

**ભાવાર્થ**—આપણા લાંબા વખતના પરિચયવાળા પાંચ સ્થૂલ ભૂતોના સંબંધમાં (આ પિંડસ્થ ધ્યેયમાં) ધારણા કરીને પછી આત્મસ્વરૂપની ધારણા કરવાની છે. સ્થૂલ ભૂતો જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને આકાશરૂપ છે, જેનો પરિચય આપણને લાંબા વખતનો છે, તેથી તેની સાથે આત્મામાં મનને સ્થિર કરવું. તેના જુદા જુદા આકારો પ્રમાણે મનની સાથે આત્મઉપયોગને પરિણમાવવાની ટેવ આપણી મરજી અનુસાર પાડવી તે વધારે અનુકૂલ પડશે એમ ધારી શાસ્ત્રકાર પિંડસ્થ ધ્યેય પાંચ ધારણાએ કરી બતાવે છે. પાર્થિવી એટલે પૃથ્વી સંબંધી વિકારવાળી ધારણા, આગ્નેયી એટલે અગ્નિ સંબંધી ધારણા, મારુતી એટલે વાયુ સંબંધી ધારણા, વારુણી એટલે પાણી સંબંધી ધારણા. આ ધારણાના પ્રસંગમાં આકાશની ધારણા આવી જશે, પહેલી પૃથ્વી સંબંધી ધારણા સાથે સમુદ્રના પાણી સંબંધી ધારણા કરવામાં આવી છે અને છેલ્લી ધારણા તત્ત્વભૂ છે, એટલે તત્ત્વસ્વરૂપે–આત્મસ્વરૂપે–થઈ રહેવાની છે. આત્મા એ જ પરમાત્મા છે. આત્માથી પરમાત્મા જુદો નથી એ વિષયને જણાવવાવાળી આ ધારણા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિંડસ્થ-પિંડ-દેહ તેમાં રહેલ તે પિંડસ્થ. તેનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન. પિંડમાં પાંચ ભૂત છે, તથા આત્મા છે. તેથી પ્રથમ પાંચ ભૂતની સ્થૂળ ધારણા બતાવી છે અને તેમાં મન સ્થિર થતાં જે સાધ્ય પિંડમાં રહેલ આત્મા છે તે પિંડસ્થનું ધ્યાન બતાવેલ છે. પિંડસ્થ ધારણાનો ખરો અર્થ આ જ છે કે પિંડ એટલે શરીર અને તેમાં રહેલ આત્મા તે જ પરમાત્મા છે. તેનું ધ્યાન કરવું તે પિંડસ્થ ધ્યાન છે. આ વાત પાંચમી ધારણા વખતે પ્રગટ કહેવામાં આવશે.

### પાર્થિવી ધારણા

तिर्यग्लोकसमं ध्यायेत् क्षीराब्धि तत्र चांबुजम् ।
सहस्रपत्रं स्वर्णाभं जंबुद्वीपसमं स्मरेत् ॥ १३९ ॥

तत्केसरततेरंतःस्फुरत्पिंगप्रभाञ्चिताम् ।
स्वर्णाचलप्रमाणां च कर्णिकां परिचिंतयेत् ॥१४०॥

श्वेतसिंहासनासीनं कर्मनिर्मूलनोद्यतम् ।
आत्मानं चिंतयेत्तत्र पार्थिवी धारणेत्यसौ ॥१४१॥

તિચ્છલોકના જેવડો એક ક્ષીરસમુદ્ર ચિંતવવો. તેમાં જંબુદ્વીપ જેટલા પ્રમાણનું, સોના સરખી હજાર પાંખડીવાળુ એક કમળ ચિંતવવું. તે કમળનાં કેસરોની પંક્તિની અંદર ચળકતી પીળી કાંતિવાળી મેરુ પર્વતના જેવડી કર્ણિકા ચિંતવવી. તેના ઉપર ધોળા સિંહાસન ઉપર બેઠેલા, કર્મને મૂળથી ઉખેડી નાખવાને તત્પર થયેલા પોતાના આત્માને ચિંતવવો. આ પાર્થિવી ધારણા છે.

૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—શાંત પ્રદેશમા પદ્માસનાદિ સ્થિર આસને બેસી, મનને વિક્ષેપરહિત કરી, ઇષ્ટ દેવ ગુરુનું સ્મરણ કર્યા પછી, મનમાં કલ્પના કરવી કે એક રાજલોક જેવડો મહાન વિસ્તારવાળો એક સમુદ્ર છે. તે સમુદ્રના આકારે મનને પરિણમાવવું; અર્થાત્ તે સ્થળે સમુદ્ર દેખવા પ્રયત્ન કરવો અને તે સમુદ્ર દેખાવો જોઇએ. જેમ આપણે કોઈ નિયમિત ગામ કે સ્થળ પહેલાં ઘણી વાર જોયું હોય અને પછી તેને યાદ કરતા હોઇએ તે વખતે તે સ્થળનો ભાગ તે સ્થળની ઝાંખી નજર આગળ તરી આવે છે, અને મન વધારે લીન થાય તો સાક્ષાત્ નજરો નજર જોતા હોઇએ તેવો ભાગ દેખવામાં આવે છે,તેવી રીતે આ સમુદ્રને જોવો. આ વિચાર વખતે આંખો મીંચેલી રાખવી. પછી તે સમુદ્ર દૂધથી ભરેલો છે. સમુદ્રનું પાણી દૂધ જેવું છે, એમ ચિંતવવું, દૂધ જેવું પાણી દેખાયા પછી, તેમાં હજાર પાંખડીઓવાળું એક મોટું જંબુદ્વીપ જેવડું (લાખ યોજનના વિસ્તારવાળું) કમળ તે સમુદ્રની વચમાં છે એમ વિચારવું. આ કમળનાં પત્રો સોનાના જેવાં છે એમ ચિંતવવાં. તે કમળના વચલા ભાગમાં સુંદર ચળકતા પીળા વર્ણની કેસરો–કર્ણિકા ચિંતવવાં. આ કેસરો કમળના પ્રમાણમા મોટાં ચિંતવવાં; એટલે લાખ યોજનની લંબાઈવાળા મેરુ પર્વતને તે કમળના કેસરોને સ્થળે ચિંતવવો. આ વિસ્તારવાળા મેરુ પર્વતના ભાગ ઉપર કલ્પવૃક્ષોની સુંદર ઘટાઓ પંક્તિબંધ આવી રહેલી છે. તેના વચલા ભાગમાં એક સુંદર શિલા આવી રહેલી છે. તેના ઉપર સ્ફટિક રત્નનું ધોળું સિંહાસન છે એમ ચિંતવવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સિંહાસન ઉપર હું પોતે બેઠો છું અને કર્મોને મૂળથી ઉખેડી ફેંકી દઉં છું, આવી કલ્પના કરવી–મન એવે આકારે પરિણમાવી દેવું. આ વખતે આ ચિંતનમાં આત્મઉપયોગ એકરસ થઈ જવો જોઈએ. અર્થાત્ આપણે જે આ કલ્પના કરી છે તે સાક્ષાત્ અનુભવતા હોઈએ તેમ અનુભવ થવો જોઈએ.

એ વાતની આપણને ખબર છે કે કલ્પનાથી કર્મબંધ થાય છે. અનેક વાર જીવો માનસિક કલ્પનાઓ એવી કરે છે કે તે નિરુપયોગી કર્મબંધ કરાવનારી અને હલકા પ્રકારની હોય છે. તો જેમ નઠારી કલ્પનાથી કર્મબંધ થાય છે તેમ સારી કલ્પનાથી આપણને સારું ફળ પણ થવું જ જોઈએ. ન્યાય બંને ઠેકાણે સરખો છે. વળી આ કલ્પનાઓમાં ઉપયોગ તદાકારપણે પરિણમે છે, એટલે આ કલ્પના પણ સાચું રૂપ પકડે છે. અર્થાત્ કલ્પનાના પ્રમાણમાં શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય છે. આ કલ્પનામાં નિર્મળ આત્મઉપયોગી ધારણા હોવાથી નિર્જરા પણ થાય છે. કેવળ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવાની જ ધારણા હોવાથી આ કલ્પનાનું ફલ કર્મનિર્જરાના રૂપમાં આવે છે.

હું મારા કર્મોનો સર્વથા નાશ કરું છું. આ કલ્પનાની સાથે ને કલ્પનારૂપે એકરસ થવાનું હોવાથી તે ચાલુ પ્રવાહને બીજા વિકલ્પોથી ખંડિત થવા ન દેતાં તેની અખંડ ધારણા રાખવી. તેમ કરવાથી આત્મબળમાં વધારો થાય છે, મન નિર્મળ થાય છે, ધારણા દૃઢ થાય છે, અને વાસનારૂપ કર્મનો નાશ થાય છે. આ પાર્થિવી ધારણા છે. આ ધારણા પછી આગળ વધવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આગ્નેયી ધારણા

ततोऽसौ निश्चलाभ्यासात् कमलं नाभिमंडले ।
स्मरत्यतिमनोहारि षोडशोन्नतपत्रकम् ॥ १४२ ॥

प्रतिपत्रसमासीनस्वरमालाविराजितम् ।
कर्णिकायां महामंत्रं विस्फुरन्तं विचिंतयेत् ॥१४३॥

रेफरुद्धं कलाबिंदुलांछितशून्यमक्षरम् ।
लसद्बिंदुछटाकोटीकांतिव्याप्तहरिन्मुखम् ॥१४४॥

(अर्हं) तस्य रेफाद्विनिर्यान्तीं शनैर्धूमशिखां स्मरेत् ।
स्फुलिंगसंतति पश्चात् ज्वालालीं तदनंतरम् ॥१४५॥

तेन ज्वालाकलापेन वर्धमानेन संततम् ।
दहत्यविरतं धीरः पुंडरीकं हृदि स्थितम् ॥१४६॥

तदष्टकर्मनिर्माणमष्टपत्रमधोमुखम् ।
दहत्येव महामंत्रध्यानोत्थ प्रबलानलः ॥१४७॥

ततो देहाद्बहिर्ध्यायेत् त्रिकोणं वह्निमंडलम् ।
ज्वलत्स्वस्तिकसंयुक्तं वह्निबीजसमन्वितम् ॥१४८॥

देहं पद्मं च मंत्रार्चिरंतर्वह्निपुरं बहिः ।
कृत्वाशु भस्मसाच्छाम्येत्स्यादाग्नेयीति धारणा ॥१४९॥

પાર્થિવી ધારણાનો નિશ્ચલ અભ્યાસ થવા પછી ધ્યાન કરનારાએ એક સુંદર કમલ ઊંચા સોળ પત્રોવાળુ નાભિમંડળમાં ચિંતવવું. દરેક પત્ર ઉપર બેઠેલી સ્વરની માલાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભતી કર્ણિકામાં સ્ફુરાયમાન થતા મહામંત્ર અર્હંનું ચિંતન કરવું. આ મહામંત્ર રેફથી રૂંધાયેલો, કલા અને બિંદુના ચિહ્નવાળો, આકાશ અક્ષર ( આકાશ બીજ ) ह કારને ચળકતા બિંદુના તેજની કોટિ કાંતિ વડે દિશાના મુખને વ્યાપ્ત કરતો ચિંતવવો. તે રેફમાંથી ધીમે ધીમે નીકળતી ધુમાડાની શિખાનું ચિંતન કરવું. પછી તેમાં અગ્નિના તણખાની સંતતિ નીકળતી અને પછી જ્વાલાની પંક્તિ નીકળતી ચિંતવવી. નિરંતર વૃદ્ધિ પામતા તે જ્વાલાના સમૂહ વડે ધીર પુરુષે હ્રુદયમાં રહેલા કમળને તત્કાળ બાળી નાખવું. તે આઠ કમલના બનેલા આઠ પત્રોવાળા અધોમુખ કમલને મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન થયેલો અગ્નિ બાળી જ નાખે છે એમ કલ્પવું. ત્યાર પછી દેહની બહાર ત્રિકોણ અગ્નિમંડલનું ચિંતવન કરવું. તે ત્રિકોણ અગ્નિમંડલ અગ્નિબીજ તથા ચકચકતા સ્વસ્તિક સહિત છે એમ ધ્યાવું. પછી દેહને કમળને તથા મંત્રમાંથી નીકળતા અગ્નિની જ્વાળાવાળા અંતરના અગ્નિને અને બહારનું અગ્નિમંડલ તે સર્વને તત્કાળ રાખરૂપ કરી નાખીને શાન્ત થઇ રહેવું તે આગ્નેયી ધારણા છે.

**ભાવાર્થ**—પાર્થિવી ધારણાનો અભ્યાસ કેટલાક દિવસ કરતાં તે અભ્યાસ દૃઢ થયા પછી આગળ અભ્યાસ ચલાવવો દૃઢ ધારણા એટલે જ્યારે જે ઠેકાણે તે ધારણાનું ચિંતવન કરીએ ત્યારે તે સ્થળે તરત જ વિલંબ વિના તે દેખાવ ખડો થાય એટલે દૃઢ અભ્યાસ થયો કહેવાય ત્યારપછી નાભિની અંદર એક સુંદર સોળ પાંખડીનું કમળ ચિંતવવું. તેના પાંદડાઓ ખુલ્લાં, ઊંચાં, ઊભા હોય, અર્થાત્ નાભિના નીચલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ તરફ તેની ડાંડલીવાળો (ડીંટિયાવાળો) છેડાનો ભાગ હોય અને મુખનો ભાગ હૃદય તરફ ખુલ્લો હોય તેવું ચિંતવવું. તે દરેક પત્ર ઉપર એક સ્વર બેઠેલો હોય તેમ ચિંતવવું. તે સ્વર અનુક્રમે (अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः) આ પ્રમાણે છે. તે સ્વરોને કમળના પત્ર પ્રમાણે ગોળાકારમાં ગોઠવી દેવા. તે કમળની વચલી કર્ણિકા કેસરના ભાગમાં દેદીપ્યમાન મહામંત્ર अर्हँ ને સ્થાપન કરવો, આ મંત્રમાં આકાશ બીજ 'ह' કાર છે તેના ઉપર રેફ, બિંદુ અને કળા મૂકતાં 'र्हँ' થાય છે છતાં મૂળ મંત્ર अर्हँ છે, એટલે अ આગળ વધારતાં अर्हँ થાય છે. આ મૂલ મંત્ર એટલો બધો તેજસ્વી ચિંતવવો કે તેની સુંદર ચળકતી પ્રભાથી દિશાનાં મુખો પણ વ્યાપ્ત થયાં હોય, પ્રકાશમાન થતાં હોય, એવો ચિતવવો; અને ધ્યાન ધરવું એટલે તે તરફ થોડો વખત મનને અંતરૂ ઉપયોગ સાથે સ્થિર કરીને જોયા કરવું.

આ પ્રમાણે તે મૂળ મંત્ર अर्हँનું ધ્યાન કરવા પછી તેના રેફમાંથી ધીમે ધીમે ધુમાડાની એક શિખા-ધારા નીકળતી હોય તેમ ચિંતવવું. તે ધુમાડાની શિખા દેખવામાં આવે ત્યાર પછી તે મૂળ મંત્રના રેફમાંથી અગ્નિના તણખાઓ ઊડતા નીકળતા ચિંતવવા. આ અગ્નિના તણખા નીકળતા થાય એટલે ધુમાડાની શિખા ઓછી થતી હોય તેમ ધારવું. તણખા નીકળ્યા પછી તે મૂળ મંત્રના રેફમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળતી ચિંતવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વખતે હૃદયમાં એક આઠ પાંખડીનું કમળ ચિંતવવું આ કમળ સોળ પાંખડીવાળા નાભિના કમળની ઉપર ઊંધું અર્થાત નીચું મુખ રાખી તે સોળ પાંખડીવાળા કમળ ઉપર લટકતું હોય તેમ પણ કેટલાએક આંતરે (છેટે) રહેલું ચિંતવવું. આ આઠ પાંખડીવાળા કમળના દરેક પાંદડાં ઉપર એક એક કર્મ (૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય–એ પ્રમાણે) ગોઠવી દેવાં. ત્યાર પછી નાભિકમળની કર્ણિકામાં રહેલા મૂળમંત્ર अर्हं ના રેફમાંથી જે જ્વાળાઓ નીકળતી હતી, તે જ્વાળાઓ વધારે વૃદ્ધિ પામીને આઠ પાંખડીવાળા ઊંધા મુખવાળા કમળ ઉપર પડી અને તે કમળમાં રહેલાં આઠે કર્મને તે બાળી નાંખે છે. આ મહામંત્રમાંથી નીકળતી અગ્નિજ્વાળા અવશ્ય તે કમળ સાથે કર્મોને બાળી જ નાંખે છે એમ મજબૂતાઇથી ચિંતવવું અને તદાકાર થઈ જવું.

ત્યાર પછી શરીરની બહાર એક ત્રણ ખૂણવાળો અગ્નિનો કુંડ છે, જેની અંદર ભડભડાટ કરતો અગ્નિ બળી રહેલો છે; ધુમાડા વિનાની અગ્નિની જ્વાળાઓ–ભડકાઓ થઈ રહેલા છે એમ ચિંતવવું. તે ત્રિકોણ અગ્નિકુંડના ઉપરના એક ભાગમાં એક તેજસ્વી સાથિયો છે, તથા બીજી તરફ અગ્નિબીજ (र)કાર છે એમ ચિંતવવું. એવી દૃઢતાથી ચિંતન કરવું કે તે અગ્નિકુંડ, તેમાંથી નીકળતી જ્વાળાઓ, ભડકાઓ, સાથિયો (र)કાર વગેરે દેખાઈ આવે.

ત્યાર પછી આ દેહ કે જેનાથી આત્મા અત્યંત જુદો છે, તે આત્મા આ દેહનો પણ જોનાર છે, દ્રષ્ટા છે, તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરો અનુભવ કરવા માટે અર્થાત તે ભિન્નતા વિચારદૃષ્ટિથી બરોબર અનુભવવા માટે તે અગ્નિકુંડની અંદર આ પોતાના દેહને નાખી દેવો. અને પોતે તો દૂર ઊભા રહીને શરીર બળ્યા કરે છે તેમ જોયા કરવું. તે શરીર બાળીને રાખ થઈ ગયું, આઠ અને સોળ પાંખડીનાં કમળો બળીને રાખ થઇ ગયાં, મંત્રમાંથી નીકળતી અગ્નિની જ્વાળાઓ હતી તેની રાખ થઈ ગઈ, અને છેવટે બહારના કુંડમા જે અગ્નિ બળતો હતો તે પણ રાખરૂપ થઇને શાંત થઈ ગયો. આ પ્રમાણે સર્વ શાન્ત થઈ ગયું. એક રાખનો ઢગલો થઈ ગયો એમ ચિંતવી શાંતિ લેવી; કાંઈ વિચાર કર્યા વગર શાન્ત બેસી રહેવું. આ બીજી અગ્નિ સંબંધી ધારણા છે.

## ધર્મધ્યાનની વાયુ સંબંધી ધારણા

ततस्त्रिभुवनाभोगं पूरयन्तं समीरणम् ।
चालयन्तं गिरीनब्धीन् क्षोभयन्तं विचिन्तयेत् ॥१५०॥
तच्च भस्मरजस्तेन शीघ्रमुद्धूय वायुना ।
दृढभ्यासः प्रशान्ति तमानयेदिति मारुती ॥१५१॥

ત્યાર પછી પરિપૂર્ણ ત્રણે ભુવનને ભરી દેતા, પહાડોને ચલાયમાન કરતા, સમુદ્રોને ક્ષોભ પમાડતા, વાયુને ચિંતવવો તે વાયરા વડે રાખના ઢગલાને તત્કાલ હલાવીને ઉડાડી દઇને દૃઢ અભ્યાસવાળા ધ્યાતાએ તે વાયુને શાન્તિમાં લાવવો એ મારુતી ધારણા છે.

**ભાવાર્થ**—આ બીજી ધારણામાં સારી રીતે પ્રવેશ થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી ત્રીજી વાયવી ધારણાનો અભ્યાસ કરવો. મન બાળક જેવું છે. જેમ કેળવીએ, જે ટેવ પડાવીએ તે પ્રમાણે કેળવાય છે—ટેવ પાડે છે. આપણા કહ્યા મુજબ મન કરે તે એક રીતે મન આપણને સ્વાધીન થાય છે એમ કહેવામાં જરા પણ અડચણ નથી. આપણી ઇચ્છા વિરુદ્ધ, જાગૃતિ વિના, ઓઘ સંજ્ઞાએ મન જે દોડધામ કરી મૂકે છે, એક વિચારમાં રોકયા છતાં વચમાં બીજા વિચારો કરી મૂકીને જે મૂંઝવણો ઊભી કરી મૂકે છે, તેના કરતાં આપણે બતાવીએ તે વિચારો કરે–તે આકારો પકડે તે ઘણું જ ઉત્તમ છે. જુઓ કે હજી તે મનની ખરી નિર્મળતા તો રૂપાતીત ધ્યાનમાં જ થાય છે, તથાપિ આપણા મનની ધારણા નીચલી અપેક્ષા એ ઘણી ઉત્તમ છે. હવે મનથી એવી કલ્પના કરો કે, વાયુ ઘણો પ્રચંડ વાવો શરૂ થાય છે. તત્કાળ તેવી કલ્પના સિદ્ધ ન થાય તો પહેલાં કોઇ વખત વધારે વાયરો ચાલુ થયેલો તમારા જોવામાં આવ્યો હોય તેવી કલ્પના કરો કે તેની સ્મૃતિ અહીં કરો અને ધીમે ધીમે તેમાં વધારો કરતા રહો. તે એટલે સુધી કે આખાં ત્રણ ભુવન પવનથી વ્યાપ્ત થઈ ગયાં છે અને તે એવા ઝપાટાથી વાયરો વાય છે કે મોટા મોટા પહાડો પણ ચલિત થઈ ગયા છે તથા સમુદ્રો ક્ષોભ પામીને મર્યાદા મૂકવા માંડયા છે; પાણીનાં મોટાં મોજાંઓ સમુદ્રમાં ઊછળી રહ્યા છે. આ વિચારોથી તેવો દેખાવ દેખાયા પછી પૂર્વે અગ્નેયી ધારણામાં જે શરીર તથા કર્મ આદિનો રાખનો ઢગલો થયેલો પડ્યો હતો તે આ વાયુના ઝપાટાથી આકાશમાં ઊડી ગયો છે તેમ ચિંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવું. ત્યાર બાદ માનસિક કલ્પનાને બદલાવવી એટલે જે પ્રચંડ વાયુ વાઈ રહ્યો હતો તેને તદ્દન શાંત કરી દેવો, એટલે જરા પણ વાયુ વાતો નથી તેવી સ્થિતિ મનથી કલ્પવી આ વાયવી ધારણા છે.

## વારુણી ધારણા

स्मरेद्वर्षत्सुधासारैः घनमालाकुलं नभः ।
ततोऽर्धेन्दुसमं कान्तं मंडलं वारुणाङ्कितम् ॥१५२॥
नभस्तलं सुधाम्भोभिः प्लावयेत्तत्पुरं ततः ।
तद्रजः कायसंभूतं क्षालयेदिति वारुणी ॥१५३॥

મેઘની માળા વડે ઘેરાયેલા અને અમૃતના પાણી વડે વર્ષતા આકાશનું ચિંતન કરવું. ત્યાર પછી અર્ધચંદ્ર સમાન સુંદર અને વરુણ બીજ (व)ના ચિહ્નવાળું વરુણમંડળ ચિંતવવું. ત્યાર પછી તે વરુણપુર અમૃતના પાણી વડે આકાશતળને પલાળી દે છે એમ ચિંતવવું. અને શરીરની ઉત્પન્ન થયેલી તે રજને ધોઈ નાખે છે એમ વિચારવું તે વારુણી (પાણીની) ધારણા છે.

**ભાવાર્થ**—વાયુની ધારણા સ્થિર થયા પછી પાણીની ધારણા કરવી. તે ધારણામાં પ્રથમ આકાશ ચિંતવવું. આ આકાશ વાદળાંઓની ઘટાથી ઘેરાયેલું છે અને તેમાંથી અમૃતના પાણીનો વરસાદ વરસી રહ્યો છે. એ ભાવના દૃઢ થયા પછી, વરુણપુર કે વરુણમંડલનું ચિંતવન કરવું. આ વરુણપુર અર્ધ ચંદ્ર સમાન સુંદર ચળકતું છે અને તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર વરુણ બીજ (वं)નું ચિહ્ન છે, એમ ચિંતવવું. ત્યાર પછી આ વરુણમંડલમાંથી અમૃતનો વરસાદ વરસતો ચિંતવવો અને તેથી આખું આકાશ પલળી જાય છે એમ ચિંતવવું. તે સાથે પ્રથમ શરીરની ભસ્મ જે આકાશમાં ઉડાડી નાંખી હતી તેથી મલિન થયેલું આકાશ આ અમૃતના પાણીથી સાફ ધોઇ નાંખવું અને તેથી નિર્મળ શુદ્ધ આકાશ થઈ જાય છે, એમ ચિંતવન કરવું તે વારુણી (પાણીની) ધારણા છે.

### તત્ત્વ સ્વરૂપ ધારણા

सप्तधातुविना भूतं पूर्णेन्दुविशदद्युतिम् ।
सर्वज्ञकल्पमात्मानं शुद्धबुद्धिः स्मरेत्ततः ॥१५४॥
ततः सिंहासनासीनं सर्वातिशयभासुरम् ।
विध्वस्ताशेषकर्माणं कल्याणमहिमान्वितम् ॥१५५॥
स्वांगगर्भे निराकारं स्वं स्मरेदिति तत्त्वभूः ।
साभ्यास इति पिंडस्थे योगी शिवसुखं भजेत् ॥१५६॥

ત્યાર પછી સાત ધાતુ વિનાના પૂર્ણચંદ્ર સમાન નિર્મળ કાંતિવાળા, સર્વજ્ઞ સરખા પોતાના આત્માને શુદ્ધ બુદ્ધિવાળા ધ્યાતાએ ચિંતવવો. ત્યાર પછી સિંહાસન પર બેઠેલા, સર્વ અતિશયથી દેદીપ્યમાન સર્વ કર્મનો નાશ કરનાર, માંગલિક મહિમાવાળા, નિરાકાર આત્માને પોતાના શરીરની અંદર ચિંતવવો તે તત્ત્વ સ્વરૂપ ધારણા છે. આ પ્રમાણે પિંડસ્થ ધ્યાનમાં સતત અભ્યાસવાળો યોગી મોક્ષસુખ પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—વારુણી ધારણા સિદ્ધ થયા બાદ શુદ્ધ બુદ્ધિવાળા ધ્યાતા યોગીએ, સાત ધાતુ વિનાના સ્વરૂપવાળો એટલે લોહી, માંસ, હાડ, ચામ આદિ શરીરની અંદર રહેલી ધાતુ સિવાયના સ્વરૂપવાળા અને પૂર્ણચંદ્ર સમાન નિર્મળ કાંતિને ધારણ કરનારા પોતાના આત્માને સર્વજ્ઞના સરખો ચિંતવવો. એટલે જે સર્વજ્ઞ તેજ હું છું, મારામાં અને સર્વજ્ઞમાં જરા પણ તફાવત નથી. આ વિચાર મનની કલ્પનામાત્ર જ નહિ કે બોલવા માત્ર જ નહિ; પણ જાણે સાક્ષાત્ સર્વજ્ઞપણાનો અનુભવ કરતા હોઇએ તેમ, બીજું બધું ભાન ભૂલી જઈ, હું સર્વજ્ઞ જ છું, આ જ ભાન જાગ્રત રહે તેવી રીતે પોતાના આત્માને સર્વજ્ઞ સ્વરૂપ ચિંતવવો.

જેવી રીતે આ દેહનું અમુક નામ રાખવામાં આવ્યું છે, તે નામવાળો કે નામધારી હું જ છું, એમ તમે માનો છો અને સૂઈ ગયા હો તે વખતે તમારું નામ લઈ કોઇ બોલાવે તો ઊંઘમાંથી ઊઠતાં વેંત જ તે નામધારી તમે જ હેં શું કહો છો? તેવો જવાબ આપો છો અને બીજા જાગતા કે ઊંઘતા તે નામથી જવાબ આપતા નથી. આ જેવો અભ્યાસ થઈ ગયો છે, તમારું મન તે નામ પ્રમાણે પોતાને જ માને છે, આવી રીતે જો તમારું મન એમ માને કે, હું જ સર્વજ્ઞ છું; તેમાં આરોપ-બારોપ કાંઇ જ નહિ. જેમ તમારું નામ લઈ કોઇએ બોલાવતાં જ જરા પણ ખંચકાયા સિવાય તમે જવાબ આપો છો તેવી જ રીતે તમારું મન તમને પોતાને સર્વજ્ઞ માને તો પછી ત્યાં સર્વજ્ઞપણું પૂર્ણ રીતે પ્રગટ થાય છે. અને વાત પણ ખરી છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી સ્થિતિ કે નિર્મળતાની દશા પ્રગટ થઈ હોય તો જ મન કબૂલ કરે કે હું 'સર્વજ્ઞ છું'! નહિતર મન એમ જ માનવાનું કે હું તો અમુક છું, આ તો ધ્યાન કરું છું એટલે તેટલો વખત એમ ચિંતવવાનું છે, બાકી સર્વજ્ઞ હું ક્યાંથી હોઈ શકું? આ ભાવના મન કરવાનું જ. એટલે દરજ્જે તે ભાવના સિદ્ધ નથી થઈ એમ માનવું જ જોઈએ આ ભાવના અનુક્રમે સિદ્ધ થતી ચાલે છે. અથવા લાંબા વખતના અભ્યાસે આ જાતનો સંસ્કાર પડી જાય છે. જેમ કોઈ ગૃહસ્થપણાનો ત્યાગ કરી ત્યાગી થયો, તે ત્યાગીપણાનો સંસ્કાર તેના મનમાં મજબૂત થતો ચાલે છે કે હું સાધુ છું, ત્યાગી છું. એ સંસ્કાર કાળે કરી એવો દૃઢ થઈ જાય છે કે તે ત્યાગીપણાનો અનુભવ મેળવે છે; બહારથી પણ મન તેમ માને છે કે હું ત્યાગી છું, અંદરખાનેથી પણ ત્યાગીપણાના ગુણો નિઃસ્પૃહતા, મમત્વરહિતપણું, વૈરાગ્યવૃત્તિ, પૂર્ણ ત્યાગ વિગેરે અનુભવ કરતો જાય છે. આ પ્રમાણે આ અભ્યાસનું પણ પરિણામ છે.

ત્યાર પછી એક સુંદર સિંહાસન ત્યાં આવેલું છે, તેના ઉપર હું બેઠો છું. એમ ચિંતવવું. સર્વજ્ઞપણાના કે તીર્થંકર દેવના જે ચોત્રીસ અતિશયો છે તે સર્વ અતિશયો પોતા તરફથી અને પર તરફથી પ્રગટ થઇ રહેલા છે, મેં સર્વ કર્મોનો નાશ કરી દીધો છે, મંગલકારી મહાન મહિમાવાળો હું છું, આમ પોતાના શરીરની અંદર ચિંતવવું. છેવટે આ દેહની અંદર હું નિરાકાર, શુદ્ધ સ્વરૂપ, નિર્લેપ, વિશુદ્ધ આત્મસ્વરૂપ હું જ રહેલો છું એમ ચિંતવવું અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પ્રવાહને-તેવી વૃત્તિને-લંબાવા દેવી અને ધીમે ધીમે તે વૃત્તિનું પણ ભાન ભૂલી જઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો. આ તત્ત્વ સ્વરૂપ ધારણા છે. એટલે આ દેહની અંદર રહેલ તત્ત્વ સ્વરૂપ હું જ છું અને તે જ પરમાત્મા છે, સર્વજ્ઞ છે એ તત્ત્વ સ્વરૂપ ભાવના સિદ્ધ કરવાની છે. કહેવાનો ઉદ્દેશ પણ તે જ છે.

આ પિંડસ્થ ધ્યાનના લાંબા વતખના અભ્યાસે યોગી-ધ્યાન કરનાર-મોક્ષસુખ પામે છે. એટલે આ કલ્પનાનો અભ્યાસ આ કલ્પનાની લાંબા વખતની ટેવ કલ્પિત નહિ પણ તાત્ત્વિક રીતે જે કલ્પના કરી છે, તે પોતાના શુદ્ધ સ્વરૂપને પહોંચાડે છે. આ પિંડસ્થ ધ્યાન છે.

## પિંડસ્થ ધ્યાનનું અલૌકિક ફળ

अश्रांतमिति पिंडस्थे कृताभ्यासस्य योगिनः ।
प्रभवन्ति न दुर्विद्यामंत्रमंडलशक्तयः ॥ १५७ ॥
शाकिन्यः क्षुद्रयोगिन्यः पिशाचाः पिशिताशनाः ।
त्रस्यन्ति तत्क्षणादेव तस्य तेजोऽसहिष्णवः ॥१५८॥
दुष्टाः करटिनः सिंहाः शलभाः पन्नगा अपि ।
जिघांसवोऽपि तिष्ठान्ति स्तंभिता इव दूरतः ॥१५९॥

વિશ્રાંતિ લીધા વગર અર્થાત્ વચમાં આંતરો પાડચા વિના નિરંતર આ પિંડસ્થ ધ્યાનના અભ્યાસ કરનાર યોગીને મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, વિદ્વેષણાદિ દુષ્ટ વિદ્યાઓ પરાભવ કરી શકતી નથી. દુષ્ટ મંત્રોની અસર તેના ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી નથી. કુષ્ઠાદિ રોગ નડતા નથી. અથવા મંડલ એટલે યુદ્ધમાં તેનો પરાભવ થતો નથી. શસ્ત્રાદિ શક્તિઓની અસર પણ તેના ઉપર થતી નથી. શાકિનીઓ, હલકી યોગણીઓ, માંસાહારી પિશાચો તે આ યોગીના તેજને સહન નહિ કરી શકતાં તત્કાળ જ ત્રાસ પામી નાસી જાય છે. દુષ્ટ હાથીઓ, સિંહો; જંગલી પાડાઓ અને સર્પો પણ મારવાની ઇચ્છાવાળા છતાં પણ થંભી ગયા હોય તેમ દૂર ઊભા રહે છે, અર્થાત તેની પાસે પણ આવી શકતા નથી.

## પદસ્થ ધ્યાન

पुण्यमंत्रपदान्येव तथागमपदानि वा ।
ध्यायन्ते यद्बुधैर्नित्यं तत्पदस्थं मतम् बुधैः ॥१६०॥
ओमर्हादिकमंत्राणां मायाबीजजुषां ततिम् ।
परमेष्ठ्यादिपदव्रातं पदस्थ-ध्यानगः स्मरेत् ॥१६१॥

પવિત્ર મંત્રપદોનું અથવા આગમનાં પદોનું જે બુદ્ધિમાનો વડે નિરંતર ધ્યાન કરાય છે તેને વિદ્વાનો પદસ્થ ધ્યાન કહે છે. પરસ્થ ધ્યાન કરનારે ॐ अर्हं ઇત્યાદિ મંત્રોનું માયાબીજ સહિત અક્ષરોની પંક્તિનું અને પરમેષ્ઠી ઈત્યાદિ પદના સમૂહનું સ્મરણ-ચિંતન કરવું.

**ભાવાર્થ**—પદ એટલે અધિકાર-પદવી. તેમાં રહેલા તે પદસ્થ. અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને મુનિ આ પાંચ પદવીઓ છે. તે પદવીધરોનું ધ્યાન કરવું તે પદસ્થ ધ્યાન છે. આ દેહ ધારણ કરનાર પદવીધરોમાં રૂપની મુખ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી તે પદવીધરોના ધ્યાન સંબંધી વાતનો રૂપસ્થ ધ્યાનમાં સમાવેશ કરવામાં આવે છે. માટે અહીં તે પદસ્થ મહાપુરુષોના નામનું સ્મરણ કરવું અથવા તે મહાપુરુષોના પવિત્ર નામસૂચક અક્ષરોનું–શબ્દોનું ધ્યાન કરવું, તે આ પદસ્થ ધ્યાનમાં કહેવામાં આવશે. સિદ્ધમાં રૂપ નથી પણ તેનું ધ્યાન રૂપાતીતમાં આવવાનું છે એટલે અહીં પદસ્થનો અર્થ તેના પવિત્ર પદનું–શબ્દનું–અક્ષરનું ધ્યાન કરવું તે થાય છે.

મંત્ર અને પદ એનું ધ્યાન આ પ્રમાણે છે : ॐ अर्हं नमः આ બીજ મંત્ર છે તેનો હૃદયકમળમાં અખંડ જાપ શરૂ કરવો તે જાપ શાંતિવાળા સ્થળે બેસી, આંખો મીંચી, હૃદયમાં દૃષ્ટિ રાખી તે જાપના અક્ષરોનો ભાસ થતો રહે, સાથે તેના અર્થનું ભાન થતું રહે તેવી રીતે જાપ કરવો.

અથવા સ્ફટિક રત્ન જેવા ધોળા વર્ણના ૐકારનો એકલો જાપ કુંભક કરીને કરવો. પવનને હૃદયમાં રોકી તે સ્થળે જેટલો વખત કુંભક ટકી શકે–એટલે પવન રોકી શકાય તેટલા વખતમાં હૃદયમાં ત્યાં જાપ કરવો. અથવા ધોળા વર્ણનો ૐકાર ત્યાં કલ્પીને તેનું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટલે તે ૐકારને સ્થિરતાપૂર્વક જોયા કરવો અથવા જાપ કરવો. મન અકળાય એટલે પવનને મૂકી દઇ પાછો રોકી કુંભક કરી ધ્યાન કે જાપ કરવો. પાછો મૂકી દઈ ફરી પવનને રોકી જાપ કે ધ્યાન કરવું આ પ્રમાણે જેટલી સ્થિરતા હોય તેટલા પ્રમાણમાં શરૂઆતમાં આવી રીતે જાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો અગર ૐકારનું ધ્યાન કરવું. અથવા એકલા અર્હં-મંત્રનો હૃદયમાં જાપ કરવો કે ધ્યાન કરવું. આ પણ કુંભક સાથે જ કરવો. મનની વિક્ષેપતા અથવા ચપળતા મટાડવા માટે આ જાપ વખતે કુંભક કર્યા પછી તે કુંભકમાં જ આ अर्हं મંત્રને જુદા જુદા શરીરાદિના ભાગોમાં ફેરવવો–ચિંતવવો. જેમ કે પ્રથમ કુંભક કરી अर्हं એ મંત્રને હૃદયમાં જોવો પછી તરત જ તે સ્થાન બદલી ભ્રૂકુટિમાં જોવો. ત્યાંથી મુખમાં, તાલુમાં, નેત્રમાં ક્રમે જોવો. ત્યાંથી મનની કલ્પના વડે શરીરની બહાર કાઢી જ્યોતિષચક્રમાં લઇ જવો. ત્યાંથી ચારે દિશાઓમાં, આકાશના મધ્યમાં અને છેવટે મોક્ષ-સ્થાનમાં લઈ જવો. આ પ્રમાણે ફેરવ્યા પછી કુંભક મૂકી દેવો. પાછો કુંભક કરી તે પ્રમાણે જ ધ્યાન કરવું. આવી રીતે વારંવાર કરવાથી મન પવિત્ર અને શાંત થવા સાથે એકાગ્ર થાય છે. અથવા ચંદ્રની કળાનું ધ્યાન કરવું એટલે આઠમના ચંદ્ર જેવી સ્વચ્છ અને પ્રકાશિત આકૃતિ કલ્પી તેનું ધ્યાન કરવું. આ ચંદ્રની કળાને હૃદયમાં કે ભ્રકુટિમાં જોયા કરવી. તેમાં જ લક્ષ રાખી આ ચંદ્રકળાની માફક નિર્મળ અને પ્રકાશ સ્વરૂપ, પરમ શાંતિમય શુદ્ધ સ્વરૂપ હું આત્મા છું આ વિચાર કર્યા કરવો. આ સિવાય બીજું કાંઈ પણ ચિંતન ન કરવું તે તેનું ધ્યાન છે. આ સ્થળે કુંભકની જરૂર નથી. જેમ લાંબા વખત સુધી ધ્યાન થાય, સ્થિરતા-પૂર્વક બીજા વિકલ્પો સિવાય રહી શકાય ત્યાં સુધી તે ચંદ્ર કળામાં સ્થિર થવું, ત્યારપછી તે ચંદ્રકળાને ધીમે ધીમે પાતળી

૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતવતા જવું. છેવટે વાળના જેવી ચંદ્રકળા રહે ત્યાં સુધી ધ્યાન કરવું. આ ધ્યાનથી એકાગ્રતા સાથે મન નિશ્ચળ અને નિર્મળ થાય છે. આથી વિવિધ પ્રકારની સિદ્ધિઓ પણ થાય છતાં સાધકે તેમાં ન લોભાતાં પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખવો, નહિતર પતિત થવાનો પ્રસંગ આવે છે. સિદ્ધિ તે કાંઇ કર્તવ્ય કે છેવટનું પ્રાપ્તવ્ય નથી ત્યાર પછી તે લક્ષ મૂકી દઇ નિરાકારનું લક્ષ રાખી નિરાકારનું ધ્યાન કરવું કે જે નિરાકાર, નિર્વિચાર લક્ષ વિનાની અથવા આત્માના શુદ્ધ સ્વરૂપના લક્ષવાળી સ્થિતિ છે તેનું ધ્યાન કરવું; તે સ્થિતિમાં કર્મોનો ક્ષય થઈ આત્મસ્થિતિ પ્રાપ્ત થાય છે.

અથવા ॐ नमो अरिहंताणं આ આઠ અક્ષરના પદનું ધ્યાન કરવું. આ ધ્યાન એવી રીતે કરવું કે ओँ ને પૂર્વ દિશામાં મૂકવો ત્યાર પછી અનુક્રમે બીજા અક્ષરો દિશા વિદિશામાં મૂકી ગોળ કુંડાળાના આકારમાં ગોઠવી તે અક્ષરો પર લક્ષ રાખી જોયા કરવું એટલે તે અક્ષરોનું ધ્યાન કરવું.

આ પ્રમાણે ધ્યાન કરવું. અથવા પૂર્વ દિશામાં રહેલા ओँ ઉપર દૃષ્ટિ આપી મનમાં ओँ બોલવો પછી न ઉપર પછી मो ઉપર એમ અનુક્રમે આઠે અક્ષરો ઉપર દૃષ્ટિ આપી ओँ नमो अरिहंताणं એ જાપ પૂરો કરવો. આ એક જાપ થયો. આવી રીતે દરેક અક્ષર ઉપર દૃષ્ટિ રાખી હૃદય-કમળમાં તે મંત્રનો અગિયારસો વાર જાપ કરવો. આવો જાપ આઠ દિવસ કરતાં તેના અક્ષરો ચંદ્ર જેવા નિર્મળ જોવામાં આવશે. તે જોવાથી ધ્યાન કરનારમાં એવું બળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે કે ભૂત, પ્રેત, સર્પ, વાઘ, સિંહાદિ જીવો તેને કોઈ વિઘ્ન કરી શકતા નથી, આત્મબળ વૃદ્ધિ પામે છે, સર્વ સ્થળે શાંતિ ફેલાય છે. છતાં તે ધ્યાન કરી તેટલાથી ન અટકતાં આગળ અભ્યાસ ચાલુ રાખી તે અરિહંત તે હું છું આ અર્થના ભાનપૂર્વક જાપ કરવો. જાપ કરતાં આ જાપ, તેનો અર્થ અને અરિહંત તે હું છું ઇત્યાદિનું પણ ભાન ભૂલી જઈને છેવટના નિર્વિકલ્પ ધ્યાન સુધી પહોંચવું અને વચમાં આ લોકનાં વિવિધ પ્રકારનાં સુખમાં લોભાવે તેવા ચમત્કારોમાં ફસાઇ ન જતાં તે ધ્યાન કાયમ લાંબા વખત સુધી લંબાવતાં રહેવું.

અથવા હૃદયમાં આઠ પાખડીનું કમળ તેની દરેક પાંખડીમાં એક નવપદજીનું પદ મૂકવું. એટલે વચમાં–કર્ણિકામાં અરિહંત પછી તેના માથા ઉપર સિદ્ધ, પડખે આચાર્ય, નીચે ઉપાધ્યાયજી, પડખે સાધુ અને વિદિશાઓમાં દર્શન, જ્ઞાન ચારિત્ર અને તપ આ પદોને મૂકી તેનો જાપ કરવો અથવા તે એક એક પદોમાં લક્ષ રાખી ધ્યાન કરવું. તે સિદ્ધ ચક્રપદનું મંડળ સિદ્ધચક્રજીના ગટા ઉપરથી ધારી લેવું. એ પ્રમાણે હૃદયમાં સિદ્ધચક્ર ચિંતવી જાપ કે ધ્યાન કરવું આ અપરાજિત નામનો મહામંત્ર છે. બને તેટલો વધારે વખત આમાં રોકવો. જે પદનું ધ્યાન કરતા હોઇએ તે પદમાં આત્મઉપયોગ તદાકારે પરિણમતાં જેટલા વખત સુધી તેમાં ઉપયોગની સ્થિરતા રહે છે તેટલા વખત સુધી આપણે તે પદને ધારણ કરનાર મહાન પુરુષની સ્થિતિનો અનુભવ કરીએ છીએ. આ ધ્યાનને વધારે મજબૂત કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ્યારે જ્યારે જે જે પદના ધ્યાનમાં આપણું લક્ષ પરોવાયું હોય તે તે વખતે તે પદવાચક હું છું તેવી ભાવના મનથી દૃઢ કરતા રહેવું. સાધુપદમાં મન તદાકારે પરિણમ્યું એટલે સાધુ તે હું છું. સિદ્ધપદમાં મન પરિણમે ત્યારે તે સિદ્ધ તે હું છું અને જ્ઞાનપદમાં મન પરિણમે ત્યારે જ્ઞાનપદ તે હું છું આ ધ્યાન સાથે રાખતા જવું. ઉપયોગ તદાકારે પરિણમે છે ત્યારે "આ હું દેહધારી મનુષ્ય, શ્રાવક, સાધુ, વિગેરે છું" તે ભાન ભુલાઇ તો જાય છે અને સામા ધ્યેય (ધ્યાન કરવા લાયક જે છે તેના) આકારે પરિણમાય છે; છતાં તે સંસ્કારને વધારે દૃઢ કરવા અને ચાલુ લક્ષ, વિચારાંતરોથી ભૂલી ન જવાય તે માટે 'તે હું છું' એવા વિચારો ચાલુ રાખવા. આ પ્રમાણે નવપદજીનું કે ગમે તે પદનું ધ્યાન કરાતું હોય તે સર્વ સ્થળે આ લક્ષ ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ કરવી અને છેવટે તે પદમાં મનને વિરમાવી દેવું.

અથવા માત્રિકાપદ એટલે મૂળ અક્ષરોનું ધ્યાન જેને અક્ષરબ્રહ્મ કહેવામાં આવે છે, તેનું ધ્યાન કરવું તે આ પ્રમાણે છે.

નાભિમાં સોળ પાંખડીવાળા કમળની ભાવના કરવી. અને દરેક પાંખડી ઉપર એક એક સ્વર મૂકવો. अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए ऐ, ओ, औ, अं, अः.

આ અક્ષરો તે પાંખડીઓમાં ફરતા હોય એમ ચિંતવવા એટલે એક अ આવ્યો, એક પાંખડી ઉપર દેખાવ દીધો અને બીજી પાંખડી તરફ ચાલ્યો ગયો. તે પાંખડી ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ આવી ઊભો રહ્યો. તે દેખાયો કે તરત ચાલતો થયો અને તેને સ્થળે ૪ આવી ઊભો રહ્યો. આવી રીતે વારંવાર તે કમળો ઉપર સ્વરોનું પરાવર્તન થતું જાય છે તેમાં મન પરોવી દેવું અને એકાગ્ર કરવું.

ત્યાર પછી હૃદયમાં ચોવીસ પાંખડીનું કમળ ચિંતવવું અને અનુક્રમે તેમાં એક એક વ્યંજન ગોઠવવો તથા કર્ણિકામાં પચીસમો વ્યંજન ગોઠવવો અને તેમાં પણ એક એક વ્યંજન ઉપર લક્ષ રાખી તે વ્યંજનનો ઝાંખો પણ દેખાવ થાય કે બીજી પાંખડીના બીજા વ્યંજન તરફ લક્ષ આપવું; ત્યાં તે વ્યંજનનો દેખાવ થાય કે ત્રીજી પાંખડીના ત્રીજા વ્યંજન તરફ ધ્યાન આપવું આ પ્રમાણે પચીસે વ્યંજનનું ધ્યાન કરવું.

ત્યાર પછી મુખ ઉપર આઠ પાંખડીનું કમળ ચિંતવવું અને તેમાં બાકી રહેલા આઠ વ્યંજન ગોઠવવા અને તે સોળ પાંખડીવાળા કમળની માફક એક એક પાંખડી ઉપર ફર્યા કરે છે તેમ ચિંતવી જોયા કરવું.

આ પ્રમાણે અક્ષરોનું ધ્યાન કરવું તે માત્રિકા ધ્યાન છે. આ ધ્યાનથી જ્ઞાનાવરણ ઓછું થાય છે. શ્રુતજ્ઞાનનો તે પારગામી થાય છે અને બીજું પણ ભૂત ભવિષ્યાદિનું જ્ઞાન થાય છે.

આ સર્વ જુદા જુદા પ્રકારો બતાવ્યા છે તે સર્વ પદસ્થ ધ્યાનના ભેદો છે. આ સિવાય અનેક પ્રકારે આવી રીતે જુદાં જુદાં પદો કે મંત્રો લઇને આ ધ્યાન કરી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાંથી કોઈ પણ એક મંત્ર કે પદ લઈ તેનું લાંબા વખત સુધી ધ્યાન કરવું જોઈએ. આ સારું હશે કે તે સારું હશે! આવા વિચારોથી થોડો વખત આ કર્યું તેમાં હજી પરિપકવતા ન થઈ હોય તેટલામાં તેને પડતું મૂકી બીજું પદ કે મંત્ર લેવો એમ વારંવાર બદલાવવાથી એકે પાકું કે સિદ્ધ થતું નથી. માટે કોઈ એક ગમે તે પદ કે મંત્ર લો પણ તેનો પાર પામો. કોઈ પણ પદ કે મંત્ર હો તથાપિ તમારું લક્ષ તે પ્રત્યે એટલા પૂરતું હોવું જોઈએ કે આ પદ કે મંત્રના જાપ કે ધ્યાનથી વિશુદ્ધિ મેળવવી છે, મનને એકાગ્ર અને નિશ્ચલ કરવું છે, તે વાત ધ્યાનમાં રાખી પછી અભ્યાસ શરૂ કરશો તો પછી કયા પદનું ધ્યાન કે જાપ કરવો તે સંબંધી જરા પણ જુદા વિચારો રહેશે નહિ. આ સર્વ પદ કે મંત્રમાં જે શક્તિ છે તે શક્તિ તમારા ખંત કે પ્રયત્ન ઉપર અથવા સચોટ લાગણી ઉપર આધાર રાખે છે. તે નહિ હોય તો કોઈ ગમે તેવું સારું પદ કે મંત્ર હશે છતાં પણ તમે તેનાથી ફાયદો મેળવી શકશો નહિ. આ તો આલંબનો છે. શક્તિ તો તમારામાં જ છે. આલંબનમાંથી તે પ્રગટ કરવાની નથી. તે તો તમારામાંથી જ પ્રગટ થશે. આલંબન તો નિમિત્તમાત્ર છે, માટે તમારામાં તેવી મહાન શક્તિની શ્રદ્ધા રાખી, આલંબનનો આધાર લઈ તેમાં એકાગ્રતા મેળવો કે પછી પાછળનો રસ્તો તમારા માટે ઘણો જ સહેલો છે.

આગમના પદોનું આલંબન લઇ તેનું ધ્યાન કરવું-જાપ કરવો તે પણ પોતાના સ્વરૂપની થયેલી વિસ્મૃતિની જાગૃતિ લાવવી તે માટે જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अप्पा सो परमप्पा । આત્મા જ પરમાત્મા છે. આ જીવ જ પરમાત્મા થઈ શકે છે. 'સોહં' હું તે જ સિદ્ધસ્વરૂપ પરમાત્મા છું. આ સર્વ આગમપદોનું વિચારપૂર્વક મનન કરવું તેવા સ્વરૂપે પરિણમવા માટે અન્ય વિચારોને દૂર રાખી આ જ વિચારને મુખ્ય રાખવો. નિરંતર તેનું જ શ્રવણ, તેનું જ મનન અને તેવા રૂપે જ પરિણમવું-આ પણ પદસ્થ ધ્યાન છે. જુઓ કે રૂપાતીત ધ્યાન તરફ આ ધ્યાન પ્રયાણ કરતું જણાય છે. તથાપિ અહીં પદની-આગમના પદની મુખ્યતા રાખી તે ધ્યાન કરાતું હોવાથી પદસ્થ ધ્યાનમાં સમાવેશ પામે છે.

## રૂપસ્થ ધ્યાન

सर्वातिशययुक्तस्य केवलज्ञानभास्वतः ।
अर्हतो रूपमालंब्य ध्यानं रूपस्थमुच्यते ॥१६२॥
रागद्वेषमहामोहविकारैरकलंकितम् ।
शांतकातं मनोहारि सर्वलक्षणलक्षितम् ॥१६३॥

સર્વ અતિશયોથી યુક્ત, કેવળજ્ઞાનના સૂર્યસ્વરૂપ, રાગ-દ્વેષરૂપ મહાન મોહના વિકારો વડે નહિ કલંકિત થયેલા, શાંત, શોભનીય, મનહરણ કરનારા ઈત્યાદિ સર્વ લક્ષણોથી ઓળખાયેલા અરિહંતના રૂપનું આલંબન કરીને ધ્યાન કરવું તેને રૂપસ્થ ધ્યાન કહે છે.

**ભાવાર્થ**—દેહધારી સાક્ષાત્ સ્વરૂપે વિચરતા અરિહંત ભગવાનના સ્વરૂપનું અવલંબન કરીને ધ્યાન કરવું તે રૂપસ્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન કહેવાય છે. અરિહંત=અરિ જે રાગદ્વેષાદિ શત્રુઓ તેઓને હંત હણનાર તેનો-નાશ કરનાર તે અરિહંત છે. રાગદ્વેષનો સર્વથા નાશ કરનાર તે સર્વ સામાન્ય રીતે અરિહંત કહેવાય છે. છતાં 'સર્વ અતિશયોથી યુક્ત' એ વાક્યથી વિશેષ સ્વરૂપવાળા તીર્થંકરરૂપ અરિહંતનું અહીં લક્ષ કહ્યું છે એમ સમજવું. અતિશય વિનાના અરિહંતો પણ આત્મસ્વરૂપ થયેલા જ છે તથાપિ તેનું સ્વરૂપ વિશેષ પ્રકારની બુદ્ધિવાળા જ ગ્રહણ કરી શકે તેમ છે અહીં તો સામાન્ય રીતે સર્વ અધિકારી પરત્વે વાત ચાલતી હોવાથી, અતિશય ધારણ કરનાર, યોગબળ અને આત્મબળ બન્ને પ્રાપ્ત કરનાર, અતિશય બળ અને જ્ઞાનબળ બન્ને સત્તાને ધારણ કરનાર અને તેને લઇને બાળકથી માંડી સર્વ જીવોને ઉપકારી અને ઉપયોગી જાણી, વિશેષ ગુણધારક, અરિહંત તીર્થંકરના સ્વરૂપનું ધ્યાન કરવાનું અહીં કથન કરેલું છે.

યોગબળથી એકલા ચમત્કાર કે તેવા જ અતિશય ધારણ કરનારનું ધ્યાન નહિ પણ કેવળજ્ઞાન-પૂર્ણજ્ઞાનરૂપ સૂર્યવાળા, તેમ જ રાગદ્વેષાદિ મહામોહ વિકારોથી રહિત, ટુંકામાં કહીએ તો સર્વ લક્ષણોથી પૂર્ણ એવા જ્ઞાનીના સ્વરૂપનું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટલે બહારથી તો તેમના દેહને સ્મરણમાં લાવી સાક્ષાત્ તેમનું દર્શન કરતા હોઇએ તેમ તેમના સન્મુખ દૃષ્ટિને જોડી દેવી. પણ આંતરદૃષ્ટિથી તો તેમના આત્મિક ગુણો પર લક્ષ ચોંટાડી મનને તેમાં સ્થિર કરી દેવું.

અથવા સમવસરણની રચનાનો ચિતાર ખડો કરી તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મોપદેશ આપતા તીર્થંકર દેવનું ધ્યાન કરવું. આ ધ્યાનને રૂપસ્થ ધ્યાન કહે છે.

આ પ્રમાણે સાક્ષાત્ તીર્થંકરના અભાવે તેમના સ્વરૂપની કલ્પના જે કરી ન શકે અને તેને લઈને તે ધ્યાન ન કરી શકે તેને માટે તીર્થંકર દેવની પ્રતિમાજીનું ધ્યાન કરવા માટે કહે છે.

**जिनेन्द्रप्रतिमारूपमपि निर्मलमानसः ।**
**निर्निमेषदृशा ध्यायन् रूपस्थ ध्यानवान्भवेत् ॥१६४॥**

જિનેશ્વર ભગવાનની પ્રતિમાના રૂપનું પણ, નિર્મળ મનની ખુલ્લી દૃષ્ટિ વડે ધ્યાન કરતાં રૂપસ્થ ધ્યાનવાન થાય છે.

**ભાવાર્થ**—જિનેશ્વર ભગવાનની પ્રતિમાની સન્મુખ આંખો મીંચાવા દીધા સિવાયની ખુલ્લી દૃષ્ટિ વડે જોયા કરવું. તે એટલે સુધી કે પોતાનું ભાન ભુલાઇ જાય અને એકાકાર તન્મય થઈ જવાય ત્યાં સુધી જોયા કરવું. તે સાથે આંતરદૃષ્ટિ પ્રતિમાજી ઉપર નહિ પણ આ પ્રતિમાજી જે તીર્થંકર દેવની છે તેના આત્મા સાથે તન્મય પામતા જવું કારણ કે આપણે પ્રતિમાજી જેવા થવું નથી પણ જે દેવની પ્રતિમાજી છે તે તીર્થંકર દેવના આત્માના જેવા પવિત્ર પૂર્ણ સ્વરૂપ થવાનું છે એટલે જે ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા છે તેમના આત્મા સાથે આંતરદૃષ્ટિથી એકતા પામતા જવું પોતાનું (મનુષ્યપણાદિનું) તુચ્છ સ્વરૂપ ભૂલી જઈ પરમાત્માના પૂર્ણ સ્વરૂપમાં એકાકારતા પામવી, પરમાત્મસ્વરૂપ સાથે એકરસ થવું, અર્થાત્ પોતામાં રહેલા પરમાત્મસ્વરૂપમાં વિશ્રાંતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામવી–આ રૂપસ્થ ધ્યાન છે. પરમાત્માના સ્વરૂપ સાથે એકાગ્રતા મેળવવી એ ખરી રીતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રવેશ કરવો કે આત્મસ્વરૂપ પ્રગટ કરવું અથવા સર્વ કર્મનો નાશ સાધવો તે કરવા બરોબર છે. આલંબનો તો સાધનરૂપ છે. તે આલંબનો પકડીને બેસી રહેવું તે કર્તવ્ય નથી પણ આલંબનોની મદદથી કાર્ય કરવું. આત્માનું શુદ્ધ સ્વરૂપ જેટલે અંશે પ્રગટ થાય તે રૂપ કાર્ય કરવાનું છે. આ વાત ધ્યાન કરનારના લક્ષ બહાર જરા પણ જવી ન જોઈએ.

## ધ્યાનનું ફળ

ध्यानी चाभ्यासयोगेन तन्मयत्वमुपागतः ।
सर्वज्ञीभूतमात्मानमवलोकयति स्फुटम् ॥१६५॥

આ આલંબનની મદદ વડે ધ્યાનનો અભ્યાસ કરનાર તન્મયપણાને પામીને પોતાના આત્માને સર્વજ્ઞપણાને પામેલો પ્રગટપણે જુએ છે.

## કેવી રીતે તન્મય થવું જોઇએ ?

सर्वज्ञो भगवान् योऽयमहमेवास्मि स ध्रुवम् ।
एवं तन्मयतां यातः सर्ववेदीति मन्यते ॥१६६॥

જે આ સર્વજ્ઞ ભગવાન છે તે હું જ નિશ્ચય છું. આવી તન્મયતાને પ્રાપ્ત થયેલો 'સર્વજ્ઞ' એમ મનાય છે.

**ભાવાર્થ**—નિરંતરના આત્મઅભ્યાસથી આત્મસ્વરૂપ થવાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અભ્યાસ અભ્યાસનું કાર્ય સિદ્ધ કરે છે. એક નાનું સરખું બીજ જમીનમાં વાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યું હોય છે અને નિરંતર તેને અનુકૂળ સામગ્રીનું પોષણ આપ્યું હોય છે તો કાળાંતરે એક મહાન ગંભીર ઘટાવાળું મજબૂત ઝાડ થઈ રહે છે. તો આત્મશક્તિ તો પોતાની પાસે જ છે. પોતે જ તદ્રૂપ છે. અજ્ઞાન દશાથી ભાન ભુલાયેલું છે. કર્મ લાગેલાં છે. બાકી કાંઇ ફેરફાર થયેલો નથી. નિરંતર આત્મા એ જ હું છું એ સ્મૃતિમાં રખાતું હોય, હું જ સર્વજ્ઞ છું જ સર્વજ્ઞ છું આ મહાવાકયનો પટ મન ઉપર નિત્ય અપાતો હોય અને તે બોલવામાત્રથી નહિ પણ તન્મય થઇને એ સિવાય બીજું કાંઈ નથી, એટલે સુધી વ્યવહારનું ભાન ભૂલીને, એટલે હું જ પરમાત્મા છું તે ભાવનામાં જ તદાકાર થવાનો અહોનિશ પ્રયાસ કરાતો હોય તો તે સર્વજ્ઞપણાને અવશ્ય પામે છે જેવી ભાવના તેવી સિદ્ધિ. વિશેષ એટલો છે કે સર્વ પ્રકારની અનુકૂળતા મેળવી, અહોનિશ આ ભાવનામાં લીન થવું જોઇએ. આ જ આંતરચારિત્ર છે. આ જ મુખ્ય શ્રદ્ધાન છે અને આ જ મુખ્ય જ્ઞાન છે. વધારે શું કહેવું ? આવી રોમેરોમની લાગણીથી આવા નિત્યના અનુસંધાનથી અને આવા આંતરિક જીવનથી જ આત્મજ્ઞાન પ્રગટ થાય છે. આત્મ લક્ષ થયા સિવાય નિર્વાણ કોઇને પ્રાપ્ત થાય જ નહિ. એ લક્ષ જાગ્યા સિવાયનો અભ્યાસ લક્ષ વિનાનાં ફેંકેલાં બાણની માફક ઉપયોગી થતો જ નથી.

## આલંબન તેવું ફળ

**वीतरागो विमुच्येत वीतरागं विचिन्तयन् ।**
**रागिणं तु समालंब्य रागी स्यात्क्षोभणाद्विकृत् ॥१६७॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીતરાગનું ચિંતન કરતાં વીતરાગ થઈને કર્મથી મુક્ત થવાય છે. અને સરાગીઓનું આલંબન લેતાં, કામાદિને ઉત્પન્ન કરનાર સરાગીપણું પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ**—હું સર્વજ્ઞ છું, હું પરમાત્મા છું આવા વીતરાગ ભાવને સૂચક (કારણ કે પરમાત્મા રાગદ્વેષાદિથી રહિત–વીતરાગ જ હોય છે) પદોનું ચિંતન કરવાથી વીતરાગના સત્ય સ્વરૂપનું, તેના ખરા જીવનનું આલંબન લઈને તેવી તેવી ભાવના પ્રમાણે મનને અહોનિશ પરિણમાવવાથી પોતામાં તે વીતરાગપણું પ્રગટ થાય છે અને કર્મબંધનોથી મુક્ત થવાય છે. જો આ જીવ તેવા ઉત્તમ આલંબનોનું ધ્યાન ભૂલી જઈને રાગી માણસોનું આલંબન લેશે, તો તેના હૃદયમાં રાગની લાગણીઓ પ્રગટ થશે, નાનાપ્રકારના વિકારો પ્રગટ થશે અને છેવટે તે મર્યાદાનું ઉલ્લંઘન કરશે. કારણ કે તેણે પોતાના મનોબળનો ઉપયોગ સરાગી આલંબન સાથે જોડયો છે. સામું આલંબન વિકારી છે તે તો એક શિક્ષક જેવું છે. તેમાં જે ગુણ હશે, જે જે ભાવો હશે, તે તે ગુણ, તે તે ભાવ આ હૃદયમાં પ્રગટ થશે જ. માટે તેવું ફળ મળે છે, એ વાત નિર્વિવાદ સિદ્ધ છે.

## તે ઉપર દૃષ્ટાંત બતાવે છે.

येन येन हि भावेन युज्यते यंत्रवाहकः ।
तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा ॥१६८॥

જે જે ભાવનાઓ સાથે આત્માને જોડવામાં આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની સાથે સ્ફટિક મણિની માફક તે આત્મા તન્મયતાને પામે છે.

**ભાવાર્થ**—કામની, ક્રોધની, લોભની, ઇર્ષ્યાની, શાંતિની સમતાની, ભયની, મોહની, વિરાગતાની, જ્ઞાનની કે તેવી જ કોઈ પણ ભાવના સાથે આત્માને જોડતાં અર્થાત્ મનમાં તેવી કોઈ પણ ભાવના ઉત્પન્ન કરતાં મન કે આત્મા તે તે આકારે પરિણમે છે; તન્મયપણાને પામે છે. ક્રોધની ભાવના હૃદયમાં ઉત્પન્ન થતાં ક્રોધરૂપ ઉપયોગે તત્કાળ પરિણમાય છે. કામની ભાવના ઉત્પન્ન કરતાં કામ ઉત્પન્ન થાય છે. લોભની ભાવના ઉત્પન્ન કરતાં દાતારપણું સંકોચાઇ જઈ કંજૂસાઈ કરતો જણાય છે. ઈર્ષ્યાની ભાવના ઉત્પન્ન થતાં ગુણાનુરાગીપણું નાસી જાય છે. તેમ જ શાંતિ, સમતા કે ક્ષમાની ભાવના હૃદયમાં પ્રગટ થતાં પરમશાંતિ અનુભવાય છે. અને તેટલા વખત સુધી તેની વિરુદ્ધ લાગણીઓ છુપાઇ જાય છે. ભયની ભાવના થતાં એટલે અમુક સ્થળે ભય છે, ભૂત છે વગેરે ભાવના થતાં હૃદયમાં ભય પ્રગટ થાય છે. બને ત્યાં સુધી તેવા સ્થળે જવાનું બંધ જ કરી દે છે. મોહની ભાવનાથી વિરાગ નાસી જાય છે અને હૃદયમાં તેનું જ સામ્રાજ્ય સ્થપાય છે. પછી જ્યાં વીતરાગની ભાવનાએ હૃદયમાં સ્થાન લીધું કે મોહને ઉચાળા ભરવા જ પડે છે. જ્ઞાનની ભાવનાથી હૃદયમાં વિવિધ વિચારો અને જ્ઞાન પ્રગટ થાય છે. આ જ પ્રમાણે હું સર્વજ્ઞ છું આ ભાવના પ્રબળ રૂપ ધારણ કરી બીજી બધી ભાવનાઓને સદાને માંટે દેશવટો આપે તો સર્વજ્ઞ પણ થવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તો સ્ફટિક મણિ જેવી સ્થિતિ છે. સ્ફટિક મણિની પાછળ ગમે તે જાતના રંગનો પટ લગાડો કે પાછળ તેવા રંગનો કાગળ કે કાંઈ તેવું જ મૂકો તો તે સ્ફટિક તેવા જ રંગનો દેખાશે, તેવું જ રૂપ ધારણ કરશે. આ વખતે સ્ફટિક રત્ને પોતાના ધોળાપણાનું કે સ્વચ્છપણાનું રૂપ બદલાવ્યું નથી પણ જ્યાં સુધી તે ભાવનાનો પટ તેની આગળ રહેશે ત્યાં સુધી તો તે તેવું જ દેખાવાનું. તેમ આ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ છે તે તો તેવું ને તેવું જ રહેવાનું. તેમાં જરા પણ ફેરફાર થવાનો નથી, પણ જે ભાવનાનો પાસ લગાડવામા આવશે તે તે રૂપ તે દેખાવ આપશે.

અહીં એક શંકા ઉત્પન્ન થાય છે અને તે એ છે કે આત્મા, ભાવના પ્રમાણે પરિણમ્યા જ કરે છે, તો સર્વજ્ઞપણાની ભાવના ભુલાઈ અને કોઈ બીજી વિકારી ભાવના ઉત્પન્ન થઈ તો પછી સર્વજ્ઞપણું તો ચાલ્યું જ જાય ને ?

આનું સમાધાન આ પ્રમાણે છે કે જ્યાં સુધી આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી તો ભાવનાઓના બદલવા સાથે આત્મા તે તે આકારે યા ભાવના પ્રમાણે પરિણમવાનો જ; કારણ પરિણમન ધર્મ તેમાં રહેલો છે. પણ જ્યારે સર્વથા વિશુદ્ધ સ્વભાવ પ્રગટ થાય થાય છે પછી તે સર્વજ્ઞપણાની ભાવનાથી કે પરમાત્મભાવનાથી અથવા ગમે તે જાતની ક્રિયાથી પણ જ્યારે સર્વથા શુદ્ધ સ્વભાવ પ્રગટ થાય છે ત્યારે આ પરિણમનધર્મ–જુદા જુદા આકારે પરિણમવાની યોગ્યતા તેની સાથે જ નાશ પામે છે. અને તે કારણથી ત્યાર પછીથી જુદી જુદી ભાવના કે આકારપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પરિણમવાનું બંધ થાય છે. સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઊંચામાં ઊંચી ભાવના પ્રમાણે મનને પરિણમાવવાની નિરંતર ટેવ પાડવી. અને તે ટેવ પાડવી એ સહેલું કામ છે, ફક્ત પોતાની જાગૃતિ અને ઉત્તમ નિમિત્તોની મદદની તેમાં જરૂર છે. તે નિમિત્તો પુણ્યયોગે પોતાને મળી જાય તો મોક્ષ પોતાની પાસે જ છે. તે સિવાય પરિભ્રમણ ચાલુ જ રહેવાનું.

આ જ બાબતને બીજી રીતે (નિશ્ચયનયની અપેક્ષાએ) વિચારીએ તો આત્મા તદ્દન શુદ્ધ નિર્લેપ છે. તે કોઈ દિવસ મલિન થયેલો નથી. તે તો જેમ જેવો છે તેમ તેવો જ કાયમ છે. પરિણમનધર્મ ભાવ મનમાં થયા કરે છે, એટલે તે ભાવનાના પુટ મનને આપવા પડે છે અને મનને શુદ્ધ કરવામાં આવે અથવા મનને એમ મનાવવામાં આવે કે હું શુદ્ધ થયો છું એટલે તે શુદ્ધ થાય છે. ભાવ મનને શુદ્ધ કરવા માટે જ પ્રયાસ કરવાનો છે, કેમ કે આત્મા તો પરિણામ પામતો નથી. તે તો શુદ્ધ સ્વરૂપ છે, તે પ્રકાશ સ્વરુપ છે. જ્ઞાન સ્વરૂપ છે તેનો પ્રકાશ મન ઉપર પડે છે. મન મલિન હોવાથી તેમાં સ્પષ્ટ-પૂર્ણ પ્રકાશ પડતો નથી. તે મન આ ભાવના તથા ધ્યાનાદિ ક્રિયાથી જેમ જેમ સ્વચ્છ નિર્મળ થતું જાય છે તેમ તેમ આત્માનો પૂર્ણ પ્રકાશ તેમાં પડે છે અને તેથી તે પોતાને પૂર્ણ શુદ્ધ માને છે. આ અપેક્ષાએ મનને શુદ્ધ કરવાની જરૂર છે. આત્માને મલિન અને પરિણમનધર્મવાળો માનનાર વ્યવહારનયે, આત્માને શુદ્ધ કરવા યમ, નિયમ, ભાવના, ધ્યાનાદિ કરરવાનાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તે રીતે માનો પણ પ્રયત્ન બન્ને સ્થળે કરવાની જરૂર છે. શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયજી અષ્ટકજીમાં લખે છે કે

"अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।
शुध्यत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा ॥"

નિશ્ચયનયના અભિપ્રાયે આત્મા લેપાયેલો નથી. વ્યવહારનયની અપેક્ષાએ આત્મા લેપાયેલો છે. જ્ઞાની, 'હું લેપાયેલો નથી, શુદ્ધ છું' એ દૃષ્ટિની ભાવના વડે શુદ્ધ થાય છે. અને ક્રિયાવાન 'હું લેપાયેલો છું' એ દૃષ્ટિ વડે એટલે ક્રિયાની મદદથી શુદ્ધ થાય છે.

અહીં નિશ્ચયનયવાળાની નહિ લેપાયા સંબંધી દલીલો અને વ્યવહારનયવાળાની આત્મા લેપાયેલો છે તે સંબંધી દલીલો ઘણી છે અને એકબીજાની દલીલો કોઇ પણ રીતે પાછી ન હઠે તેવી મજબૂત છે છતાં તેવા ઝઘડામાં ન પડતાં પોતાને શાંતિ મળે તે, બેમાંથી કોઇ પણ એક માર્ગ ગ્રહણ કરી તે દ્વારા આત્મશાંતિ મેળવવી. એકને સાચો અને બીજાને ખોટો એમ કહી શકાય તેમ નથી.

## હલકી ભાવના કરવી જ નહિ

नासद्ध्यानानि सेव्यानि कौतुकेनापि किंत्विह ।
स्वनाशायैव जायन्ते सेव्यमानानि तानि यत् ॥१६९॥

પરંતુ અહીં કૌતુક વડે પણ અસદ્ ધ્યાનનું સેવન ન કરવું, કેમ કે તેનું સેવન કરવું તે પોતાના નાશને માટે જ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—સૂર્યનાં કિરણો જુદા જુદા પૃથ્વીના ભાગ ઉપર પડે છે, ત્યારે તેમાં રહેલી ગરમીનું બળ બધા ભાગમાં વહેંચાઇ જતું હોવાથી સર્વ સ્થળે વધારે તાપ લાગતો નથી, પણ તેનાં તે જ સૂર્યનાં કિરણોને એક કાચ ઉપર એકઠાં કરવામાં આવે છે ત્યારે તેની નીચે મૂકેલી વસ્તુને પણ બાળી નાંખે છે. આ બળ ક્યાંથી આવ્યું ? મૂળ સૂર્યનાં કિરણોમાં જ તે બળ હતું, પણ જુદું વિખરાઈ જતું હોવાથી તેનું બળ જણાતું નહોતું કે જે એકત્ર કરવાથી પ્રગટ થયેલું જણાય છે.

આવી જ રીતે મનમાં પણ મહાન સામર્થ્ય છે. આ સર્વ સામર્થ્ય આત્મારૂપ સૂર્યમાંથી આવે છે. મનમાં અનેક વૃત્તિઓ ઉત્પન્ન થતાં તે મનમાં આવેલું બળ જુદા જુદા કામોમાં, વિચારોમાં વિખરાઈ જાય છે. તે જ મનોબળ જો એક વસ્તુ ઉપર જ એકઠું કરવામાં આવ્યું હોય તો તે પ્રબળ મનથી ધારીએ તે કામ સિદ્ધ કરી શકાય છે. સંકલ્પ કરો તે પ્રમાણે જ કાર્ય સિદ્ધ થાય છે. હજારો મનુષ્યોથી જે કામ ન થાય તે એકત્ર થયેલી મનોશક્તિના એક સંકલ્પથી સિદ્ધ થાય છે. ટુંકમાં કહીએ તો પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિ જેવાં મહાભૂતોના ઉપર પણ સામ્રાજ્ય સ્વતંત્ર સત્તા મેળવી શકાય છે, તો પછી મનુષ્યો કે તેવાં જ જાનવરો ઉપર સત્તા મેળવવી તે કાંઈ મુશ્કેલ જેવું છે જ નહિ.

આ સર્વ સત્તા, શક્તિ, એકાગ્રતાવાળા ધ્યાનથી આવે

૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આવી શક્તિવાળા મનુષ્યોને જ્ઞાની પુરુષો ભલામણ કરે છે કે કૌતુકને ખાતર પણ અસદ્ધ્યાનને જરા જેટલો અવકાશ ન આપવો. તેને અસદ્ધ્યાન એટલા માટે કહેવામાં આવે છે કે મનોશક્તિનો આ દુરુપયોગ છે. મનોશક્તિ એકત્ર કરવાનું મુખ્ય કારણ એ છે કે તેના મજબૂત બળથી ખરાબ વાસનાઓ ઉપર વિજય મેળવવો. અનાદિ કાળના ઘર કરીને રહેલા મલિન સંસ્કારો કે કર્મોને મારી હઠાવવાં; અને આવા પ્રબળ મનોબળથી કર્મોનો નાશ કરી શકાય છે જ. તે ઉત્તમ અને મહાન ઉપયોગી કાર્ય આત્મવિશુદ્ધિ મેળવવાનું મૂકી દઈ જ્યારે મનુષ્યો આ દુનિયાનાં ક્ષણિક અને માયિક સુખ માટે, અધિકાર માટે અને તેવા જ પ્રકારનાં મનને થોડો વખત આનંદ આપનારાં પણ અન્યને હાનિ પહોંચાડનારાં અથવા પરિણામે દુઃખ ઉત્પન્ન કરનારાં સુખ માટે તે મહાન શક્તિનો ઉપયોગ કરે તો તેનો તેને ખરાબ બદલો મળ્યા સિવાય રહેતો નથી. આત્મશક્તિમાંથી તે પતિત થાય છે.

શાસ્ત્રકાર કહે છે કે આવો ધ્યાનનો અસદ્વ્યય અથવા આવું અસદ્ધ્યાન જો તમે કરશો તો તે ધ્યાન તમારા પોતાના જ નાશને માટે થશે. અન્યને આધીન કરવાની ઇચ્છા તે તમને જ અન્યને આધીન બનાવશે. અન્ય ઉપર સામ્રાજ્ય ભોગવવાની ઇચ્છા તમારા ઉપર અન્યને સામ્રાજ્યકર્તા બનાવશે. સિદ્ધિઓની ઇચ્છા આત્મમાર્ગથી તમને નીચે પટકશે, અને ફરી તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાનું ઘણું છેટું જશે. માટે ભૂલેચૂકે કૌતુક માટે પણ તે શક્તિનો આત્મલાભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય કે અન્યને લાભ કરવા રૂપ પરોપકાર સિવાય ઉપયોગ ન થાય તે માટે સાવચેત રહેશો.

અહીં કોઇને શંકા થાય કે ત્યારે તેવી સિદ્ધિઓરૂપી ઐશ્વર્યનો લાભ અમને નહિ જ મળે? અને તે ન મળે તો આત્મધ્યાનનું ફળ શું? તેનો ઉત્તર આપે છે કે:—

सिध्यन्ति सिद्धयः सर्वाः स्वयं मोक्षावलंबिनाम् ।
संदिग्धा सिद्धिरन्येषा स्वार्थभ्रंशस्तु निश्चितः ॥ १७० ॥

મોક્ષનું અવલંબન કરનારા મનુષ્યને બધી જાતની સિદ્ધિઓ પોતાની મેળે (ઈચ્છા કર્યા સિવાય પણ) સિદ્ધ થાય છે અને આ લોકના સુખની ઈચ્છાવાળા મનુષ્યને તો સિદ્ધિઓ પ્રાપ્ત થાય કે ન પણ થાય અથવા તેમાં સંદેહ છે, છતાં સ્વાર્થની હાનિ તો થાય જ તે વાત નિશ્ચિત છે.

ભાવાર્થ—ઇચ્છા છે ત્યાં આર્ત્તધ્યાન છે, વિક્ષેપ છે. મન કલુષિત યાને મેલવાળું અથવા અપવિત્ર છે. કોઈના બૂરાને માટે કે વિષયલોલુપતાથી કે એવા જ કોઈ મલિન આશયથી કોઈ પણ આત્મધ્યાનમાં પ્રયત્ન કરનારનો વિજય થતો જ નથી. અને કદાચ તેમાં તેનો વિજય થાય તો સમજવું કે તે વિજય તેના પોતાના જ નાશ માટે થયો છે. કારણ કે બાળકના હાથમાં શસ્ત્ર અપાય જ નહિ અને કદાચ કોઇએ આપ્યું, અગર તેણે હઠ કરીને લીધું, તો જરૂર સમજવું જોઇએ કે તે શસ્ત્ર બાળકનો નાશ કરશે, કારણ કે તેને તે શસ્ત્રનો ઉપયોગ કેમ કરવો તેનું ભાન નથી, તેમ સિદ્ધિઓરૂપી શસ્ત્ર બાળક સમાન આ લોકની વાસના કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐશ્વર્ય ભોગવવાની ઈચ્છાવાળાના હાથમાં અપાય જ નહિ કેમ કે તેનો શો ઉપયોગ કરવો તેનું આ મલિન વાસનાવાળાને ભાન જ નથી. આ ભાન ન હોવાનું મુખ્ય કારણ તેની વાસના અને આત્મસ્થિતિનું અજ્ઞાન તે જ છે. તેનાથી લોભ, તૃષ્ણા કે કામવાસના તેનું જ તે પોષણ કરવાનો પણ તેનાથી પરોપકારનું કામ ભાગ્યે જ બનશે. ન બનવાનું કારણ તેની મલિન ઇચ્છાઓ પ્રથમ પોતાની તૃપ્તિ કરવા માટે જ પ્રાર્થના કરશે અને તેના ખેંચાણને લઈ તે બીજાં કામોને ભૂલી જશે, યા ગૌણ કરી દેશે, એટલે તે સિદ્ધિઓથી તેનો નાશ જ થવાનો. 'ત્યાગે તેની આગે' આ કહેવત પ્રમાણે સર્વ ઈચ્છારહિત થયેલા, ઈચ્છાશક્તિ પર કાબૂ મેળવનારા નિઃસ્પૃહ પુરુષોમાં જ મહાન શક્તિ પ્રગટ થાય છે. પરોપકાર કરવાનું તેવા મહાન પુરુષોના ભાગ્યમાં જ લખાયેલું હોય છે. શક્તિને જીરવી શકનાર પુરુષોમાં જ તેવી શક્તિઓ પ્રાયઃ ઉત્પન્ન થાય છે.

મોક્ષનું અવલંબન કરનારા નીરોગી પુરુષોને ઈચ્છારહિત છતાં પણ સર્વ સાનુકૂળ થઇ રહે છે, સિદ્ધિઓની ઇચ્છા કરવી તે આત્મસ્થિતિમાંથી હેઠા પડવા બરોબર છે. અને ઇચ્છાઓનો સર્વથા ત્યાગ કરવો તે આત્મમાર્ગમાં પ્રવેશ કરવાનો રાજમાર્ગ છે. માટે મનને આત્મધ્યાનમાં જોડી, ધ્યાનની શક્તિનો સારો ઉપયોગ કરવો.

## રૂપાતીત ધ્યાન

लोकाग्रस्थं परात्मानममूर्तं क्लेशवर्जितम् ।
चिदानंदमयं सिद्धमनंतानंदगं स्मरेत् ॥ १७१ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકના અગ્રભાગ ઉપર રહેલા અમૂર્ત, કલેશરહિત, ચિદાનંદમય, સિદ્ધ અને અનંત આનંદને પ્રાપ્ત થયેલા પરમાત્માનું સ્મરણ કરવું તે રૂપાતીત ધ્યાન છે.

**ભાવાર્થ**—લોક શબ્દ વડે ચૌદ રાજલોક. તેના ઉપરના ભાગ ઉપર રહેલા, તેના વ્યવહારને ઓળંગી ગયેલા પરમાત્માનું ધ્યાન કરવું. અથવા લોક શબ્દ વડે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને કર્માધીન જીવો આ સર્વની પર આવેલા સ્થાન ઉપર અથવા સ્થાનમાં રહેલા પરમાત્મા–તેનું ધ્યાન કરવું. આ સ્થાન સર્વથી પર આવેલું છે તેનું કારણ એ છે કે આ સર્વને તે પરમાત્મા જાણી શકે છે, પણ સર્વ તે પરમાત્માને જાણી શકતા નથી. બીજા અર્થમાં કહીએ તો આ ચૌદ રાજલોકના ઉપરના ભાગમાં સિદ્ધના જીવો રહે છે. તેઓ અમૂર્ત છે. તેમાં આ પ્રત્યક્ષ પુદ્ગલોમાં દેખાતું કોઇ પણ જાતનું રૂપ નથી. તેમને જન્મમરણાદિ કોઈ પણ પ્રકારનો કલેશ નથી. તેઓ જ્ઞાન અને આનંદમય છે અથવા જ્ઞાન એ જ આનંદ તેમને છે. તેઓ શુદ્ધસ્વરૂપ થયેલા હોવાથી સિદ્ધ છે. હવે કાંઇ પણ કર્તવ્ય તેમને બાકી રહેતું નથી અને અનંત આનંદમાં લીન થયેલા છે. તેમના એ સ્વરૂપાનંદનો પાર નથી. એવા પરમાત્માનું ઉત્કૃષ્ટ આત્માનું ચિંતન કરવું, હૃદયમાં સ્મરણ કરવું, ધ્યાન કરવું, તે રૂપાતીત ધ્યાન છે. તેનું ધ્યાન શા માટે કરવું ?

यस्यात्र ध्यानमात्रेण क्षीयन्ते जन्ममृत्यवः ।
उत्पद्यते च विज्ञानं स ध्येयो नित्यमात्मना ॥१७२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના અહીં ધ્યાન કરવા માત્ર વડે કરીને જન્મમરણનો ક્ષય થાય છે અને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે તેનું આત્માએ નિરંતર ધ્યાન કરવું.

**ભાવાર્થ**—તે સિદ્ધ પરમાત્માનું-આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. તેનું ધ્યાન કરવા વડે તે શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. તે શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થતાં આ વિભાવદશાથી ઉત્પન્ન તથા જન્મમરણાદિનો નાશ થાય છે અને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. સત્તામાં રહેલ આત્મજ્ઞાન પ્રગટ થાય છે. માટે આત્માએ પોતાના શુદ્ધ સ્પરૂપને પ્રાપ્ત કરવા માટે તે શુદ્ધ આત્માનું કે સિદ્ધાત્માનું નિરંતર ધ્યાન કરવું.

## હવે તે ધ્યાન કેમ કરવું?

तत्स्वरूपाहितं स्वान्तं तद्गुणग्रामरंजितम् ।
योजयत्यात्मनात्मानं स्वस्मिन् तद्रूपसिद्धये ॥१७३॥

પોતાની અંદર તે સ્વરૂપ સિદ્ધ કરવા માટે તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં પોતાના અંતઃકરણને સ્થાપન કરવું, તેના ગુણગ્રામમાં રંજિત કરવું. અને આત્મા વડે આત્માને તેના સ્વરૂપમાં જોડવો. (રૂપાતીતનું ધ્યાન આવી રીતે થાય.)

**ભાવાર્થ**—અરૂપી સિદ્ધ પરમાત્માનું ધ્યાન કેવી રીતે થઈ શકે? આનો ઉત્તર વિધિ આ શાસ્ત્રકાર આ પ્રમાણે બતાવે છે, કે સિદ્ધનું સ્વરૂપ પૂર્વે બતાવી ગયા છે તે સ્વરૂપમાં પોતાના અંતઃકરણને ચારે બાજુથી સ્થાપી દેવું વ્યાપ્ત કરી દેવું. જેવું સામું આલંબન હોય તેવા આકારે ઉપયોગ પરિણમી રહે છે. સામો ઘડો પડ્યો હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મઉપયોગ તે આકારે જ્યારે પરિણમશે ત્યારે જ ખરેખર ઘડાનો બોધ થશે. કોઇ મનુષ્ય ઊભું હશે તો તેના આકારે મન અથવા આત્મઉપયોગ પરિણમશે ત્યારે તેનો બોધ થશે જે વસ્તુનો બોધ કરવો હોય તે વસ્તુમાં તદાકારે પરિણમવાથી તેનો બોધ થાય છે. તેમ જ વધારે વખત પરિણમી રહેવાથી અને બીજા કોઈ આકારે મન પરિણામાંતર ન પામે તેવી સ્થિતિને ધ્યાન કહે છે. આ જ પ્રમાણે અરૂપી આત્મસ્વરૂપનું કાંઈ પણ વર્ણન પ્રથમ ધારણ કરવું. રૂપી પદાર્થમાં તો આપણને નિરંતરની ટેવ હોવાથી તેમાં કાંઇ વિશેષ પ્રયત્ન કર્યા વિના તે આકારે પરિણમી શકીએ છીએ, છતાં તેમાં એકાકારે અંતઃકરણ પરિણમ્યા પછી વચમાં બીજા આકારે પરિણમાઇ ન જવાય, બીજી વૃત્તિઓ ઉત્થાન ન પામે તેટલું સાવધાનપણું રાખવાની જરૂર છે, તેનાથી પણ આ રૂપાતીત ધ્યાન વિશેષ કઠિન છે. આમાં તો આલંબન જ રૂપ–આકૃતિ વિનાનું છે, તોપણ રૂપ વિનાના જ્ઞાનાનંદ સ્વરુપ વિગેરે જે ગુણો છે, તે પ્રથમ અંતઃકરણમાં બરોબર સ્થાપન કરવા, તેનો બને તેટલો માનસિક વિચાર કરવો–રચવો અને પછી મનને તેમાં જોડી દેવું. આથી એવો અનુભવ મળશે કે જેવું આલંબન તેવું પરિણમન. સામું આલંબન રૂપ–આકૃતિ વિનાનું હશે તો તમારું મન પણ તે સ્વરૂપમાં રૂપ કે આકૃતિનું સ્વરૂપ ધારણ નહીં કરતાં જેમ છે તેમ નિરાકાર સ્થિતિમાં સ્થિરતા પામશે; અર્થાત્ વધારે સ્પષ્ટ કહીએ તો મનને કોઇ પણ આકાર ધારણ કર્યા વિનાની સ્થિતિમાં ધારણ કરી શુદ્ધ આત્માના લક્ષ તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિચાર કે નિરાકાર સ્થિતિનો પ્રવાહ વહેવરાવવો તે રૂપાતીત ધ્યાન છે.

અથવા સિદ્ધ પરમાત્માના ગુણગ્રામમાં, તેમના આત્મસ્વરૂપના વિચારમાં, આઠ કર્મ જવાથી ઉત્પન્ન થયેલા આઠ ગુણમાં–વિચારોમાં મનને આનંદિત કરવું–લીન કરવું. તે રૂપાતીત ધ્યાન છે. પહેલા કરતાં આ ધ્યાનનો પ્રકાર સહેલો છે, તેમ જ ગુણપ્રાપ્તિમાં હલકો પણ છે.

અથવા પોતાની અંદર તે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ પ્રગટ કરવા માટે પોતાના આત્મા વડે પોતાના આત્માને સિદ્ધ સ્વરૂપમાં જોડી દેવો. સિદ્ધનું જે સ્વરૂપ છે જે સ્થિતિ છે. તે જોઇને પોતાની સ્થિતિ તેવી કરી દેવી. પોતે પોતા વડે પોતામાં તેવું સ્વરૂપ અનુભવવું તેવી રીતે સ્થિર થવું, આ રૂપાતીત ધ્યાન છે. શબ્દોમાં ફેર છે, બાકી પહેલી અને ત્રીજી વાત એક છે. આ પ્રમાણે સિદ્ધ પરમાત્મા–અરૂપીનું ધ્યાન કરી શકાય છે.

इत्यजस्रं स्मरन् योगी तत्स्वरूपावलंबितः ।
तन्मयत्वमवाप्नोति ग्राह्यग्राहकवर्जितः ॥ १७४ ॥

તે સ્વરૂપનું અવલંબન લઇને એ પ્રમાણે નિરંતર સ્મરણ કરનાર–ધ્યાન કરનાર યોગી ગ્રાહ્યગ્રાહક વિનાનું તન્મયપણું પામે છે.

**ભાવાર્થ**—નિરંજન પરમાત્મા સિદ્ધ સ્વરૂપનું અવલંબન લઈ નિરંતર લાંબા વખત સુધી સ્મરણ કરતાં–તે સિદ્ધના સ્વરૂપમાં આત્માને મગ્ન કરતાં અથવા આત્મામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ સ્વરૂપને અનુભવતાં તદાકાર સ્થિતિ થઈ જાય છે આ સ્થિતિમાં ગ્રાહ્ય-ગ્રહણ કરવા લાયક અને ગ્રહણ કરનાર આવો ભેદ રહેતો નથી પણ તે સ્મરણ કે ધ્યાનના વખતમાં એકરસ-તદાકાર-તન્મયપણું યોગીને પ્રાપ્ત થાય છે.

## તન્મય થવાનું કારણ બતાવે છે.

अनन्यशरणीभूय स तस्मिन् लीयते तथा ।
ध्यातृध्यानोभयाभावे ध्येयेनैक्यं तथा व्रजेत् ॥१७५॥

પૂર્ણ શુદ્ધ સ્વરૂપ આત્મા સિવાય બીજું કોઈ શરણ આલંબન જેને રહેલ નથી તેવો (નિરાલંબન થયેલો) યોગી તે સિદ્ધ સ્વરૂપમાં તેવી રીતે લીન થાય છે કે ધ્યાતા અને ધ્યાન બન્નેના અભાવે ધ્યેયની સાથે એકભાવને પામે છે.

**ભાવાર્થ**—જ્યારે તે સિદ્ધ સ્વરૂપના ધ્યાનમાં યોગી મગ્ન થાય છે-એકરૂપ થાય છે-ગ્રહણ કરનાર અને ગ્રહણ કરવા લાયક આવા ભેદો પણ લય પામી જાય છે-ધ્યાન કરનાર ને ધ્યાની એ બન્નેનો અભાવ થઈ જાય છે ત્યારે તે તદ્દન નિરાલંબન થઈ જાય છે. લીધેલું આલંબન અને 'હું ધ્યાન કરનાર' આવી વૃત્તિઓનો પણ વિલય થઇ જાય છે-આત્મામાં લય થઈ જાય છે, ત્યારે તે ધ્યાન કરનાર આત્મા-યોગી પોતાનું ધ્યેય જે સિદ્ધ પરમાત્મા તેની સાથે એકભાવ પામી જાય છે તેનાથી કોઇ પણ રીતે જુદો પડી શકતો નથી અથવા ધ્યાતા પોતે ધ્યેય સ્વરૂપ બની જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તે વખતની સ્થિતિ કેવી થાય છે?

यः परात्मा परं सोऽहं योऽहं स परमेश्वरः ।
मदन्यो न मयोपास्यः मदन्येन च नाप्यहम् ॥१७६॥

જે પરમાત્મા છે તે હું છું અને જે હું છું તે પરમેશ્વર છે. મારા વડે ઉપાસના (ધ્યાન) કરવા લાયક મારાથી બીજો કોઈ નથી અને મારાથી અન્ય વડે હું પણ ઉપાસના કરવા યોગ્ય જુદો નથી (મારાથી બીજો મારો ઉપાસ્ય નથી અથવા મારાથી બીજા વડે ઉપાસના કરવામાં હું જુદો નથી).

**ભાવાર્થ**—ધ્યાન કરનાર જ્યારે જેનું ધ્યાન કરે છે ત્યારે તે, તે સ્વરૂપ થઈ રહે છે, એટલે ધ્યાતા જ્યારે ધ્યેય થઈ રહે છે ત્યારે તે પોતાની સ્થિતિનો જે અનુભવ કરે છે તે આ છે કે જે પરમાત્મા છે, જેનું હું ધ્યાન કરતો હતો તે પરમાત્મા તો હું પોતે જ છું અને હું છું તે પરમાત્મા જ છે. હું જેનું ધ્યાન કરતો હતો તેમાં અને મારામાં કોઇ જાતનો તફાવત નથી. અમે કોઇ પણ આત્મસ્થિતિમાં જુદા પડી શકતા નથી. મારે ઉપાસના કરવા લાયક મારાથી જુદો બીજો કોઇ નથી અને મારાથી બીજા વડે હું પણ કોઈ રીતે જુદો નથી એટલે મારાથી અન્ય મારી ઉપાસના કરે તેવું પણ કાંઈ નથી, કારણ કે તે પણ મારી માફક પૂર્ણ સ્વરૂપ છે. પોતાના મૂળ સ્વરૂપના અજ્ઞાનથી જ આ ઉપાસ્ય–ઉપાસક ભાવ પ્રગટ થાય છે. સર્વ જીવાત્માઓ પોતાના જ સ્વરૂપને જાણે–અનુભવે તો પછી ઉપાસ્ય–ઉપાસક જેવી સ્થિતિ કે જરૂરિયાત રહેતી નથી. આત્મા પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ સ્વરૂપમાં આવી રહે છે ત્યારે આ જગતના સર્વ જીવો સત્તાસ્વરૂપે તેને પોતાના જેવા શુદ્ધ ભાસે છે, અર્થાત્ મૂળ સ્વરૂપમાં આવી પહોંચ્યા પછી ઉપાસ્ય કે ઉપાસક જુદા રહેતા નથી. ઉપાસ્ય તે જ ઉપાસક બની રહે છે. આત્માની આ પરમ ઉત્કૃષ્ટ અથવા પૂર્ણ દશા છે.

## મનને શિખામણ

अंतःकरणाकर्णय स्वात्माधीशं विहाय मान्यत्त्वम् ।
ध्याने वस्त्ववतारय यतस्तदन्यच्च बंधकरम् ॥१७७॥

હે અંતઃકરણ! તું સાંભળ. તારા આત્મારૂપ માલિકને મૂકીને અન્ય કોઇ પણ વસ્તુને તું ધ્યાનને વિષે અવતારીશ નહીં–ધ્યાનમાં લાવીશ નહી, કેમ કે આત્માથી અન્ય સર્વ વસ્તુ કર્મબંધ કરનારી છે, અર્થાત્ બંધમાં ફસાવનારી છે.

**ભાવાર્થ**—શરૂઆતમાં રૂપાતીત ધ્યાનમાં કોઈ કોઈ વખત અપૂર્વ આનંદ આવી જાય છે. પાછા વિક્ષેપો ઘેરી લે છે. જેમ જેમ આત્મધ્યાનનું બળ વધતું જાય છે, નિરાકાર ધ્યાન વૃદ્ધિ પામતું જાય છે, તેમ તેમ વિક્ષેપોને હઠાવવાનું અપૂર્વ બળ વધતું જાય છે. તથાપિ અનાદિ કાળના અભ્યાસને લઈ વિક્ષેપમાં ફસાઇ જનારા અંતઃકરણને બુદ્ધિ શિખામણ આપે છે કે હે મન! તું સાંભળ મારી વાત પર લક્ષ આપ. જો, આ તારો માલિક આત્મા છે. તેને મૂકીને તું તારા મનમાં બીજી વસ્તુને ઉતારીશ નહિ. તારા હૃદયમાં તેથી અન્ય કોઇ પણ વસ્તુને સ્થાન આપીશ નહીં. તારા મનમાં કોઈ પણ જાતના વિકલ્પોને પ્રવેશ કરવા દઈશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. કેમ કે આ આત્મા સિવાય બીજી કોઈ પણ વસ્તુ એવી નથી કે તેમાં આસક્તિ રાખવાથી તે બંધનકર્તા ન થતી હોય. શુભ કાર્યમાં આસક્તિ રાખવાથી પુણ્યબંધ થાય છે. અશુભ કાર્યમાં આસક્તિપૂર્વક પ્રવૃત્તિ કરવાથી પાપબંધ થાય છે. પુણ્ય સુખ આપનાર હોવાથી સોનાની બેડી જેવું છે, પાપ દુઃખ આપનાર હોવાથી લોઢાની બેડી જેવું છે. સોના લોઢામાં તફાવત ઘણો છે છતાં બંધન તરીકે તો બન્ને સરખું કામ કામ કરે છે. આસક્તિ છે ત્યાં બંધ છે. આથી મનને એમ સમજાવવાનું છે કે હે મન! આત્મા સિવાય અન્ય વસ્તુનું ધ્યાન–અન્ય વસ્તુના વિચારો આસક્તિથી–( સ્વરૂપના અજ્ઞાનથી ) બંધનકર્તા થાય છે. માટે અંતઃકરણ તું જાગ્રત થા અને આ અભ્યાસમાં જ–આ ધ્યાનમાં જ લીન થા. તારા મનના મનત્વનો તેમાં જ લય કરી દે.

स्वबोधादपरं किंचिन्न स्वांते क्रियते परम् ।
कुर्यात् कार्यवशात् किंचित् वाग्कायाभ्यामनादृतः ॥१७८॥

આત્મજ્ઞાન વિના બીજું કાંઈ પણ અંતઃકરણમાં દાખલ કરવું નહિ, કોઈ કારણસર કાંઈ કરવું પડે તો વચન અને કાયા વડે કરવું અને તે પણ આસક્તિ વિના કરવું.

**ભાવાર્થ**—દેહાદિક સાધનના વ્યવહારરૂપ કાર્ય કરવાની કે તેવી જ પારમાર્થિક કાર્ય કરવાની જરૂર પડે તો કેમ કરવું? તે માટે કહે છે કે આ ચાલુ કથન સાધના કરનાર નવીન અભ્યાસીને માટે છે. તેણે તો આત્મજ્ઞાન–આત્મધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મવિચાર સિવાય કાંઈ પણ કાર્ય કે વિચાર માટે અંતઃકરણમાં જગ્યા રાખવી જ નહિ. અહોનિશ તેનું શ્રવણ–મનન અને તેવે આકારે પરિણમવા જ પ્રયત્ન ચાલુ રાખવો બીજાં બધાં કાર્યને હાલ તુરત આત્મબળપ્રાપ્તિ થાય ત્યાં સુધી મુલતવી રાખવાં. છતાં જરૂરી પ્રસંગે તેમ કરવું પડે તો મનને તેમાં જોઇએ તેવું પરોવવું જ નહિ. તેમાં તો પરમાત્માને જ બિરાજમાન કરી રાખવા; બાકી વચન અને શરીર વડે જ કાર્ય કરવું. તેમાં પણ આસક્તિ રાખ્યા સિવાય પ્રવૃત્તિ કરવી. કર્યા સિવાય ચાલે તેમ નથી એટલે કરવું જોઇએ તેટલા ખાતર જ કરવું, પણ આસક્તિ રાખી ન કરવું. આમ કરવાથી ચાલુ કાર્ય જલદી સિદ્ધ થશે.

## ધર્મધ્યાનનો ઉપસંહાર

एवं चतुर्विधध्यानामृतमग्नं मुनेर्मनः ।
साक्षात्कृतजगत्तत्वं विधत्ते शुद्धिमात्मनः ॥१७९॥

આ પ્રમાણે ચાર પ્રકારના ધ્યાન રૂપ અમૃતમાં મગ્ન થયેલું મુનિનું મન, જગતના તત્ત્વનો સાક્ષાત્કાર કરીને આત્માની શુદ્ધિ કરે છે.

**ભાવાર્થ**—પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ આ ચાર પ્રકારના ધ્યાનમાં ધ્યાનરૂપ અમૃતમાં મુનિઓએ મનને મગ્ન કરી દેવું, અથવા આસક્ત કરી દેવું–લય પમાડી દેવું. તેનું પરિણામ એ આવશે કે જગતમાં તત્વ શું છે? પ્રાપ્ત કરવા લાયક કે સારભૂત કઇ વસ્તુ છે? તેનો નિશ્ચય આ ધ્યાનમાં મગ્ન થયેલું મન કરી આપશે. નિર્મળ થયેલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન-પવિત્ર થયેલું મન જગત તત્વનો સાક્ષાત્કાર કરી બતાવશે, કેમ કે નિર્મળ થયેલા મનમાં આ સામર્થ્ય છે. મન મલિનતા પામી આ જીવને ચાર ગતિમાં રાખે છે, અજ્ઞાનમાં ડુબાવે છે, આત્મજ્ઞાન ભૂલાવે છે, અકર્તવ્યને કર્તવ્ય મનાવી ગૂંચવાડો ઊભો કરે છે. તે જ પવિત્ર નિર્મળ થયેલું મન આ જીવને ચાર ગતિના દરવાજા બંધ કરાવે છે,

આત્મભાન કરાવે છે, અજ્ઞાન દૂર કરાવે છે. કર્તવ્યને કર્તવ્ય તરીકે સમજાવે છે. છેવટે આ નિર્મળ મન આત્માની શુદ્ધતા પ્રગટ કરે છે શાશ્વત પદ-આત્મસ્વરૂપમાં સદાનો સમાગમ કરાવી આપે છે, સ્થિર સ્વરૂપસ્થ બનાવે છે. આથી એ નિર્ણય થયો કે નિર્મળ મનથી આત્મપ્રવેશ સુગમ બને છે. ધ્યાનથી નિર્મળતા આવે છે. આત્મમાં સદા શાંતિ છે.

## અનુપ્રેક્ષા

ध्यानोपरतोऽपि मुनिर्विविधानित्यादिभावचिन्तनतः ।
योऽनुप्रेक्षां धत्ते इति शाश्वत् सोऽतुलो ध्यानी ॥१८०॥

ધ્યાન કરી રહ્યા પછીથી જે મુનિ વિવિધ પ્રકારની અનિત્ય આદિ ભાવનાનું ચિંતવન કરવા રૂપ અનુપ્રેક્ષાને (વિચારણાને) નિરંતર ધારણ કરે છે, તે મહાધ્યાની થઈ શકે છે.

**ભાવાર્થ**—ધ્યાન પૂર્ણ થઈ રહ્યા પછી મુનિએ અનિત્ય અશરણાદિ ભાવનાઓની વિચારણા કરવાનો અભ્યાસ ચાલુ રાખવો. ભાવના એ રસાયણ જેવી ગુણકર્તા છે, ધ્યાનના અંગને પોષણકર્તા છે. તૂટેલી ધ્યાનની સંતતિ-ધ્યાનના પ્રવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હને જોડી આપનારી છે. ધ્યાન પૂર્ણ થયા પછી એટલે જે કલાક કે બેચાર કલાકનો નિત્યનો ધ્યાનનો નિયમ ચાલુ રાખ્યો હોય તે પૂર્ણ થયા પછી નિરંતર થોડા વખત સુધી આ ભાવનાની વિચારણા કરવાથી અનુક્રમે મહાન ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

## તે જ બતાવે છે

अनुप्रेक्षात्र धर्मस्य स्याद्यतो हि निबन्धनम् ।
चित्तं ततः स्थिरीकृत्य तासां रूपं निरूपयेत् ॥१८१॥

આ સ્થાને અનુપ્રેક્ષા (ધ્યાન કરી રહ્યા પછી કરાતી ઉત્તમ વિચારણા) ધર્મધ્યાનનું મજબૂત કારણ થાય છે. માટે ચિત્તને સ્થિર કરીને તે ભાવનાના સ્વરૂપનું પોતે પોતાનું નિરૂપણ કરવું. (આ ભાવના સંબંધી વિશેષ હકીકત ગ્રંથની શરૂઆતમાં આવી ગઈ છે.)

## શિષ્યને શિખામણ

प्राणघात्युपसर्गेऽपि धन्यैर्ध्यानं न चालितम् ।
निर्बाधेष्वपि योगेषु सत्सु धत्से न किं स्थिरम् ॥१८२॥

પ્રાણનો નાશ થાય એવા ઉપસર્ગના પ્રસંગમાં પણ ધન્ય પુરુષોએ પોતાનું ધ્યાન ચલાયમાન કર્યું નથી, તો આ વખતે તને તો કોઈ પણ પ્રકારની બાધા ન થાય-પીડા ન થાય તેવો પ્રસંગ પ્રાપ્ત થયો છે; છતાં તું મનને કેમ સ્થિર ધારણ કરી શકતો નથી?

**ભાવાર્થ**—ગુરુનો શિષ્ય પ્રત્યે અથવા સુમતિનો મન પ્રત્યે આ ઉપદેશ છે કે ઘોર ઉપસર્ગોના પ્રસંગમાં અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં પણ પ્રાણનો નાશ થાય, આવા ભયંકર સ્થિતિના પ્રસંગમાં પણ મહાત્મા પુરુષો ધ્યાનથી જરા પણ ચળાયમાન થયા નથી. તો અત્યારે તે સંબંધી તને જરા પણ દુઃખ કે પીડા થાય તેવો પ્રસંગ નથી. આવા અનુકૂળ સંયોગો છતાં પણ તું મનને સ્થિર કેમ રાખી શકતો નથી અર્થાત્ અનુકૂળ પ્રસંગ મળ્યો છે તો મનને સ્થિર કરી આગળ ચાલવા માંડ, થોડા વખતમાં શાશ્વત સુખની પ્રાપ્તિ રૂપ તારી મુસાફરી પૂર્ણ થશે, અત્યારની થોડા વખતની મહેનત તને નિરંતરના સુખને માટે થશે. આ માયિક આશાઓમાં ફસાઈશ નહિ. ભાવિ પરિણામની પણ દરકાર રાખ્યા સિવાય માથે ઉપાડેલા કામના બોજાનો પાર પામી શાંતિ મેળવ અને તે સિવાય સર્વ કર્તવ્યને ગૌણ કરી દે.

स्वाक्षार्थस्य रतिं च दोषं विहाय यत्किंचन वस्तुजातम् ।
मनोघ सर्वं भवतीह तद्धि ॥१८३॥

( આ શ્લોક મૂળ પુસ્તવમાં તૂટક છે. )

रम्यारामादिरूपादीन् कामार्थानपि चिंतयन् ।
रुद्धस्वाक्षार्थरागादिः शुभध्यानी ह्यसावपि ॥१८४॥

સુંદર સ્ત્રી આદિના રૂપાદિરૂપ કામના વિષયોના ચિંતન કરવામાંથી પોતાની ઇંદ્રિયોના વિષયભૂત રાગાદિનો જેણે નિરોધ કર્યો છે તે પણ શુભ ધ્યાની કહેવાય છે.

यद्यात्तानींद्रियाण्यंगिन् त्वया तद्विषयान् विना ।
तानि तिष्ठान्ति नो त्वं तत् निर्दोषान् विषयान् भज ॥१८५।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે શિષ્ય! જો તેં ગ્રહણ કરેલી ઇંદ્રિયો તે તે વિષયો વિના રહી શકતી ન હોય તો તું નિર્દોષ વિષયોનું સેવન કર.

विना खान्यत्र नो जीवो विनाजीवं न खान्यपि ।
पंचाक्षविषयैः पूत्यैर्विना सिद्धिर्न साध्यते ॥१८६॥

ઇંદ્રિયો વિના અહીં જીવ નથી અને જીવ વિના ઇંદ્રિયો પણ ન હોય પાંચ ઇંદ્રિયોના વિષયોની પવિત્રતા વિના (વિષયોની શાંતિ થયા વિના) સિદ્ધિ સાધી શકાતી નથી.

अंतःकरणनिःसंगी बहिःसंगीव चेष्टते ।
छायावत् निर्विकल्पोऽसौ कर्मणा नोपलिप्यते ॥ ॥१८७॥

જે મનુષ્ય-જે યોગી-બહારથી સંગી-રાગીની માફક ચેષ્ટા કરે છે; પણ જેનું અંતઃકરણ સંગ વિનાનું-રાગદ્વેષ વિનાનું છે, તે વૃક્ષની છાયાની માફક નિર્વિકલ્પ સ્થિતિવાળો વિક્ષેપ વિનાની સ્થિતિવાળો જ્ઞાની કર્મથી લેપાતો નથી. જેમ વૃક્ષની છાયા કોઈ પણ પ્રકારના કચરા, ધૂળ કે છાણ વગેરેથી લેપાતી નથી. તેમ આસક્તિ રાખ્યા વિના પ્રવૃત્તિ કરનાર યોગી કર્મથી લેપાતો નથી.

बहिर्संसारदेहाक्षस्थित्या गत्या विनांगिनः ।
न किंचिच्चलतीति त्वं मत्वा तामनना भज ॥ ॥१८८॥

આ સંસારવ્યવહારમાં દેહ, ઇંદ્રિય આદિથી કરાતી જવા, આવવા, બેસવા, વગેરેની ક્રિયા કર્યા સિવાય જીવોને જરા પણ ચાલતું નથી, એમ માનીને હે જીવ! આ દેહ

૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રિયો આદિની ક્રિયાને તું મન વિના કર. અર્થાત્, મનની આસક્તિ રાખ્યા વિના નિર્લેપ રહીને કર.

आत्मन् सिद्धात्मलग्नोऽहं यदा स्यां गोस्तदा त्वया ।
न गन्तव्यमितीच्छामि गन्तव्यं चेत्तदैव वा ॥१८९॥

હે મન ! જ્યારે હું ધ્યાનાવસ્થામાં સિદ્ધાત્માની સાથે (આત્માના શુદ્ધ સ્વરૂપમાં) એકરસ થાઉં ત્યાં સુધી તો મારી પાસેથી જરા પણ દૂર ન જવું એમ હું ઇચ્છું છું. છતાં જો તારે બહાર જવું હોય તો જ્યારે હું આત્મામાં એકરસ થયો હોઉં ત્યારે તારે જવું. આશય એવો છે કે આત્મસ્વરૂપમાં લીન થયા પછી બીજે સ્થળે મન જઈ શકતું નથી, એટલે તેનું જવું કે ન જવું બન્ને સરખું છે.

इति ते ध्यान समीपे याचे मे मा भवन्तु व्याधिरुजः ।
अन्ते मरणसमाधिः शुभगतिर्भवतु परलोके ॥१९०॥

હે ધ્યાન ! આ પ્રમાણે તારી પાસે યાચના કરું છું કે મને વ્યાધિ કે રોગ ન થાઓ, અને અંતે મરણ સમાધિ તથા પરલોકમાં સુખ પ્રાપ્ત થાઓ. કહેવાનો આશય એવો છે કે ધ્યાન કરવાવાળો તો સર્વ પ્રકારની વાસના–ઈચ્છા વિનાનો જ હોય છે, પણ ધર્મધ્યાનનું ફળ એ થાય છે કે સર્વથા કર્મનો ક્ષય ન થયો હોવાથી મોક્ષ થતો નથી. તથાપિ તે સાધકને વ્યાધિ કે રોગ થતો નથી, સમાધિપૂર્વક મરણ થાય છે, અને પરલોકમાં સારી ગતિ પ્રાપ્ત થાય છે અને ઇચ્છા થતાં સર્વ અનુકૂળ સંયોગો ધર્મધ્યાનથી મળી આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



झाणोवरमे वि मुणी निच्चमणिच्चाइचिंतणापरमो ।
होइ सुभावियचित्तो धम्मज्झाणेण जो पुव्विं ॥१॥

જે મુનિએ પોતાના અંતઃકરણને ધર્મધ્યાનના વખત પહેલાં સારી રીતે ધર્મધ્યાન વડે વાસિત કરેલું હોય છે, તે મુનિએ ધ્યાન પૂર્ણ થયા પછી પણ બાકીના બધા વખતમાં અનિત્યાદિ ભાવનાના ચિંતનમાં તત્પર રહેવું.

**ધર્મધ્યાનમાં કઇ અને કેટલી લેશ્યા હોય છે?**

पीता पद्मा च शुक्ला च लेश्यात्रयमिति स्मृतम् ।
धर्मस्य क्रमशः शुद्धं कैश्चिच्छुक्लैव केवला ॥१९१॥

ધર્મધ્યાન કરવાવાળા મનુષ્યને અનુક્રમે શુદ્ધતાવાળી તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા ( વિશુદ્ધ પરિણામવિશેષ ) જ્ઞાની પુરુષોએ કહેલી છે. કોઇ આચાર્ય એમ કહે છે, ધર્મધ્યાનવાળા અધિકારીને એક શુકલ લેશ્યા જ હોય છે. અધિકારી અને અપેક્ષા પરત્વે બન્ને વાતો યોગ્ય છે.

કહ્યું છે કે,

हुंति कम्मविसुद्धाओ लेसाओ पीयपम्हसुक्काओ ।
धम्मज्झाणोवगयस्स तिव्वमंदादिभेयाओ ॥१॥

ધર્મધ્યાનને પ્રાપ્ત થયેલ યોગીને અનુક્રમે વિશુદ્ધતાવાળી તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા આ ત્રણે હોય છે. છતાં અધિકારી પરત્વે કોઇને તિવ્ર, કોઈને મધ્યમ તો કોઇ ને મંદ એમ અનેક ભેદવાળી વિશુદ્ધતા હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધર્મધ્યાનની સ્થિતિ.

धर्मध्यानस्य विज्ञेया स्थितिश्चान्तर्मुहूर्तिकी ।
क्षायोपशमिको भावो लेश्या शुक्लैव केवला ॥१९२॥

ધર્મધ્યાનની સ્થિતિ અંતર્મૂહૂર્ત પ્રમાણની જાણવી. ધર્મધ્યાનમાં ક્ષાયોપશમિક ભાવ હોય છે અને શુક્લ એક જ લેશ્યા હોય છે.

## ધર્મધ્યાનીનું લક્ષણ.

अर्हदादिगुणीशानां नतिं भक्तिं स्तुतिं स्मृतिम् ।
धर्मानुष्ठानदानादि कुर्वन् धर्मीति लिंगतः ॥१९३॥

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા મુનિઓ ઇત્યાદિ ગુણવાન મહાપુરુષોને નમસ્કાર કરવો, તેમની ભક્તિ કરવી, તેમની સ્તુતિ કરવી, તેમનું સ્મરણ કરવું, ધર્મ-અનુષ્ટાન કરવાં, દાન આપવું, શિયળાદિ વ્રતો પાળવાં, તપશ્ચરણ કરવું, ઉત્તમભાવના રાખવી, ઇત્યાદિ કર્તવ્યો કરનાર બાહ્ય ચિહ્નથી ધર્મી છે, ધર્મધ્યાન કરનાર છે એમ જાણી શકાય.

કહ્યું છે કે,

जिणसाहुगुणकित्तणपसंसणादाणविणयसंपन्नो ।
सुयसीलसंजमरओ धम्मझ्झाणी मुणेअव्वो ॥१॥

જિનેશ્વર તથા સાધુના ગુણ બોલવા, નિરતિચાર સમ્યક્ દર્શનાદિ ધારણ કરવાં, તેની પ્રશંસા કરવી, વિશેષ શ્લાઘા કરવી, ભક્તિપૂર્વક સ્તુતિ કરવી, અભ્યુત્થાનાદિ વિનય કરવો, અશનાદિ દાન આપવું, શ્રુતજ્ઞાન ભણવું, જાણવું, શીલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્રતાદિ ધારવાં, પ્રાણાતિપાતાદિની વિરતિરૂપ સંયમમાં રક્ત થવું, ઇત્યાદિ લક્ષણોથી આ ધર્મધ્યાની છે તેમ જાણી શકાય છે.

## ધર્મધ્યાનનું ફળ

अस्मिन्नितान्तवैराग्यव्यत्तिषंगतरंगिते ।
जायते देहिनां सौख्यं स्वसंवेद्यमतीन्द्रियम् ॥१९४॥
त्यक्तसंगास्तनुं त्यक्त्वा धर्मध्यानेन योगिनः ।
ग्रैवेयकादिस्वर्गेषु भवन्ति त्रिदशोत्तमाः ॥१९५॥

આ ચાર પ્રકારના ધર્મધ્યાનમાં અત્યંત વૈરાગ્ય રસના સંયોગથી તરંગિત થયેલા દેહધારીઓને પોતે અનુભવ કરી શકે તેવું અને ઇંદ્રિયોના વિષયોને પણ ઓળંગી ગયેલું મહાન સુખ અહીં જ પ્રાપ્ત થાય છે અને સર્વ સંગનો ત્યાગ કરનારા તેઓ ધર્મધ્યાનમાં-દેહનો ત્યાગ કરી પર-લોકમાં ગ્રૈવેયક નામની દેવ ભૂમિમાં—આદિ શબ્દથી બીજાં પણ સ્થળોમાં ઉત્તમ દેવપણે ઉત્પન્ન થાય છે. રૂપાતીત નામનો ધર્મધ્યાનમાં ગણવામાં આવેલો ચોથો ભેદ તેને શુક્લ ધ્યાનમાં પણ ગણવામાં આવે છે. ધર્મધ્યાનની ઊંચામાં ઊંચી સ્થિતિ અને શુક્લ ધ્યાનની શરૂઆત એવી રીતે રૂપાતીત ધ્યાનને ગણી શકાય તેમ છે. શુક્લધ્યાનનું ફળ મોક્ષ છે.

કહ્યું છે કે,

हुंति सुभासवसंवरविणिज्जरामरसुहाइं विउलाइं ।
झाणवरस्स फलाइं सुहाणुबंधीणि धम्मस्स ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મધ્યાન કરવાથી શુભ આશ્રવરૂપ પુણ્ય બંધાય છે, આવતા કર્મને રોકવારૂપ સંવર થાય છે અને પૂર્વ કર્મના નાશરૂપ નિર્જરા પ્રાપ્ત થાય છે, તથા વિસ્તારવાળાં દેવોનાં સુખ મળે છે. આ સર્વ સુખના કારણરૂપ ઉત્તમ ધર્મધ્યાનનાં ફળો છે.

## પ્રકરણ ૯

## શુકલધ્યાન.

शुक्लं चतुर्विधं ध्यानं तत्राद्ये द्वे य शुक्लके ।
छद्मस्थयोगिनां ज्ञेये द्वे चान्त्ये सर्ववेदिनाम् ॥१९६॥

શુક્લધ્યાન ચાર પ્રકારે છે. તેમાં આદિનાં બે શુક્લ-ધ્યાનના ભેદો છદ્મસ્થ યોગીઓને હોય છે. પાછલનાં બે સર્વજ્ઞોને હોય છે.

## આલંબનાદિ વિભાગ.

श्रुतज्ञानार्थसंबन्धात् श्रुतालंबनपूर्वके ।
पूर्वेऽपरे जिनेन्द्रस्य निःशेषालंबनच्युतेः ॥१९७॥

શ્રુતજ્ઞાનથી બોધિત થતા અર્થ (પદાર્થ) નો આ શુક્લ ધ્યાનમાં મન સાથે સંબંધ થતો હોવાથી શ્રુતજ્ઞાનના આલ-બનવાળા શુક્લધ્યાનના પહેલા બે ભેદો હોય છે. અર્થાત્ શુક્લધ્યાનના પહેલા બે ભેદોમાં શ્રુતજ્ઞાનનું આલંબન હોય છે. અને પાછલના શુક્લધ્યાનના બે ભેદો કોઈ પણ જાતનાં આલંબન વિનાના છે. તેના અધિકારી જિનેશ્વરો કેવળ-જ્ઞાનીઓ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુક્લધ્યાન–આલંબનદ્વાર—૧

ક્રોધ, માન, માયા, અને લોભના ત્યાગ કરવારૂપ ક્ષમા, નમ્રતા, સરલતા, અને સંતોષઃ આ ચાર શુક્લ ધ્યાનનાં આલંબનો છે. અપરાધીઓના અપરાધના બદલા તરીકે તેમના ઉપર ક્ષમા વરસાવતી, ચંદનને બાળવાથી બાળનારને ચંદન તરફથી સુવાસ–સુગંધ મળે છે, તેવી જ રીતે અપરાધીને પણ અપરાધના બદલામાં ઉપકાર કરવો. આટલી પ્રબળ ક્ષમા લાવવી જોઈએ. સર્વ જીવોને સત્તાએ શુદ્ધસ્વરૂપ જોવાની ટેવ પાડવાથી આવી શુક્લધ્યાનના આલંબનભૂત ક્ષમા આવી શકે છે.

દુનિયાના સર્વ જીવો, વિચારવાનને કાંઈ ને કાંઈ બોધ આપે છે. આ દુનિયા એ બોધ મેળવવા માટેની જીવંત પાઠશાલા છે, અથવા વિચારશક્તિ પ્રગટ થયેલા જીવોને માટે તે એક જીવતા ગુરુની ગરજ સારે છે. દુનિયાને ગુરુ તુલ્ય માની પોતે શિષ્યરૂપે રહેવાથી, અને દરેક પ્રસંગે કુદરતમાં થતા ફેરફારો ઉપરથી શિક્ષણ લેવાની ટેવ પાડવાથી કુદરતના છૂપા ભેદોમાંથી અખૂટ જ્ઞાનભંડાર મળી શકે છે. એક પણ એવો પદાર્થ નહિ હોય કે જે વિચારવાનને છૂપું શિક્ષણ આપતો ન હોય. સત્તામાં રહેલા શુદ્ધ સ્વરૂપને ઉદ્દેશીને સર્વ જીવોને પરમાત્માતુલ્ય માની, પોતામાં દાસભાવ રાખી, ગુણગ્રાહકતાનું આંતરવર્તન રાખવાથી અભિમાનની વૃત્તિનો સહેલાઈથી નાશ સાધી શકાય છે, આ સ્થળે એટલું યાદ રાખવાનું છે કે વ્યવહાર તો જે જાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તન કે બોલવાથી ચાલતો હોય તેવો જ રાખવો, પણ આંતરગુપ્ત વર્તનથી સામાને પરમાત્માતુલ્ય સમજી તેના તરફ કરાતી અભિમાનવૃત્તિને, પોતામાં ગુપ્ત રીતે—સામાને ખબર ન પડે તેવી રીતે–દાસભાવની વૃત્તિ રાખીને તોડી નાખવી. અભિમાન તોડવા માટે આ પ્રયોગ ઘણો અકસીર જણાયો છે.

ગમે તેવા ગુપ્ત સ્થળે કાર્ય કરો, કોઈને ખબર ન પડે એવી રીતે છાનું કામ કરો. પણ તેનાં ફળો ઉદય પામ્યા વિના રહેવાનાં જ નથી. જેટલું છાનું કે ગુપ્ત કરાય છે તેટલું જ તે કાર્ય વધારે ફજેતો મેળવનાર કે પ્રગટતામાં વહેલું બહાર આવનાર થાય છે. જ્યાં નિયમસર મર્યાદા–પૂર્વક કાર્યક્રમ ચાલે છે, કોઈના પણ પક્ષપાત વિના કર્માનુસાર યોગ્ય બદલો મળે છે, ત્યાં માયા, પ્રપંચ, કપટને અવકાશ જ ક્યાં છે ?

મનુષ્યો એમ જાણતા હોય છે કે અમુક કાર્ય છાનું કરી અમે બીજાને ઠગીએ છીએ, પણ તેઓની માન્યતા ભૂલભરેલી છે. તેમાં તેઓ પોતે જ ઠગાય છે. કુદરત આ રીતે નહિ, તો બીજી રીતે, આ હાથે નહિ, તો પેલા હાથે, આજ નહિ તો કાલે, પણ તેનાં માઠાં ફળોરૂપ બદલો આપ્યા વિના રહેતી જ નથી. જો આમ જ છે તો સરલ જીવન શા માટે ન બનાવવું ? જેવા છીએ તેવા શા માટે ન દેખાવું ? સર્વ જીવોને પરમાત્માતુલ્ય અંતર્દૃષ્ટિથી લેખવામાં આવે તો પછી આ માયા–કપટને રહેવાનું સ્થાન જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ માનસિક દુનિયામાં નથી. એ નાનો અને હું (પોતાને) મોટો આ વિષમદષ્ટિ થાય છે ત્યારે જ આ કપટનો પ્રયોગ પ્રયોજાય છે. આત્મદષ્ટિથી સર્વને સરખા—અથવા સત્તાગત પરમાત્મદૃષ્ટિથી અન્યને મોટો જોવો; અને વ્યવહારદૃષ્ટિથી પોતાને નાનો જોવો, આવી માયાને જીતવા માટે માયા કરાય તો આ માયાકષાય સહેલાઇથી જીતી શકાય છે.

જ્યાં આ દેહ અને શુભાશુભ કર્મ એ સર્વનો ત્યાગ કરવાનો છે, ત્યાં લોભને અવકાશ જ કયાં છે ? જ્યાં સુધી કોઈ પણ પુદ્ગલિક પદાર્થ ઉપર મોહ કે મમત્વ છે, તેને મેળવવાની ઈચ્છા થાય છે, ત્યાં સુધી તે તેટલો જ આત્મ-સ્વરૂપથી દૂર છે. જેના ઉપર તમને પ્રીતિ હોય તેને જ તમે નિમંત્રણ કરો. પણ બીજા ઉપર અપ્રીતિ રાખી બીજાનો તિરસ્કાર કરશો તો આત્મા જરૂર તેટલો જ તમારાથી વેગળો રહેશે. મતલબ કે તેટલો જ આંતરો કે આવરણ તમારા શુદ્ધ સ્વરૂપની આડે બન્યું રહેશે.

દેહના નિર્વાહ માટે તો પ્રારબ્ધ પ્રમાણે આવી મળશે જ. જાગૃતિ પૂર્વક તેટલો જ પ્રયત્ન કરાય તો તે કાંઈ વિઘ્ન-રૂપ થવાનો નથી, પણ ઉલટો મદદગાર થશે. દેહની મદદથી તો કાર્ય સિદ્ધ કરવાનું છે; વિશેષ એટલો છે કે આત્મભાન ભૂલી તેમાં આસક્ત ન થવાય તે માટે સાવચેત રહેવાની પૂર્ણ જરૂરિયાત છે અને જે પ્રારબ્ધયોગે આવી મળે તેમાં સંતોષ માનવાનો છે. અમુક જ જોઇએ અને અમુક ન જ જોઇએ એમ ન થવું જોઇએ, કેમ કે તે પણ મમત્વ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાન ભુલાવનાર એક જાતનો આગ્રહ છે પ્રારબ્ધ કર્મમાંથી શરીરને જે પુદ્ગળોની જરૂરિયાત હોય છે તે આવી મળે છે. તે માટે હર્ષ-શોક કરાય જ નહિ. અને તેમ કરાય તો આત્મભાન ભૂલવાનો પ્રસંગ આવે છે.

પુદ્ગલિક વસ્તુ પોતાને જરૂરિયાતની હોય તેનાથી અધિક તમારી પાસે હોય તો તે, જરૂરિયાતવાળા બીજાને આપી દેવી, પણ મમત્વ ભાવથી સંચય ન કરવો. આવી જ રીતે તમારી પાસે અધિક જ્ઞાન હોય, તો તે પણ યોગ્ય અધિકારીને આપવું. તમે અન્ય પાસેથી લીધું છે, તમને બહારથી મળ્યું છે તે તમે અન્યને આપી દેશો તો જ તમને શાંતિ થશે. નહિ આપો તો અભિમાન વધશે અને નવું મળતું અટકશે. અન્યને આપ્યા પછી તેનું અભિમાન થતું નથી, કારણ કે તે એમ માને છે કે હવે તે મારા એકલા પાસે નથી, અન્ય પાસે પણ તે જ્ઞાન છે, નહિતર જ્ઞાનનું પણ અભિમાન થાય છે કે "હું જ જ્ઞાની છું, અને આ જ્ઞાન બીજા કોઈ પાસે નથી." માટે યોગ્ય લેનાર મળી આવે તો આપવાને પણ ચૂકવું નહિ.

અવસર ચૂકયા તો પછી પણ આપવું તો પડશે, પણ તે બિનઅધિકારી આગળ ઠલવાશે. તો તે લઈ શકશે નહિ અથવા સદ્ઉપયોગ ભાગ્યે જ થશે. માટે અન્યને આપવું તેમાં જ સંતોષ માની યોગ્ય અધિકારી આગળ પોતાનો ખજાનો ખાલી કરવો. વ્યવહારમાં પણ આવા પ્રસંગો બનતા નજરે દેખાય છે કે એક મનુષ્ય પોતાની મિલકતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય સ્થળે પોતાને હાથે સદુપયોગ કરતો નથી; અંતે તે મિલકત અહીં મૂકી જાય છે, એટલે તે કોઇના હાથમાં તો જાય છે જ. પણ તે લાયક મનુષ્ય હોય તો તેનો સદુપયોગ કરે છે, નહિતર અસદ્ ઉપયોગ તો થાય છે જ, માટે લોભ ન કરતાં યોગ્ય અધિકારી આગળ જ્ઞાનનો સદુપયોગ કરવો.

શુક્લ ધ્યાનનાં આ ચાર આલંબનો છેઃ ક્રોધ, માન, માયા, અને લોભ. એમનો ઘણી જ બારીકાઇથી વિચાર કરી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રોધાદિનો પણ ત્યાગ કરવો તેનો જરા પણ વિશ્વાસ ન કરવો, કારણ તે અગ્નિના તણખા જેવા છે. એક જરા જેટલા પણ અગ્નિના તણખાની-કણીની ઉપેક્ષા કરી હોય તો હજારો ઘરોનાં ઘરો બાળીને ભસ્મ કરી નાખે છે. તેમ આ ક્રોધ લોભાદિનો સૂક્ષ્મ પણ ઉદય ધીમે ધીમે વૃદ્ધિ પામી આત્માના અનંત ગુણોને બાળી નાખે છે. અર્થાત્, તેના ઉપર આવરણ લાવી તેને દબાવી દે છે.

ક્રોધાદિના ઉદયને રોકવા. તેનાં પરિણામોનો વિચાર કરી વિવેકજ્ઞાન દ્વારા તેઓને નિષ્ફળ કરવા-વિખેરી નાખવા. આત્માના શુદ્ધ સ્વભાવનો અરીસો સન્મુખ રાખી, આ આત્માના ગુણો છે કે અજ્ઞાન દશાવાળી વિભાવદશાના ગુણો છે તેનો નિર્ણય કરી, વિભાવદશાવાળા, આત્માને આવરણ કરનારા તે ક્રોધાદિનો ત્યાગ કરવો. ક્ષમા, નમ્રતા, સરલતા, અને સંતોષથી ક્રોધ, માન, માયા, લોભનો પરાજય કરી શકાય છે. આ ક્ષમાદિવાળી પરિણતિ કર્મક્ષયમાં પ્રધાન હેતુ છે. અકષાયવાળી પરિણતિ જ ઉત્તમ ચારિત્ર્ય છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો જ ચારિત્ર હોય છે. ક્ષમાદિ ગુણો જ ચારિત્રનું જીવન છે. તે જો ચાલ્યા ગયા હોય તો ચારિત્ર, જીવ વિનાનું કલેવર–મડદુ જ છે. આ ક્ષમાદિના આલંબન દ્વારા સૂક્ષ્મ ધ્યાનમાં પ્રવેશ કરાય છે અને શુક્લ ધ્યાન પ્રાપ્ત થાય છે.

આ ક્રોધાદિ કષાયને જીતવા માટે સર્વત્ર સત્તાગત શુદ્ધ આત્મદૃષ્ટિ રાખવી વગેરે જે કાંઈ કહેવામાં આવ્યું છે તે એક સાધન છે–શત્રુને મારવાનું હથિયાર છે. કયા મનુષ્યે કયું હથિયાર વાપરવું, એ કાંઈ ચોક્કસ નિર્ણયથી કહી શકાય નહિ. બધા મનુષ્યો કે અધિકારીઓએ એકસરખી જાતનાં જ હથિયાર કે સાધનો વાપરવાં એવો પ્રતિબંધ કોઈ પણ જ્ઞાનીએ કર્યો જ નથી. કર્મક્ષય કરી, નિર્વાણ–મોક્ષ પ્રાપ્ત કરવાના અસંખ્યાત માર્ગો છે એમ જ્ઞાની પુરુષોએ પોતાના જ્ઞાનમાં દીઠું છે. તેથી અમુક જ માર્ગ લેવાથી મોક્ષ થાય અને બીજે રસ્તે ન જ થાય એમ કહેવું તે મિથ્યા છે, ભ્રમણા છે. પણ એટલું જ ધ્યાન આપવાનું છે કે ગમે તે પ્રયોગથી, સાધનથી, વિચારથી, આલંબનથી, કે પ્રવૃત્તિથી કર્મનો ક્ષય થાય છે કે નહિ, કર્મ શત્રુ મરે છે કે કેમ, તે જોવાનું છે. અને જો તે સાધનથી કર્મ ઓછાં થતાં હોય, પરમશાંતિ અનુભવાતી હોય તો તે સાધન તેને પોતાને માટે ઉપયોગી છે એમ માનવું પણ આ જ સાધન બધાને ઉપયોગી છે. બધાએ આ પ્રમાણે જ કરવું, એવો આગ્રહ ન કરવો. કારણ, દરેકનાં કર્મ એકસરખાં નથી હોતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેકની પ્રકૃતિ એકસરખી હોતી નથી. દરેકના રોગ એકસરખા નથી હોતા માટે ઔષધ-દવા-પણ દરેકને જુદી જુદી જ હોય છે.

## શુક્લ ધ્યાનનું ક્રમ દ્વાર-૨

મનનો વિષય ત્રણ લોક છે : ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોક. એ ત્રણ લોકની અંદર રહેલા પદાર્થો તે સર્વનું આલંબન-અવલંબન કરીને મન જીવે છે. અર્થાત્, ત્રણ જગતના તમામ પદાર્થો એ મનનો ખોરાક છે. અમર આત્માનો આશ્રય અને અખૂટ ખોરાકનું પોષણ આ બે આલંબનોથી મન, જીવને વિવિધ પ્રકારની આકૃતિઓ ધારણ કરાવી ત્રણ જગતમાં અનેક સ્થાને ફેરવે છે.

આ વિસ્તારવાળા મનના વિષયનો; અનુક્રમે દરેક વસ્તુનો ત્યાગ કરાવીને અર્થાત્ મનથી તે તે પદાર્થોનું ચિંતન નહિ કરવારૂપે મનને સંક્ષેપીને-સંકોચીને અનુક્રમે એક પરમાણુ ઉપર લાવી મૂકવું. ત્યાર પછી પણ પ્રયત્નવિશેષથી મનને પરમાણું ઉપરથી પણ દૂર કરી અંતઃકરણ વિનાની સ્થિતિ પ્રાપ્ત કરવી. શુકલધ્યાનના પહેલા બે પાયામાં મનની આવી સ્થિતિ કરી શકાય છે.

અહીં કોઇ શંકા કરે તેમ છે કે, ત્રણ ભુવનમાં ફરનાર-વ્યાપ્ત થનાર મનને સંક્ષેપીને ધ્યાન કરનાર એક અણુ ઉપર તેને કેવી રીતે લાવી શકે? અથવા કેવલજ્ઞાની તે અણુ ઉપરથી પણ મનને હઠાવીને અંતઃકરણ વિનાની સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધાન આ પ્રમાણે છે કે આખા શરીરમાં ઝેર વ્યાપ્ત થઇ ગયું હોય છે તો પણ મંત્રના બલ વડે તે ઝેરના અણુઓને રોકીને, પાછા ખેંચીને ડંખ ઉપર લાવી શકાય છે. અને વિશેષ મંત્રપદો વડે ડંખમાંથી પણ ઝેર દૂર કરી શકાય છે, તેમ ત્રણ ભુવનરૂપ શરીરના અવલંબનવાળું મન તે જન્મમરણનું કારણ હોવાથી ઝેર તુલ્ય છે. તે વિષને જિનવચનરૂપ ધ્યાનના સામર્થ્યવાળા મંત્રબળથી પરમાણુ ઉપર રોકી શકાય છે અને આત્માની અનંતશક્તિ–અચિંત્ય શક્તિ–હોવાથી પ્રયત્ન વડે તે પરમાણુ ઉપરથી પણ દૂર કરી આત્મસ્વરૂપે થઇ રહેવાય છે.

અથવા જેમ બળતા લાકડાના ઢગલામાંથી લાકડાં કાઢી લેતાં અગ્નિ મંદ થઈ જાય છે અને જે લાકડાં બળતાં હતાં તે, અગ્નિ હવે બાળવા લાયક પદાર્થ જ ન હોવાથી અનુક્રમે બુઝાઈ જાય છે. આ જ દૃષ્ટાંતે મન એ જ દુઃખરૂપ દાહનું કારણ હોવાથી અગ્નિ, વિષયરૂપ લાકડાં વિનાનો થતાં–રહેતાં–થોડા વિષયરૂપ પરમાણુ ઉપર આવી રહે છે, અને તેટલો પણ વિષય લઈ લેવાથી મન–અગ્નિ શાંત થઈ જાય છે.

અથવા પાણીની ભરેલી ટાંકી કે ઘડામાંથી પાણી ધીમે ધીમે ઓછું થતું ચાલે છે, અથવા તપાવેલા લોઢાના વાસણમાં રહેલું પાણી ધીમે ધીમે ઓછું થતું જાય છે તેમ જ અપ્રમાદ અથવા આત્મજાગૃતિરૂપ અગ્નિથી તપેલું જીવરૂપ વાસણમાં-વાસણના આધારે રહેલું, યોગીઓના મનરૂપ પાણી અનુક્રમે શોષાઇ–સુકાઇને નાશ પામે છે. આવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગીઓ મનોયોગને સર્વથા રોકે છે-શાંત કરે છે. તે જ પ્રમાણે વચનયોગ અને કાયયોગને પણ જ્ઞાનીઓ રોકે છે.

યોગોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

ઔદારિકાદિ શરીરની સાથે મળેલી આત્માની વીર્ય પરિણતિ-શક્તિ-વિશેષ તે કાયયોગ છે. તેમ જ ઔદારિક, વૈક્રિય અને આહારક, શરીરના વ્યાપાર વડે બહારથી ખેંચેલા વચન વર્ગણાના દ્રવ્યના સમૂહની મદદથી ચાલતો જીવનનો વ્યપાર તે વાગ્યોગ છે.

ઔદારિકાદિ શરીરના વ્યાપાર-ક્રિયા વડે-ખેંચેલા-બહારથી આકર્ષેલા મનોવર્ગણાને યોગ્ય દ્રવ્યની મદદથી ચાલતો જીવનનો વ્યાપાર તે મનોયોગ છે. આ સર્વનો જ્ઞાનપૂર્વક નિરોધ કરનાર અંતર્મુહૂર્તમાં નિર્વાણપદ પામે છે. આ ક્રમદ્વાર બતાવ્યું.

## શુક્લધ્યાન-ધ્યાનદ્વાર-૩

सवितर्कसविचारं पृथक्त्वं च प्रकीर्तितम् ।
शुक्लमाद्यं द्वितीयं च विपर्यस्तमतः परम् ॥१९८॥

પૃથક્ત્વ વિતર્ક સવિચાર પહેલું શુક્લધ્યાન કહેલું છે, અને બીજું એકત્વવિતર્ક અવિચાર તેનાથી વિપરીત છે.

શુક્લ એટલે શુદ્ધ નિર્મલ, વિભાવ આલંબન વિના, તન્મયરૂપે આત્મસ્વરૂપનો વિચાર તે શુક્લધ્યાન કહેવાય છે. આત્મસ્વરૂપને વિષેરમણતા કરનાર આ ધ્યાન કરી શકે છે. જેવો સિદ્ધનો સ્વભાવ છે તેવો સાધકનો સ્વભાવ થતાં આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુક્લધ્યાન સિદ્ધ થાય છે.

તે શુક્લધ્યાનના ચાર ભેદ છે. ૧ પૃથક્ત્વવિતર્ક સપ્રવિચાર. ૨ એકત્વવિતર્ક અપ્રવિચાર, ૩. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ. ૪ ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ.

પૃથક્ત્વ–ભિન્ન–ભિન્ન–જુદી વહેંચણી કરી નાખવી. જીવથી અજીવને જુદો પાડવો, વિભાવથી સ્વભાવને જુદો પાડવો, આત્મદ્રવ્ય અને તેના પર્યાયો તેનો પૃથક્ વિચાર કરવો, પર્યાયને ગુણથી જુદો કરવો, ગુણને પર્યાયથી જુદો કરવો, ગુણ પર્યાયને દ્રવ્યથી જુદા કરવા, સ્વધર્મથી ધર્માંતરનો ભેદ કરવો તેને પૃથક્ત્વ કહે છે.

વિતર્ક એટલે શ્રુતજ્ઞાનાદિ ઉપયોગ. તે વડે નાના પ્રકારના સાત નય દ્વારા આત્માનો વિચાર કરવો. રૂપ શ્રુતજ્ઞાન ચિંતવવું. દ્રવ્યાર્થિક નય દ્વારા આત્મસ્વરૂપનો ઊહાપોહ કરવો. સાતે નયે ભિન્ન ભિન્ન આત્મ-સ્વરૂપ વિચારવું વિચાર દ્વારા તે તે નયની ભૂમિકાનો અનુભવ કરવો.

સપ્રવિચાર–વિચાર એટલે અર્થ, વ્યંજન અને યોગમાં સંક્રમ–પ્રવેશ કરવો. અર્થ એટલે દ્રવ્ય વ્યંજન એટલે શબ્દ અને યોગ એટલે મન, વચન, કાયા એ ભેદવાળું ધ્યાન તે સવિચાર ધ્યાન.

જેમ કે આત્મા એ અર્થ–દ્રવ્ય છે, આત્મા દ્રવ્યના વાચક અક્ષરો તે વ્યંજનો છે, અને જેના વડે, જેમાં ઉચ્ચારણ કરાય કે ચિંતન કરાય છે તે મનવચનાદિ યોગ છે. અથવા હું શુદ્ધ આત્મા છું આ અક્ષરો. તે અક્ષરો જેના વડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતવાયા-બોલાયા કે આકર્ષાયા તે મનાદિ યોગો. અને તે શબ્દનો વાચક અર્થ-વસ્તુ-આત્મા ઈત્યાદિનો ભિન્ન ભિન્ન વિચાર કરવો. અથવા ગુણપર્યાય વિનાનાં છ મૂળ દ્રવ્ય તેમાં આત્મ દ્રવ્ય ગણાયું છે. તેમાંથી આત્મદ્રવ્યને ભિન્ન કરી-પર પાંચ દ્રવ્યને અપ્રવિચાર જાણી દુર કરવાં-તે સવિકલ્પ, અર્થાત્ આત્મ ઉપયોગે પરિણમવું. અથવા ગાય એ દ્રવ્ય પ્રાણી ગાયવાચક શબ્દો અને ગાયનું જ્ઞાન. ગાય એ શબ્દ સ્મૃતિમાં લાવતાં જ, ગાય દ્રવ્ય, ગાયવાચક શબ્દ અને ગાયનું જ્ઞાન. એ જેમ થઈ આવે છે તેમ આત્મદ્રવ્ય, આત્માવાચક શબ્દો, અને આત્માકાર પરિણમવા રુપ આત્માનું જ્ઞાન એ ત્રણેનો વિચાર કરવો. દ્રવ્યમાં સ્થિરતા કરી વ્યંજનમાં પ્રવેશ કરવો. વ્યંજનમાંથી દ્રવ્યમાં આવવું અથવા મનોયોગથી કાયયોગમાં, કાયયોગથી વચનયોગમાં, વચનયોગથી મનોયોગમાં એમ દ્રવ્ય, શબ્દ અને યોગોમાં સંક્રમણ કરવું જુદી જુદી રીતે પરિણમવું વિચરવું. એ શુક્લ ધ્યાનનો પહેલો પાયો-ભેદ છે.

## શુક્લ ધ્યાનનો બીજો ભેદ
## એકત્વ વિતર્ક અપ્રવિચાર

એકત્વ. પાંચ ધર્માસ્તિકાયાદિ તેના ગુણપર્યાય વિગેરેનો વિચાર ન કરવો, અનંત જીવો છે તેમનો પણ વિચાર ન કરવો, આત્માના જ્ઞાન, દર્શન ચારિત્રાદિ ગુણો તેનો પણ જુદો વિચાર ન કરવો પણ તે સર્વનો સમાવેશ—એકતા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા જવું, જેમ કે અનેક દ્રવ્યોની વિશેષ જાતિને સામાન્ય એક દ્રવ્યમાં સમાવવી. આત્માના અનંત ગુણોનો એક આત્મામાં સમાવેશ કરવો, અનંત આત્માઓનો એક સત્તા સામાન્ય આત્મામાં સમાવેશ કરવો, અને અનેક દ્રવ્યની સામાન્ય જાતિઓનો એક મહાસત્તા-સામાન્યમાં સમાવેશ કરવો.

અથવા પર્યાયનો ગુણ વિષે સમાવેશ કરવો, ગુણનો પર્યાય વિષે અને ગુણપર્યાયનો દ્રવ્ય વિષે સમાવેશ કરવો. ગુણપર્યાયોની વિવિધતા હું જ છું, તે આત્માના ગુણપર્યાયો મારાથી ભિન્ન નથી, જે શુદ્ધ આત્મા સિદ્ધ પરમાત્મનું સ્વરૂપ છે તે જ મારું સ્વરૂપ છે, એમ કરી બન્નેની એકતા સાધવી. અથવા મહાસત્તાસામાન્યની અપેક્ષાએ એક સત્ છે. અને તે હું છું. આ ધ્યાન એકત્વપણે, સ્વરૂપતન્મયપણે કરવું.

વિતર્ક એટલે શ્રુતજ્ઞાનના અવલંબનપણે સર્વનો મહા-સત્તા–સામાન્યમાં સમાવેશ કરવો,

અપ્રવિચાર. વિકલ્પરહિત–સમયાંતરવાળા દર્શન, જ્ઞાન જેટલું પણ અંતર–કે વિકલ્પ ન કરતાં એકરસ–નિર્વિકલ્પ–સ્થિતિનો અનુભવ કરવો. દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણેને પણ એક જ આત્મામાં સમાવેશ કરી દઇ સ્વરૂપ સ્થિરતામાં જ વિશ્રાંતિ લેવી. આ ધ્યાનમાં ત્રણે યોગો વિશુદ્ધ હોય. વિચાર પણ ઘણો જ મંદ હોય, મનનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંચળપણું ન હોય પણ પ્રબળ સ્થિરતા હોય, પવન વિનાના સ્થાનમાં રહેલ દીપક કે સમુદ્રની માફક સ્થિરતા હોય. અહીં વિચાર છે પણ તે સૂક્ષ્મ છે; તથા અનંત વિચારોનો સમાવેશ એકમાં કરાતો હોય તેવો નહિ જેવો વિચાર હોય.

અવધિ તથા મનઃપર્યવ જ્ઞાનનો ઉપયોગ છે તે પરાનુયાયી છે. કેમ કે તેનો વિષય રૂપી દ્રવ્યનો છે પણ આ ધ્યાન તો આત્માનુયાયી છે. વિષય અરુપિ આત્મદ્રવ્ય છે. આ ધ્યાનથી નિર્મલ કેવળજ્ઞાન થાય. આ ધ્યાન સ્થિરપરિણામી છે. તેમાં મન સંકલ્પ વિકલ્પ વિનાનું હોય છે. આ ધ્યાન અત્યારે ભલે ન હોય પણ તેની ઉમેદવારી–પ્રેક્ટિસ કરવામાં કાંઈ અડચણ નથી.

આ શુક્લધ્યાન પૂર્વગત શ્રુતવાળાને જ હોય છે તેવો કાંઇ નિયમ નથી. શ્રીમતિ મારુદેવાજી માતા. માસતુષ અને ગૌતમ સ્વામીએ પ્રતિબોધેલા પંદરસો તાપસો ઈત્યાદિને પૂર્વે તો શું, પણ તેના નામની પણ ખબર ન હતી છતાં કેવલજ્ઞાન પામેલા છે. એટલે ખાસ પૂર્વના જ્ઞાનવાળાને જ શુક્લ ધ્યાન હોય તેવો કાંઈ આગ્રહ કરવા જેવું નથી. કેવળ આત્માની શુદ્ધ શ્રદ્ધા, આત્મલાગણી, આત્મધ્યાન, ઈત્યાદિની મુખ્ય જરૂર છે. વિષય કષાયો શાંત થવા જોઇએ, સમભાવ આવવો જોઇએ અને સ્વરૂપસ્થિરતા જાણતાં કે અજાણતાં થવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરમ સમાધિ.

### ત્રીજું, ચોથું શુક્લ ધ્યાન

सूक्ष्मक्रियाप्रतिपाति तृतीयं सर्ववेदिनाम् ।
समुच्छिन्नक्रियं ध्यानं तुर्यमार्यैः प्रवेदितम् ॥१९९॥

સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી ત્રીજું ધ્યાન તે સર્વજ્ઞને હોય છે, અને આર્ય પુરુષોએ ચોથું ધ્યાન ક્રિયારહિત કહેલું છે.

**ભાવાર્થ**—મોક્ષ જવાના નજીકના સમયે કેવલી-સર્વજ્ઞને આ ધ્યાન હોય છે પ્રથમ તેઓ મનોયોગ અને વચનયોગને રોકે છે, અને અરધો કાયાનો યોગ રોકતાં સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામનું ત્રીજું શુક્લ ધ્યાન હોય છે. આ પ્રસંગે સૂક્ષ્મ ક્રિયા અને પ્રવર્ધમાન પરિણામ એ બન્નેથી પાછા નહિ હઠવારૂપ સ્થિતિ હોય છે. ઉચ્છ્વાસ-નિઃશ્વાસરૂપ શરીરની ક્રિયા તદ્દન સૂક્ષ્મ હોય છે અને તે સ્થિતિથી તે પાછા પડતા ન હોવાથી એ ભેદને સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ કહે છે.

મન, વચન, કાયાના બાદર અને સૂક્ષ્મ યોગોનો સર્વથા આ ચોથા ભેદમાં રોધ કરવામાં આવે છે. મેરુ પર્વતની માફક તેના યોગ અને પરિણામની સ્થિતિ નિશ્ચળ અને કંપાવી ન શકાય તેવી હોય છે. આ ક્રિયાને શૈલેશી ક્રિયા કહે છે. અહીં સર્વ ક્રિયાનો સર્વથા વિચ્છેદ થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સ્થિતિમાંથી પાછું ઉત્થાન થતું નથી એટલે આ ભેદને વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી શુક્લ ધ્યાન કહે છે.

तत्र त्रियोगिनामाद्यं द्वितीयं त्वेकयोगिनाम् ।
सर्वज्ञः क्षीणकर्मासौ केवलज्ञानभास्करः ॥ २०० ॥

મનાદિ ત્રણ યોગવાળાને પહેલું શુક્લ ધ્યાન હોય, એક યોગવાળા યોગીને બીજું શુક્લ ધ્યાન હોય. તે બીજા શુક્લ ધ્યાનમાં સર્વજ્ઞ, ક્ષીણકર્મા અને કેવલજ્ઞાનરૂપ સૂર્ય સમાન થાય છે.

પહેલા પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લ ધ્યાનમાં મન, વચન, કાયાના ત્રણે યોગ હોય છે, બીજા શુક્લ ધ્યાનના ભેદમાં મનાદિ ત્રણ યોગમાંથી કોઈ એક યોગની મુખ્યતા હોય છે. કેમ કે બીજા ભેદમાં સંક્રમ–યોગથી યોગાંતર પ્રવેશ–કરવાનો અભાવ કહેલો છે. ત્રીજા શુક્લ ધ્યાનમાં એક કાયયોગ હોય છે. અને ચોથું શુક્લ ધ્યાન અયોગી–યોગરહિત હોય છે.

## ત્રીજા ચોથા શુક્લ ધ્યાનનો વખત

अन्तर्मुहूर्तशेषायुस्तृतीयं ध्यातुमर्हति ।
शैलेशीकर्मतो ध्यानं समुच्छिन्नक्रियं भवेत् ॥२०१॥

અંતર્ મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે ત્રીજું શુક્લ ધ્યાન ધ્યાવાને યોગ્ય થવાય છે અને શૈલેશીકર્મથી સર્વ ક્રિયાની નિવૃત્તિ–ઉચ્છેદ થવા રૂપ ચોથું ધ્યાન હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચોથું ધ્યાન કોને હોય ? અધિકારીદ્વાર-૪

अयोगयोगिनां तुर्यं विज्ञेयं परमात्मनाम् ।
तेन ते निर्मलाजाताः निकलंका निरामयाः ॥२०२॥

મનાદિ યોગ વિનાના યોગી પરમાત્માને ચોથું શુક્લ-ધ્યાન જાણવું, કારણ કે તેઓ નિર્મળ થયા છે-કર્મ કલંક અને કર્મ રોગથી રહિત છે.

જે ધર્મધ્યાનના અધિકારી છે તેઓ જ આગળ વધતાં શુક્લ ધ્યાનના અધિકારી થાય છે. સર્વ પ્રમાદરહિત મુનિઓ, ક્ષીણમોહ-ઉપશાંત-મોહની સ્થિતિવાળા મહાત્માઓ જ્ઞાનરૂપ ધનવાળા બુદ્ધિમાન મનુષ્યો શુક્લ ધ્યાનના સામાન્ય રીતે અધિકારી છે.

## અનુપ્રેક્ષા દ્વાર—૫

શુક્લ ધ્યાનથી ભાવિત ચિત્તવાળાઓએ શુક્લ ધ્યાનથી વિરામ પામ્યા પછી આ અનુપ્રેક્ષાનો વિચાર કરવો. આ વિચારણા ૧ અપાય, ૨ અશુભ, ૩ અનંત અને ૪ વિપ-રિણામ નામની અનુપ્રેક્ષા કહેવાય છે.

૧ આશ્રવને આવવાનાં મિથ્યાત્વાદિ દ્વારો અને તેનાથી ઉત્પન્ન થતા દુઃખરૂપ અપાયોનો વિચાર કરવો તે અપાય અનુપ્રેક્ષા છે.

૨ સંસારના સ્વભાવનો વિચાર કરવો. અથવા સંસારના વિષમ રસની વિચારણા કરવી તે અશુભ અનુપ્રેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ભાવિ નરકાદિ અનંત ભવની પરંપરાની વિચારણા કરવી તે અનંત અનુપ્રેક્ષા છે.

૪ વસ્તુના વિપરિણામનો વિચાર કરવો, સચેતન અચેતનાદિ સર્વ સ્થાનો પર્યાયો અશાશ્વત છે તે સંબંધી વિચારણા કરવી.

આ ચારેય અનુપ્રેક્ષા શુક્લ ધ્યાનના પહેલા બે ભેદમાં કરવા યોગ્ય છે.

## લેશ્યા દ્વાર–૬

પહેલા બીજા શુક્લ ધ્યાનમાં શુક્લલેશ્યા હોય છે ત્રીજા શુક્લ ધ્યાનના ભેદમાં પરમ શુક્લલેશ્યા મેરુની માફક નિશ્ચળ હોય છે. ચોથો ભેદ લેશ્યાતીત છે. તેમાં લેશ્યાને અવકાશ નથી.

## લિંગ દ્વાર–૭

૧ અવધ ૨ અસંમોહ, ૩ વિવેક, ૪ વ્યુત્સર્ગ. શુક્લ ધ્યાનમાં આ ચાર લિંગ–ચિહ્ન છે. આ ચાર લક્ષણોથી પોતે શુક્લ ધ્યાનવાન છે એમ જાણી શકાય છે.

૧ ભીષણ ઉપસર્ગ કે પરીષહો આવતાં ધ્યાનથી ચલાયમાન ન થાય, કોઇથી પણ ભય ન પામે, કારણ કે સર્વત્ર આત્મસમાન વૃત્તિ થઇ રહેલી હોય છે. મહાન ધીરતાવાન–બુદ્ધિમાન અને સ્થિરતાવાન તે હોય છે.

૨ સૂક્ષ્મ અને અત્યંત ગહનભાવો–પદાર્થોને–વિષે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહ ન પામે, મૂંઝાય નહિ, વ્યાકુળતા ન પામે તેમ જ વિવિધ પ્રકારની દેવમાયાને વિષે પણ સંમોહ ન પામે, કારણ કે ચૈતન્યાનંદનો અનુભવ જેણે ચાખેલો છે તે ક્ષણિક વિષયાનંદમાં રતિ કેમ પામે ?

૩ દેહ તથા સર્વ સંયોગોથી આત્માને નિરંતર જુદો દેખે. દેહની વ્યથા કે પુદ્ગલસંયોગોથી આત્મજ્ઞાન ભૂલી ન જાય, સર્વદા વિવેકદૃષ્ટિ જાગ્રત હોય.

૪ દેહ અને ઉપાધિનો પણ ત્યાગ કરે. દેહ અને ઉપાધિ-ઉપયોગી સાધનો–ઉપર પણ મમત્વ ન કરે. જરૂરી પ્રસંગે બન્નેનો ત્યાગ કરતાં અચકાય નહિ. સર્વથા નિઃસંગ રહે તે વ્યુત્સર્ગ લિંગ છે.

## ફળ દ્વાર–૮

શુક્લ ધ્યાનના પહેલા બે ભેદોમાં શુભ આશ્રવ હોય છે અને તેથી અનુત્તર વિમાન પર્યંતના સુખની પ્રાપ્તિ થાય છે. નિર્વાણના માર્ગભૂત સંવર અને કર્મની નિર્જરા પણ થાય છે.

મલિન વસ્ત્ર જેમ પાણીથી શુદ્ધ થાય છે, લોઢું જેમ અગ્નિથી શુદ્ધ થાય છે અને મેલું પાણી જેમ સૂર્યના તાપથી શોષાઈ જાય છે તેમ શુક્લ ધ્યાનથી કર્મો નાશ પામે છે–જીવ શુદ્ધ થાય છે.

જેમ જુલાબ લેવાથી, ઔષધોપચારથી અને ભૂખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવાથી કેટલાક રોગ શમી જાય છે, નાશ પામે છે તેમ ધ્યાનથી કર્મરોગ નાશ પામે છે.

જેમ ઘણા વખતનાં સંચય કરેલાં ઇંધણાં પવન સહિત અગ્નિની મદદથી થોડા વખતમાં બળીને ભસ્મ થાય છે તેમ કર્મરૂપ ઇંધિણાંઓ ધ્યાનાગ્નિથી નાશ પામે છે, બળી જાય છે.

જેમ આકાશમાં ચડી આવેલી મેઘની ઘટાને પ્રચંડ વાયુ વિખેરી નાખે છે, તેમ ધ્યાનરૂપ પ્રબળ પવન વડે કર્મરૂપ મેઘઘટાને વિખેરી નંખાય છે. શુક્લ ધ્યાન કરનાર યોગીને ક્રોધ, ઈર્ષ્યા, વિષાદ, શોક, હર્ષ ઇત્યાદિ બાધા પીડા કરી શકતી નથી, અર્થાત્ તેને માનસિક સંતાપ જરા પણ હોતો નથી. શીત, તાપ, ક્ષુધા, તૃષા–ઇત્યાદિ આ શુક્લ ધ્યાનીને બાધા, પીડા કરી શકતા નથી. હિંસક પશુ, પક્ષી, મનુષ્ય, દેવ અને દાનવાદિ તેની દૃષ્ટિથી જ નિર્વિષ થઇ જાય છે. વૈરવિરોધ ભૂલી જઈ શાંત સ્થિતિ અનુભવે છે કેમ કે તે યોગી આ સર્વ જગતનો મિત્ર છે. પ્રભુ છે. આ સર્વ શુક્લ ધ્યાનના પહેલા બે પાયાનું ફળ છે છેલ્લા બે ભેદોનું ફળ નિર્વાણપ્રાપ્તિ છે.

## ઉપસંહાર

जन्मजानेकदुर्वारबंधनव्येसनोज्झिताः ।
सिद्धा बुद्धाश्च मुक्ताश्च ये तेभ्यो नमो नमः ॥२०३॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મમરણાદિથી ઉત્પન્ન થનારા અનેક અનિવાર્ય બંધનરૂપ વ્યસનથી મુક્ત થયેલા, જેઓ સિદ્ધ, બુદ્ધ અને મુક્તસ્વરૂપ છે તેમને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ.

शाश्वतानन्दमुक्तेभ्यो रूपातीतेभ्य एव च ।
त्रैलोक्यमस्तकस्थेभ्यः सिद्धेभ्यो मे नमो नमः ॥२०४॥

શાશ્વત આનંદવાળા મુક્તોને, રૂપાતીતોને અને ત્રણ લોકના મસ્તક ઉપર રહેલા સિદ્ધોને મારા નમસ્કાર થાઓ.

अधुना शुक्लध्यानं यतश्चतुर्धापि नास्ति साधूनाम् ।
पूर्विककेवलिविरहात्तदगम्यं तेन ते तदगुः (जगदुः) ॥२०५॥

હમણાં ચાર પ્રકારનું પણ શુક્લધ્યાન સાધુઓને નથી, કારણ કે પૂર્વધર અને કેવલીના વિરહથી તે અગમ્ય થયું છે. તે કારણથી તે તેમની પાછળ ગયું. અથવા તેઓએ તેમ કહેલું છે.

શુક્લ ધ્યાન અત્યારે ભલે ન હોય તથાપિ ભાવના-ઉમેદવારી-કરનારાઓએ નિરાશ ન થવું. શુક્લ ધ્યાનની ઉમેદવારી કરતાં ઉત્કૃષ્ટ ધર્મધ્યાનની પ્રાપ્તિ થશે તોપણ આનંદદાયક જ છે. શુક્લ ધ્યાન અત્યારે નથી એ વચન કાંઈ ઉત્સાહનો નાશ કરવા માટે નથી, પણ પોતાના વીર્યને પ્રોત્સાહિત કરી બનતો પુરુષાર્થ કરવા પ્રેરવાનો છે એ વાત ખાસ લક્ષમાં રાખી યથા શક્તિ પ્રયત્નવાન થવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चन्द्रार्कदीपालिमणिप्रभाभिः किं यस्यचित्तेऽस्ति तमोऽस्तबोधम् ।
तदन्तकर्त्री क्रियतां स्वचित्ते ज्ञान्यंगिनः
ध्यानसुदीपिकेयम् ॥ २०६ ॥

જેના હ્રદયમાં અજ્ઞાનરૂપ અંધકાર રહેલો છે, તેવા મનુષ્યને ચંદ્ર, સૂર્ય, દીપકની શ્રેણી અને મણિની પ્રભા વડે શો ફાયદો થવાનો છે? અર્થાત્ જેનું હ્રદય અજ્ઞાનઅંધકારથી ઘેરાયેલું છે તેને બાહ્ય વસ્તુના પ્રકાશક સૂર્યચંદ્રાદિથી આંતરઅજ્ઞાનને હઠાવવાનો–દૂર કરનારો કાંઈ પણ ફાયદો થવાનો નથી. આ કારણથી, હે જ્ઞાનીને વલ્લભ મનુષ્યો! અંધકારનો અંત કરનારી–નાશ કરનારી–આ ઉત્તમ ધ્યાનદીપિકાને તમારા હ્રદયમાં સ્થાપિત કરો.

પૂર્વે ધ્યાનદીપિકાના પ્રારંભમાં કરેલી પ્રતિજ્ઞા અહીં પૂર્ણ થાય છે. આ ધ્યાનદીપિકા આંતરઅજ્ઞાનાંધકારનો નાશ કરનારી છે અને તેથી જ્ઞાનપ્રિય, આત્મપ્રિય, સુખપ્રિય મનુષ્યોએ નિરંતર પોતાના હ્રદયમાં સ્થાપન કરવી, અર્થાત્ આ ગ્રંથમાં જે જે ઉપાયો આત્મજ્ઞાન માટે કહેવામાં આવ્યા છે તે તે પ્રમાણે વર્તન કરવું.

આ શ્લોકના શરૂઆતના ચંદ્ર પદથી સકલચંદ્ર ઉપાધ્યાય આ ગ્રંથના કર્તા છે તે નામ પણ પ્રગટ થાય છે, કેમ કે પૂર્ણિમાનો ચંદ્ર સકલ–આખો–પૂર્ણ હોય છે અને તે ઉપરથી 'સકલચંદ્ર' કર્તાએ પોતાનું ગુપ્ત નામ તેમાં છુપાવેલું છે. અને અર્ક, દીપાલિ અને મણિના સંખ્યા–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાચક આંકોની ગણુતરી ઉપરથી આ ગ્રંથ ૧૬૨૧ ના સંવતમાં બનાવાયેલો હોય તે પણ સૂચન થાય છે.

આ પ્રમાણે આ ગ્રંથ ૧૯૭૩ ના કારતક સુદ પાંચમને દિવસે ગોધાવી ગામમાં સવિસ્તર ભાવાર્થ સાથે સમાપ્ત થાય છે.

इतिश्री तपागच्छीयश्रीमद्सकलचन्द्रउपाध्यायकृता ध्यानदीपिका समाप्ता ।

શ્રી રસ્તુ

इतिश्री तपागच्छीयश्रीमान् मुक्तिविजयगणिशिष्यश्रीमद्पन्यास कमलविजयगणिस्तच्छिष्य आचार्य विजयकेसरसूरीश्वरजी महाराजकृत ध्यानदीपिकाग्रंथस्यभाषांतरं सभावार्थं विक्रमादित्यसंवत्सर एकोनविंशतिशतत्र्युत्तरसप्ततौ कार्तिकशुक्लपंचम्यां समाप्तम् ।

शुभं भूयात् ।

સંમ્પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 સુ વા ક્યો 卐

વાંચનનો શોખ આનંદનાં દ્વાર ખુલ્લાં મુકવાની મહાન સત્તા ધરાવે છે મંદવાડ અને નબળાઇને લીધે એકાંત-વાસમાં સડતા આજારીના મનને રંજન કરવાનું તે મુખ્ય સાધન છે. નિદ્રા વગરની રાત્રિના શૂન્ય પહોરને તે પ્રકા-શીત કરે છે. મનમાં સુખદાયી વિચારોનો સંચાર કરે છે. વિષાદ અને ગ્લાની મટાડે છે. ક્રિયામાં અશક્ત અથવા વ્યવસાયી જીવનના કામ વગરના અવકાશને અંગે રહેલી બેચેનીને તે ખસેડે છે. કાંઈ નહી તો થોડા વખતને માટે પણ મનુષ્યની ફીકર ચિંતાનો નાશ કરે છે. આ વાંચનના શોખનું વિવેક-પૂર્વક પોષણ કરવામાં આવે તો ચારિત્રને કેળવવાનું વિચારને ઉમદા અને વ્યવસ્થિત બનાવવાનું તે અત્યંત બળવાન સાધન થઇ શકે છે વાંચનનો શોખ બીજી જાતના આનંદને પણ પુષ્ટી આપે છે. જ્ઞાનની મર્યાદા વિસ્તૃત થાય છે. સહાનુભાવની તથા ગુણની કદર કરવાની વૃતિ તેથી બળવાન થાય છે. સોબત, પ્રવાસ, કળા, કૌશલ્ય ઇત્યાદિ મારફતે મળતા આનંદમાં અને સંસારરૂપી નાટય ભૂમી ઉપર બનતા અનેક બનાવોમાં હિત ધરાવતા શીખવાના ગુણોમાં બેસુમાર સુધારો વાંચનથી થાય છે. ૧

સુકાનીના અંકુશમાં નહિં રહેનારૂં વહાણ, પવન અને ભરતીની અનુકુળતા છતાં પણ, સહી સલામત ધારેલે બંદરે પહોંચતુ નથી. તેવી જ રીતે માણસનો સ્વભાવ ગમે તેટલો માયાળુ, પ્રેમાળ અને પવિત્ર હશે પણ, જો તેના ઉપર આત્મસંયમનો અંકુશ નહિ હોય અને તે મનોવિકારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેશમાં આમ તેમ ઘસડાઈ જતો હશે તો તેનાથી કોઈ દિવસ ઉત્તમ કાર્ય બની શકનાર નથી. ૨

રાત્રિનો સમય દિવસ કરતાં વધારે રમણીય અને વિશ્રાન્તિદાયક હોઈ, દિવ્ય વિચારનો પોષક છે. પુરાતન કાળમાં જે રૂષી, મહર્ષી, મહાત્માઓએ પરમાત્માનો સાક્ષાત્કાર મેળવેલો હતો તે સૂર્યના પ્રચંડ તેજસ્વી પ્રકાશમાં નહિં પણ રાત્રીના શાંતિપ્રદ પ્રદેશમાંજ મેળવ્યો હતો. ૩

આપણે આપણા મનને શુદ્ધ અને આનંદદાયક વિચારોમાં રોકવું જોઇએ, અથવા વર્તમાન કાળની સાથે જેને સંબંધ નથી એવી પુરાતન કાળની કોઈ કથા, શૌર્ય કે પ્રવાસની વાર્તા, ઉત્તમ જીવન ચરિત્ર ઈત્યાદિ વાંચવામાં મનને રોકવાથી નિત્યની જંજાળોનું વિસ્મરણ રાત્રે થઇ શકશે. આવે પ્રસંગે કલ્પનાની પાંખો ઉપર બેસી અનંત દેશ કાળના પ્રદેશમાં મોજથી ઉડયા કરવાથી પ્રસ્તુત કામની દુગ્ધાઓનું વિસ્મરણ થઈ મન આનંદમાં મગ્ન થશે. વળી આગ્રહપૂર્વક પરમાત્માનું સ્મરણ કરવામાં મનને જોડવામાં આવે તો ઘણી જ થોડીવારમાં ઉંઘ આવી જશે. ૪

શરીરને વૃદ્ધાવસ્થા આવવા ન દેવી એ આપણા હાથમાં નથી, પણ શોક અને સંતાપને લીધે મનને જ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તે આવવા ન દેવી, એ આપણી સત્તાની વાત છે. મન જ્યાં સુધી જીર્ણ થયું નથી, ત્યાં સુધી શરીર ગમે તેટલું જીર્ણ થાય તો પણ હાની નથી. ૫

બીજી જાતનાં સંકટ આપણા ધૈર્યની તથા આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૈવતની પરીક્ષા કરે છે. પ્રલ્હાદ, ધ્રુવ, હરિશ્ચંદ્ર, નળ, મહાવીર ઇત્યાદિ પુરૂષો પર સંકટ ગુજર્યા ન હોત તો તેમની ખરી કિંમત કરી શકત નહિ જે મુસીબતો મૂર્ખ લોકોને હેરાન કરી નાંખે છે. તેજ મુસીબતો શાણાપુરૂષને ચડતીનાં સાધનરૂપે થાય છે. ૬

જે મનુષ્યને આત્મશક્તિમાં (પોતામાં) વિશ્વાસ નથી તે મનુષ્ય ધર્મના ઉંચા પગથીઆ ઉપર ચડવાને લાયક નથી. આત્મશક્તિ અનંત છે. એક ક્ષણમાં અનંત કર્મોનો નાશ કરી શકે છે, માટે ગમે તેવી આફત કે વિઘ્નો આવે તો પણ તેનો પાર તેથી જ પામી શકાય છે. જેને આત્મ સામર્થ્યમાં વિશ્વાસ નથી તે કદાપિ કોઇ મહત્વનું કાર્ય સિદ્ધ કરી શકવાનો નથી. ૭

પ્રથમ પ્રયત્ને જ તમે કદી નિષ્ફળ જાઓ તો પણ આરંભેલું કાર્ય મૂકી દેશો નહિ, ફરીથી તે કાર્યનો પ્રારંભ કરજો આ પ્રમાણે એકવાર નહિ, પણ હજાર વાર નિરાશ થવું પડે છતા પણ ગભરાશો કે હિમ્મત હારશો નહિ જો કે તમને હમણાં વિજય દેખાતો નથી છતાં દરેક વખતે તમે વિજય સમીપમાં જતા જાઓ છો અને અંતે તમારો પવિત્ર આત્મા વિજયી જ નિવડશે. ૮

સવારનાં ચાર વાગે ઉઠો. કોઇ પણ જીવોના શબ્દ ન સંભળાય ત્યાં પદ્માસન કરીને બેસો. શરીરને બીલકુલ હલાવો નહિ, મનને એકાગ્રતા કરવા આંખોને બે પાંપણોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચ્ચે, યા નાસીકાની ડાંડી ઉપર સ્થાપન કરો. ખડખડાટ થાય કે મચ્છરાદિ જંતુ શરીર ઉપર આવી બેસે તો પણ શરીરને હલાવો નહિ. શ્વસોશ્વાસની ક્રિયા ઘણીજ શાંતિથી હળવે હળવે કરો. વધારે વખતના અભ્યાસે મન ઘણી જ શાંતિમાં આવશે. ૯

કોઇ કાર્યને માટે પોતે અશક્ત છે એમ કદી પણ માનવું નહિ. બીજાના વિચારોના ગુલામ નહિ થવું. દરેક કાર્યનો મુખ્ય ઉદ્દેશ લક્ષમાં રાખવો. હાર થયા છતાં પણ નિરાશ ન થવું. પ્રબળ ઉત્સાહ રાખવો. આત્મવિશ્વાસ કદિ ખોવો નહિ. આળસ અને પ્રમાદને તો દેશવટો જ આપવો. કાર્ય સિદ્ધિ માટે સતત્ અભ્યાસની જરૂર છે. નાના નાના છોડવાઓ, વૃક્ષો, જનાવરો અને મનુષ્યો દરેક સતત્ અભ્યાસથી કેવી રીતે આગળ વધ્યા છે? અને વધે છે? તેનો વિચાર કરો, દરેક જીવો આગળ વધવાની શક્તિ ધરાવે છે. ૧૦

આત્માની શક્તિ આત્મામાં હોવા છતાં આત્મિક ગુણો માટે બહાર ફાંફા મારવામાં આવે છે. આ કેટલું બધું પ્રબળ અજ્ઞાન? પૂર્ણ સુખ આત્મામાં હોવા છતાં તે માટે પુદ્ગલ (જડ વસ્તુઓ) ના ચુંથણા ચુંથવાનો પ્રયત્ન કરવો તે પ્રકાશને અંધકારમાંથી શોધી કાઢવાના પ્રયત્નની માફક નિષ્ફળ છે. ૧૧

—નીતિ વિચાર રત્નમાળામાંથી
લે૦ સ્વ૦ પૂ૦ આચાર્ય વિજયકેશરસૂરિજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રક : ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, પાલીતાણા.

For Private And Personal Use Only